


સંપાદક



## લેખક-પરિચય

**બલવંતરાય કલ્યાણરાય ઠાકોર(૧૮૬૯-૧૯૫૨)** પ્રયોગશીલ કવિતાથી અને વિદ્રોહશીલ પણ નક્કર વિવેચનથી ગુજરાતી સાહિત્યમાં એક નવો વળાંક લાવનાર પ્રો. ઠાકોર પંડિતયુગનો એક પ્રભાવક અવાજ હતા.

એમનો જન્મ ભરૂચમાં. પૂનાની ડેક્કન કૉલેજમાં ઇતિહાસ વિષય સાથે એમ.એ. થવા જોડાયા એ પછી કરાંચી,વડોદરા, અજમેર એમ વિવિધ કૉલેજોમાં ઇતિહાસ, ફિલોસૉફી તેમજ અંગ્રેજી સાહિત્યનું અધ્યાપન કરીને ફરી પૂનાની ડેક્કન કૉલેજમા અધ્યાપક રહ્યા. નિવૃત્તિ પછી વડોદરા ને છેલ્લે મુંબઈમાં વસ્યા.

એમની કવિતા 'ભણકાર' ધારા પહેલી(૧૯૧૮) ને ધારા બીજી(૧૮૨૮), તથા 'મ્હારાં સૉનેટ' (૧૯૩૫)માં પ્રગટ થતી રહી ને પછી એ સર્વ કાવ્યો 'ભણકાર'ની ૧૯૪૨ની આવૃત્તિ રૂપે ૭ ગુચ્છોમાં ગ્રંથસ્થ થયાં. એમાં 'પ્રેમનો દિવસ' અને 'સુખદુઃખ' સૉનેટમાળાઓ તેમજ લાંબું કાવ્ય 'આરોહણ' સૌથી વધુ જાણીતાં થયેલાં ઉત્તમ કાવ્યો છે. બદ્ધ છંદોને પ્રવાહી ને અગેય કર્યા એ એમનું મહત્ત્વનું પ્રદાન છે. 'ઊગતી જુવાની'(૧૯૨૩) નાટક, 'દર્શનિયું'(૧૯૨૪) વાર્તાસંગ્રહ વગેરે એમનાં અન્ય સર્જનકાર્યો છે. એમણે ડાયરી લખેલી એ 'બ. ક. ઠાકોરની દિન્કી' નામે બે ભાગમાં (૧૯૬૯ અને ૧૯૭૬માં) એમના અભ્યાસી વિદ્વાન હર્ષદ મ. ત્રિવેદીએ પ્રગટ કરી છે. ગુજરાતીના ડાયરી-સાહિત્યમાં એ ખૂબ મહત્ત્વનું પ્રકાશન છે.

એમનું વિવેચન-કાર્ય લેખો ને વ્યાખ્યાનો દ્વારા નિરંતર અને પ્રભાવક રીતે ચાલતું રહ્યું અને એ 'કવિતાશિક્ષણ'(૧૯૨૪)થી 'પ્રવેશકો' ગુચ્છ બીજો(૧૯૬૧) સુધીના દસ જેટલા ગ્રંથોમાં પ્રગટ થયું. સમકાલીન કાવ્યો અને એનાં વિવરણો કરતી એમની લેખમાળા 'પ્રસ્થાન' સામયિકમાં ચાલેલી એ 'આપણી કવિતાસમૃદ્ધિ'(૧૯૩૧) નામે પ્રગટ થઈ. એ એમનું વિશિષ્ટ પ્રદાન છે.

'અભિજ્ઞાન શકુન્તલા નાટક'(૧૯૦૬), 'માલવિકાગ્નિમિત્ર'(૧૯૩૩), 'વિક્રમોર્વશી'(૧૯૫૮) એ કાલિદાસનાં નાટકોના વિલક્ષણ અનુવાદો છે. એમણે બીજા પણ થોડાક અનુવાદો કરેલા છે.

એમણે મધ્યકાલીન સાહિત્યનાં 'અંબડ-વિદ્યાધર રાસ' અને 'વિક્રમ ચરિત્ર રાસ' નામનાં અભ્યાસપૂર્ણ સંપાદનો કર્યાં છે ને ઇતિહાસના અભ્યાસી વિદ્વાન તરીકે ઇતિહાસ દિગ્દર્શન(૧૯૨૮), સંક્રાન્તિ સમયમાં સ્ત્રીઓ(૧૯૨૮) જેવાં પુસ્તકો પણ લખેલાં છે.

એમના પ્રબળ વિચારોની જેમ એમની ગદ્યશૈલી પણ ઓજસ્વી છે ને એ બલવંતરાય ઠાકોરની આગવી ઓળખરૂપ છે. –

**–રમણ સોની**

## કૃતિ-પરિચય : પંચોતેરમે

બલવંતરાય ઠાકોરના ૭૫મા વર્ષની ઉજવણી વખતે એમનાં પ્રવચનો અને એમની આત્મકથનાત્મક નોંધોને સંકલિત કરતું સંપાદન કિસનસિંહ ચાવડાએ કરેલું એનું આ ગ્રંથરૂપ ૧૯૪૬માં થયેલું. એમાં ઠાકોરે પ્રાસ્તાવિક આભારનોંધ લખી છે ને કિસનસિંહે 'સત્યવંદના' નામે ઠાકોરના સાહિત્યકાર્યની સરાહના કરતો ૧૩ પાનાંનો સંપાદકીય લેખ કર્યો છે.

બલવંતરાયે ભાવનગર, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, પૂના અને મુંબઈમાં ૧૯૪૩-૪૪ દરમ્યાન ૭ પ્રવચનો કરેલાં. એ પ્રવચનોમાં કેટલીક પ્રાસંગિકતા છે, તે તે શહેરની વિદ્યા-સાહિત્યવિષયક વિશેષતાઓની વાત છે, પરંતુ એમાં વખતોવખત સાહિત્ય અને વ્યાપક જીવન-સંદર્ભના કેટલાક વિચાર-સ્ફુલ્લિંગો ઝળકી રહે છે. એમનાં કેટલાંક દઢ ગૃહીતો પણ એમાં વ્યક્ત થયેલાં છે. વક્તવ્યની ને શૈલીની જીવંત છટાઓનો અનુભવ પણ આ લખાણોમાં થાય છે.

૯૦ પાનાંનાં આ પ્રવચનો પછીનાં ૯૬ પાનાં 'મિતાક્ષરી નોંધ'નાં છે એમાં ઠાકોર કહે છે એમ 'આ વ્યવસ્થિત જીવનચરિત્ર ભલે નથી પણ એમાં મ્હારા જીવનનાં કેટલાંક સ્મરણો અનાયાસ આવી જઈ ગુંથાઈ જવા પામેલાં છે.' ચરિત્ર-આત્મચરિત્રની આ રેખાઓ ઠાકોરની લાક્ષણિક લખાવટથી રસપ્રદ બની છે. ઇતિહાસના અભ્યાસી ઠાકોરે વંશ-વૃક્ષ આલેખ્યું છે, દાદા, પિતા, માતા, પત્ની વગેરેની સુરેખ તેમ નિખાલસ વ્યક્તિરેખાઓ ઉપસાવી છે, પોતાના કેટલાક જીવન-અનુભવોનું ટૂંકું 'મિતાક્ષરી' આલેખન કર્યું છે. એ રીતે એ બલવંતરાયનું લાક્ષણિક આત્મકથન બને છે. **–રમણ સોની**

# પંચોતેરમે

[ પ્રો. બલવંતરાય ક. ઠાકોરના પંચોતેરમા વર્ષની ઊજવણી વખતે એમણે આપેલાં પ્રવચનો અને આપવીતી લેખે ઉમેરેલી મિતાક્ષરી. ]


સંપાદક

કિશનસિંહ ચાવડા


★

Not only with our lips, but in our lives

માત્ર હોઠની બડબડે નહીં; પણ જન્મારાના આચરણોમાં

★


એન. એમ. ત્રિપાઠી લિમિટેડ,

પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબાઈ

પ્રથમ આવૃત્તિ ઈ. સ. ૧૯૪૬

રૂા. ૩-૮-૦

આ પુસ્તક કિશનસિંહ ચાવડાએ સાધના પ્રેસ, રાવપુરા, વડોદરામાં
છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું. ૧૫-૨-૪૬

# બે બોલ

પ્રિય ભાઈશ્રી કિશનસિંહજી ચાવડાએ આ ચોપડી પ્રકટ કરવાનો ભાર પોતાને માથે લઈ લીધો ના હોત તો એનું પ્રકાશન બે વર્ષને બદલે વધારે મોડું પણ થઈ જાત.

છેડે મુકેલી નોંધ મુખ્યત્વે સ્થૂલ હકીકતોને લગતી કરવા ધારેલી તથાપિ તેમાં કેટલીક અ-સ્થૂલ બાબતો જાતે આવીને ઘૂસી ગઈ છે અને લંબાણ પણ વધારે થતું જોઈને એ અધૂરી જ પડી મુકી છે. જેટલી લખી છે તેટલી સ્વયંપર્યાપ્ત છે. વધુ ના લખાય તો ય શું? આટલું લખ્યું તે પણ મ્હારા જેવા વિશે વધારે પડતું નથી શું?

શુભં ભૂયાત્.

૨૩–૧૦–૪૫, મુંબાઈ.

Truth properly envisaged is also Beauty: And True Beauty, Beautiful Truth is, a worthy search for Man and for Mankind.

સત્ય સમુચિત અને પૂરતા ભાવપ્રકાશમાં જોવાયલું સત્ય સુંદરતા પણ છે. અને સત્ય સુંદરતા, સુંદર સત્ય સંશોધન માનવી અને માનવજાતિ માટે સમીચીન સર્વોત્કૃષ્ટ પુરુષાર્થ છે.

# સંપાદકની નોંધ

આ ગ્રંથનું સંપાદન મારું સુભાગ્ય છે, મારું ગૌરવ છે.

મારા આગ્રહને વશ થઈ પ્રો. ઠાકોરે મિતાક્ષરી નોંધ લખી આપીને આ ગ્રંથનું ઓજસ્ વધાર્યું છે.

અહીં પહેલી વાર પ્રગટ થતી પ્રો. ઠાકોર અને એમની આસપાસ બેઠેલા એમના પુત્ર કે નાનાભાઈઓ જેવા મિત્રોની છબી એઓ ૧૯૪૩ના ડિસેમ્બરમાં મારે ત્યાં હતા અને વડોદરામાં ભરાયલી સાહિત્યપરિષદ વખતે છબીમાં બેઠેલા મિત્રો પણ મારે ત્યાં રહ્યા હતા ત્યારના સંસ્મરણોનું એ ચિહ્ન છે.

આ ગ્રંથ ગયા ઑકટોબરની ત્રેવીસમીએ એટલે પ્રો. ઠાકોરની ૭૭મી વરસગાંઠે પ્રગટ કરવા ધારેલો પણ અણધાર્યાં સંજોગોને કારણે એ આટલો બધો મોડો પ્રસિદ્ધ થાય છે.

અને આટલું મોડું થયું, એ છેવટે અણધાર્યા આવેલા 'મૃત્યુને' કાવ્યનો સમાવેશ કરવા કાજે જ જાણે થંભાયું હોય એવું લાગે છે. એટલે આ અસૂરું થયું એ સારું જ થયું છે.

૩૧–૧–૪૬,
વડોદરા.

કિ.

# અનુક્રમ


| | | |
|---|---|---|
| બે બોલ | બ. ક. ઠા. | |
| સંપાદકની નોંધ | કિ. | |
| સત્યવંદના | કિશનસિંહ ચાવડા | |
| | **પ્રવચનો** | |
| પહેલું | ભાવનગર | ૩ |
| બીજું | અમદાવાદ | ૭ |
| ત્રીજું | સૂરત | ૨૩ |
| ચોથું | વડોદરા | ૨૮ |
| પાંચમું | રાજકોટ | ૩૭ |
| છઠ્ઠું | પૂના | ૬૪ |
| સાતમું | મુંબાઈ | ૮૧ |
| મિતાક્ષર નોંધ | બ. ક. ઠા. | ૯૭ |
| પરિશિષ્ટ પહેલું | ,, | ૧૯૦ |
| પરિશિષ્ટ બીજું | કિ. | ૧૯૫ |
| મૃત્યુને | બ. ક. ઠા. | ૧૯૮ |

# સત્યવંદના

"દુનિયા આખી અપૂર્ણાંકોથી ભરી પડી છે. પૂર્ણાંક, an integer, કોઈ પણ વ્યક્તિ નથી. નિંદા કરતાં આ સિદ્ધાંત ધ્યાનમાં હોય તો અતિશયોક્તિ નિવારે છે. સ્તુતિ કરતાં પણ એ જ સિદ્ધાંત સ્તુતિને ઉચિત માપમાં રાખી શકે છે."

**પંચોતેરમે**ના સંપાદનનું કામ હાથમાં લીધું ત્યાર પછી અમારી વચ્ચે જે વિપુલ પત્રવ્યવહાર થયો તે દરમિયાન એક પત્રમાં પ્રો. ઠાકોરે ઉપર પ્રમાણે ચેતવણી મને આપી છે. એ ચેતવણીમાંથી નિષ્પન્ન થતા સિદ્ધાંતને દૃષ્ટિ સમીપ રાખીને અહીં એમને વિષે થોડુંક લખવાનું સાહસ કરું છું. પ્રો. ઠાકોરની સમગ્ર કાવ્યપ્રતિભા અને કલાલીલા વિષે, સાહિત્યના વિવિધ ક્ષેત્રમાં વિલસતી એમની વિલક્ષણ પ્રયોગશીલતા વિષે, અથવા ગુજરાતી ગદ્યના એક સમર્થ લાક્ષણિક પુરસ્કર્તા તરીકે એમને વિષે મારે નથી લખવું. કારણ, એ વિષયના નિપુણ વિદ્વાનોએ એમની સર્જનકલાના એ જુદા જુદા રૂપો વિષે આપણા સાહિત્યમાં લખ્યું છે; હવે પછી ઘણું ઘણું લખાશે પણ ખરું. મારી ધારણા તો અમારી લાંબી એકધારી મિત્રતા અને મોકળા નિખાલસ સહવાસને પરિણામે મારા ચિત્તમાં એમના વ્યક્તિત્વની જે એક છબી કોરાઈ છે તેને વિષે કંઈક લખવાની છે. આવું કંઈક લખવાનો આ અવસર પણ છે અને આ જગ્યા પણ એને માટે યોગ્ય છે. કારણ, આ પ્રવચનોમાં સતત અને કઠોર સંઘર્ષ પછી ઊગેલી કવિની જીવન વિષેની કેટલીક શ્રદ્ધા બોલે છે, સુદીર્ઘ કાળના વાગોળાયલા સૌન્દર્યાનુભવોને અંતે ઊઘડતી દૃષ્ટિનાં તાઝગી અને પ્રકાશ એમાં દેખા દે છે; અને સમયની સાથે સાથે ચાલીને એમની મૌલિક વિચારણાએ બાંધેલા માનવતા અને મહત્તાના કેટલાંક મૂલ્યાંકનો આમાં પ્રગટ થાય છે. એટલે એમના વ્યક્તિત્વના નિયામક બળનું

અને એની અસર તળે વિલસતા વિવિધ રૂપનું દર્શન અહીં અસ્થાને નથી.

પ્રો. ઠાકોરની સમગ્ર સર્જકપ્રતિભાનું નિયામક બળ છે **સત્ય.** એમની ચિંતનધારા, સ્મૃતિસાધના, કલ્પનાસમાધિ અને કલાઠાઠ સૌ સત્યને વરેલાં છે. અને એનાથી જ એ સૌ રક્ષિત અને વિભૂષિત છે. સત્યની વ્યાખ્યા નથી, એનો પર્યાય નથી. સત્ય એ સૌન્દર્યની જેમ સ્વયંભૂ અને સ્વયંસિદ્ધ છે. ગાંધીજીનો 'સત્ય એ જ ઈશ્વર છે.' એ સાક્ષાત્કાર પણ **सत्यं शिवं सुन्दरम्**ના સનાતન અનુભવનો અનુગામી છે. સત્ય એટલે સત્ય; એનો બીજો અર્થ નથી અને ઉત્તર પણ નથી; અનર્થ એનો થાય એમ નથી; કારણ એનો અનર્થ કરનાર અભાગી અને અધૂરો દેખાય એવું એ સ્વયંપ્રકાશી જીવનસત્ત્વ છે. આ સત્ય જ આપણા આ ધીર કવિના સર્વતોભદ્ર પુરુષાર્થનું લક્ષ છે. આ લક્ષની પ્રાપ્તિ માટે આપણા પુરાતન ક્રાન્તદૃષ્ટા મહર્ષિઓએ જે સાધના સ્વીકારી છે, અને જે સાધના સિદ્ધ કરીને પ્રજ્ઞા અને પ્રતિભાની સિદ્ધિ મેળવી છે, તે સાધનાની પરિપાટિ આજે પણ પ્રત્યેક સર્જકને માટે એટલી જ અનિવાર્ય અને અભિમત છે. આપણા આર્ય સંસ્કૃતિકારોએ માનવીનું બે પ્રકૃતિમાં નિરુપણ કર્યું છે: અપરા અને પરા. અપરા પ્રકૃતિમાં શરીર, પ્રાણ અને મનનો સમાવેશ કર્યો છે; અને પરા પ્રકૃતિમાં અભિવ્યાપી સ્વામી તરીકે આત્માની પ્રતિષ્ઠા કરી છે. શરીર, પ્રાણ અને મનના બંધમાં જકડાયલા આત્માને વ્યક્તિનું સામાન્ય નામ આપ્યું અને અપરા પ્રકૃતિના ત્રણે સ્વરૂપોમાં વિરાજીને એમના ઉપર પોતાનું પ્રભુત્વ સિદ્ધ કરનાર ચક્રવર્તી આત્માનું વિભૂતિના વિશેષનામથી સન્માન કર્યું. અને અપરા પ્રકૃતિમાં રાચતો માનવ સત્યનું સંપૂર્ણ દર્શન ના જ કરી શકે; એવું દર્શન કરવા માટે તો માનવે પરા પ્રકૃતિના અધિષ્ઠાતા થવું જ જોઈએ, એ અનુભવમંડિત સિદ્ધાંત સ્થાપ્યો. આ સિદ્ધાંતે માનવતાની સમુત્ક્રાન્તિની વ્યાખ્યા

કરી, અને આ વ્યાખ્યાને કેન્દ્ર બનાવીને અપરા પ્રકૃતિનું પરા પ્રકૃતિમાં રૂપાંતર કરતી સાધના સર્જાઈ. આ સાધનાને યુગે યુગે મહર્ષિઓ અને મહાત્માઓએ કસી જોઈને એની સનાતનતા સિદ્ધ કરી. અને આ જ સાધનાએ વ્યક્તિમાંથી વિભૂતિ થવાનાં શાસ્ત્ર અને કલા સર્જ્યાં. આ શાસ્ત્ર કલાનું શરણ સ્વીકારનાર દેવોને, વેદના આર્ષદૃષ્ટિવંત મહર્ષિઓએ કવિ કહ્યા છે. અને ત્યારથી અનુભવની એવી પરિપાટિ ઊતરી આવી છે કે કવિ, કલાકાર કે કીમિયાગર; ફિલસૂફ, યોગી કે ભક્ત સૌ કોઈએ પોતાની સર્જનસાધનાના નિયામક બળ તરીકે આ જ દર્શનને કેન્દ્રસ્થાને મૂક્યું છે. અને એ સૌમાંથી જેમની સાધના, વ્યક્તિત્વનું કબંધ ઓળંગીને જેટલું વિભૂતિતત્ત્વ પામી છે, તેમના સર્જનોની ચિરંજીવતા અને સજીવનતા તેટલા પ્રમાણમાં સિદ્ધ થયાં છે. આવા ચિરંજીવ અને ઓજસ્વી સર્જનોના સિંચનથી જ સંસ્કૃતિ પ્રવર્તતી અને પોષાતી રહી છે. આવા, પોતાના અંતર્યામી બનેલા વિભૂતિમાન સર્જકોના પ્રગટીકરણો જ લોકજીવનની લાંબી અને વિકટ યાત્રામાં જનતાનાં સુખદુઃખ અને આનંદવિષાદનાં આશ્વાસનો બનીને એને હૂંફ આપે છે અને એના અંધકારમાં પ્રકાશની પગદંડી બનીને માર્ગ દેખાડે છે. કોઈ કોઈ શ્રાંત પથિકના દર્શનની તો એ દીવાદાંડી બની રહે છે. સર્જકોની આ પરંપરામાં જ થએલા વાલ્મીકિ અને વ્યાસ, ભવભૂતિ, ભાસ અને કાલિદાસ, ગૌરાંગ, તુલસી કે મીરાં; હોમર, શોપનહોર અને શેક્સપિયર, ગેટે, બિથોવન કે માઈકલ એન્જેલો—એ સૌની ચિરંજીવતા પોતપોતાની શક્તિ પ્રમાણે વિભૂતિના આ જ પરમ તત્ત્વની કસોટીએ ચઢીને બોલે છે. એટલા માટે રામાયણ અને મહાભારત, ઈલિયડ અને હેમ્લેટ, શકુન્તલા, ઉત્તરરામચરિત કે સ્વપ્નવાસવદત્તા, તાજમહાલ જેવું સ્થાપત્ય, અજંતા જેવાં શિલ્પ અને ચિત્ર, ત્રિમૂર્તિ, અર્ધનારીશ્વર અને નટરાજ જેવા આપણાં મૂર્તિવિધાન; માઈકલ એન્જેલો અને લીયોનાર્દોનાં શિલ્પસૌન્દર્ય અને

ચિત્રકલા અને બિથોવનનું સર્જક સુકુમાર સંગીત એ સર્વ વિભૂતિ-તત્ત્વથી રસાયલા આત્માની કલાના ઉદાહરણો દુનિયાની કલાસમૃદ્ધિમાં સર્વાનુમતે શ્રેષ્ઠ ગણાયા કરે છે અને પોતાની અલૌકિકતા સિદ્ધ કર્યા જ કરે છે.

પ્રો. ઠાકોરની સર્જકપ્રતિભા અને સૌન્દર્યપ્રજ્ઞા આ કસોટીએ ચઢીને જેટલી નગદ અને નમણી સાબિત થાય તેના ઉપર જ તેની ચિરંજીવતા અને મહત્તાનો આધાર છે. છેલ્લી અર્ધી સદીથી આ સત્યાન્વેષી, નીડર અને સત્ત્વશીલ સર્જક પોતાની ઉપાસના કરી રહ્યા છે. એમની ઉપાસનાના આરંભમાં દરેક આર્ય શાસ્ત્રકાર કરે તેવી પ્રતિજ્ઞા એમણે કરી છે:

'એનું શાસ્ત્ર મોક્ષમાર્ગ પ્રવાસીને અપ્રતિકૂલ અને ઉપકારક હોવાથી જ તે એનો બોધ કરે છે. દુનિયામાં જીવવું અને પ્રાપ્ત કર્મો કરવાં તે ભાવનામય હૃદયે થાય તેમાં જ સાચું જીવન છે અને કર્તવ્યપાલનની શાંતિ છે, તથા હૃદયની આવી ભાવનામયતા ખીલવવા, પોષવા અને ટકાવવા માટે કવિતા અને કલાનાં સાધન નિર્મલ, આકર્ષક અને આનંદ જેનો સ્થાયી ભાવ છે એવાં અને ફલપ્રાપ્તિ સદ્ય આપે એવાં છે. વહાલી ગૃહિણી અને સન્મિત્ર જેવાં એ ડગલે ડગલે સદ્‌બોધ આપે છે અને સાત્ત્વિકતાનું વાતાવરણ જમાવે છે. સદ્‌ગુરૂ અને સંતસમાગમ તેમ મહત્સમાગમ જેવાં એ પાવક અને શ્રેયસ્કર છે.

આ પ્રતિજ્ઞા એ પ્રો. ઠાકોરની મર્યાદા છે અને એમનું બળ પણ છે, સતીના સતીત્વ જેવું. એમને મન 'સત્ય, સૌન્દર્ય અને ચારિત્ર એ ત્રણ વચ્ચે એટલો તો મેળ છે કે એ ત્રણ નથી, એક જ છે'; એટલે એ કવિતા અને કલાનો ધર્મ બોધતી વખતે બોલી ઊઠે છે, કે 'ચોતરફ ફેલાઈ રહેલી આકાશ, દરિયો, ગિરિ, નદી, વાડી, ઉપવન, જંગલ, પંખી, વાદળ, ઉષા, સંધ્યા, વર્ષા, વસન્ત, દિવસ,

રાત આદિ અનંતરૂપ અનંતવેશ અનંતોર્મિ કુદરત, જે આપણો સદાનો સાથી છે, તેને પ્રિયમાં પ્રિય અને ગુરુઓનો ગુરુ પણ બનાવી લેવાની અદ્ભુત શક્તિ ખીલવીને કવિતા અને કલા, માનવીને તેના એકાકી જીવનમાં દૃષ્ટવ્યને પોતાની બહારથી પણ જોતો, શ્રોતવ્યને પોતાની બહારથી પણ સાંભળતો બનાવી શકે છે.' કવિનો અને કલાકારનો આવો કલ્યાણકારી જીવનધર્મ સ્વીકારીને જીવનયાત્રા કરતા પ્રો. ઠાકોર સ્વભાવે જ સત્યનિષ્ઠ છે. કઠોર સંઘર્ષની વિકટ પળે, દારુણ જીવનસંગ્રામની કટોકટીની વેળાએ, ભવ્ય સૌન્દર્યના અપૂર્વ અનુભવની ધન્ય ક્ષણે અથવા આત્મનિમજ્જનના કોઈ અનુપમ અવસરે આ સત્કવિ અંતર્મુખ રહે છે એ એમની વિશિષ્ટતા છે.

**પ્રિયે, તુજ લટે ધરું ધવલ સ્વચ્છ આ મોગરો,**<br>
**નહીં નિકટ એથી સ્પર્શ–હક આ સમે માહરો.**

કવિની સંકોચસૂચક વાણીનો મર્મ તો ઊઘડે છે જ્યારે એ કહે છે:

**નિહાળ દલ મોગરે મુજ ઉરે પડ્યાં એટલાં,**<br>
**અને તુજ સમીપ કેમ કહું કૃષ્ણ એ કેટલાં!**

એ પછી જ એ પોતાની સંવેદના બહુ જ સંયત વાણીમાં કહે છે:

**પરંતુ પ્રિય દેવિ, તું ઉતરી હાથ મુજ ઝાલવા,**<br>
**–જરા ધીરજ! જરા વખત! તલસું પોત પ્રકટાવવા.**

અને પછી તો સંયત વાણી સંકોચનો ઝુરખો ઉઘાડીને અંતરવ્યથા કહી દે છે:

**હશે દલ વિશુદ્ધ આ કર વિશે દીપે મોગરો,**<br>
**હશે દલ વિશુદ્ધ આ ઉર કરું–પછી તાહરો.**

મોગરાની સૌરભ અને શુચિતા દેખીને કવિની સત્યનિષ્ઠા પોતાના અંતરમાં પડેલી મલિનતા વિષે સંક્ષોભ મચાવે છે, સંઘર્ષ જગાવે છે; અને એ સર્વને અંતે અંતરવેદનાનો જ્યારે એકરાર કરે છે,

અંતરશુદ્ધિનો નિરધાર કરે છે ત્યારે જ એના દિલની બેકરારીને જંપ મળે છે. અંતરાત્માના અજંપાની આવી નિર્ગર્વી માધુરી વિરલ છે.

પોતાના સમસ્ત સર્જનવ્યાપારમાં પ્રો. ઠાકોરની મેધા સૌન્દર્યનું રટણ ચૂકતી નથી. એમની શ્રદ્ધા એમની પ્રતિભાને સંબોધે છે:

**બધા સૂર ખિલાવજે મનુજ–ચિત્ત–સારંગીના,**
**બધા ફલક માપજે મનુજ–બુદ્ધિ–બ્રહ્માંડના,**
**અબોલ પણ જીવંતી ખલકમાં તરે માનવી,**
**તરંગ લય એહના અજબ તું રહેજે લહી,**
**પ્રવાહ મહીં સર્ગના સ્મિત તું ધારજે દૈવનું,**
**રખે વિસરતો ક્ષણે રટણ એક સૌન્દર્યનું.**

વિસંવાદી અને વિષાદઘેરા વાતાવરણમાંથી માનવીના ચિત્તની સારંગીના ઊતરી ગએલા બધા તારોને મેળવી એમાંથી બધા સૂરો ખિલાવી અદ્ભુત જીવનસંગીત પ્રગટાવવાની મથામણ વખતે, માનવની વિરાટ બુદ્ધિ સમસ્ત ત્રિભુવનને ખૂંદી વળીને જ્યારે અસ્તિત્વનું માપ કાઢે ત્યારે, અબોલ પણ જીવતી ખલકમાં તરતા માનવીનાં તરંગ અને લય જ્યારે પિછાને અને એ બધું તું જ્યારે સર્જવા બેસે ત્યારે એક ક્ષણ પણ સૌન્દર્યનું રટણ ના વીસરીશ. આસ્થાનું આવું વીર્યવાન અને ઓજસ્વી ઉદ્બોધન ગમે તે સર્જકની મધદરિયે તોફાને ચઢેલી નાવના સઢને સંકેલીને એને પાછો સુખરૂપ કિનારે આણે એટલું સમર્થ છે.

પ્રો. ઠાકોરની પ્રેમભાવના પણ એમની સત્યનિષ્ઠા ઉપર જ જીવે છે:

**વ્હાલિ, સાથે સુખદુઃખ લહ્યાં હૈયું હૈયે જડીને,**
**એકે બીજે અનુભવ ઘડાતો દીઠો અન્તરાત્મા;**
**આનંદોર્મિ શિખર પર ને પાપના ગહ્વરોમાં,**
**સાથે દીઠી પરમ કરુણા હાથ હાથે ધરીને.**

× × ×

**બાહ્યાન્તરમાં પુરુષ પ્રકૃતિ ધૂર્જટિસાત્મિકા એ**
**તું-હું-હું-તું ત્રુટિ રહિતનું દ્વંદ્વ અદ્વૈત તે એ.**

સુખદુઃખની કપરી તડકીછાંયડીમાં હૈયા સાથે હૈયું જડીને પરસ્પરનો અંતરાત્મા સમાન અનુભવે ઘડાયો, આનંદ અને ઊર્મિના શિખરો પર અને પાપની ખીણોમાં પણ પ્રેમની સંવેદનામાંથી પ્રગટતી કરુણા મિત્રોની જેમ હાથમાં હાથ મિલાવીને જ ચાલી અને આખરે અંતર અને બહાર, પુરુષ અને પ્રકૃતિ, ઉમામહેશની જેમ તું-હું, હું-તુંના દ્વંદ્વમાંથી અદ્વૈત સિદ્ધ કરતો આ પ્રેમ સતીનો છે. અને સતી એટલે સત્યની જ પ્રતિકૃતિ.

આમ સત્યનિષ્ઠાને આશ્રયે ચાલી આવતી પ્રો. ઠાકોરની સર્જનધારા શંકાથી શ્રદ્ધા ભણી પ્રસ્થાન કરી રહી છે. ‘ અજ્ઞાત આદિથી અજ્ઞેય ભાવિ ભણી અગમ્ય કૂચ કરતો આ આખો સંસાર અભાવમાંથી ઘડીક ભાવમાં પલટીને પુનરપિ અભાવમાં જ વહી રહ્યો છે.’ આ અજ્ઞેયવાદી પ્રો. ઠાકોર ‘ પંચોતેરમે ’ના પ્રવચનોમાં પોતાની શ્રદ્ધાને વાણી આપે છે:

‘ માનવીઓમાંના થોડાક કલાકારો સત્યોને કલાદ્વારા જે સુંદર રૂપો અર્પે છે તેમને જ શ્રેષ્ઠ માનું છું.

‘ વ્યક્તિના હક્કો અને વ્યક્તિગત આઝાદીનો રસ આખા તંત્રની નાની તથા મોટી તમામ નાડીઓમાં સજીવન ફરતો રહે એવું સંઘબલ જ, ડેમોક્રેટિક સ્પિરિટવાળું સંઘબલ જ સમુત્ક્રાંતિપોષક છે અને તરણોપાય છે.

‘ સન્માનાર્હ એક તો હું ગણું છું પૂરેપૂરાં બલ, આવડત અને દિલે મજૂરી કરતા મજૂરને. અને બીજો ગણું છું બુદ્ધિમાન, બુદ્ધિસજ્જ, બુદ્ધિને વાપરી જાણનાર, ખેડનાર, પદોડનાર, નીચોવનાર,

મથનાર, વલોવનાર, માથું ભમી ભમી ધુમ્મ થઈ જાય, ત્યાં લગી ખેદો ન છોડનાર મનનપરાયણ નરને.

'પ્રેમના આખા લાગણીચક્રમાં માનવતાવાળા માનવીના અનુભવ પ્રમાણે પ્રેમનું વધારે ઉપકારક, ચિરંજીવ અને વફાદાર રૂપ તો મિત્રતા છે.

'સાચો સાહિત્યકાર કોણ? જેની કૃતિ કરતાં ભાવના ઊંચી ને ઊંચી રહ્યા કરે તે જ.

'દરિયો જુઓ, આકાશ જુઓ; એના પછી મોજાની, વાદળ પછી વાદળની અનંત અને અખૂટ આવ્યા જ કરતી હાર ઉપર હાર જુઓ. માણસવ્યક્તિ જંતુડું માત્ર છે ભલે. પ્રજાની મહાવ્યક્તિ અમર અને અનંત છે, અનવરત ગતિમાન છે.'

શંકાના સંઘર્ષથી શરૂ થયેલી પ્રો. ઠાકોરની સર્જનધારા આજે સાક્ષાત્કારમંડિત શ્રદ્ધાએ પહોંચી રહી છે. અને આને પરિણામે એમની પ્રતિભા આજે કેટલાક મૂલ્યો વિષે આત્મનિષ્ઠાની વાણી ઉચ્ચારે છે. એટલે એમાં પ્રશાંત સ્વસ્થતા છે, ધીર અને ઉજ્જ્વળ દૃષ્ટિ છે, સાચા સંવેદનનું પાવક અને પાણીદાર સૌન્દર્ય છે. ઉપર કહેલો એમની સર્જકપ્રતિભાનો પ્રવાસ આજે સાર્થકતાની સીમાએ પહોંચી રહ્યો છે એનું મુખ્ય રહસ્ય એ છે કે એમની સમગ્ર સર્જનસાધના એક માત્ર સત્યને જ આશ્રયે વિલસતી અને વિકાસ પામતી આવી છે. અને સર્જકે પણ વિનમ્ર ભક્તની જેમ સહજભાવે સત્યની જ શરણાગતિ સ્વીકારી છે. સત્યને, પોતાની સાધના અને ઉપાસનાનું પ્રેરક અને નિયામક બળ બનાવવાની જવાબદારી પ્રો. ઠાકોરે જ્યારે સ્વીકારી ત્યારે એમને ખબર હતી કે એની કેટલી અને કેવી કિંમત આપવી પડશે. સત્યની શરણાગતિ એ આકરૂં અને મહા કઠોર તપ છે. એના ઉપાસકે પોતે જ પોતાના અગ્નિહોત્રી બનીને પોતાની

આવી નિર્બળતા અને મલિનતાનો હોમ કરવો પડે છે. સ્વાર્થની સંકુચિતતા અને અભિમાનની આહુતિ આપવી પડે છે. એ સત્યને ખોળે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરતી વેળાએ અપૂર્ણ વ્યક્તિ ભયંકર વિદ્રોહ અને ઉલ્કાપાત મચાવે છે. પણ એ કટોકટીને સમયે સત્ય તરફની ઉપાસકની સંપૂર્ણ અને નિઃસંકોચ વફાદારી જ માત્ર એને એમાંથી ઉગારીને આત્માની ઉજ્જવળતાના આશીર્વાદનો અધિકારી બનાવે છે. વ્યક્તિ મટીને પછી એ વિભૂતિ બને છે. કબીરે સત્યના આચરણને મંગલાચાર કહ્યો છે એની સાર્થકતા પણ અહીં જ ધન્ય બને છે.

પ્રો. ઠાકોરની વ્યક્તિ કેટલું વિભૂતિતત્ત્વ પામી છે, એ મારી જિકરનો અથવા વંદનાનો વિષય નથી. એ વ્યક્તિએ પોતાના વ્યક્તિત્વનું કબંધ તોડવાનો, એને આંબી જવાનો કેટલો પુરુષાર્થ કર્યો છે, એ પુરુષાર્થ વખતે સત્યનું એમણે તાકેલું નિશાન કેટલું અિનચૂક રહ્યું છે અને આ નિશાન પામવા માટે, સર કરવા માટે એમણે પોતાના વ્યક્તિત્વની મર્યાદાઓ અને મલિનતાનો કેટલો વધ કર્યો છે; એની તરફ સહજ અંગુલિનિર્દેશ કરીને આ બહાદુર જોદ્ધાને નમ્ર વંદના અર્પવાનો જ આ સાદો અને સહજ ઉપક્રમ રાખ્યો છે. એમનાં સર્જનો આત્માની કલાનો કેટલો પ્રસાદ પામ્યાં છે એની વાત તો એ સૌ પોતે જ સમયને કહેશે. પણ એમના કેટલાંક સર્જનકુસુમો એ પ્રસાદના અધિકારી છે એ મારું નમ્ર નિવેદન છે. જ્યારે એમણે કહ્યું કે 'સાહિત્ય અને કલાના પ્રદેશ વિનમ્ર નિખાલસતાના, દૃઢ ચારિત્રના, સ્વતંત્ર અભ્યાસ, સંશોધન અને મનન વડે રચાતા અધિકારના, ગુરુ–સત્ય–કલા એ ત્રિપુટીની ભક્તિના અને યદૃચ્છાએ વિહારિણી પ્રતિભાના પ્રદેશ છે' ત્યારે એ આશંકા નહોતી, અનુભવ હતો. અને આ જ અનુભવ મેળવવા માટે એમણે કપરી ઉપાસના કર્યાના, કઠોર તપ તપ્યાના ઉદાહરણો એમના જીવનમાં

અટકાયેલાં પડ્યાં છે. પ્રયોગમાલામાં એમણે મૂકેલા સૂત્રવાક્યમાં પ્રગટ થતી આ સર્જકની શ્રદ્ધા આપોઆપ પોતાની વાત કહે છે:

ઝંખી રહે છે નમ્ર જે સતસેવના,
લાધે છ તેને એકબે તાજાં સુમન.

આ સતસેવનામાં પગલે પગલે અને ડગલે ડગલે ગ્લાનિ અને વિષાદ માણુસને મૂંઝવે છે, થકવે છે અને એની બૂરી વલે કરે છે. એ વિકટ સંજોગોમાં એણે શું કરવું, એમાંથી કેમ માર્ગ કરવો, એ ગૂંચને કેમ ઉકેલવી એ વિષેની પ્રો. ઠાકોરની સમઝદષ્ટિ મારા એક પત્રમાંથી ઉતારૂં છું:

'ગ્લાનિ અને મથામણ અને મૂંઝવણ અને વિષાદ એક ઘેરાં ધાબાંની જેમ ચિત્તંત્રને દાબતું હોય, ત્યાં લગી મૂંઝવણ ઓસરતી નથી. એ ઘેરાં ધાબાંને ધારી ધારીને જોવું; જો એમાં બે ત્રણ ભિન્ન બાબતોની ગૂંચ વર્તાય, તો એટલાથી પણ એ ઘેરી કાલિમા આછી થશે. અને એ ત્રણ બાબતમાં જે સૌથી દુર્ઘટ અને નિરૂપાય જેવી લાગે તેને જ સૌથી પહેલી પકડો. એનાં બલાબલ જુવો. તે ધ્યાનમાં આવતાં આગળ વધી એના ઉપાય વિષે સતત શોધ આરંભો. આટલે આવશો તેથી પણ આખા ધાબાની ઘેરાશ આછી થશે, એમ ડગલે, ડગલે આગળ વધો.'

આ ઉપરથી ખ્યાલ આવી શકે છે અને ક્યાસ કાઢી શકાય છે કે આ સત્સેવક કેટલી ધીરજથી, કેટલી સહિષ્ણુતાથી અને કેટલી આત્મશ્રદ્ધાથી પોતાનું જીવનપોત વણી રહ્યા છે; અને એના ઉપર પોતાના કલાકસબની કારીગીરી કરી રહ્યા છે. એટલે એમના સર્જનની વિપુલતા એ એમની સાર્થકતા નથી; એની ગુણવત્તા અને આત્મતેજે વિલસતી કલાલીલા જ એનું સૌન્દર્ય છે. આ સર્જક ઢગલાબંધ માદરપાટનો વણકર નથી, આ તો ભરગચ્છી અને

કિનખાબનો કસબી કલાકાર છે. અને આ જ વાત એમણે વિશદતા અને વિવેકથી સરસ રીતે કહી છે:

'આત્માની કલા એટલે શું? ઇન્દ્રિયોના સંવેદનોને સંસ્કાર આપતી જે પ્રવર્તે છે તે માનવપ્રવૃત્તિ કલા છે; એ માત્ર વિચારણા નથી, અમુક નવો ઘાટ આપતું આચરણ (action) છે. સાધારણીકરણ, ઉચ્ચીકરણ, ઉદાત્તીકરણ, વગેરે કલા જે જે sublimation અર્પતી પોતાનું કલાત્વ સ્થાપે છે, તે સંસ્કારો જાણીતા છે. કૃતિમાં આ સંસ્કારો વડે વ્યાપકતા, ગૌરવ, માર્ગદર્શકતા, શાંતિદાયકતા, ગાંભીર્ય, રહસ્યાવિષ્કરણ, માનસની મંથનદશાનું શમન, ઊંડાઈ, અતાગતા, આંબી ન શકાય એવી ઊંચાઈ અગર ગગનચુંબિતા, વગેરે સાથે ટકાઉપણું અમરતા લગીનું પણ આવે છે. અને આ સર્વ શૈલી, પ્રસાદ, વગેરે નામે આપણે ટૂંકામાં અને સમગ્ર ઓળખીએ છીએ, તથા એમાં કલાની મૌલિકતા વા સર્જકતા વા વિભૂતિ જોઈએ છીએ, પરંતુ આ તમામ—ઊંચામાં ઊંચા પણ—હજી મેધાના જ આવિષ્કાર છે. અને મેધા જેમ વિમલ તેમ તેમાં આત્માની દ્યુતિ વધારે આવે એ કબૂલ, પરંતુ હજી આ કલા બુદ્ધિગ્રાહ્ય સંવેદનવર્તુલમાં જ રમે છે; તેનાથી ઊંચી કક્ષાનું, પર અને ઈષદ્‌ગ્રાહ્ય જ હજી એને કશું પણ મળેલું નથી. કૃતિ રચતાં રચતાં કર્તાની તમામ શક્તિઓની સંપૂર્ણ એકતાનતાના આકર્ષણે પ્રતિભા કિંવા આત્માના પણ કોઈ કિરણ અંશતઃ આ રચનાપ્રવૃત્તિમાં પ્રવેશી જાય, એ અતીન્દ્રિય દર્શન સ્થૂલ ઇન્દ્રિયગ્રામ લગી વ્યાપે અને એમ આંખ અદૃષ્ટપૂર્વ દેખે, કાન અનાહત સાંભળે, એ અછડતો આકાર જુએ, દેખાડે, એ દૂર દૂરના ભણકાર કલાનિધ કર્તા સાંભળે અને સંભળાવે, અને જે અનુપમ અભૂતપૂર્વ અમર કૃતિ બને તે આત્માની કલાની પ્રસાદી, તે જ બીજી નહીં.'

'ભણકાર'ના કવિની કવિતા અને એમની સમગ્ર સર્જનપ્રવૃત્તિ આવી આત્માની કલાનો કેટલો પ્રસાદ પામી છે, કેટલો આશીર્વાદ પામી છે, અને એમની બહુરૂપી, બહુશ્રુત મેધા પોતાની જ મર્યાદા ઓળંગીને પ્રતિભાના પુણ્યપ્રદેશમાં વિહાર કરીને વિભૂતિનો કેટલો સત્સંગ અને સંસ્પર્શ પામી છે એ કહેવાનું કામ તો સૌથી મોટા તુલાનાયક સમયનું છે. પરંતુ આ કલાનિષ્ઠ, અંતર્મુખ કવિનો સર્વતોભદ્ર સર્વાંગીણ પુરુષાર્થ સત્યનું લક્ષ સાધીને સદૈવ જાગૃત અને જીવંત રહ્યો છે એવી મારી શ્રદ્ધા છે.

છેક હમણાં જ પોતાની આપવીતી લેખે લખેલી મિતાક્ષરી નોંધ મોકલતાં એમણે મને લખ્યું હતું કે 'તમે આ નોંધમાં આપેલી સ્થૂલ હકીકતમાં કંઈક સરતચૂક ન થતી હોય તે ધ્યાનથી જો જો. કોઈ વખતે દુનિયા અતિશયોક્તિ જ ગણે અને તમનેમને બેયને અન્યાય કરે એવું તો કંઈ લખાઈ ગયું નથી ને, એટલા પૂરતું જ જોવાનું; ગાંધીજી અને અરવિંદ પણ માણસ છે, કોઈ નથી 'અવતાર' નથી 'દેવ,' એમ દૃઢ માનનાર અજ્ઞેયવાદી અ–ભક્ત જેવા મને 'દેવ' જેવો તો નિરૂપતો નથી ને, એટલા પૂરતું જ જોવાનું :– બાકી તો મને લેખક તરીકે જેટલી મારી પોતાની સ્વતંત્રતા વહાલી તેટલી સૌને પોતાની હોય એ બરાબર જાણું છું અને તમને ખબર છે કે જાણું છું.' ધરતી પર જ પગ રાખીને પણ પોતાનું માથું છેક ગગન સુધી ઊંચુ કરતા, જિવાયલા કે જિવાતા જીવન કરતાં પણ જીવવાની ભાવનાને ઉચ્ચતમ માનતા, સત્યના સાક્ષાત્કારના એકાદ અંશની ઝાંખી પછી પણ એના વધારે શિખરો ચઢવાની તમન્ના સેવતા, ભક્તની જેમ સહજ નિરાડંબર વડે પોતાની ત્રુટિઓના પગથિયે પગથિયે ચઢતા, પોતાના જ આંસુઓમાં પોતાના સ્વત્વને ડુબાડીને સમત્વ સાધવા મથતા, ધરા ગુર્જરીના આ સુપુત્રની જીવન-નૌકા સંસારસાગર તરીને હવે કિનારે આવી રહી છે. આની ખેવના

કરતાં એમનાથી છેક હજી ગઈ કાલના મારા ઉપરના પત્રમાં બોલાઈ જવાયું છે કે, 'બર્નાડ શૉ ૯૧મે વર્ષે કહે છે, હવે બીજાં બે વર્ષ જીવું તો ઘણું બધું. મને ૭૭મે વર્ષે લાગે છે કે બીજાં ત્રણ વર્ષ કાઢું તો ઘણાં બધાં!'

મને એમણે પુત્રતુલ્ય ગણ્યો છે. ભગવતી સરસ્વતીની મારી ઉપાસનામાં મેં એમને પિતાસ્થાને સદૈવ ગણ્યા છે, એટલે પુત્રલેખે મારી સહજ ઇચ્છા છે કે,

**'સમંદર વટી નચિંત સરતી તરી બંદરે'**

વાળી એ નૌકા જ્યારે કિનારે આવી પહોંચે ત્યારે હું એમને ક્ષેમ-કુશળ ઉતરતા જોઉં અને મારી વંદના એમને ખોળે ધરું.


૩૧–૧–૪૬,
વડોદરા.

કિશનસિંહ ચાવડા

★

નવી કવિતા કથયિત્વ પરત્વે મહાત્મા ગાંધીજી અને આયોજના પરત્વે પ્રો. ઠાકોર એમ બે ભિન્ન ભિન્ન પ્રકારની વ્યક્તિઓના ખભા ઉપર ચડીને ચાલી રહી છે.

ઉમાશંકર જોષી



ઉપર : સુન્દરમ્, ઉમાશંકર જોષી.
નીચે : યશવંત પંડ્યા, ગુલાબદાસ બ્રોકર, પ્રો. ઠાકોર, કિશનસિંહ ચાવડા, બચુભાઈ રાવત.

# પ્ર વ ચ નો

**નોંધઃ**—અમદાવાદ, વડોદરા અને રાજકોટનાં પ્રવચનો આગળથી છાપેલાં અને તે ચોપાનિયાં એ સભાઓમાં વ્હેંચાયલાં હતાં; પણ તે વાંચતાં વક્તાએ તેમાં ફેરફાર, કાપકૂપ આદિ કરેલાં. અહીં ચોપડીમાં એકત્ર કરતાં આ સર્વ ધ્યાનમાં લઈને આ છાપવામાં આવે છે, એટલે એવાં કોઈ ચોપાનિયાં સાથે આને સરખાવી જોતાં કોઈને કશી શંકા ઉપજે, તેના સમાધાનાર્થે ચોકખું જણાવવામાં આવે છે, કે અહીંના પાઠ જ સાચા અને છેવટના ગણવા. સભાને દિવસે કે પછી તુર્ત સ્થાનિક વર્તમાનપત્રોએ પ્રવચન આખું કે લાંબાં અવતરણરૂપે છાપેલું તથા વક્તા વિશે તેમ સભા વિશે ચર્ચા કરતાં ઘણી સહાનુભૂતિ દેખાડેલી, સભામાં થયેલ બીજાં ભાષણો વગેરેથી પણ પોતાના વાચકોને વાકેફ કરેલા, વગેરે વગેરે સ્થાનિક છાપાંઓની આ આખી પ્રવૃત્તિ તરફ સહાનુભૂતિ અને દિલસોજી માટે તે સર્વેનો અહીં ફરીને આભાર માનવામાં આવે છે.

## ૧ ભાવનગર, તા. ૨૮–૯–૧૯૪૩

સમારંભ યોજનાર:—ભાવનગર સાહિત્ય સભા.

સ્થાન:—મોતીબાગ દરબાર હૉલ.

પ્રમુખ:—ભાવનગર દિવાન સાહેબ શ્રી અનંતરાય પ્રભાશંકર પટ્ટણી.

હું જેવા લેખકજંતુને આમ સન્માનવાના છો એ બોટાદ સ્ટેશને અહીં આવતાં જ જાણ્યું. ભાઈશ્રી મેઘાણીને ખયાલ જ નહીં કે મ્હારાથી છાનું રાખીને આ બધું ગોઠવાતું હશે. નહીં તો એ કઈ કાચી બુદ્ધી નહીં તો, મ્હને બોટાદ સ્ટેશને પણ ખબર ના પડત; સાંઝે અહીં પ્હોંચત ત્યારે જ જાણત. દશ વર્ષ પ્હેલાં કોઈએ મ્હને આમ સપડાવવા કર્યું હોત, તો ફાંસામાં પકડાયલો પાછો નીકળીને ભાગી જાત. પણ આ તો શું, ત્હમે સૌ એટલા ચકોર, હું ઘડપણને ફાંસે પડી ગયો છું, તેનો લાભ મેળવી લ્યો છો. સૌ જાણે છે કેટલા ય વખતથી આવી તમામ માગણીને નકારતો આવ્યો છું, સ્નેહીઓને, સજ્જનોને નારાજ કરતો આવ્યો છું. વારુ, ત્હમે મ્હને સપડાવવામાં ફાવી ગયા છો, પણ મ્હને નારાજ તો કરો છો જ. તથાપિ ઘડપણની ઉદારતાએ ત્હમને સઝા કરવાને બદલે આશીર્વાદ દઉં

છું, કે આમ સન્માનસમારંભ માટે ફરી વિચાર કરો ત્યારે ત્હમને મ્હારા કરતાં વધુ લાયક વ્યક્તિ મળજો. અથવા પ્રિય ભાઈશ્રી રવિશંકર ભટ્ટે અતિમાયાળુપણે પોતાના ભાષણમાં આજે એક શબ્દ વાપર્યો તે ઉપાડી લઈને મ્હારો આશીર્વાદ ફરીને ઊચરું છું, કે ત્હમને ત્હમારી પૂજાવંદનાની હોંસને તૃપ્ત કરવા માટે કોઈ "વિભૂતિ" મળજો, હું તો માત્ર વ્યક્તિ છું.

ગુજરાતી ભાષાનો મહાકવિ એક પ્રેમાનંદ જ: એ મારું સ્થાયી મત: મહાકવિ જેવા ઈલ્કાબ આપવામાં જે પ્રજા વધુ ચીકણી ને કૃપણ તે તેટલી વધારે ઠરેલ છે. એ દૃષ્ટિ આવા સમારંભોને પણ લાગુ પડે છે. ટકે શેર ભાજી ટકે શેર ખાજાં જેવી રીત રાખનાર પ્રજાએ કરેલ ગૌરવ વઝનદાર કે ઠરેલ હાવકાં ન ગણાય.

વધારે ઊંડું કારણ માગો તો—સાચો સાહિત્યકાર કોણ? જેની કૃતિ કરતાં ભાવના ઉંચી ને ઉંચી રહ્યા કરે તે જ; જેમ જેમ વધુ સજીવન ને સફલ કૃતિઓ સર્જાતી આવે તેમ તેમ તેની ભાવના ને નિશાન ઉચ્ચતર થતાં જ જાય. આ પ્રસંગે મ્હારું એક પ્રિય સૂત્ર આપ સૌ અપનાવો, પોતપોતાની પ્રવૃત્તિઓને એ સૂત્રે કસવાની આદત કેળવો એમ પણ ઇચ્છું છું. એ સૂત્ર ઇંગ્રેજી છે:—Not failure but low aim is crime: એ પંક્તિનો મ્હારો અનુવાદ સાંભળો:—

**નિશાનચુક માફ થાય, ન કદી ય નીચૂં નિશાન.**

મારે માટે અને મારી કૃતિઓ માટે ભાવભરી લાગણીઓ દર્શાવનારા અહીંના વક્તાઓની માયા મારા ચિમળાતા હૃદયને પણ પાછું તાજું બનાવે છે. સર્વનો ઘણો ઘણો પાડ માનું છું.

આપણા કોશકાર કવિ નર્મદ કહી ગયા છે કે મુંબાઈની બોલી કઈક વધારે પારસીબોજી: સૂરતની બોલી હવાકાનું હેર હાક એવી:

ચરોતરમાં લેંબડો પેંપળો વગેરે ઉચ્ચારણે ભ્રષ્ટ બોલી : હાલારાદિની બોલી અકોણી એટલે પૂરતી કોમલ નહિ : આવા મોટા દોષ વિનાની બોલી, જેમાં ઉચ્ચારણો શુદ્ધ ગુજરાતીને વધુ સમીપ, નર્મદાશંકર કવિએ પોતે ભાવનગરમાં સાંભળી. આવા પ્રમાણપત્રનો, આવી ભાષાવિશુદ્ધિનો દાવો ભાવનગર આજે કરી શકે કે કેમ તે નક્કી કરવા અંહીંની અદ્યતન બોલીનો તેટલો મ્હને પરિચય નથી. પણ એકસરખી અને વધતી જતી કેળવણીના પ્રભાવે પ્રાંતિય બોલી–દોષો ઓછા થાય, એ તો આપણે સૌ દાયકાઓથી અનુભવિયે છિયે.

માત્ર બોલીની વિશુદ્ધિ એ મોટી બાબત નથી. ભાવનગરને એક આશીર્વાદ દેવા લલચાઉં છું. કેટલાક ભાવનગરીઓ પોતાનું પ્રિય વતન મુંબાઈ જેવું મહાન મોહક ને ભભકદાર બને એવી ખોટી મહેચ્છા સેવતા હશે; કેટલાક એ અમદાવાદ જેવું વધુમાં વધુ મિલોવાળું બને તેમ ઇચ્છતા હશે. આવી સ્થૂલ મોટાઈ કે સમૃદ્ધિમાં હું માનતો નથી. વસતીસંખ્યા. હુન્નરઉદ્યોગાદિ સમૃદ્ધિ વગેરેની મોટાઈ કરતાં સંસ્કૃતિધામો ગણાતાં નગરોનું ગૌરવ પ્રજાઓની ચડતી ઉન્નતિની દૃષ્ટિએ વિશેષ છે. એલેકઝેન્ડ્રિયા અને કોરિન્થ કરતાં પ્રાચીન આથેન્સ "ધિ આઈ ઓફ ગ્રીસ"નું મહત્ત્વ તેમ અમરત્વ ઇતિહાસે ચડિયાતું આંક્યું છે. ભાવનગર ગુજરાત કાઠિયાવાડની પ્રજાનું એક વિશિષ્ટ સંસ્કૃતિધામ બનો એ આશીર્વાદ છે.

ભાવનગરી યુવકો ને યુવતીઓ ! આવું કોઈ પણ શ્રેય વા પ્રેય અકસ્માત મળતું નથી, સંજોગોની બક્ષીસ હોતું નથી. ઉત્સાહી દૃઢ મનનાં અને કર્તવ્યપરાયણ યુવકયુવતીઓની પરંપરા પાંચ સાત દાયકા લગી, વતનપ્રેમને માત્ર આંધળી અસ્ફુટ લાગણી જેવો રહેવા ન દેતાં, આવા ધ્યેય પાછળ પુરતાં જ્ઞાન, તપ અને સંઘબળથી મંડ્યા રહે તો જ અમૂર્ત ભાવનામાંથી વાસ્તવિક સિદ્ધિરૂપે

પરિણામપરિપાક જન્મે. યુવકયુવતી સભ્યો, મ્હારી આ સલાહ આજ ને આજ ત્હમારા અંતરમાં ઉતરી જશે એમ ભલે ઝાઝો સંભવ ના ય હોય. આજ આપણે વિશાળ છોડી વિશાળતર, વિશાળતર પણ છોડી વિશાળતમને વળગવા ઝંખિયે છિયે. કાઠિયાવાડનું શ્રેય કે આખા ગુજરાતનું શ્રેય, કે આખા મુંબાઇ ઇલાકાનું શ્રેય ?—ના, ના, આજે તો આપણે એક જ હનૂમાન ફલંગે અને ફુદકે આખા હિંદના શ્રેયને આંબવા મથિયે છિયે. અને મેં તો ત્હમારી આગળ આ ભાવના રજૂ કરી માત્ર ભાવનગરનું ગણી કઢાય એવા અતિ અલ્પકાય શ્રેયની. ભલે આજની ઘડીએ તે આપમાંના મોટા ભાગને અનાકર્ષક લાગે. થોડા ભાગને પણ એ જો આકર્ષક થઇ પડે, તો ય ઘણું છે. \પ્રજાવ્યાપી પ્રવૃત્તિઓને શરુ કરનાર હરહંમેશ થોડી વ્યક્તિઓ જ હોય. એવી કોઇ પણ પ્રવૃત્તિ કેવી અને કેટલી વધે છે ફેલાય છે તેનો આધાર એ આરંભ કરનારી વ્યક્તિઓના દૈવત ઉપર રહે છે. \

મહેરબાન દીવાન સાહેબ, ભાવનગરનાં સભ્યો અને સન્નારીઓ આપ મ્હારું આટઆટલું ગૌરવ કરો છો, તે માટે આપ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

## ૨ અમદાવાદ, તા. ૫–૧૨–૧૯૪૩

સ્થાન :—ભોળાનાથ લેડીઝ ઇન્સ્ટિટ્યૂટ.*

પ્રમુખ :—શ્રી વિદ્યાગૌરી નીલકંઠ.

પ્રસંગ યોજનારી સંસ્થાઓ :—સોસાયટી, સા. સભા, કલામંદિર, અ. એજ્યુકેશન સો., વગેરે.

**આજન્મ સ્નેહી પ્રમુખશ્રી વિદ્યાબ્હેન, દા. હરિપ્રસાદ, પ્રો. રામનારાયણ, ગુ૦ વ૦ સોસાયટી, સાહિત્યસભા, કલામંદિર, વગેરેના ઉત્સાહી સભ્યો અને અમદાવાદનાં સાહિત્યરસિક ભાઈઓ અને બ્હેનો :—**

આપ સૌ મ્હને આવું મહામોટું માન આપશો એમ મ્હેં સ્વપ્ને પણ ધારેલું નહીં. સોસાયટી જેવી પીઢ અને સુપ્રતિષ્ઠિત સંસ્થાના જૂના બલ્કે કાયમી જેવા કાર્યવાહકોમાંથી ભાઈ હરિપ્રસાદ સાથે

* પ્રેમાભાઈ હૉલના દાદરા ચડું એવી મ્હારી ત્યારે તબિયત નહીં એટલે મ્હારી વિનંતિ ઉપરથી સભા આ ભોંયતળિયે હૉલમાં રાખેલી. એ હૉલ બહુ જ ન્હાનો પડેલો. સારી રીતે બેસી શકે તે કરતાં ત્રણેકગણાં માણસો જેમ તેમ ખડકાઈ ગયાં હતાં.

મ્હારે મૈત્રી–સંબંધ હું જવાન હતો એઓ નવજવાન હતા, અને અહીં અમદાવાદમાં 'ઉદ્‌બોધન' નામે માસિક ચાલતું હતું જેમાં પ્રો. સ્વામિનારાયણની સંસ્કૃત રચનાઓ પણ આવતી, જે માસિકનું નામ અહીં સભામાં કૉલેજિયનો હશે તેમાંના ઘણાએ સાંભળ્યું પણ હોય ભાગ્યે, એટલો બધો જૂનો છે. આ મૈત્રી–સંબંધને હવે તો જૂનાને બદલે પુરાનો ય કહેવાય. અને અમે જો કે ત્યારથી મિત્રો તે આજલગી મિત્રો રહ્યા છિયે, તોપણ અમને બંનેને ઓળખનાર દરેક તટસ્થ જાણે છે કે આ બધા દાયકાઓ દરમિયાન એમની અને મ્હારી ભાવનાઓ, પ્રવૃત્તિઓ, રુચિઓ આદિ વચ્ચે મોટામોટા ભેદ ચાલૂ જ રહ્યા છે. અમે એકબીજાને મળીહળી શક્યા છિયે પણ બહુ ઓછા; કેમ કે બંને પોતપોતાના કામકાજમાં મગ્ન એટલે (૧) લીન તેમજ (૨) મગન. અમારી બેની પ્રકૃતિઓમાં મોટું સામ્ય પણ આ, કે ઘડી નવરા નહીં, અમારા જીવનનો મુખ્ય આનંદ અમારાં કામકાજની અખૂટ પરંપરા. આ બાબત સાંભળતાં જેણે જાણ્યું પણ હશે કે એના શ્રી ગણેશ માંડનાર તો અમદાવાદ અને ગુજરાતના જાણીતા આગેવાન કૉન્ગ્રેસપક્ષી શ્રી હરિપ્રસાદ દેસાઈ ત્યારે તેમાંના ઘણાંને હું ધારૂં છું કે, કંઈક અચંબો પણ થયો હશે. સાથે સાથે મનોમન સાક્ષી ન્યાયે આ પણ જાણું છું કે આ વાત સાંભળતાં જેમને આપોઆપ આનંદનો ઊર્મિ સ્ફુરેલો તેવાંની પ્રથમ પંક્તિમાં એક તો હશે શ્રી હરિપ્રસાદનાં એક બ્હેન, મ્હારાં વડોદરાનાં મિત્ર શ્રી જયવતી, બીજાં એમનાં ભાભી, મ્હારાં પૂનાનાં મિત્ર શ્રી પદ્માવતી.

વારુ. આવા સમારંભ અને સન્માન માટે મ્હને સત્તર આના ખાતરી છે કે હું કંઈ લાયક નથી. એને આપ સૌની સહાનુભૂતિનો જ ઉમળકો ગણીને ઘણોઘણો ઉપકાર માનું છું.

ઘણા કલાકારોને પોતાનાં સર્જનો પોતાનાં બાળકો જેવાં પ્રિય હોય છે. એટલે જેમ માતાપિતા બાળકના તલમાત્ર ગુણને ડુંગર જેવડો દેખે છે, તેના કાળા દોષોને ય જોઈ જ શકતાં નથી, તેમ કલાકારોની પોતાની માનસસંતતિ ઉપર આંધળી પ્રીતિ અને શ્રદ્ધા હોય છે. આપણે માનવજંતુઓ અનેકાનેક રીતે કૃપણ અને અતિ-પરિમિત છિયે; એટલે કે આપણું પોત ચીસું છે, આપણો પ્હનો ટૂંકો છે એ આપણી અશક્તિ લગભગ કુદરતી ગણી શકાય. પણ હું મ્હારી જાતને આવા અંધ પક્ષપાતમાંથી કેટલેક અંશે ઉગરેલો માનું છું. મ્હારાં સર્જનો ને ફરજંદો, મ્હારાં સ્નેહીઓ અને સાથીઓ, મ્હારા પક્ષને અને મ્હારા વિરોધી પક્ષને પણ હું કેટલેક અંશે (મ્હને અંગત કશું લાગેવળગે નહીં એમ) તટસ્થતાએ જોઈ શકું છું. આગળ વધીને પણ દાવો કરીશ કે મ્હારા વતન ગુજરાતને, મ્હારા સહોદર ગુજરાતીઓને પણ, જાણે હું પોતે ગુજરાતી જ નહીં એ પ્રમાણે જોઈ શકું છું. ગુજરાતી પ્રજા મ્હારી જ છે અને મ્હને પ્રિય છે તથાપિ એનાં કેટલાંક લક્ષણોને દોષો જ ગણું છું; માત્ર સપાટી પરથી જોતાં દોષ, ઊંડી નજરે જોતાં એ પણ ગુણ ગણાય, એવી ખૂબીદાર હેત્વાભાસી લીલા મ્હને પ્રયત્ને પણ મોહ પમાડી શકતી નથી.

આવું મ્હારું માનસ છે, તો મ્હારાં સર્જનો તો મુકાબલે છેક છોટી વસ્તુઓ છે. એમાંનાં ઘણાં હજી પ્રયોગો જેવાં જ થાય છે; અને મ્હારા પ્રયોગો હજી તો મ્હારી કવિતા કલા–ભાવનાને આંબી ક્યાંથી શકે, કેમ કે મ્હારી ભાવના અત્યંત ઊંચી છે. ભણકાર ('૪૨ની આવૃત્તિ) પ્હેલા ગુચ્છમાં એ ભાવનાને મેં અનેકાનેક રીતે અને રૂપે વર્ણવેલી છે. તેમાંથી એક જ ન્હાની કૃતિ આપને સંભળાવું. છંદ માત્રામેળ અને ગેય છે, અને મ્હારો કંઠ તો કુદરતે આપેલો ધાતુધ્વન ('મેટૅલિક') છે તે સહી જશો.

**ચરણ ઠિજ્યાં ફરિ વહો બનો ફરિ શિલા સજીવ અહલ્યા!**
**ગુર્જર કવિતા બઢો સાહસિક કલા ખીલવી વિમલા!**
**અર્થ શબ્દ દ્યુતિ છાંય રૂપરંગો સુરતાલો;**
**વળિ મેધાબળ ભૌમ વ્યોમની પ્રતિભાછોળો,**
**જુગલ્ પરસ્પર પ્રીતે,**
**સ્વકીય સ્વતંત્ર રીતે,**
**સાહિ બાંહ્ય મલકંત જહાં આસ્માન ઉજાળો!**
**દેશ કાલ હદ ટપી અમર નરવંશે મ્હાલો!**

"નરવંશે અમર મ્હાલો!" નરવંશ, આખી માનવજાતિ, તેની ચોગમ વખણાયલી કવિતાઓમાં સન્માન પામતી, દેશ અને કાલની સીમાઓને વટાવતી જે સૈકાઓ પર્યંત—કાલિદાસ, શેક્સ્પીયર, હોમરાદિની કૃતિઓ પ્રમાણે જે પેઢીએ પેઢીએ, સૈકે સૈકે, નવાનવા રસિકોને ઉદાત્ત પ્રેરણાઓ અને માનવતાના ભાવો પાયા કરે, તે સાચી કવિતા. મ્હારા સાહિત્યપ્રયોગો આ ઉચ્ચ નિશાન તાકે છે, એ વાત ખરી. આ વાત પણ ખરી છે કે એવું ઊંચું નિશાન હજી મ્હારે હાથે સર થયું નથી.

એટલા માટે હું તો કેટલાક વખતથી આવો સન્માન મેળાવડો કરવા દેવા મ્હને દબાણ કરતા સ્નેહીઓ અને બંધુઓને સ્થળે સ્થળે ના પાડતો આવ્યો છું: એવા ઊર્મિલ બંધુઓની કંઈક અજાયબી અપ્રીતિ પણ વ્હોરતો આવ્યો છું.

ત્યારે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને ય ના પાડવી જોઈતી'તી, હા કેમ પાડી?—મ્હારાં આજલગીનાં આચરણથી આ વખતે આવું વિસંગત કેમ કરું છું વારુ?—એવો સવાલ કુદરતી છે. આનો બીજો શો જવાબ હોય! આ વખતે હા પાડનાર હું નથી, મ્હારી નબળાઈ છે, મ્હારું ઘડપણ છે. ઘરડો માણસ ક્યાં લગી ના ના નાને વળગી રહે? કેટલાને કેટકેટલી વાર નારાજ કરે? આ એક વાર આવું સહી લઉં,—ગુજરાતીઓને તો પોતાની કદરદાની માટે

આવાં પ્રમાણપત્રો ભેગાં કરવાની લત પડી છે, લાયક કને જ મેળવે છે એમ પણ ક્યાં રહ્યું છે ?—તો આ ફેરો ભલે ઝડપાઈ જાઉં, પછી તો નીરાંત ને !—એમ ધરડા થયેલ માણસને ન લાગે વારુ ?

બીજું, અને હસવામાં કહાડી ના નખાય એવું કારણુ આ સોસાયટી પોતે. મ્હારો અને સોસાયટીનો સંબંધ હું ઈ. ૧૯૨૭થી એક દાયકો વડોદરાનિવાસી થયેલો ત્યારથી વધી ગયો છે. સોસાયટી આપણી ઘણી જૂની અને સુપ્રતિષ્ઠિત સંસ્થા છે. વળી એ પોતાનું કામકાજ ખુલ્લે બારણે, ધારાધોરણની રીતે અને ડેમોક્રેટિક પદ્ધતિએ કરે છે. વળી આ ડેમોક્રેટિકતા થોડી વધી છે અને હજી વધે અને ખીલી આવે એમ એના સૌ કાર્યવાહકો ઇચ્છે છે. હું પોતે બંધારણી પદ્ધતિમાં અને ડેમોક્રેટિક સ્પિરિટમાં માનું છું. ઝીણી મોટી ચૂંટણી તેમ વહીવટની દરેક વિગત ખુલ્લે બારણે અને સૂર્યના પ્રકાશમાં જેમ થાય તેમ સડાનું, સત્તાના દુરુપયોગનું, એકલહથ્થુ જોહુકમીનું અને વગવસીલાનું જોખમ ઘટે. સોસાયટીના વહીવટનો પરિચય વધતાં એના ઉપર અંગત ભાવ પણ બંધાય એવી એ સંસ્થા છે : નિર્જીવ સંસ્થામાંથી સ્નેહી વ્યક્તિમાં પલટાઈ જાય એવી એ સંસ્થા છે. હું કંઈ ઊર્મિલ પ્રકૃતિનો નથી એ તો જાણીતી બાબત છે. તથાપિ આ જો કે છે સંસ્થા જ, તોપણ એના ઉપર મ્હારે અનુરાગ એ કોઈ આત્મીય સંબંધી સ્નેહી હોય એવો બંધાયો છે. વળી આજે એ કરે છે તેવા કાર્યમાં લોકમતને બને તો માર્ગદર્શક થવાનો એનો અધિકાર જેવો તેવો નથી; ગમે તેવા સ્નેહીઓને અને સાથીઓને, ગમે તેવી ઉચ્ચ પદવીએ પ્રતિષ્ઠિત વ્યક્તિને, ભાઈ મ્હારી લાયકી ત્હમે આંકો છો એવડી મોટી નથી, મ્હને ક્ષમા કરો, એમ ના પાડવી, તે એક બાબત છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને ના ન પડાઈ, અને એમના ઠરાવને આજ્ઞા ગણી અવિચારણીય માનીને હાજર થઈ ગયો છું. મ્હારી કૃતિઓનો તેજોભંગ કરવાને ટાંપી

રહ્યા છે તે બંધુઓના હાથમાં મ્હારું આ ડગલું એક નવું સાધન બનવાનું હોય, તો ય ભલે.

સોસાયટીના ઠરાવને વાણીના વાગા સજાવવાનું કર્તવ્ય માથે લઈને જે જે વક્તાઓએ આ ઘડીએ પોતપોતાના કલાકૌશલનો આનંદ આપણ સૌને ઉદાર હાથે આપ્યો છે, તે માટે એ દરેક બંધુનો ઉપકાર માનું છું. એ પ્રત્યેક ભાષણમાં મ્હારા પ્રતિ અંગત સૌજન્ય, ભાવ, સ્નેહ આદિ સ્પષ્ટ છે; અને મ્હારી સાહિત્યપ્રવૃત્તિઓ અને સાહિત્યોત્તેજક સેવાઓનાં સદ્‌ભાગ્ય છે, કે આવા અધિકારી સહકારીઓ, સાહિત્યશોખી પ્રજા તે તર્ફ વિશેષ આકર્ષાય એમ તેમનું આટઆટલું ગૌરવ કરે છે. આ સર્વનો બદલો હું શી રીતે વાળું? જે જે ગુણ, શક્તિ, અપૂર્વતા આદિ એ વક્તાઓ અને વિવેચકો મ્હને અને મ્હારી કૃતિઓને આરોપે છે, તેમાંથી ના હોય તે નવાં મેળવું, હોય તે વિશેષ ખીલવું, એમ ઋણ વાળી શકું અથવા વાળવા મથું તો તે સાચો બદલો ગણાય ખરો. પણ મ્હારી ઉંમરના માણસે ભાવિમાં હું આમ કરીશ ને તેમ કરીશ એવું શું કહી શકાય વારુ? અને ઘડપણમાં પોતાના ભાવિ આચરણ વિશે કંઈ કહી ન શકાય એ જ્યારે સુસ્પષ્ટ છે, ત્યારે હું ન્હાની ઉંમરનાને પૂછું છું, કઈ ઉંમરે કહી શકાય? કોઈ પણ ઉંમરે કહી શકાય? કિશોરવયમાં કહી શકાય? ભર જુવાનીમાં કહી શકાય? ના ભાઈ, ના. આપણે માણસ માત્ર કેવળ જંતુડાં છિયે, આપણી શક્તિ અત્યંત અલ્પ છે. આપણામાં (એટલે માત્ર અહીં એમ નહીં; આખી માનવજાતિમાં) કેટલાક છાતી આગળ કહાડીને કૂકડાશી ઊંચી ડોકે શેખી હાંકવાના શોખીન પાક્યા જ કરે છે, અને ઘણા ભોળા ભાઈઓ એવાઓને કંઈક શ્રદ્ધાસ્પદ માન્યા જ કરે છે, એ વળી આપણી માનવજાતિની વિશેષ નબળાઈ છે. આપણા હાથથી ગયેલ ભૂતકાલ અને હજી આપણા હાથમાં નથી તે ભાવિકાલ વચ્ચેની

વર્તમાન ઘડી ઉપર આપણી ઇચ્છાશક્તિનો કંઇક અમલ હશે. તથાપિ ઇચ્છાશક્તિમાં સમર્થ માણસોનો પણ ભાવિ ઉપર અમલ નહીં જેવો જ છે. હું તો આ બાબતમાં જે કંઇ દૃઢ માનું છું તે એક અમેરિકન કવિના સરલ સુંદર શબ્દો સુરેખ વર્ણવે છે:

"Sands, the mountain,
Moments, make the year,
And trifles—Life!"

આનો ધ્વનિ એ કાવ્યની ઉપલી અને નીચલી પંક્તિઓ સાથેના અન્વયમાં સુસ્પષ્ટ થઈ જાય છે, પણ લાંબું અંગ્રેજી અવતરણ આપવાને ઠેકાણે, તેનું ઋણ જણાવાઈ ગયું એટલે તેનો ભાવ આપણી વાણી અને આપણા છંદમાં આપવો મ્હને વધારે અનુકૂલ છે; ગુજરાતી વાચક શ્રોતાઓને વધારે અસર કરે એમ પણ મ્હારો અનુભવ છે એટલે તેમ જ કરું છું:—

( ગુલબંકી )

**પર્વતો બને કણોથિ વાળુના,**
**યુગો બનંત વર્ષના, બને છ તે પલોતણા;**
**તુચ્છ મંદમાણ વ્યક્તિ એક એક,**
**એકથી અનેક વાધિ વિસ્તરે મહા સમસ્ત;***
**વ્યસ્ત બિંદુ બિંદુ સંમિલી બને છ ધોધ મસ્ત:**
**એમ જીવને ય વ્હેન થૈ જતૂં સુપુષ્ટ એક;**
**ફૂટચું જેથિ તેય જોઈ વિસ્મયે કુબંત,**
**ક્ષુદ્ર અંતવાનથી મહંત રે શું આ અનંત!**
**પ્હાડ જેમ ઝરણ ઝરણ સંમિલી થયો મહા**
**નદપ્રવાહ વિસ્મયે જુવે,—શું માહરો, અહા!**

* મહા સમસ્ત—મોટો ગંજ, આખી પ્રજા, કરોડોની વસતી. ( સમસ્ત શબ્દ નામ લેખે વાપર્યો છે. )

ઝીણાં ઝીણાં બિંદુઓ; તેમના સંમેલને મહાગિરિની ઉચ્ચ કૂખે, સ્થલે સ્થલે દોડતાં અનેક ઝરણો; એ ઝરણોના સંમેલને જરા નીચા પ્રદેશમાં જુદી જુદી ન્હાનકડી નદીઓ, જરા વધારે નીચે પાધર થતી જતી ખીણભોંયમાં એ નદી ભગિનીઓના સંમેલનોએ ઊંડો અને વિશાળ નદપ્રવાહ, જે પછી તો સાગર આવે તે સ્થલ લગી વહ્યા જ કરે. તાત્પર્ય કે માનવી મહાપ્રજા લઘુ પ્રજાઓમાંનાં ઘણાંખરાં જંતુઓમાં, છુટાં છુટાં ઝરણો કોઈ પૂર્વગામી, કોઈ પશ્ચિમગામી જેવી સ્વલ્પ, અસંખ્ય, ભાગ્યે સમઝાતા કોયડા જેવી પ્રવૃત્તિજાલ જ જાણે નિષ્પ્રયોજન વા સ્વાર્થે પથરાઈ રહેતી જ આપણા જોવામાં આવે, તથાપિ તેમાં પણ કોઈ કોઈ જંતુની પ્રવૃત્તિઓ ધીરગભીર વિસ્તરતા, અંતરાયોને વટાવતા, અને જાણે પ્રથમથી નિર્માણ અંતધામ પ્રતિ કર્તવ્યયાત્રા કરતા નદપ્રવાહ જેવી પણ આપણા જોવામાં આવે છે. અને પછી તો જેટલી ઘડી, જેટલાં વર્ષ, જેટલા દાયકા એ જંતુનો જીવનચરખો પ્રવર્તે ત્યાં લગી તેનો એ નદપ્રવાહ (વા નાદપ્રવાહ) વહ્યા જ કરતો જોવામાં આવે છે. ત્યારે આ ધ્વનિ વા અર્થાન્તરન્યાસને અપનાવી, અને મહાનમાંથી મ્હારા જેટલો અલ્પાલ્પ બનાવી, વસ્તુને સમેટી લેતાં આટલું કહી શકું ખરો કે મ્હારા ચુમ્મોતેર વર્ષના અનુભવે, અને આ અટપટા સંસારની લીલીસૂકીએ મ્હને જે એક બે સંગીન શ્રદ્ધાઓ બક્ષી છે તેમને હું મ્હારા છેલ્લા શ્વાસ લગી વફાદાર રહી શકીશ ખરો.

**મ્હારી પ્હેલી શ્રદ્ધા છે** માનવપ્રગતિ માટે કલાસૌન્દર્યના મહત્ત્વની.

અલ્પજ્ઞ સ્વલ્પધી માનવજંતુ નિરવધિ વિશ્વનાં બંધારણને લગતાં અને પોતાને સહજ જિજીવિષા અને સમુત્કાંતીચ્છાને પોષે એવાં સત્યો ખોળ્યા જ કરે છે; તથા જે કંઈ જડયાં લાગે તેમને ધર્મોદેશ,

રાજકાયદા, સમાજરૂઢિ કે મહાજન વ્યવહારનાં સૂત્રો જેવાં રૂપ આપ્યા જ કરે છે. પરંતુ એ સર્વ કરતાં માનવીઓમાંના થોડા કલાકારો સત્યોને કલાદ્વારા જે સુંદર રૂપો અર્પે છે તેમને જ શ્રેષ્ઠ માનું છું. લાંબી ચર્ચા વિવેચનાદિનો આ પ્રસંગ નથી. એક જ તુલના શાંતપણે કરી જોશો તો ઘણું છે. વિરહે ઝૂરતા જીવો ગત પ્રિયજનની પાછળ ધર્મને નામે આહૂતિઓ આપે છે, ધૂપો બાળે છે, દીપો પ્રકટાવે છે; શ્રોત્રિયથી માંડીને અપંગ બંધુઓનાં અનેકવિધ સંતર્પણ કરે છે, વગેરે વગેરે. એવા જ વિરહીજનો કલાપ્રેમી હોય છે તો તાજમહેલો, મોસોલિયમો, પિરામિડો ચણે છે. ઇંદુમતીવિરહ, એલેજીઓ, લિસિડાસો, ઇનમેમોરિયમો સર્જે છે. સંગીત સોનેટાઓ લલકારે છે. અલબત્ત આવી કલાપ્રવૃત્તિની અસર સૂક્ષ્મ હશે પણ નિર્મલ છે; વિસ્તારમાં થોડી હશે, પણ સ્થાયી છે; નિર્બલ જેવી દીસે ભલે પરંતુ લેશ પણ સામો વિરોધ પેદા થતો નથી, એ એની બલિહારીઓ છે. ધર્મપ્રવૃત્તિઓ, ધર્મને નામે ધર્મધતિંગ, અધર્મ ત્રણેને સાથે બાફે છે. રાજ્યપ્રવૃત્તિઓ ન્યાય અને રક્ષાને નામે ન્યાય, અન્યાય, જુલ્મ—ત્રણેની વચમાં રૈયતને પીલે છે. વગેરે, વગેરે, વગેરે.

**મ્હારી બીજી શ્રદ્ધા આ,** કે માનવજાતિની સમુત્ક્રાંતિ હિંસામાં તો નથી જ પણ આત્યંતિક અહિંસામાં ય નથી. આત્મવિનાશ કે સત્યાનાશનું જોખમ નીડરતાએ વ્હોરીને પણ અસત્ય, અધર્મ, જુલમ, ક્રૂરતા, પાશવતા આદિની હિંસા કરવી જ જોઇએ. વળી સંતોની વાત ભલે ન્યારી રહી, પણ આપણે માનવજંતુઓ એવાં વઢકણાં અને હઠીલાં પ્રાણીઓ છિયે કે વારંવાર વારંવાર આપણાં આડેધડ ચડી ગયેલ મગજોને ઠેકાણે આણવાનું રામબાણ એક જ છે,—સંતોનું સંતત્વ કે ફિલસૂફોના શુદ્ધ તર્ક નહીં પણ ચૌદમું રતન! બુદ્ધો ભલે પ્રબોધ કરે કે વેરભાવનું ઉન્મૂલન વેરભાવ સામો કેળવ્યે કદાપિ ના થાય. સવાલ નથી શેનાથી ના થાય એવો,

શેનાથી થાય એ જ સવાલ છે. અને એનો સાચો જવાબ જડે, તે સાચો જવાબ પૂરતી સંખ્યા સાચા લેખે સ્વીકારતી ને આચરતી થાય, તે પ્હેલાં તો " પ્રકૃતિં યાંતિ ભૂતાનિ, નિગ્રહઃ કિં કરિષ્યતિ ! —**જાય જાત પર જંતૂ, સંયમો ત્યાં ધર્યા રહે !** " અત્યારે આખી દુનિયામાં આપણા મહાભારત કરતાં સોહજાર ગણો વધારે ખૂનખાર અને કારમો વિશ્વસંગ્રામ ચાલી રહ્યો છે. ઘટોત્કચ કરતાં દશહજાર ગણા ચડી જાય એવાં જાદુઈ અભૌમ અસ્ત્રો સામસામે દરિયાઓમાં અને ગગનોમાં અને ભૂતલે વર્ષી રહ્યાં છે. સંઘબળ મહામોટી વસ્તુ છે, પણ સંઘબલની જમાવટને નામે માનવસમુત્ક્રાંતિનો ઉચ્છેદ પણ થઈ જાય. વ્યક્તિના હક્કો અને વ્યક્તિની આઝાદીનો રસ આખા તંત્રની ન્હાની તથા મોટી તમામ નાડીઓમાં સજીવન કરતો રહે એવું સંઘબલ જ, ડેમોક્રેટિક સ્પિરિટવાળું સંઘબલ જ સમુત્ક્રાંતિપોષક છે અને તરણોપાય છે. આ વિષય પણ શાખાપ્રશાખિ અને વાદાવાદિવાળો છે. જે માટે આજનો પ્રસંગ અનુકૂલ ન પડે.

✓**મ્હારી ત્રીજી શ્રદ્ધા આ,** કે સમાજમાં બે જ વર્ગ સન્માનાર્હ છે. માણસોમાં બે જ જાતની વ્યક્તિઓ સન્માનાર્હ છે. પેલો પોલાદી સ્કોચમેન કાર્લાઇલ કહી ગયો છે : " Two men I honour and no Third. " કાર્લાઇલ જેમને સન્માનાર્હ ગણે છે તે જ બે વર્ગ મ્હને ય સન્માનાર્હ લાગે છે, ત્રીજો એકે નહીં; પણ એ વર્ગોના વર્ણન માટે કાર્લાઇલના શબ્દો નથી અવતારતો. મ્હારા વક્તવ્ય માટે આપણી બોલી પણ શી ખોટી છે. લક્ષ્મીનંદનને સન્માનાર્હ નથી ગણતો, સિંહાસનારૂઢને કે સત્તાધારીને સન્માનાર્હ નથી ગણતો. લક્ષ્મી, સત્તા, ઓલાદ જેનાં હોય તે એ સાધનોનો કેવો ઉપયોગ કરે છે, શા મનોભાવે કરે છે, તે પ્રમાણે જ એ ત્રણે સદ્દવસ્તુઓ ગણાય અથવા દુઃસાધનો ગણાય તેનો આધાર છે. દુરુપયોગ કરવાની લતવાળા માણસો મહાપુરુષો ન ગણાય, દુષ્ટપુરુષો

ગણાય એમ હું માનું છું. કેવળ વિદ્યાને ય હું સન્માનાર્હ નથી ગણતો. વિદ્યા માત્ર પૂજાતી હોય ભલે, પણ સદ્વિદ્યાને જ પૂજનાર્હ ગણું છું. દુનિયાદારી ચડતીને પણ હું સન્માનાર્હ નથી ગણતો. ભાગ્યદેવીના લાડકવાયાને હું સન્માનાર્હ નથી ગણતો.

સન્માનાર્હ એક તો હું ગણું છું પૂરેપૂરાં બળ, આવડત અને દિલે મજૂરી કરતા મજૂરને. સાધન, ઓજાર આદિવડે ઇષ્ટ વસ્તુ ઉપજાવવા તે એટલો તો મચીમથી રહે છે, કે તેના હાથપગ, તેના આંગળાં, તેના સ્નાયુએ સ્નાયુ, તેની રગે રગ, તેની બુદ્ધિનાં ય પડે પડ એ સાધનો અને ઓજારો, ક્રિયાઓ અને પ્રક્રિયાઓની ઊંડી છાપ ગ્રહણ કરતાં કરતાં એ સાધનસામગ્રીના અને ઓજાર હથિયારના ઉપર પ્રભુત્વ મેળવે છે અને ભોગવે છે; અને એ પ્રભુત્વના કુદરતી ફળ પરિપાક રળે છે અને આનંદે છે.

બંધુઓ, આપણા આ પ્રિય ગુજરાતને અને ગુજરાતીઓને આવી સ્વેદઝેઅમંડિત મજૂરી તર્ફે સન્માનબુદ્ધિ છે ખરી ? અથવા આખા ગુજરાતને જવા દો. ગુજરાતની ઊજળિયાત વર્ણો જ પોતાને અખંડ અને સંપૂર્ણ ગુજરાત માને છે. આગળ વધીને બેધડક કહીશ કે નાગરો પોતાને જ ગુજરાત માની રહ્યા છે, ચડોત્તરિયા પાટીદાર પટેલભાયડા પોતાને જ ગુજરાત ગણી રહ્યા છે, વગેરે. તો આ અને આપણા ઊજળિયાત વર્ણોમાંની બીજી કઈ કઈ ન્યાતો આવી મજૂરીને ઓળખે છે, સન્માને છે અને પોતે પણ તે વેઠવાને તૈયાર છે ? આપણી પોતાને ખેડુત કહેવડાવનારી ઊજળિયાત ન્યાતોમાંથી કઈ કઈ જાતે હળ ખેડે છે, કોશ અને ઘાણી ચલાવે છે, ગળતું ખાતર તૈયાર કરે છે અને પાથરે છે, કુવા ખોદે છે ને ગાળે છે, વરસતે વરસાદે ડાંગરના તરુનો ક્યારાપલટો કરે છે, વગેરે, વગેરે ? જે ન્યાતો અંગચોર છે, મહેનતમજૂરીથી કાયર છે, તે

કાપુરુષો ગુજરાતી પ્રજામાં ભૂષણરૂપ નથી; ભલે ને તેમને પ્રજાના બીજા વર્ગો અને વર્ણો સૈકાઓની કુરૂઢિથી ભૂદેવો, સૂર્યવંશી, ઠાકોર, દેસાઈ, ચોધરી, અમીન, પટેલ આદિ ગણતા આવ્યા હોય.

**સન્માનાર્હ હું બીજો ગણું છું** બુદ્ધિમાન, બુદ્ધિસંજ્ઞ, બુદ્ધિને વાપરી જાણનાર, ખેડનાર, પદોડનાર, નીચોવનાર, મથનાર, વ્હલોવનાર, માથું ભમીભમી ઘુમ્મ થઈ જાય, ફાટી પડતું લાગે, મૂર્છિત થઈ જાય, ત્યાં લગી ખેદો ન છોડનાર મનનપરાયણ નરને. કોદાળી, પાવડો, હળ, દંતાળી વગેરે જેમ મજૂરના ઓજાર છે તેમ વિદ્યા, શાસ્ત્ર, ઇતિહાસ, અનુભવ, અવલોકન, ભાવના અને સ્વપ્નાંની સાથે સાક્ષાત વિરાટનો આખો ચરખો, વિચારક માણસના સાધન-સામગ્રીય છે, ઓજાર હથિયારે છે. એણે માણસ જાતની નબળાઈઓને પણ શોધવાની તથા પરામર્શવાની છે. એણે અસ્પર્શ્ય અને અપવિત્રને, સડાને અને રોગને પણ તપાસવા સૂંઘવાના છે. જેને જુવે ય નહીં તેને સમઝે શી રીતે, સમઝે નહીં તેના ઉપાય શોધેયોજે ક્યાંથી? એણે માણસ નામે બાહ્યાભ્યંતર સ્થૂલ તથા સૂક્ષ્મ આખા *ભૂ-ખ-વર્તુલનો, તમામ ચાવીઓ અને ગુહ્યોની સાથે બને તેટલો પરિચય અને ઉકેલ સાધવાનો છે. માણસોમાં માણસ સન્માનાર્હ જેટલો મજૂર છે તેટલો વિચારક છે, જેટલો વિચારક છે તેટલો મજૂર છે. દરેક વસ્તુ, દરેક બનાવ, દરેક પ્રયુર્થ ('આઇડીઆ') દરેક સંજોગ વિચારકના કોયડા છે. તેને કશું પાસે નથી, દૂર નથી, અતિસ્થૂલ નથી, અતિસૂક્ષ્મ નથી, અપ્રસ્તુત નથી, સિદ્ધ નથી, કશું અસાધ્ય નથી. વિચારકને કોઈ પરમ ગુરુ નથી, વિચારક કોઈનું ગુરુપદ ચાહતો નથી. ગુરુપદ સમર્પવા આવે તેવાને સાફ કહી દે છે,

* (૧) ભૂ=જમીન, ખ=આકાશ, (૨) ભૂખ=ક્ષુધાતૃષાઇચ્છાલાગણીઓ, "એપિટાઇટ્સ, ડિઝાયર્સ, ઈમોશન્સ."

ભાઈઓ, ત્હમે પોતે પોતાના ગુરુ બનવા સમર્થ છો. ન્હાનામોટા સૌ સ્વતંત્ર વિચારક બની પોતપોતાના ગજા, અનુભવ, સંજોગો, સાથીઓ પ્રમાણે વિચારપ્રવૃત્તિમાં ધાયે જાય, એટલૂં જ તે તો વાંછે. વિચારકનો "સત્યાન્વેષી. નીડર. નમ્ર, સહૃદય, શાસ્ત્રીય અને જવાબદાર" *બુદ્ધિવ્યાપાર સમુદ્રતુર ગની પ્રેમ શાશ્વતગતિ હોય: વિરામ શી ચીજ છે તે એ જાણે જ નહીં. એનો તો વિરામ= અત્યંતાભાવ=મૃત્યુ, વિચારકને નથી જરા. નથી ભય. નથી મીઠું-કડવું, નથી વ્હાલં અળખામણું, નથી મ્હારું ત્હારું. નથી કોઈ ભાને રીઝવવાનું, નથી કોઈ બાનું મન રાખવાનું સાચો સહૃદય અને જડભરત, સાચો નગ્ન અને પાંચે પોષાકે સુસજ્જ; સાચો સેવક અને શહેનશાહ, વિચારક જ છે. વિચારકોનો એક સ્વયંપ્રકાશ સતતજ્યોતિ તારો કહી જ ગયો છે,—"પ્લેટો આપણો સુહૃદ, આપણો સ્વજન, આપણો શિક્ષક, આપણો પ્હેલો માર્ગદર્શક, આપણને બાલકમાંથી મોટા બનાવનાર, માટીના લોંદામાંથી **માટી** (મરદ) બનાવનાર, પશુમાંથી માનવી બનાવનાર, આપણી બંધ આંખોને જાદુઈ શલાકાએ ખોલી દેનાર,—પણ આપણો ઇષ્ટદેવ તો **સત્ય**! આપણે એના સાચા ચેલા ક્યારે? પોતે દીઠું તે સત્ય એણે ભાખ્યું, આપણે તે સત્યમાં જ ખાણ જોઈયે, છિદ્ર જોઈયે, અપૂર્તિ જોઈયે, અને માત્ર એના માનની ખાતર ના બોલિયે તો આપણે એના ચેલા પણ શેના વારુ!" + અથવા આર્યસંસ્કૃતિનૂં જ આથી પણ વધારે જૂનું વચનામૃત ઇચ્છો, તો

---

* મ્હારા આ શબ્દો ઈ. ૧૯૨૮ રામનવમીએ લખેલા: જુવો પ્રયોગ-માલાનું નિવેદન.

+ એરિસ્ટોટલનો ભાવ પૂરેપૂરો સમઝાય એમ એનાં અતિમિતાક્ષર વચન મેં વિસ્તાર્યાં છે.

જુવો અને ફરી ફરીને વિમેશીં અભયકુમાર અને બુદ્ધનો સંવાદ.*
સામાન્ય માણુસ માટે "**સત્યં પ્રિયહિતં ચયત્**" એવું બોલવું.
એ આજ્ઞા સૌજન્ય જાળવવા માટેની છે, તે સામાન્ય વ્યવહાર પૂરતી
ઠીક છે. પરંતુ વિચારક પણ જો "સત્ય, સંપૂર્ણ સત્ય, ભેળ
વિનાનું સત્ય" ન બોલે, તો દુનિયાના રથનું શું થાય? તેનાં પૈડાં
કાદવકીચડમાં અટકી ન પડે વારુ? દંભીઓના દંભ, કપટીઓનાં
કપટ, ઠગો અને ધૂર્તોની ચાલાકી, તેમ મૂર્ખા ઊર્મિલોની વ્યર્થ હાક્લો
ઉપર પ્રકાશકિરણો ફેંકવાની ફરજ દુનિયામાં કોઈએ પણ બજાવવાની
ખરી કે નહીં?

બંધુઓ, આપનો વધારે સમય નહીં લઉં. હવે હું મ્હારી **એક
જ બીજી શ્રદ્ધા વિશે થોડુંક** ઉમેરી લઉં. મજૂર અને સૈનિક,
સક્રિય સેવક, આવડે તે કામકાજ કરતો નિર્વાહજોગું રળી લેવાની
સ્વતંત્રતા માણનાર, પૈસો પૈસાને ઉપજાવી આપે છે એ સૂત્રને વળ-
ગતો મૂડીદાર ('કૅપિટલિસ્ટ') અને વિચારક—તમામના જીવનમાં
સમભાવી સાથી સહકારીઓની મૈત્રી, એક મોટું સુખ છે; અને એની
મોટાઈ ખાસ આ લક્ષણમાં રહી છે, કે બીજાં ઘણાં ઘણાં સુખ
કોઈને કોઈ જાતનાં દુઃખ સાથે વત્તાંઓછાં જડાયલાં હોય છે; સુખ
અને દુઃખનું જોડું અવિભાજ્ય હોવાનો અનુભવ ચખાડે એવાં હોય
છે, ત્યારે મૈત્રીસુખ ચોકખું સુખ છે. મીઠાશવાળા પદાર્થો સાકર,
ખાંડ, ગોળ આદિમાં અનેક દોષ સેળભેળ હોય છે, ત્યારે મધમાં
દોષ નથી, એવી જ આ મૈત્રીસુખની વિશિષ્ટતા છે. નવલોહિયાં
કિશોરકિશોરીઓ, યુવકયુવતીઓનો ટૂંકો અને સંકુચિત અનુભવ
તેમને એક રૂપનો પ્રેમ જ ઓળખાવે છે: તેનું ગૌરવ જ તેમની
આગળ વધારી મુકે છે. એ સ્ત્રીપુરુષપ્રેમ જ આખા જીવનાકાશમાં

---

* જુઓ મ્હારું 'બુદ્ધ' એ કાવ્ય. (**ભણકાર** '૪૨ની આવૃત્તિ)

સૂર્ય હોય એમ તેમને ભરમાવે છે. અથવ વિશ્વક્રમમાં જિજીવિષાનું સ્થાન અને પ્રજોત્પત્તિની આવશ્યકતા સમજે એવા વિચારકને આ અજુગતું પણ નથી લાગતું: પરંતુ પ્રેમના આખા લાગણીચક્રમાં માનવતાવાળા માનવીના અનુભવ પ્રમાણે પ્રેમનું વધારે ઉપકારક, ચિરંજીવ અને વફાદાર રૂપ તો મિત્રતા છે; અને બાહ્યાકાર પરિસ્થિતિ આદિને અનુસરી અનેક રૂપ ભજે છે. વળી સામાન્ય રીતે પ્રેમ કહેવાય છે તેની શુદ્ધતા માટે લગ્નસંસ્કારનો સામાજિક ટેકો જરૂરી છે, ત્યારે એવા કશા ઉપાધિની સાચી મૈત્રીને ગરજ નથી. 'પ્રયોગમાલા'માં મેં અર્પણનો શ્લોક મુક્યો છે કે,

( આર્યા )

**વયવૃત્તિસ્થિતિરુચિના અરે ભાવનાતણા ભલે મેળ:**
**મનોમેળ તે મૈત્રી, બીજા સૌ ભાગ્યનર ખેલ (ભ૦)**

લાંબા પરિપાકે આ મનોમેળ પણ એવો મૈત્રીમય સદ્‌ભાવમધુ જેવો બની રહે છે, કે અમારા બે વચ્ચે સાચી સાત્ત્વિક મૈત્રી છે હો, એટલી અસ્મિતા ('કોન્શિયસ્નેસ') ઉપરાંત બીજા કશા મેળરૂપ ઉપાધિની એ મૈત્રીને ગરજ રહેતી નથી. બીજા શબ્દોમાં એ મૈત્રીને (એક બેવફાઈ સિવાય) કશો ઉપાધિ—ભાવનાભેદ પણ, સામસામાં લશ્કરમાં શસ્ત્ર સજી અન્યોન્યને હણવા તૈયાર હોય તોપણ, વર્ષો સુધી મેળાપ થાય નહીં તોપણ—હીણી શકતો નથી.

આવી મૈત્રીનો દાવો ઉપલી આર્યામાં મ્હેં ત્રણ મિત્રો સાથે હોવાનો કરેલો. એ થઈ ઈ. ૧૯૨૮ની વાત. જે સાલ પ્હેલાં જ મ્હારા બે આજીવન સન્મિત્ર ગત થઈ ગયેલા. એ ઈ. ૧૯૨૮નું અર્પણ જે ત્રણ સન્મિત્રોને કર્યું છે તેમાંથી પણ એક આજે હયાત નથી.* મૈત્રી પણ માનવજીવનને મૃત્યુ નામે જે મર્યાદા છે તે

* આ પાંચમાં મ્હારી ન્યાતના બે, બીજા ત્રણે જુદી જુદી ન્યાતના.

મર્યાદાવાળી તો હોય છે. તો આજે મ્હારે બીજા એવા જ ત્રણ સન્મિત્રો છે, જેઓ મ્હારા મિત્રો દાયકાઓથી છે એવો દાવો કરી શકું છું. એક—ભાઈશ્રી હરિપ્રસાદ દેસાઈ, તેમના વિશે આ ભાષણના આરંભમાંજ હું થોડું કહી ગયો એટલે અહીં તેમાં કશું ઉમેરતો નથી. બીજા સન્મિત્ર સાથે મ્હારો સ્નેહપ્રવાહ એટલો વ્હેલો શરુ થયો છે, કે એ ભાષાપંડિત પોતાની માતૃભાષા પણ તે સમય પછી જ બોલતાં શીખેલા અને મ્હારાં આજે જાહેર કરવાનાં ત્રીજાં સન્મિત્ર આજની આ સભાનાં પ્રમુખ શ્રી વિદ્યાબ્હેન પોતે. એમની અને મ્હારી મિત્રતા ક્યારે શરુ થઈ? ભાઈશ્રી રામનારાયણ સાથેની મ્હારી મિત્રતાનાં બીજ એમના માતપિતાના મ્હારા ઉપરના સદ્ભાવથી વવાયલાં, તેમ શ્રી વિદ્યાબ્હેન સાથેની મૈત્રીના બીજ એઓનાં લગ્ન થયેલ અને એઓ બી. એ. થયેલ, તે પ્હેલાંથી રમણભાઈની અને મ્હારી મૈત્રીમાંથી વવાયલાં.

બંધુઓ, આ સભાના સભ્યોમાં કૉલેજિયનો સંખ્યાબંધ જણાય છે, તો ઉમેરું છું કે જે મૈત્રીવૃક્ષોની શીતળ છાયાની મુદા હું અનુભવી રહ્યો છું તે મૈત્રીવૃક્ષો એટલાં મોટાં અને જૂનાં છે કે તેમનાં બીજ આપ કૉલેજિયનોના જન્મ પ્હેલાંનાં નંખાયલાં છે.

બંધુઓ, વૃદ્ધને વૃદ્ધ નહીં તો પીઢ માણસો અને પ્રૌઢ સમભાવીઓને માટે પક્ષપાત હોય એમાં શી નવાઈ?

બંધુઓ, આપ સૌનો અને આ મ્હારા જૂના સન્મિત્રોનો તથા મ્હારી પ્રિય ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો તથા તેને આજે સાથ આપતી અમદાવાદની બીજી સંસ્થાઓનો ઘણો ઘણો ઉપકાર ફરી એક વાર માની લેવાની રજા લઉં છું.

## ૩ સુરત, તા. ૮-૧૨-૧૯૪૩

સમારંભ યોજનાર સંસ્થાઓ :—નર્મદ સાહિત્ય સભા, કેળવણી મંડળ, નૂતન શિક્ષણ સંઘ.

સ્થાન :—હાઈસ્કૂલનું ચોગાન.

પ્રમુખ :—પ્રિન્સિપાલ નગીનલાલ માણેકલાલ શાહ.

**પરમ સ્નેહી પ્રિન્સિપાલ શ્રી શાહ સાહેબ, પ્રો. શ્રી વિષ્ણુપ્રસાદ, શ્રી કાલિદાસ અને કૉલેજના અધ્યાપકો, કૉલેજના વિદ્યાર્થીઓ તથા સૂરતના સાહિત્યશોખી, સજ્જનો અને સન્નારીઓ,**

મ્હારો વિચાર અહીં મોંએ બોલવાનો હતો, કશું જ લખવાનો ન્હોતો પણ અમદાવાદમાં તા. ૬ઠ્ઠીએ મધરાત લગી બ્હાર રહેવાની મેં ભૂલ કરી. શેઠ લાલભાઈ કૉલેજમાં પ્રો. સ્વામિનારાયણ માટે ફંડ કરવાને એક રાસનાટિકા વગેરે ચવચવના મુરબ્બા જેવો જલસો હતો. અને પ્રો. સ્વામિનારાયણ મ્હારા આગલી પેઢીના સરલ સાદા ભડભડિયા મિત્ર એટલે દાક્તરની સલાહ ન ગણકારી ને મેં હાજરી આપી અને કુદરતે તે માટે તુર્ત મ્હને આકરી સઝા કરી છે. અહીંના આપણા મેળાવડાના મ્હારા તમારા બંનેના આનંદ ઉપર મોટો કાપ

પડ્યો છે. મ્હારો રોગ થોડો ફરી ઉભળ્યો છે અને છાતી ઉપરે દબાણ છે, એ સ્થિતિમાં આવી મોટી સભામાં મ્હારાથી ભાષણ ના પણ થાય એટલે આ સવારે જ લખી રાખ્યું છે તે ભાઈશ્રી વિષ્ણુપ્રસાદ આપ સૌને સંભળાવવા જેટલી મ્હારા ઉપર કૃપા કરશે.

હું સાઠ વર્ષનો ય હતો, પાંસેઠ વર્ષનો ય હતો, અને પછીના વર્ષોમાં મેં કંઈક લખ્યું હશે પણ ખરૂં, પરંતુ તે સાહિત્યના ગુણોમાં—સાધારણીકરણમાં, ઉચ્ચીકરણમાં, ઉદાત્તીકરણમાં, આગલાં લખાણોથી એટલું બધું ચઢીઆતું તો શેનું હોય ! ગુજરાત અને ગુજરાતી પ્રજાને એક આદત જણાય છે, પોતાના પ્રમાદમાં તેઓ છેક ઘરડું પાન થઈ જાય, ખરી પડવાની અણી ઉપર આવી જાય ત્યાં લગી તે ભણી જોતા જ નથી ! આવો પ્રમાદ કાંઈ ઠીક તો ના કહેવાય. કોઈ કહેશે, ના, ના, ગુજરાત પૂજ્ય વ્યક્તિની પચાશ પંચાવનની ઉંમરે ય સમારંભ કરે છે. ખરી વાત છે, પરંતુ આમાંના કેટલા સમારંભ તે વ્યક્તિએ પોતે માગી લીધેલા અને પડદા પાછળ રહીને પોતે જ કરાવેલા, કોઈ કોઈ દાખલામાં તો બધો ખર્ચ પણ પોતે વેઠેલ, એવા કેટલા થાય છે, તે વિશે જેઓને માહિતી છે, તેમને કહીશ જે એવા સમારંભોથી તે વ્યક્તિનું, તે સંચાલકોનું, તેમાં ભાગ લેનારાનું, ગુજરાતનું, કે કોઈનું ગૌરવ લેશ પણ વધતું હોય એમ માની શકતો નથી. લોકમત પ્રબળ થઈને આવા તકલાદી સમારંભો નાબૂદ થવા દે એવી સ્થિતિ આપણામાં જેમ વ્હેલી આવી જાય તેમ સારું.

હાજરજવાબી, કટાક્ષ, વક્રોક્તિ આદિ જીભાજોડીની દરેક કલામાં ઉસ્તાદ સૂરતી ભેજું તુર્ત ઉથલો વાળશે, લાયક માણસો ના ને ના ને નન્નાને આંધળા વાગોળની જેમ ઊંધે માથે વળગી રહે, ને પ્રજાને તો સાચા કાકા ના મળે ત્યાં કહેણા કાકા ય જોઈએ તો

ખરા, એટલે બીજું થાય પણ શું ? આનો રદિયો જરા ય અઘરો નથી, પણ જાવ વળી, નથી સંભળાવતો !

આપ સૌએ આજ મ્હારા વિશે અને મ્હારી કૃતિઓ વિશે જે કાંઈ અત્ર કહ્યું તે પ્રશસ્તિ અને યશોગાનની તોર પર કહ્યું એટલે તેમાંથી કેટકેટલા ટકા બાદ ગણાય તે હું સારી રીતે સમજું છું. તથાપિ એ તમામ ત્હમારા મ્હારી ઉપરના અંગત સ્નેહની નિશાનીઓ લેખે માથે ચડાવું છું. અને એ સૌ વક્તાઓનો તથા તેમને સાથ આપતા આપ સૌનો ઘણો ઘણો ઉપકાર માનું છું, આપનો મ્હારા પ્રતિ આવો ને આવો સદ્‌ભાવ મ્હારા બાકીના આયુષ્ય દરમિયાન ચાલુ રહેશે એવી આશા પણ રાખું છું.

લેખકનું બળ તેની લેખણમાં કે વક્તાનું બળ તેની જીભમાં નથી તેટલું તે શ્રોતાઓ વાચકોના સહાનુભૂતિપર પ્રતિધ્વનિમાં રહ્યું છે. સર્જનનું એક અર્ધાંગ ઉચ્ચારણ (એક્સપ્રેશન) છે તો બીજું અર્ધાંગ સહાનુભૂતિવાળી સહૃદય પ્રજાનું ગ્રહણ (રીસેપ્શન) છે. દાખલા તરીકે કવિતા અને સંગીતનો મુકાબલો કરીશું તો કવિતા વિચારપ્રધાન સર્જન હોવાથી તેનું ગ્રહણ ધીરે ધીરે અને અધિકારીઓની ઓછી સંખ્યામાં પ્રસરે છે. સંગીત સૂર, લય અને લાગણીપ્રધાન કલા હોવાથી તેનું ગ્રહણ એકદમ અને મોટી સંખ્યામાં થઈ જાય છે. સામી બાજુ સંગીતની અસર સ્થાનિક અને તત્કાળ પુરતી છે, કવિતા ઉચ્ચ કવિતાની અસર સાર્વત્રિક છે અને લાંબા કાળ લગી ટકે છે. મ્હને મ્હારી કૃતિઓને પ્રતિધ્વનિ મોડો મળવા માંડ્યો છે તે જાણીતી હકીકત છે. હવે એ પ્રતિધ્વનિ કેટલો વધે છે અને ફેલાય છે તે આપ સૌના હાથની વાત છે, સર્જકની ફરજ ઉચ્ચારણ (એક્સપ્રેશન)થી જ પૂરી થાય છે.

આવી સભામાં એકઠા મળેલા શ્રોતાઓ ઉપરાંત તે સ્થાન વિશે

પણ કંઈક બોલવાની મ્હારી ફરજ સ્વીકારતો આવ્યો છું. આ સૂરત નગરી અલબેલી કહેવાય છે. કેમકે તેનો ઇતિહાસ લાંબો અને રોમાંચક છે. તે અનેક સમર્થ પુરુષોની જનેતા બની છે અને એ પુરુષોની મહત્ત્વાકાંક્ષાઓ પોષતાં સૂરત પોતે સમૃદ્ધ અને પ્રખ્યાત પણ થયું છે, ખુવાર અને દીનહીન બની ગયું છે. આપણે અર્વાચીન કાળથી આગળ ન જઈયે તો પણ વિજયનગર અને લિસ્બન ભાંગ્યાં અને ગોવા સૂરત આગળ આવ્યાં અને જોતજોતામાં સમૃદ્ધિથી છલકાતા વિલાસી છેલબટાઉઓનાં ધામ બની ગયાં. બંનેના કારીગરો ચકોર અને સૌંદર્યકામી એટલે તેમણે ઘરગથ્થુ ઉપયોગની પણ ઘણી ઘણી ચીજોને અનેરી સુંદરતા બક્ષી અને સૌંદર્યપ્રેમી દુનિયાના ખૂણેખૂણા લગી એમની કારીગરીની કીર્તિ ફેલાઈ ગઈ છે. આ એમનો કીર્તિકાળ લાંબો ચાલ્યો નહિ. પોર્ચુગીઝને એમની પોતાની ધર્માંધતાએ અને વલંદા અંગ્રેજની વધતી જતી શક્તિએ જેર કર્યાં તો પથરાતી મુઘલ સલ્તનત સામે મરાઠી પ્રજાની કૂખે એક મહાપુરુષ પાક્યો અને તેને એ મહારાજ્ય સામે ટકાવ કરવાને જોઈતાં સાધનસમૃદ્ધિ મેળવવા સૂરત દક્ષિણ બાજુથી જમીન માર્ગે પૂરતી સુરક્ષિત નહિ એવી અતિ સમૃદ્ધ નગરી, તેને લુંટવાનો જ ઉપાય રામબાણ જણાયો. વારૂ, પડતાં પડતાં પણ ગોવા અને સૂરત એટલાં ગૌરવનો દાવો કરી શકે છે, કે પોતે ભાંગીને પણ મુંબાઈની ઝડપી પ્રગતિમાં એમણે માતબર ફાળા આપ્યા છે.

હવે આ વિશ્વવિગ્રહ પૂરો થતાં વળી નવી આલમ અને નવી સૃષ્ટિ સ્થપાશે અને શોભી ઉઠશે. રેલ્વે અને આગબોટો ઉપરાંત એરોપ્લેન અને મોટરો પૂર્વ પશ્ચિમના દૂર સુદૂર છેડાઓને એકબીજાની સાથે વધારે નિકટ સંબંધમાં આણશે. યાંત્રિક ઉદ્યોગમાં રચ્યોપચ્યો નિષ્ણાત પોતાની ઓફિસ દેહલી, મુંબાઈ, અમદાવાદ, મદ્રાસ અને કલકત્તે રાખશે. પોતાનાં કારખાનાં કાચા માલના જથા હશે ત્યાં જ

રાખશે, અને પોતે ક્રિકેટ ટેનીસ ખેલશે પતિયાળા જેવા સુરમ્ય પ્રદેશોમાં, તો રાતવાસો રહેશે, કાશ્મીર જેવાં તાઝગીબક્ષ હવાનાં સ્થળોમાં. રોજને રોજ સેંકડો માણસોની ઘટમાળ આ પ્રમાણે ફરતી હશે. વેકયુઅમ, હવા, પેટ્રોલ, વીજળી, મેગ્નેટીઝમ, ગેસ અને વરાળનાં ગતિ–યંત્રો (મોટોર) અનેકાનેક યાંત્રિક ઉદ્યોગોનાં મોટાં મોટાં કારખાનાં એકરોના વિસ્તાર પર પાથરી દેશે. કાચા માલનું ઉત્પન્ન અગાઉ કદાપિ જોયલું કે કલ્પેલું નહિ એવડો મોટા ડુંગરોમાં ખડકાશે અને અનેક તદ્દન નવી જાતના કાચા માલ પણ શોધક બુદ્ધિઓ ઉપજાવી બ્રહ્માની ઉત્પાદન શક્તિને ઝાંખી પાડશે. આવી સૃષ્ટિમાં મુંબાઈ અને અમદાવાદ જેવી મહાનગરીઓની વચ્ચે આવેલ સૂરત જેવી જગાઓનું ખાસ કર્તવ્ય શું હશે? સૂરતીઓને આંખ છે, સૂરતીઓને કલાવિદ્ આંગળીઓ છે, સૂરતીઓને અવનવા બુટ્ટા ઉપજાવતું ભેજું પણ છે. અને સૂરતીઓ કને થોડીઘણી લક્ષ્મી તો હરહંમેશ હોવાની. મોટા યાંત્રિક ઉદ્યોગો નહિ પણ તેના પેટામાં તેની છાયામાં તેની સંપૂર્તિમાં જે ન્હાના ન્હાના કલામય સુંદર લલિત ઉદ્યોગો થઈ શકે છે, તે સૂરતે પોતે ખાસ અપનાવવા તર્ફ પોતાનું સુકાન વાળવું એ મ્હારી સૂરતીઓને નમ્ર વિનંતિ છે. હુન્નરશાળાઓ કલાભવનો, અજાયબઘરો અને સંગ્રહસ્થાનો (મ્યુઝીઅમો)ની ઝમાવટ કરીને પોતાનાં સંતાનોને સૂરત દરેક દેશકાળની સુંદરતાઓ અને ચમત્કૃતિઓ બતાવતું રહેશે, તો બીજું બધું સૂરતી ભેજું સૂરતી આંગળીઓ અને સૂરતી સૌંદર્ય શોખ પોતાની સહેલાણી રીતે કરી લેશે એમ ધારું છું. આશીર્વાદ પણ આપું છું કે અલબેલી નગરી, હે સોનાની સુરત, તારું ભાવિ આવું ઉજ્જ્વલ યશસ્વી થાવ!

## ૪ વડોદરા, તા. ૧૨-૧૨-૧૯૪૩

સમારંભ યોજનાર:—વડોદરા સાહિત્યસભા.

સ્થાન:—કોલેજ હોલ.

પ્રમુખ:—પ્રો. અતિસુખશંકર ક. ત્રિવેદી.

**પ્રમુખશ્રી, વડોદરાના મ્હારા જૂના સ્નેહીઓ, સાહિત્યરસિક ભાઈઓ અને બ્હેનો!**

આપ અતિવખાણ કરો છો. આવા કોઈ સન્માનને હું કે મ્હારી કૃતિઓ લાયક નથી. હું આપ સૌના જેવું માનવીજંતુ જ છું. મ્હારૂં શરીર પણ આજે મ્હારા કબ્જામાં નથી તે આપ સૌ જોઈ શકો છો. અત્યારે મ્હારી કુદરતી ઇચ્છા તો સૌની આગળ મ્હારૂં પોત અને મ્હારી જે હોય તે છત સોળે કળામાં પ્રકાશવાની હોય, ત્યારે ચારપાંચ કલા મ ભાગ્યે હાજર કરી શકું એવી મ્હારી રોગ-પરવશ સ્થિતિ છે.

હું અહીં આવીને વસ્યો મહારેલના વર્ષમાં એટલે આપણામાં જેને "વન" નાં વર્ષ કહે છે તે અષ્ટક ઉતરવામાં હતું એ અરસામાં.

અને અહીં આવીને એક દાયકો મેં ગાળ્યો. હું પ્રકૃતિએ રખડુ માણસ એટલો લાંબો કાળ પગ બાંધીને અહીં રહી શક્યો તેને મ્હારૂં સદ્‌ભાગ્ય માનું છું. કેમકે ઉછેરે તો હું કાઠિયાવાડી કે તળ રાજકોટી અને વિદ્યાર્થે હું અગિયારેક વર્ષ ભાવનગર, મુંબાઈ અને પુણે રહ્યો, અને તે પછીનો મ્હારો કાલ મેં વરેલા મ્હને રુચતા વ્યવસાય પાછળ ગાળ્યો, રાજપુતાના, કાઠિયાવાડ અને અંતે પૂણામાં. આમ મ્હારૂં મગજ પરિસ્થિતિબલે એવું ઘડાઈ ગયું કે હું હિંદને ઓળખતો થયો. હિંદના ઇતિહાસના મુઘલ, મરાઠા, સીખ યુગોની કેટલીક ચાવીઓ મ્હને સુલભ થઈ. મેં ઉર્દુ, ફારસી ભાષાઓ શીખવા પણ પ્રયત્ન કરેલો અને તેમાં ફાવ્યો હોત તો સંભવે છે કે હું એ યુગોની સાધનસામગ્રીઓમાં નિષ્ણાત બનીને તથા મ્હારા મુખ્ય વ્યવસાયનું જ એક અંગ જાણે વધારીને ઇતિહાસક જ બનત; પણ વચ્ચે પાછું મ્હારે પૂણે જવાનું થતાં એ તો રહી ગયું તે રહી ગયું. અને આ પ્રમાણેના જીવનની જમા સામેની ઉધાર બાજુ તપાસિયે તો તેમાં મોટો ખાડો એ જ રહી ગયો કે હું ઘરડો થઈ જતાં લગી પણ આ આપણો ગુજરાત દેશ, આ આપણી ગુજરાતી પ્રજા શી જુદી છે, એ કેવુંક સત્ત્વ છે, કયા કયા ગુણોદોષો, અંશો, અંગો, ઘટકો વગેરે એમાં કયે પ્રકારે અન્યોન્ય બલાબલે વ્યવહિત છે, એવી એવી ગુજરાતીઓને તો હસ્તામલક જેવી બાબતોમાં હું પરદેશી જેવો જ અબુઝ રહી ગયો. વડોદરામાં મેં દાયકો ગાળ્યો તે દરમિયાન જ મ્હને આ મોટો લાભ થયો કે ગુજરાત અને ગુજરાતીઓ શી સિકલ અને કયસી મૂરત છે તે હું કંઈક સમઝવા પામ્યો.

અહીં આવ્યો તે પ્હેલાં પણ મ્હારા ન્હાના મિત્રવર્તુલમાં કેટલાક બ્રાહ્મણ, વાણિયા, જૈન, લુહાણા, ભાટિયા, પાટીદાર, રાજપુત, ગરાસિયા, નાગર, કાયસ્થ અને બીજી કોમોનાં માણસો અને કુટુંબો

હતાં ખરાં. પરંતુ છૂટક છૂટક વ્યક્તિઓને ગમે તેટલા જાણિયે તેથી આખા સમાજમાં ઊપરતળે, આડાઅવળાં અને ઘડી છૂટાં, ઘડી સંકલિત એવા ચક્રસમૂહમાં બલાબલ વગેરે થોડાં જ સમઝી શકાય છે. આ બાબત માત્ર શાબ્દિક વર્ણને સ્પષ્ટ કરવી મુશ્કેલ પણ છે. ટુંકામાં જ પતવીશ કે રાજપ્રકરણમાં આપણા પૂજ્ય નેતા ગાંધીજીએ પોતાના અમુક પ્રયોગ સારુ, અર્થાત્ બ્રિટિશ સલતનતને અમુક શહ ('ચેક') આપવાને અમદાવાદ નહીં, બીજું એકે નહીં ને બારડોલી પ્રગણું શાને પસંદ કર્યું હશે, તેનો મુદ્દો હું વડોદરાવાસી બનીને ગુજરાતી પ્રજાનાં બલાબલને થોડાઘણો પણ જાણતો થયો ના હોત તો મ્હારાથી કદાપિ સમઝી શકાત નહીં. વારુ, સામી બાજુએ આ પણ ખરૂં કે મ્હને સામાન્ય ગુજરાતીઓ કરતાં હિંદના બ્હારના મહામોટા વિસ્તારનું જ્ઞાન વધારે, એટલે જ આ પ્રકરણની મ્હારા ઉપર સામાન્ય ગુજરાતીઓના જેટલી છાપ પણ પડવા પામી નહીં.

ઈ. ૧૯૨૭ થી '૩૭ લગી હું અહીં વસ્યો; તે પ્હેલાં પણ હું અહીં થોડો વખત રહેલો. '૨૭માં વડોદરા કૉલેજમાં અંગ્રેજી પ્રોફેસરપદે આવેલો તેમ ઈ. ૧૮૯૬માં આવીને સાત માસ અને થોડા દિવસ રહેલો. શ્રી મણિશંકર રતનજી ભટ્ટ તે વખતની રામજીમંદિરપોળમાં રહેતા, રાજારામ રામશંકર શાસ્ત્રી તેમની સામે રહેતા. આ પ્હેલાં હું '૯૪ '૯૩ અને '૯૨ની ઉન્હાળાની રજાઓમાં રહેલો ત્યારે મણિશંકરને ત્યાં જ રહેલો. તે વખતના વડોદરાનું મણિભાઈનું મંડળ એટલે એમના શિષ્યો, ગજ્જર સાહેબ, આઠવલે સાહેબ, ગુણાજી નિંબાળકર, સમર્થ સાહેબ, પીતાંબર વસ્તા, અંબાલાલ સાકરલાલ અને મણિલાલ નભુભાઈ. '૯૨ '૯૪માં મણિભાઈ એ શિક્ષણનો ઇતિહાસ લખ્યો ત્યારે આરંભથી એરિસ્ટોટલ પૂરો થતાં લગીના ભાગ વિશે મ્હારી સ્મૃતિ એવી છે કે એમાં લખાણ તમામ જો કે

મણિભાઈની કલમનું છે, તો પણ એમાં વિષયપસંદગી, વિષયો વચ્ચે ભાર અને પ્રમાણવ્યવસ્થા, વગેરે ઘણું અમારા બે ય મગજનું એવું તો ઓતપ્રોત કાર્ય હતું કે કયો અંશ કોનો તે અમે પણ તારવી ન શકિયે. અને આ જ ગાળાઓમાં ત્રિભુવન પ્રેમશંકર, જીવનરામ દવે વગેરે અહીં આવતા અને હું મ્હારી બંધમુક્ત વા પરંપરિત વા અગેય વા Blank છંદની ચર્ચા ચલાવ્યા કરતો. 'પ્રેમના દિવસ'ના કેટલાક ખંડ પણ આ સમયે રચેલા; 'આરોહણ' ૧૮૮૮માંથી શરૂ કરેલું હજી પણ ચાક પર પીંડો હતું, છેક ૧૯૦૦ના ઉન્હાળામાં પૂણા ખાતે પૂરૂં થયું. તથાપિ મ્હારી કવિતાનાં જે લાક્ષણિક, વૈયક્તિક વા નૂતન તત્ત્વો ગણાય, તે '૮૮ થી '૯૬ ના અરસા દરમિયાન જ મ્હારા ચિત્તંત્રમાં પૂર્ણાપૂર્ણ પ્રાથમિકાન્તિમ રૂપે અને પોતપોતાનું અન્યસાપેક્ષ સ્થાન શોધતાંપામતાં ગોઠવાતાં હતાં. '૯૬ ના અક્ટોબરમાં હું અજમેર ચાલ્યો ગયો ત્યારે હું જેને કદાચ મ્હારૂં નવું પિંગળ કહી શકું તે લગભગ આખું પાયાબદ્ધ થઈ ગયું હતું. માત્ર ઇમારત ચણાવી બાકી હતી. અને એમાં ગુલબંકી, મિશ્રજાતિ, પંચકિરણ,* મહાભારતી મુક્ત અનુષ્ટુપ, મુક્ત આર્યા આદિ ન્હાનામોટા નવા ખંડો વખતોવખત ઉમેરાતા ગયા છે. ઇમારતને ચણતાં ચણતાં હજી પણ કોઈ નવો ખંડ નહીં જ ઉમેરાય એ તો કેમ કહી શકાય? જો કે નવી પેઢીના કેટલાય સમર્થ કવિઓએ મુક્ત પૃથ્વી, ગુલબંકી, મુક્ત અનુષ્ટુપ, મિશ્રજાતિ, વગેરે મ્હારી કેટલીક સરજત પોતે અપનાવી છે, એના ઉપર એમનો હાથ પણ ઠીક ઠીક બેઠો છે, એટલે મ્હને નીરાંત વળી ગઈ છે. મ્હારા કાર્યમાં જે કંઇ દોષ હશે તે નવીનો સમારી લેશે, જે કંઇ ઊણપો રહેશે તે એઓ પૂરી દેશે, ટુંકામાં આ નવું વ્હેન આગળ ચાલશે અને નિશાળ, વળી ઉન્નત, વળી ઊંડું

* આ છંદ મેં નવો સર્જેલો છે; એમાં હજી એક જ કૃતિ રચાઈ છે: "વિલ્કીનું પ્રેસિડંટ રૂઝવેલ્ટને પત્ર"—જુવો પ્રસ્થાન માસિક, ઈ. ૧૯૪૩.

થતું જ જશે, એવી મ્હને શ્રદ્ધા ઉપજવા પામી છે. સર્જક ઉચ્ચારે તે તો અર્ધું જ સર્જન, સમભાવી ગ્રાહકો ઝીલે તે જ એ સર્જનમાં બીજાં અર્ધ શકલનું જોડાણ, એમ જે હું કહેતો આવ્યો છું, તેનો સજીવન અને સૌને પ્રતીતિજનક દૃષ્ટાંત આ આપણા પિંગળની સમુત્ક્રાંતિ પૂરો પાડે છે.

એ થઈ '૯૬ લગીની વાત. આસો વદ ૧૧સે ગવર્મેંટ કોલેજ અજમેરમાં નવી કાયમી જગા મેળવીને હું પાછો અહીં વહુછોકરાંને અજમેર લઈ જવા આવ્યો ત્યારે શો અમારો ઉત્સાહ ?

અને આજે અત્યારે એકલોઅટૂલો ન જાને શા હેતુએ આયુર્દોરી લંબાયા કરે છે એવો અહીં આવું છું ત્યાં ઉપર જેવો, તેને લગતો કે તેને મળતો કોઈ ઉત્સાહકિરણ આ ઘરડી આંખને વધાવે છે ખરો ?

ભાઈઓ અને બ્હેનો, કવિદૃષ્ટિને ઊપરતળે, ડાબેજમણે, બ્હાર-ભીતર, વ્યોમેપાતાલે એવી કઈ ચીજ છે, જે ચમત્કારભૂ નથી ?! કવિને પોતાની કૃતિઓ પણ વારંવાર ચમત્કારભૂ બની જાય એ જાણીતું છે. પોતાની કોઈ દશબાર વર્ષ ઉપરની કૃતિ ફરી જોવામાં આવતાં એક કવિ કહેશે અહો, તે સમયે મ્હને અજબ પ્રેરણા મળતી'તી ખરી–હવે એ સરવાણી આ હૈયે કેમ આવતી નહીં હોય ? બીજો કહેશે, "those were my salad days when I was a greenhorn, an utter dunce in fact: if I wrote on this theme today, I should do far better. ત્રીજો કહેશે, અરે ભાઈ, ત્હમે ફલાણા કવિની ફલાણી કૃતિ આની સાથે કદિ સરખાવી જોઈ ? આના પછી એ ત્રણ વર્ષે અવતરી છે હો, અને આબાદ આની જ પુત્રી છે, જો કે મારા બેટાએ ઓલાદ છુપાવવાને પોતાની બધી ય કલા ખર્ચી છે; આરંભ, મધ્ય,

અંત, ઉપાડ, શૈલી, અલંકરણ, શબ્દાવલિ, અંગેઅંગમાં મ્હારાથી ભિન્ન, સ્વતંત્ર, મૌલિક જણાવાને એણે રાઈની મેથી કરી છે અને મ્હારા કુંદન સાથે કથીર, કાંસું ભેળવી દીધાં છે! વગેરે, વગેરે.

અને હું આજે અહીં આવતાં મ્હારી કેટલીક કૃતિઓને ગુજરાતી અને સંસ્કૃત પરહરીને ઇંગ્લિશ લેબાસમાં સજ્જિતમંડિત જોઉં છું. તે શું મ્હારી કૃતિઓને આ ત્રીજી પેઢીના કવિતાશોખીનો નવી પાંખો આપશે, એમ? ભ–ણ–કા–ર B–H–A–N–A–K–A–A–R બની ઇંગ્લિશ ભાષા દ્વારા એ જગધ્વ્યાપી પાંખે આખી દુનિયાની સફરે નીકળી પડશે? અહીં જ નહીં, સૂરતમાં, અમદાવાદમાં, મુંબાઈમાં તરુણ કવિતાભોગીઓ છે જેઓ મ્હારી કૃતિઓને અંગ્રેજીમાં અવતારવા મથી રહ્યા છે; એ સૌ છુટા છુટા પ્રવર્તશે કે ભેગા મળીને? એ પ્રયાસો ક્ષણિક બુધ્બુદો નીવડશે કે રવીંદ્ર અને ઇકબાલની કૃતિઓને મળ્યાં છે તેવાં સ્થાયી, મનનીય, માનનીય પરભાષા–રૂપ ધરશે? ન જાને. ભાઇશ્રી પ્રોફેસર ચંદ્રકાંત શુક્લ વગેરે એ ઉત્સાહી તરુણોને હું એટલું જ કહી શકું છું, ભાઈઓ, ત્હમે આ "શ્વેતકેશ" સર્જકને ય કંઈક નવી આશા દેખાડો છો ખરા. જગતની શ્રેષ્ઠ કવિતામાં જે પોતાનું પદ કવિતા લેખે મેળવી શકે તે જ ખરેખર કોઈપણ ભાષાની શ્રેષ્ઠ કવિતા, એ મ્હારી કસોટી નિરપવાદ લાગુ પડે એવી નહીં હોય. દરેક ભાષામાં, સ્કોચ, કચ્છી, પારસી કે કોંકણી જેવી દરેક બોલી (ડાયલેક્ટ)માં કેટલીક કવિતા એવી સ્વીકારવી જ પડશે જે પોતાના વાહનમાં સાચો રણકો આપે પરંતુ તરજુમામાં ઉતારવા જતાં બોદી જ બોલે. તથાપિ શ્રેષ્ઠ ગણાતી ઘણીખરી કવિતાને આ તરજુમાની કસોટીએ પણ પરખવી જોઈએ એ વિશે મ્હને તો રજ પણ શંકા નથી, કેમ જે સમસ્ત માનવજાતિની એકતામાં અને તસ્માત્ માનવીઓની સૌંદર્યભાવનાની

એકતામાં મ્હારી શ્રદ્ધા દઢ અને અવિચળ છે. અને માત્ર શ્રદ્ધા છે એટલું કહીને નહીં અટકું. પ્લેટો અને એરિસ્ટોટલથી આજલગીની પાશ્ચાત્ય સૌંદર્યમીમાંસા મેં અનેકવાર ઊલટસુલટ તપાસી જોઈ છે. 'કાવ્યપ્રકાશ' અને 'રસગંગાધર'ની સૌંદર્યપર્યેષણામાં મ્હારો પ્રવેશ થયાને પચાશ ઉપર વર્ષ થઈ ગયાં છે. વચ્ચે વચ્ચે મેં ભરતથી માંડીને ક્ષેમેંદ્ર સુધીના મૌલિક ચિંતકોના મુખ્ય સિદ્ધાંતો પણ વિચાર્યાં છે. આમાં મોટી મુશીબત એ નડે છે કે ભરતનાટ્યશાસ્ત્ર કે ધ્વનિકારના ગ્રંથોની સારી રીતે સંશોધિત આવૃત્તિઓ હજી લગી આપણા સંસ્કૃત પંડિતો બ્હાર પાડી શક્યા નથી. વળી ધ્વનિકાર આ બુદ્ધિસૃષ્ટિના ચક્રવર્તિ થતાં તેનાથી આગલા કેટલાક ચિંતકો, જેઓ જુદાં જુદાં ક્ષેત્રોપક્ષેત્રોમાં મૌલિક અને વીર્યવાન વિચારણા, દૃષ્ટિપથો અને વલણો ઉપજાવી ગયેલા, તેમાંનાં કેટલાંક આપણે ખોઈ નાખ્યાં લાગે છે. પરંતુ કોઈક ઠેકાણેથી સારી હસ્તલિખિત પ્રતો મળી આવે—ખોવાઈ ગયેલ સાહિત્ય ફરી જડી આવે—ત્યાંલગી બેસી પણ કેમ રહેવાય? મદ્રાસ અને ઢાકાની યુનિવર્સિટીઓમાં કેટલાક જાણીતા વિદ્વાનોએ આ વિષયને યોગ્ય રીતે છણવાના પ્રાથમિક પ્રયત્નો કર્યાં પણ છે. સૌંદર્ય અને કલાની હિંદી પર્યેષણા એ વિષયોની યુરોપી પર્યેષણાને મુકાબલે જરાપણ ઓછી કે ટુંકી નથી. ભરતનાટ્યશાસ્ત્ર જેટલું વિશ્વસનીય છે તેટલું પણ જણાવવાને પૂરતું છે કે ભરતના પ્હેલાં પણ બે ત્રણ સૈકાથી એટલે લગભગ પ્લેટો જેટલા જ પ્રાચીન કાલથી ફિલસૂફીની આ શાખા તરફ આર્ય બુદ્ધિનું ધ્યાન ગયેલું હતું; અને ધ્વનિકારનું જેટલું સુસંકલિત છે તેટલા ઉપરથી, તેમ સંસ્કૃત, પ્રાકૃત સાહિત્યમાં છેક હેમાચાર્યના સમય લગી મળી આવતા ઉલ્લેખોથી સાબીત છે કે કાશ્મીરમાં આ વિષય ગુરુશિષ્ય પરંપરાએ ત્રણેક સૈકા તો સળંગ ખેડાયલો હતો: અને એ વિદ્યાની ખ્યાતિ આખા ભારતવર્ષમાં પ્રસરેલી હતી. "હિંદ, એક સંસ્કૃતિ વ્યક્તિ", "હિંદ

આખી જનતાનો ગુરુ" એ ભાવના હવે જૂની પુરાણી બલ્કે આત્મશ્લાઘી ગણાવાને જ પાત્ર છે એ મ્હારું વિનમ્ર મત છે. આ વીજળી, એયરોપ્લેન અને વાયરલેસની દુનિયામાં પૂર્વપશ્ચિમ ભેદ, ગૌરકૃષ્ણ ભેદ કે આર્યઅનાર્ય ભેદ* જ એકદેશીય અને જરીપુરાણા છે, વળી ચોકખા અહિતકર છે, એવી ભાવના જ વ્યવહારુ પ્રવૃત્તિઓમાં સાંગોપાંગ આદરણીય છે. સૌંદર્યમીમાંસાના આખા વિચારસમૂહને પૂર્વપશ્ચિમ સંસ્કૃત, ગ્રીક કે ફ્રેંચ, જર્મન, ઇંગ્રેજી, ચીની જે ભાષામાં જેટલો હોય તેટલો સ્થિરબુદ્ધિએ તપાસીને ટોચથી તળિયા લગીનો સમન્વય સાધવાની હામ ભીડનાર છે કોઈ ગુજરાતી યુવકોમાં વિદ્વાન? બેશક, અમુક ક્ષેત્રો ને અંગોપાંગો એક સ્થળે વધારે ખેડાયાં હોય તો બીજાં બીજે, એવી ભિન્નતાઓ કુદરતી છે. ગુજરાતના આ મધ્યવર્ત્તિ અને અનેક રીતે આગેવાન ગણાવાને લાયક રાજનગરમાંથી મ્હારી આ હાકલ પુકારું છું. હું તો હવે ઘરડો થઈ ગયો. ત્હમે આગળ આવો અને ગુજરાતની વિદ્વત્તાને પાને આ સેવા નોંધાવો! ઈ. સ. ૧૯૦૯માં હેમચંદ્રાચાર્યના ગ્રંથોમાં ટંકાયલાં અતિજૂનાં, જૂનાં તેમ લગભગ સમકાલીન મુક્તકો અને સુભાષિતોને તપાસીને મેં મ્હારાં 'પરિષદ વિશે વ્યાખ્યાનો'માં મત ઉચ્ચાર્યું હતું તે અત્યારે સૌ કોઈ ભૂલી ગયા હશે પરંતુ સાચું ગણાવાને પાત્ર ઠરવામાં છે, કે આ બધાં ય પાછલા કાલથી પગથિયે પગથિયે ઉતરતી દૃષ્ટિને પ્રાકૃત અને અપભ્રંશ જ લાગે બેશક, તથાપિ આજના સમયથી ડગલે ડગલે ભૂતકાળની ભાષા તપાસતી દૃષ્ટિને એમાનાં જ કેટલાંક જૂનામાં જૂની શિષ્ટ ગુજરાતીના જ નમૂના લાગે એવાં છે; તેમ આજે અને આ પ્રસંગે આ મત એટલી જ વિનમ્રતાથી જાહેર કરું છું કે આપણી હિંદી સંસ્કૃતિની સાચી સેવા એ સંસ્કૃતિની વિશિષ્ટતાઓ અને આગવી જીતો પર

---

* હિંદુમુસ્લિમભેદ, સુન્નીશિયાભેદ, આરબયાહુદીભેદ, જેવા જ.

ભાર દેવા જેટલી પાડોશી સંસ્કૃતિઓ સાથેની દેખાય તેટલી સમાનતાઓ ઉપર ભાર દેવામાં પણ રહેલી છે.

ભાઈઓ અને બ્હેનો, આપ સૌનો ઘણો ઘણો આભાર માનું છું. હું તો નિમિત્તમાત્ર છું. કવિતા, કલા, સૌંદર્યમીમાંસા અને સૌંદર્યપ્રીતિ પ્રજામાં રોજબરોજ વધે, ફેલાય અને ફાલે એમાં કવિઓ, માનસશાસ્ત્રીઓ અને ફિલસૂફોની કૃતકૃત્યતા છે. માનવ-સંસ્કૃતિની શોભા તેમ ઉદાત્તતા તેમ અમરતા એમાં છે, એનાથી અભિન્ન છે. અને અંતે આપ સૌને નમસ્કાર કરતાં અંગત તો આટલું જ માગીશ કે ત્હમે અત્યારે મ્હારા પ્રતિ જે ભાવ અને સહાનુભૂતિ દર્શાવો છો, તે હવે મ્હારાં આયુષ્યનાં જે થોડાંક વર્ષ હોય તે દરમિયાન એવાં ને એવાં ટકાવવાની કૃપા કરશો.

## ૫ રાજકોટ, તા. ૯-૭-૧૯૪૪

સન્માનયોજક સંસ્થા :—રાજકોટ સન્માન સમિતિ.

સ્થાન :—કૉનોટ હૉલ, રાજકોટ કૅમ્પ.

પ્રમુખ :—પ્રૌ. પ્ર. શ્રી. પોરબંદર મહારાણા સાહેબ.

૧

**"પ્રમુખ મહાશય પ્રૌઢ પ્રતાપ* શ્રી મહારાણા સાહેબ, કૉલેજાધ્યક્ષ શ્રી રમણલાલ યાજ્ઞિક, ખાસ પધારેલ કાઠિયાવાડી બંધુઓ, મ્હારા પ્રૉફેસર બંધુઓ, અને સાહિત્યશોખી ભાઈઓ અને બ્હેનો:"**

આપમાંના વક્તાઓએ આજે મ્હારે માટે અને મ્હારી કૃતિઓ; સેવાઓ આદિ વિશે પ્રશંસાની વાણીમાં અને અલંકારિક રીતે જે

---

* બ્રિટિશ સામ્રાજ્યમાં હલકાઓની શ્રેણીના પગથિયાંમાંનું દરેક તેના વિશેષ નામે જ ઓળખાય છે. હિઝ ઇમ્પીરિયલ મેજેસ્ટી, હિઝ મેજેસ્ટી, હિઝ એક્ઝાલ્ટેડ હાઈનેસ, હિઝ હાઈનેસ, હિઝ એક્સેલન્સી, ડયૂક, અર્લ, માર્કિવસ, બૅરન, લૉર્ડ, વગેરે, વગેરે. હિઝ એક્સેલન્સી માટે "નેક નામદાર" પ્રયોગ રૂઢ થઈ ગયો છે. હિઝ હાઈનેસ માટે એથી ભિન્ન જોઈએ તો આપણી જૂની "અખંડ પ્રૌઢ પ્રતાપ" એ શબ્દાવલિમાંથી મ્હેલો શબ્દ છોડી દઈ આ યોજું છું અને હિઝ હાઈનેસ માટે ગુજરાતીમાં પ્રૌ. પ્ર. જ રૂઢ થવા યોગ્ય ગણું છું.

સન્માન અને સ્નેહભાવની ઝડી વર્ષાવી છે તેના પ્રતિધ્વનિમાં મ્હારી કને નથી ઉદ્દગારો કે નથી શૈલી. જે કંઈ સામો ભાવ અને પ્રતિધ્વનિ કુદરતી રીતે હૃદયમાં સ્ફુરી ઉઠે તે શબ્દો અને શૈલી વિના પ્રકટ થઈ શકે નહીં. અને હાલ આપણું સદ્દભાગ્ય છે કે આપણી ન્હાની પ્રજામાં ય સંખ્યાબંધ જાતજાતના કલમબહાદરો છે તેમાંના એકથી વધારે બંધુએ બાણુભટ્ટી, ગૌડી અને બીજી આલંકારિક ભાતભાતીગળ અને સાચી, કૃત્રિમ, ચળક, ચટકદાર શૈલીઓ ખિલવી છે; પણ મ્હારા વાચકો તો જાણે છે કે મ્હારા તમામ વાણીવિહારો અને પ્રયોગોનું એકમાત્ર નિશાન ઘાટી, ટકાઉ વણાટ, શાસ્ત્રીયતા, વિશદતા, સાદાઈ, અને મિતાક્ષરતા છે. બૅન્ક નોટોના છાપનારા ચિત્રવિચિત્ર સ્વસ્તિકો અને વેસરાકૃતિઓ, સુશોભિત વાવટા જુદા જુદી અને ધૂપછાંય છાપી શકે. આ આપ સૌની જાણીતી ટંકશાળ તો જાણો જ છો કે, કેવલ ધાતુઘન અને નિર્ભેળ સિક્કાઓની છે. એટલે સૌનો સાદો અને સીધો અંતઃકરણપૂર્વક પાડ માનીને જ આગળ ચાલું છું.

રાજકોટ મ્હારી જન્મભૂ નથી, પણ મ્હારાં બચપણ અને કિશોર વયનું અને વળી મ્હારી જવાનીના એક દાયકાનું પરમપ્રિય વતન રાજકોટ છે. હું અને મ્હારાં સ્વજનો, મ્હારાં વડીલો અને બાલબચ્ચાં અહીં જેવું જેટલું સુખ ભોગવી શક્યાં તે અમને બીજે ક્યાં ય મળેલું નથી. વળી મ્હારાં આંધળાં દાદીમા લક્ષ્મી અને મ્હારા વડીલ કલ્યાણરાયની આખરી આરામગાહ આ આજી નદીને કાંઠે ડોસાભાઈને વડલે થયેલી છે. મ્હારો કનિષ્ઠ પુત્ર પણ અહીં જ શ્રી પંચનાથ મહાદેવની છાયામાં અવતરેલો છે. આમ જે રાજકોટે ઈ. સ. ૧૮૭૨–૭૩થી ૧૯૦૨ લગી મ્હારા ભલાભોળા વડીલને રોટલો અને ઉપર શાકપાંદડું દીધાં, અને કુટુંબની અન્નપૂર્ણા જેવી મ્હારી જમના બાએ અમારાં મધ્યમ સ્થિતિનાં ખોરડાંને વાડીબંગલાનો મહિમા અપાવ્યો, તે સ્થાન ઉપર મ્હારો પ્રેમ અઢળક જેવો પણ કેમ ના હોય?

અહીં અને આવે પ્રસંગે મ્હારા ઉપર લગભગ શિત્તેર વર્ષોની સ્મૃતિ પર સ્મૃતિ વર્ષી રહે,

"સ્મર(ણ)નાં જલમાંહિ નિમગ્ન રહું"*

એ તદ્દન કુદરતી છે. અનેકાનેક સ્મૃતિઓ પટકુળનાં ચીથરાં થઈ જાય તથાપિ પોતાનાં રંગરૂપ છોડી જ ન શકે એવી પાકી છપાઈ છે. અત્યારે પંચોતેરમા વર્ષમાં કઈ કઈને બે શબ્દ સમર્પું, કઈ કઈને જતી કરું તેનો સર્વાંગે ન્યાય્ય અને રુચિપૂત નિર્ણય તો હું નથી ધારતો કે કોઈ પણ માનવી કલાકાર આપી શકે. ઘડપણની અનેક અશક્તિઓમાં એક આ પણ છે એમ માની લઈને બેચાર ભાંગ્યાતૂટ્યા બોલ બોલીશ તે નિભાવી લેશો. ગુજરાતી નિશાળનાં વર્ષોની એકબે સ્મૃતિ "કાઠિયાવાડી કંઠસ્થ સાહિત્ય" એ ભાઈશ્રી હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદીની ચોપડીના પ્રવેશકમાં આલેખાઈ ગઈ છે. હાઈસ્કૂલનાં છસાત વર્ષની એકબે "ગોપી હૃદય" એ મ્હારાં પૃથ્વીકાવ્યના

---

* કવિ "કાન્ત". એમના જીવનનો એક નિર્ણાયક પ્રસંગ રાજકોટને અમારે બંગલે જ બનેલો, તેના વર્ણન માટે જુવો મ્હારાં "વિવિધ વ્યાખ્યાનો" (છપાય છે.), એ બંગલાની જગાએ હવે તો માત્ર અમારો "જમનાજળિયો" કુવો એ ને એ છે. હાલ મકાનો છે તે મ્હારી કનેથી ખરીદનારે નવેસર બાંધેલાં છે. ઠાકોર શ્રી બાવાજીરાજે મ્હારા વડીલને ૧૮૦૦ ચોરસ વાર જમીન ૦-૨ નો વાર એ નામને મૂલ્યે આપેલી તેમાંથી હવે એક તસુ ભોંય પણ મ્હારી નથી. ભરૂચ જિલ્લે અમને જમાઈ દાવે સાડીકાપડાની રીતે દેસાઈજીના ખાનદાનમાંથી મળેલાં વડીલોપાર્જિત ખેડખેતરોને પણ અમે અને અમારા ભાગીદાર પિત્રાઈઓએ, થોડાંક મ્હારા જન્મ પ્હેલાં, અને બાકીનાં આ વિ. ની વીશમી સદીના ઉત્તરાર્ધમાં વટાવી ખાધાં છે. આમાંનાં છેલ્લાં ત્રણ સાટાં મ્હારા ઇતિહાસપ્રેમી વલણે બને ત્યાંલગી અટકાવેલાં, પણ આર્થિક બલોના એકસરખા ઘસારા આગળ એકલદુકલ વ્યક્તિનું ગજું જ નહીં કે ટકી શકે.

નિવેદનમાં ડોકાય છે. એકબે "અંબાલાલભાઈ"ના વિચારમિનારનાં મ્હારાં રેખાચિત્રમાં વણાઈ ગઈ છે, એક પ્રભાશંકર પટ્ટણીને અંજલિમાં, એક "પ્રેમનો દિવસ" એનાં અર્પણકાવ્યમાં, બીજી એક આ સભામાંના રાજારાજવીઓથી માંડીને વિદ્યાર્થી લગીના તમામને રસ પડશે એમ લાગતાં અહીં નોંધું છું. ઈ. ૧૮૮૩ની ક્રિકેટ મોસમમાં "કાઠિયાવાડ હાઈસ્કૂલ રાજકોટ" અને "રાજકુમાર કૉલેજ રાજકોટ" એ બે સંસ્થાજોડ વચ્ચેની આબ્દિક ક્રિકેટ હરીફાઈ ખેલાઈ, તેમાં હાઈસ્કૂલની ટુકડીમાં સૌથી ન્હાની ઉંમરનો ખેલાડી હું હતો, તો રાજકુમાર કૉલેજની ટુકડીમાં સૌથી ન્હાનો જામશ્રી વિભાજીનો દત્તક રણજિતસિંહજી હતો; જે કુમારશ્રી વર્ષો–સંખ્યાબંધ વર્ષો પછી, છેક વીશમી સદીના પ્હેલા દાયકામાં જામનગરની ગાદીએ તો આવેલ; તથાપિ તે પ્હેલાંથી તેમ જામસાહેબ થયા તે પછી પણ ઍંગ્લોસેક્સન દુનિયામાં તો નામાંકિત થયેલ ક્રિકેટર "રંજી (Ranji)" નામે જ. આજે નથી એ "રંજી" કે જામશ્રી રણજિતસિંહજી, નથી એ રાજકોટ કાંપમાં તે સમે છેક છેવાડે આવેલો વિશાળ ચોગાન વચ્ચેનો બંગલો, નથી એ માસ્તર રતિલાલ, નથી તેમના પુત્ર મ્હારા મિત્ર સાકરલાલ, અને કુમારશ્રી સાથે અમારી જોડે અત્તારનંવાર ખેલવાને આવતા અમારા સહાધ્યાયીઓ જયાશંકર વાઘજી, રતનશા ડમરી, છંદુલાલ ચુનીલાલ, ફુલચંદ ડાહ્યાભાઈ, પ્રભાશંકર પટ્ટણી, મણિરામ દોલતરામ, મણિલાલ શંકરજી, ધીમત નવલરામ, મંગળ ઝવેરી, કાનજી ટાંક, ગોવિંદજી માવજી, કે રણછોડ જીવરાજાણી. આજે એ હરીફાઈના દાવ ખેલાયલા તે મેદાને રહ્યું નથી, તે રાજકુમાર કૉલેજે કાલઃ પ્રચતિ ભૂતાનિનો દૃષ્ટાંત બની ગઈ છે.× રહ્યા છિયે માત્ર હું અને એ ઈ. ૧૮૮૩ની અમારી ટોળીના સરદાર ભાઈશ્રી પિરોજશાહ ડમરી, ભાવનગર ખાતેના મ્હારા અને પટ્ટણી સાહેબના જૂનામાં જૂના મિત્ર...

× જેમ પૂણાની ડેકન કૉલેજે બની ગઈ છે.

એટલે આ આબ્દિક હરીફાઈના ઈ. ૧૮૮૩ના ચોમાસાના ખેલથી રંજીની ક્રિકેટની કારકિર્દીનો આરંભ ગણી શકાય. મ્હારી ક્રિકેટની કારકિર્દી તો તે પ્હેલાં તેમ તે પછી શૂન્ય; ઇતિહાસના ચોપડામાં ઘણીવાર નામાંકિતની સાથે અલફાઉ વ્યક્તિઓ પણ ચડી બેઠેલી જોવામાં આવે છે, તેવો હું, અગર જો કે આ ખેલ તો અઢી ઓવર લંબાયલો મ્હારે લીધે કેમકે મ્હને છેલ્લાને ખેરવતાં એટલો વખત તો લાગેલો.

ભાવનગર સામળદાસ કૉલેજમાં ભણતો'તો તે સમયની એક સ્મૃતિ ભરૂચને સ્પર્શે છે, બે રાજકોટને, તે ત્રણને જ છેડીશ. ઈ. ૧૮૮૫માં પ્રો. મણિલાલ નભુભાઈએ સંસ્કૃત ઇનામી નિબંધ માટે "મહાકવિ કાલિદાસનું જીવન અને કવન" એ વિષય ઠરાવ્યો. ઉન્હાળાની રજામાં રેવાકાંઠે નવચોકી આરે એક જૂના મંદિરની અગાસીમાં વડલાની ઘેરી છાયાનો લાભ મળતો હતો, અને રેવાજીની ઠંડી હવા વાયા કરતી હતી ત્યાં બપોર ગાળતાં અને પાણીના એ વિશાળ પટને જોઈ રહેવાની મઝામાં લહેરે ચડતાં મેં એ વિષય સીસાપેને ચિતરી કાઢ્યો, તે ય વળી દોઢસો પોણાબસો સંસ્કૃત શ્લોકોમાં મ્હારું એ સોળમા વર્ષનું સંસ્કૃત લખાણ અને મ્હારા એ અનુષ્ટુપ, ઉપજાતિ, વસંતતિલકા, શિખરિણી, શાર્દૂલવિક્રીડિત, તોટક અને વિયોગિની, માલિની અને પૃથ્વી અને દ્રુતવિલંબિત, આર્યા અને ગીતિ, કેવાંક હતાં? કૂતરા ખડ ખાયને એવાં! હાથી દારૂ પીતાં સાથે બાટલાને પણ સ્વાહા કરે છે ને તેવાં! * R.C

* એ ઇનામ મળેલું સ્વ. ભાઈશ્રી માનશંકર પીતાંબરદાસને. ઇંગ્રેજી નિબંધ માટે The Uses of History વિષય ઠરાવેલો, તે માટેનું ઇનામ મ્હારા નિબંધને મળેલું. એ નિબંધની સ્વ. ભાઈશ્રી રણછોડ જીવરાજાણીએ આખી પોતાને અક્ષરે કરી આપેલી સાફ નકલ મ્હારા કાગળોના ઉકરડામાં હજી ક્યાંક હોય તો હોય. પણ માનું છું કે ઉધાઈએ છોડી નહીં જ હોય.

તેને પછીને વર્ષે ભરૂચની અમારી નાતમાં એકએ બાળવિધવાઓ થઈ, ત્યારે "એમનાં કર્મ !" એટલાથી જ શાંત ન પડતાં કિશોરો અને જુવાનો સારી પેઠે ઉશ્કેરાયલા. અહીં રાજકોટના નાગરોમાં પણ એ અરસામાં એવા જ કરુણ બનાવ બન્યા, અને અહીં નાગર જુવાનો ભણેલા સંખ્યાબંધ, તેમણે ચર્ચાચર્ચી, છાપાછાપી આદિ કોલાહલ ઉપાડયો, એક ઉપર એક ચોપાનિયાં વ્હેંચાતાં થયાં, અને બાબત થોડા માસ લગી એક જાહેર સળગતા પ્રશ્નને પગથિયે ચડી.× આમાંથી સ્વ. ભાઈ ફૂલશંકર મણિશંકરનું ચોપાનિયું બ્હાર પડતાં મેં મ્હારું પ્હેલું ચોપાનિયું "વિધવા વિવાહ" લખી નાખ્યું. એને છાંપવાનો ખર્ચ કયાંથી મેળવવો એ વ્યવહારુ ગૂંચ પણ પડેલી નહીં. ભાઈ ધીમત કહે, રૂપિયો રૂપિયો ઉઘરાણું કરિયે. મેં કહ્યું, કશી જરૂર નથી. વકીલો અહીં આટઆટલું રળે છે, તેમાંના કોઈ કનેથી કમાઈ લઈશ. રાજકોટમાં ત્યારે કેટલાક વકીલોને ત્યાં રોજબરોજ સોપાંચસો રૂપિયા ખડખડતા હશે, અને ટાઈપરાઈટરો હતાં નહીં, લહિયાઓને મોટા મુકદ્દમાના સોપાંચસો કાગળોના ઈંગ્રેજી તરજુમા ને તેની સાફ નકલો બદલ વકીલો (એટલે કે તેમના અસીલો સ્તો) સારી રોજી આપતા. આવા એક મુકદ્દમાના કાગળોની સાફ નકલ મેં વકીલ—અને પાછળથી જીવ્યા ત્યાં લગી મ્હારા મિત્ર—શ્રી અમૃતલાલ બક્ષીને ત્રણ દિવસમાં લખી આપી. બક્ષી તે વખતે જે મકાનમાં ભાડે રહેતા હતા તે મકાન, જે ઝરૂખામાં ટેબલ અને ખુર્સી નાખીને મેં એ નકલો કરેલી તે ઝરૂખો, હજી છે ખરાં. વડીલને

---

× પછી ગુજરાતી તેમ કાઠિયાવાડી નાગરોમાં પુનર્લગ્નો થયાં છે. હજી અમારી ન્યાતમાં એક પણ પુનર્લગ્ન થયું નથી, જો કે પરનાતના વર કે કન્યા સાથે લગ્નો થવા પામ્યાં છે ખરાં, અને વધતાં જશે એમ દેખાય છે. ક્ષત્રિય કિશોરો તેમ કિશોરીઓમાં ય સાહસનો ગુણ કે દોષ આગળ પડતો છે.

મેં ચોપાનિયાની છાપેલી નકલ અને છપાઈ બિલ મળી ગયાની પ્હોંચ બંને છાપખાનાના માલેક–વડીલના જ શિષ્ય અને મિત્ર ઠક્કર દામોદરને હાથે પ્હોંચાડયાં, ત્યારે જ એમણે તો જાણ્યું કે માથાફરેલ છોકરે તો ચોપાનિયું છાપી પણ નાખ્યું. એ “ વિધવા વિવાહ ” ચોપાનિયું કેવુંક છે ? સૌ ઉછરતા લેખકબંધુઓને સારી પેઠે આશા-જનક કહેવૂં જ પડે એવું તો એ છે. મ્હારી કલમ ઠરી મ્હારો હાથ બેઠો તે પછીના મ્હારાં લખાણો સાથે એને સરખાવી જોનાર ન્હાનામાં ન્હાનો લેખક પોતાનો વાંસો થાબડી શકે; પોતાની જાતને ઉત્તેજી શકે કે ‘ શી ફિકર ? આ ઠાકોરે પણ શરુવાત તો કરેલી છે આ બિંદુ આગળ, અને મ્હારુ આજનું લખાણ એ “ વિધવા વિવાહ ” કરતાં તો ક્યાંય સારું થાય છે, તો આગળ જતાં હું પણ એટલો ન સુધરી શકું શાને વારુ ? “ પ્રેક્ટિસ મેક્સ પર્ફેક્ટ ”: ડિમોસ્થનીસ તોતડાતી જીભને ય કેળવી કેળવીને મહામોટો વક્તા બન્યોતો ને, તો એ તો એ જ, દીધે રાખ, જીવ, દીધે રાખ ! ’... R

ત્રીજી કહું છું તે સ્મૃતિ એ અરસામાં ઉજવાયલા “ એલ્ફિન્સ્ટન કૉલેજ ડે ” નામે મેળાવડાને લગતી છે. ઉન્હાળાની રજામાં સૌ કૉલેજિયનો ઘેર આવે, એલ્ફિન્સ્ટન અને બીજી કૉલેજોના ગ્રેજ્યુએટો અને એલએલ. બી.ઓ આદિ પણ રાજકોટમાં વધતા જતા હતા, એટલે હેડ માસ્તર સ્વ. દોરાબજી ગીમી સાહેબે સૌને નિમંત્રી એક દિવસ ન્હાપાણીનો મેળાવડો કરવાનું ઠરાવેલું. અમે મળતા હાઈસ્કૂલના વચલા દીવાનખાનામાં, અને આશરે સાડાચાર પાંચથી છેક બત્તી થતાં લગી સૌ વાર્તાલાપ, સંગીત, ગપ્પાં, અવિધિસર અનિયંત્રિત ચર્ચા, ટોળ આદિ ગંમત કરતા કરાવતા. મ્હને યાદ છે આ મેળાવડામાં સ્વ. શ્રી કેવળરામ માવજીએ ભજવેલો ભાગ. એ સારા ગવૈયા પણ હતા. પ્રથમ એમણે ગીતગોવિંદમાંની એક અષ્ટપદી ગાઈ અને મેં તો એ ઢાળ પ્રથમ પ્હેલીવાર જ સાંભળેલો. એનું ડગલે

ડગલે પ્રાસથી ખચેલ સરલ સંસ્કૃત પણ તે વખતે તો સુંદર લાગેલું, પછી એમણે ગાયા મેઘદૂતના બે ત્રણ મંદાક્રાંતા પણ એ સંસ્કૃત તો ઘણાખરાને બહુ ભારે થઈ પડેલું. સૌથી વધારે રસિક એમણે જ વૃદ્ધ પ્રજ્ઞાચક્ષુ કવિ દલપતરામની અમદાવાદમાં પોતાની છેલ્લી મુલાકાતનું વર્ણન કર્યું, તે થઈ પડ્યું. ' અમરાવતીનાં દાદા ખાપરડે અને કેળવરામ સહાધ્યાયી ખાપરડેને હિંદી સાથે ગુજરાતી ય આવડે, ગુજરાતી કવિતાનો પણ શોખ, અને મુસાફરીઓની લત ઉગતી જુવાનીથી જ પડેલી, જે એમની કનેથી જ કેવળરામને વળગેલી. મુંબાઈમાં નર્મદ, ઇચ્છારામ વગેરેનો એમને પરિચય પણ ખરો. આગલે કે તે પ્હેલાંને વર્ષે એક રજામાં કેવળરામ સાથે ગુજરાત, કાઠિયાવાડ ફરવાને ખાપરડે આવેલા, ત્યારે અમદાવાદ એમણે થોડા દિવસ ગાળ્યા, તે દરમિયાન એક સવારે બંને જુવાન ક. દ. ડા.નાં દર્શન કરવાને જઈ ચડ્યા. પણ મુહૂર્ત જોવામાં કે કોણ જાણે શી બંનેની જરા ચૂક થઈ ગઈ. વાતમાં ને વાતમાં નર્મદ અને નર્મકવિતાના વિષય કુદરતી રીતે છેડાતાં ખાપરડેની સ્મૃતિ સારી એટલે એમણે નર્મદની કેટલીક કડી ત્યાં મોંએ જ ક. દ. ડા.ને સંભળાવી, પોતાનો એ કવિ માટેનો પક્ષપાત જાહેર કર્યો. પછી પોતાની કોઈ કવિતા સંભળાવવા જુવાનોએ ક. દ. ડા.ને સવિનય વિનંતિ કરી, ઇમર્સને અમેરિકાથી ઇંગ્લેંડના પ્રવાસે આવી વૃદ્ધ કવિ વર્ડ્ઝવર્થને દર્શને જતાં તેને કરેલી હતી તેવા જ કોઈ રૂપમાં. કેવળરામ અમારા આ મેળાવડામાં કહે, એક બે મિનિટ જ થોભીને આમણે તો પોતાની " વ્યભિચારી દુરાચારી ત્હારી ચાલ જો વિચારી " એ ગરબી જ એમને લલકારીને, હાથના યોગ્ય અભિનય વગેરે સાથે સંભળાવી દીધી. ' નર્મદ ' કિંવા આજકાલના એ ત્હમારા સુધારકો વિશે મ્હારો અભિપ્રાય તો આ, એવો કે એ મતલબનો એક પણ શબ્દ ક. દ. ડા. બોલેલા નહીં. દલપત અને નર્મદ વચ્ચે વયનું અંતરે કંઈ એટલું મોટું ન્હોતું. તથાપિ

સમાજસુધારાના, નાતજાત, હિંદુ રીતરિવાજો, વગેરેને લગતા પ્રશ્ન એક ચિત્તંત્ર એક છેડાથી તો બીજું ગુજરાતી ચિત્તંત્ર છેક જ બીજા છેડાથી જુવે છે, એમ તો ખાપરડે અને કેવળરામને લાગ્યા વગર રહેલું નહીં. અને આજ આટઆટલે વર્ષે આપણે આ હકીકત સાંભળતાં, તેની અક્ષરશઃ વાસ્તવિકતા વિશે શંકાશીલ રહીને પણ, આટલો ધડો તો લઈ શકિયે, કે દલપતરામને નવી ઇંગ્રેજી કેળવણીનો સીધો સ્પર્શ જ નહીં, ત્યારે નર્મદ તો એ કેળવણીની ખાસિયતોને પુનર્જીવનનાં અમીબિંદુઓ જેવી માની લેનાર તેના વડા નિશાળિયા જેવો થઈ ગયો. વળી એ નવી નવી કોલેજો, નવીન નવીન કેળવણી અને તેના વિદેશી તો ય પુરાણુ હિંદ અને જરઠ જેવી હિંદી જનતાને જાણે ઉદ્ધારવાને જ આવેલા તે સમયના પ્રોફેસરોનાં તેજ કંઈક ઓર જ હતાં, એવું અનુમાન આપણને સુઝે તો પણ તેમાં નવાઈ જેવું નહીં.

રાત ટુંકી ને વેશ ઘણા, અને હજી તો હું અર્ધે ય આવ્યો નથી. રાજકુમાર કોલેજ શિક્ષક, અને કેળવણી અધિકારી લેખે મળીને હું જુવાનીનાં દશ વર્ષ અહીં રહ્યો તે દરમિયાન મ્હને સૌથી મોટા બે લાભ થયા. રાજકુમાર કોલેજની સખત અને ભારે જવાબદારીવાળી નોકરીથી મ્હારી ઉદ્ધતાઈ અને સામા માણસને કેવું લાગશે અગર પરિણામ શાં શાં સંભવે એવા કશા જ વિચાર વગર ઝંપલાવવાની મ્હારી બેજવાબદાર વર્ત્તણુક કુદરતી રીતે જ અંકુશમાં આવી. આમ મ્હને સુધારનાર અથવા વધારે બંધ બેસતા શબ્દોમાં સુધરવાની ફરજ જ પાડનાર, ત્યાંની પરિસ્થિતિમાં મ્હારી નજીક જ એક બે પોતાના સ્વાર્થને લીધે જ મ્હારી સામે રાતદિવસ ખોદણી કરનાર કટિબદ્ધ જ રહેતા; મ્હારું ગ્રહણ કરી નાખવાને તત્પર રાહુ જેવા તેમને પણ આટઆટલે વર્ષે જાહેરમાં ચીંધી શકું. બીજો લાભ મ્હને મ્હારા મોટામાં મોટા ગુરુ શ્રી સીતારામ

નારાયણ પંડિતના* સત્સંગને મળ્યો તેને ગણું છું. પંડિત સાહેબની વિદ્યા, સજ્જનતા, અને ધર્મજિજ્ઞાસાને ન્હોતાં તળ અને ન્હોતી સીમાઓ. સમાજજીવનના અટપટા અને અતિસંકુલ પ્રશ્નોમાં તર્કશાસ્ત્રીય, પૃથક્કરણી, ઐતિહાસિક, અને અન્વેષક પદ્ધતિઓ શી રીતે લાગુ પડાય, ચારેનાં બલાબલ ક્યાં ક્યાં કેટકેટલાં ગણાય, તે વિશે એમના જેટલી તીક્ષ્ણ ઝીણવટ, ઊંડી સમઝ, અને વિશાળ વિચક્ષણ દૃષ્ટિ મ્હેં બીજા કોઈ પણ માનવીમાં જોઈ નથી. હિંદુ ધર્મ શી શી તરેહ લોકરક્ષા કરે છે, અને સામી બાજુ હિંદુ રીત-રિવાજો કેટલા તો સળી ગયા છે, હિંદીઓ જાતે કેટલા તો લાગણી-શિથિલ અને હૈયાદૂબળા બની ગયા છે, એ બન્ને કંઈક પરસ્પરવિરોધી ચર્ચાઓમાં સીતારામપંત શાંત જ રહેતા, અને એવા તો ખીલતા કે ભલભલાને એમના માટે પૂજ્યભાવ ઉત્પન્ન થતો. અઢી ત્રણ દાયકા લગી એઓ જ કાઠિયાવાડની હિંદુ જનતાનું સચેત શાણું સમશી-તોષ્ણ મગજ હતા. અને હિંદના બીજા પ્રાંતોમાંથી કોઈ પણ મોટો માણસ રાજકોટ આવતો, તે એમનો અતિથિ થતો અગર તો એમને મળ્યા વિના ભાગ્યે રહેતો. જીવનને સંસ્કૃતિની વિવિધ સમૃદ્ધિઓ અને શક્તિઓ વડે માતબર રીતે જોગવવાની કલારાશી જે જીવનની કલા, જિજીવિષાના ઊંચા મનોરથોને સાધવાની કલા, જે છે માનવીની સર્વોત્કૃષ્ટ કલા, તેમાં એમના જેવો સિદ્ધહસ્ત કારીગર મેં તો જોયો નથી. વિધાતાએ એમને ન્હોતી દીધી માત્ર સર્ગશક્તિ, રૂપરંગને અને તેમનાં પાત્રોને સજીવન જેવાં કરતી કલા. સામાન્ય લોક

* આપણા ઇલાકાના સુપ્રસિદ્ધ સંસ્કૃત વિદ્વાન શંકર પાંડુરંગ પંડિત આ સીતારામ પંત અને વકીલ તથા હેડમાસ્તર ઘનશ્યામ; ત્રણે સગા ભાઈ સંબંધીમાંના જ પાંડુરંગ પંતને શંકરરાવ દત્તક અપાયા એટલે તેઓના અભિધાનમાં પાં. નામ આવ્યું. વેદથી માંડીને છેક આધુનિક લગીના સંસ્કૃત સાહિત્યરાશિનો શંકરરાવ પાંડુરંગ જેવો બીજો નિષ્ણાત આપણે ઇલાકે પાકયો જ નથી, જો કે પ્રથમ પંક્તિની પ્રતિષ્ઠા સો ખાટી ગયેલા પ્રો. રા. ગો. ભાંડારકર.

એમનામાં વિદ્યા અને વકીલાતમાં કૌશલ ઉપરાંત થોડું જ જોઈ શકતા, તેમ એઓ પ્રભાવ પાડવામાં પણ સૌમ્ય જ રહેતા. લોક જેને નામના અને આગેવાની ગણે છે, તે ઘણીવાર કેટલાં તો પોકળ અને હીનચારિત્રનાં સહગામી હોય છે, તે પંડિતસાહેબ બહુ અચ્છી રીતે પિછાણતા, અને એવી મોટાઈની એમને ન્હોતી પરવા કે ન્હોતી તમા. દુષ્કાળનિવારણ અને કેળવણીના ઉત્તેજન જેવાં સેવાકાર્યોમાં પોતે તન દઈને સામેલ રહેતા, અને પોતાના દ્રવ્યનો ન્હોળે હાથે સદ્‌વ્યય કરતા, અગર જો કે આમાં પણ તેમને ઊંડા ઉતરવાની અને કયો માર્ગ ખરેખર શ્રેયસ્કર તે નાણી જોવાની આદત હતી. શ્રી ધોંડુપંત કર્વે જેવાએ આરંભ કર્યો અમુક ઉદ્દેશે, પણ આધુનિક પ્રજા શું વિશેષ માગે છે તેની ગમ પડતી ગઈ, તેમ તેમ એઓ પોતાના ઉદ્દેશો પાયાથી ટોચ લગી બદલતા પણ ગયા, મ્હારો પરમ ઉદ્દેશ તો એક માત્ર સેવા કરવાનો છે, સિદ્ધાંતવફાદારી પણ પછી, સેવા જ જીવનધ્યેય, એવો એ મહાપુરુષનો જીવનવિનિયોગ પણ પંડિત સાહેબને અપ્રિય ન્હોતો, જો કે પોતે પોતાની જાત માટે તો સિદ્ધાંતને પૂરી નિષ્ઠાથી વળગી રહેતા. એઓ અમુક અમુક કરતા તેમાં એમના ઉદ્દેશો, પદ્ધતીઓ વગેરે જેમ જેમ આપણે જાણવા પામિયે તેમ તેમ આપણને બોધ મળતા, તેમ વળી પંડિત સાહેબ અમુક કરતાં અટકી પડતા અગર તો ન્હોતા જ કરતા, તેના એમના ખુલાસા જે કોઈને જાણવા મળતા, તેમને તેમાંથી યે એમની સૌમ્યતા અને હિતબુદ્ધિનાં દર્શન થતાં.

મ્હારી જુવાનીના રાજકોટજીવન સાથે એક બીજી વ્યક્તિની સ્મૃતિ પણ વજ્રલેપ જોડાયલી છે. સીતારામપંત ભણી મ્હારી વૃત્તિ હરહંમેશ શિષ્યની, ત્યારે મ્હારાથી થોડા જ મોટા દલપતરામ ભગવાનજી શુક્લ તો મ્હારા ગોઠિયા, સાથી અને સોબતી, જો કે જનસ્વભાવની ઓળખમાં અને પોતાના સમયને વર્તી લઈ પોતાની નાવડીને હંકારવાની કલામાં ઘણા જ ચકોર. સૌ સાથે મળીહળીને ધારેલું બંદર

સર કરવામાં દલપતરામ ઉસ્તાદ, દુનિયામાં ને દુનિયાદારીમાં ફાવવાની કંઈ કલા સાથે એમને લ્હેણું નહીં તે એમના પ્રતિસ્પર્ધીઓ પણ ખોળી શકે નહીં. ગુજરાતી સાહિત્ય પરિષદ ભરવાનું મોટું કર્તવ્ય રાજકોટે ઉપાડ્યું ત્યારે કારોબારી કમિટીના અધ્યક્ષ ભાઈ શુક્લ ના હોત તો અમારો વિજય ત્રીજા ભાગનો પણ ના થાત.

મોટા પુરુષોનાં વખાણ કરતાં કોઈને પણ થાક લાગતો નથી અને અંબાલાલભાઈ જેવી વ્યવહારુ બુદ્ધિઓ પણ બોધ કરે છે કે સંગ શોધવો તો મહત્સંગ જ શોધવો સારો. વળી ઘડપણ તો વાચાળ. તથાપિ પાછો મર્યાદિત અંગત સ્મૃતિઓ ઉપર આવી જાઉં.

ઈ. ૧૯૧૧માં શહેનશાહ સલામતે ખુદ હિંદ પધારીને દેહલી દરબાર ભર્યો, બંગાળા ઇલાકાને કર્ઝને તોડી નાખેલો તે નીતિને જ તોડી નાખી, અસ્લુસૂલ પાટનગર હસ્તિનાપુરને બ્રિટિશ હિંદી સલ્તનતના પાટનગરની પદવી બક્ષી, અને હિંદભરની નાગરિક પ્રજામાં ઠેર ઠેર આનંદની ભરતી ઉભરાઈ. તેનો લાભ લઈ ને. ના. વાઇસરૉય સાહેબે પ્રજામાં સ્થળે સ્થળે મેળાનો મહોત્સવ ફરમાવેલો, ત્યારે રાજકોટમાં મેળાની મુખ્ય કમિટીમાં મ્હને જે મહત્ત્વની સેવા સોંપવામાં આવી, તે માટે હું પંડિત સાહેબનો ઋણી હતો. રાજકોટમાં પ્હેલાબીજા વર્ગના રાજામહારાજાઓના વકીલો કર્નલ વોકર અને લાંગ વ્યવસ્થા સ્થપાઈ ત્યારથી કાયમ રહેતા આવ્યા છે, અને આવી ફરજ ઘણુંખરૂં એવા કોઈને જ સોંપાય એ કુદરતી છે. એ વકીલ મંડળમાં ઘણુંખરૂં એકબે આગેવાન પણ હોય છે. આ વખતે મ્હારા જેવા માત્ર માસ્તરને માથે આ જુમ્મો આવ્યો તે થોડા જ વખત પર યશસ્વી થઈ ગયેલ પરિષદની બેઠકને લગતી મ્હારી સેવાની કદર લેખે પણ હોય. જુદા જુદા કામેલ કળાકાર કારીગરો મારફત જુદાં જુદાં મનોરંજક કાર્યક્રમો, ખેલો, દશ્યો, સર્કસોના જેવાં ને બીજાં આકર્ષ-

બુના વર્તુલો અને તંબુઓ અને શમિયાણા વૉટસન મ્યુઝિયમ કૉનોટ હૉલ અને લાંગ લાયબ્રેરીના વિશાળ બગીચામાં અમે સુશોભિત રીતે ગોઠવી શકેલા. અને તે જોવામાણવામાં આબાલવૃદ્ધ આખી પ્રજાએ મોડી રાત લગી સાથ આપેલો. એ સમસ્ત સાધન સાજનાં ગોઠવવામાં અમે ન્હોતાં જોયાં રાત કે દિવસ, ન્હોતાં લેખ્યાં ખર્ચ કે મ્હેનત. કંઈ કંઈ રીસામણાં મનામણાંને અમે તરી ઉતરેલા. એ મેળાની ઉજ્જવળ અને પછી લાંબા કાળ લગી હોંસે હોંસે વખણાયલી ફત્તેહનાં કોઈ કોઈ દશ્ય હજી પણ મ્હારી આંખ આગળ અવારનવાર તરી આવે છે. રાજકુમાર કૉલેજના આબ્દિક-સંમેલન દરબાર ખેલ હરીફાઈ આદિનાં કોઈ કોઈ સંભારણા પણ જીવીશ ત્યાં લગી ચાલ્યા કરશે. પરંતુ આ મેળાની ભૂમિકા ક્યાંય ઊંચી હતી. માણસની આવરદાના મધ્યબિંદુએ જાણે કે તેના શિખરસ્થાને આવી ગયેલ આવો બનાવ તેને પોતાને એક અનુપમ લ્હાવા જેવો લાગ્યા કરે તે તદ્દન કુદરતી છે.

અને એ ઈ. ૧૯૦૯ની રાજકોટ પરિષદ વિશે તો આજે ત્રીશથી વધારે વર્ષે શું લખી શકાય વારુ ? આજે એ જ ટીપ તટસ્થ અને અતિ ગંભીર ભાવે કરું તો તે દરગુજર કરશો. પછીની વડોદરે ભરાયલી પરિષદના વિજય પાછળ પણ રાજકોટ મુકામે મૂર્ત રૂપે આલેખવામાં આવેલું ભાવનાસત્ત્વ કાર્ય કરી રહ્યું હતું. અમે રાજકોટમાં ભંડોળ કમિટી માટે ફાળો કરી દેવામાં છેક નાસીપાસ થયેલ, તેનો બદલો દૂરઅંદેશ મહારાજા શ્રીમંત ગાયકવાડ સરકાર સયાજી અને એમના મંત્રી સર મનુભાઈ મ્હેતાએ સયાજી સાહિત્યમાલાનાં આબ્દિક પ્રકાશનો આરંભીને વાળી આપ્યો. આજે એ માલાને સમગ્રે જોતાં તેમાં ક્યાશો માલુમ પડે એ જુદી બાબત છે, એટલા આપણે આપણા ધ્યેયોમાં આગળ વધ્યા છિયે એમ કહી શકાય; વળી એ ક્યાશો માટે જવાબદાર હોય તો તે મૂળ યોજના કે તેના

અજમેરમાં તો ભાવિ સુધરવાનો સંભવ જ ન્હોતો, એટલે એ પબ્લિક સ્કૂલની ભાવના અને પદ્ધતિ ઉપર યોજાયલી સંસ્થાનો હું અંગ બન્યો, અને એ ભાવના અને પદ્ધતિ પ્રમાણે તનમન દઈને વર્ત્તવું જોઈએ એવું મ્હારું કર્તવ્ય બન્યું, તો તે કેવળ સંસ્થા પ્રતિ વફાદારીએ અને હું આવી નોકરી માટે પણ નાલાયક તો નથી એટલો જસ ખાટવાને કમને ય તે એમાં રાતદિવસ મંડ્યો રહેતો, એ હકીકતમાં એમને મ્હારી વિશેષ પાત્રતા લાગેલી હોવી જોઈએ. પ્રિન્સિપાલ મેઈન જુદી જ તરેહના માણસ. ૧૯૦૫ કે ૧૯૦૬ના જ જ્યૂનથી બે વર્ષ માટે ડેકન કૉલેજે ઍક્ટિંગ (acting) પ્રોફેસર લેખે મ્હારી ફરીને માગણી કરેલી, ત્યારે મેઈને છેક ને. ના. ગવર્નર સાહેબ સુધી જઈને આ માગણી નકારાવેલી. એમના મનને એમ કે હું આ સંસ્થામાં આખો જન્મારો રહેવા રાજી છું, તો ઠાકોર કે કોઈને બીજે જવાની ઇચ્છા શાને થવી જોઈએ? રાજકુમાર કૉલેજમાંથી હું ૧૯૧૩ લગી છૂટો ના થઈ શક્યો, મેઈનને જ લીધે.

રાજકુમાર કૉલેજની નોકરી દરમિયાન રજાઓ પણ મેં તો સંસ્થાને જ સમર્પી. પ્રિન્સિપાલ સાહેબ થોડા મોટા કુંવરોને મ્હારી દેખરેખમાં માથેરાન, પંચગની કે કઈક પર્યટણે મોકલતા. કુમારોની ચોવીશે કલાકની દિનચર્યાનો ભાર મ્હારે માથે. અમે રોજબરોજ અમુક માઈલો ફરતા, ક્રિકેટ, ટેનિસ આદિની સગવડો મળી આવે તેનો પૂરો લાભ લેતા, લાયબ્રેરી, રીડિંગ રૂમ હોય તેમાં રોજ નિયમિત રીતે જતા, રસ પડે એવી ચોપડી દરેક કુમારને હું પસંદ કરી આપતો અને અમે ત્યાં કલાક દોઢ કલાક નિયમિત ગાળિયે તે દરમિયાન કેટલાક કુંવરોને એ વાંચનમાં એટલો રસ પણ પડતો કે તેઓ એવી એકએ ચોપડી પુરી કરતા, કેટલાક ભાગ ફરી ફરીને ય વાંચતા. અને રાતે જમ્યા પછી પણ બિલિયર્ડ્સ ખેલતા. એદાડુપણું કે આળસ કે કુથળી નામે નહીં. કસરત વ્યાયામ સારી પેઠે, એવું સ્ફૂર્તિમય નિયમિત જીવન ગાળતા; એમ રજાઓ દરમિયાન પણ

અમે કુમારોના વિકાસ માટે રાજકુમાર કૉલેજના સત્રો દરમિયાન તેના નિવાસની ચતુઃસીમામાં જે જાતનું જીવન પ્રવર્ત્તતું તેવું જ જીવન અમે ચાલુ રાખતા. અને તેની વિગતોની નોંધ હું રોજ રાતે લખી લેતો. હું રાજકુમાર કૉલેજમાં નવ વર્ષ અને કંઈક માસ રહ્યો, તેમાં એક લાંબી રજામાં (૧૯૦૯) હું પોતે રજા ઉપર હતો, એક રજા શહેનશાહતના યુવરાજશ્રી હિંદ પધાર્યા તે સાલ—આખી કૉલેજ મુંબાઈ મહિનાઓ લગી હતી તેમાં ગઈ, એક કે બે રજા પ્લેગના ઉપદ્રવે ખાધી. મ્હને મોટા કુંવરો સાથે રજા ગાળવાના આમ પાંચ જ પ્રસંગ મળેલા તે દરેકની નોંધ મેં રાખેલી. કૉલેજ પાછા ફરિયે ત્યારે હું રીતસર હકીકતનો અહેવાલ રજૂ કરતો તે સાથે પ્રિન્સિપાલ સાહેબને અમારી દિનચર્યાની આ મ્હારી નોંધ—મ્હારી ડાયરી એટલે દિન્કી *—પણ રજૂ કરી દેતો, અને તે લાગતા વળગતા પ્રાંત સાહેબોને વાંચવા માટે જતી ત્યાંથી પાછી ફરતાં પ્રિન્સિપાલ સાહેબ મ્હને પાછી આપતા એટલે હું તેને એક મોટા કુંવરને હવાલે કરી દેતો, ભલામણ સાથે કે આ બધી નોંધ હાલ

* ઇંગ્રેજી ડાયરી શબ્દ માટે નારાયણ હેમચંદ્ર, ગોવર્ધનરામ, નવલરામ, કાલેલકર, આદિ ગુજરાતી લેખકોએ જુદા જુદા શબ્દો યોજ્યા છે તે તેમ બંગાળી, મરાઠી, હિંદીમાં એ માટે યોજાયલા શબ્દો પણ ઘણાખરા જોઈ, વિચારી અનુચિત ગણીને મ્હે મ્હારો આ નવો શબ્દ યોજ્યો છે. દિન+છકીનો હિંદી પ્રત્યય કી ઉપરાંત એ શબ્દમાં કશૂં જ નથી, એ એની અત્યંત સાદાઈ અને સરલતાને જોરે એ આ એના અર્થ માટે વંપરાતો ય થઈ જવા દરેક સંભવ છે. નવા શબ્દોના યોજકો વા ઘડનારાને નમ્ર સૂચના પણ ઉમેરીશ કે આવા સાદા શબ્દો જ ચલણી થવાનો સંભવ વધારે. પોતે પોતાનો અર્થ જણાવી દે અને અંદર કશી ગૂંચ નહીં. અસ્ફુટતા, અસ્પષ્ટતા, અપરિચિતતા, જેવું નહીં એ જ નવા શબ્દો માટે આવશ્યક છે. વ્યાકરણશુદ્ધિ અને બીજી શાસ્ત્રીય મર્યાદાઓ કે રુચિ–અરુચિની સૂક્ષ્મતાઓને વળગવું નવા શબ્દોના સર્જનની કલામાં બહુ ન પાલવે.

અતિશુષ્ક અને કચરો જ લાગે, પરંતુ સચવાઈ ને બાર પંદર વર્ષે પાછી હાથ ચડશે તો એ જ આ સમયના કસરતી સ્ફૂર્તિમય જીવનના પુરાવા લેખે ત્યારે ત્હમને પોતાને રસિક તેટલી બોધક પણ થઈ પડશે. આવી ચાર કે પાંચ ડિન્કીઓ લખાઈ હશે તેમાંથી બીજી બધી ખરતાં પાંદડાંની જેમ ક્યારની ય ગુમ થઈ હશે. પરંતુ એમાંની એક ડિન્કી આ એપ્રિલમાં મુંબાઈ પધારેલા સાવનૂર નવાબ સાહેબ અબ્દુલ મજીદખાને મ્હને દેખાડી તે ઉથલાવી જોતાં મ્હને પણ આનંદ થયો. આવી ડિન્કીઓ અને બીજાં સાધનસામગ્રી ઝટઝટ ગુમ થઈ જાય છે તેનું એક કારણ આપણા રાજા રાજકુમાર વર્ગમાં ટુંકી આવર્દાનું પ્રમાણ સારી પેઠે મોટું ચાલ્યા કરે છે એ પણ છે. એ મ્હારે હાથે નવદશ વર્ષ દરમિયાન કેળવાયલા કુમારોમાંથી કેટકેટલાની ગાદીએ આજે તેમના પુત્રો અથવા પૌત્રો અથવા દત્તકો કે બીજા વારસો બિરાજે છે!

ધ્રાંગધ્રાના ઘનશ્યામસિંહજી, રાધનપુરના જલાલુદ્દીનખાન, રાજકોટના લાખાજિરાજ, વઢવાણના તેમ ચૂડાના જોરાવરસિંહજી, માણાવદરના ફત્તેહદીનખાન, ધ્રોળના દીપસિંહજી, રામરાવ–જઠ, રામરાવ–રામદુર્ગ, ફત્તેહસિંહરાવ–અક્કલકોટ, કાંથડવાળા, પૂંજાવાળા, રામવાળા, દાજીરાજ, પુષ્પસિંહજી, પ્રતાપસિંહજી ( લાઠી ) વગેરે વગેરે હું તેમનો માસ્તર બેઠો છું અને, વનપ્રવેશ પણ થતાં પહેલાં સંખ્યાબંધ, તો બાકીના તો ભરજુવાની ગણાય એવી ઉંમરે સિધાવી જાય, ત્યારે જડભરત હોય એવાને પણ એમનાં કારમા અકાળ મૃત્યુથી દુઃખ લાગ્યા વિના ના જ રહે. રાજાઓ કને તો સામાન્ય પ્રજાજન મોટી મોટી આશાઓ રાખે એટલે તે દેવ થતાં પોતપોતાના સ્વાર્થથી અગર તો સામાન્ય જનહિતની દૃષ્ટિએ વિશેષ લાગણી થવી જ જોઈએ.

આ વિશિષ્ટ સંસ્થારત્નથી છૂટો થયો ઈ. ૧૯૧૩ના માર્ચની આખરે. હું કેળવણી અધિકારી નીમાઈશ એ હકીકતની પ્હેલી વધાઈ

મ્હને ખુદ મહારાજા ભાવસિંહજીએ દીધી, શ્રી મનહરકુંવરબા (પન્ના મહારાણી સાહેબ)ના લગ્નમહોત્સવ દરમિયાન. ત્યાંથી ખસી ગયા પછી જ્યારે જ્યારે મ્હને એ શોભતી સાધનસંપન્ન અમીરી કોલેજના વિચાર આવે છે, ત્યારે ત્યારે મ્હને થાય છે કે પ્રાગ્બ્રિટિશયુગના આપણા રાજાઓ અને રાજકુમારોનાં આયુષ્ય ઓછા માપનાં હતાં, તો તે એ વર્ગ ધર્મી અધર્મી, જરૂરી બિનજરૂરી રણક્ષેત્રે ઝંપલાવ્યા કરતો તે કારણથી*. આ બ્રિટિશ યુગમાં ય તેમનાં આયુષ્ય ટુંકાં રહ્યાં છે, તે નવજુવાનીમાં જ તેમને વિલાસક્ષેત્રોની મોહની વિવશ કરી મુકે છે, એ કારણથી હશે. બંને યુગમાં બીજાં કારણો ય પ્રવર્ત્તતાં, રાજાઓનાં આવરદા સામાન્ય ઉજળિયાત વર્ગની વ્યક્તિઓના કરતાં વધારે લાંબાં હોવાં જોઈએ, કેમકે તેઓ કને વિવિધ સાધનસંપત્તિ ઘણી વધારે હોય છે. શ્રી સયાજીરાવ કે શ્રી ભગવતસિંહજી જેટલી આવરદા આપણા ઘણાખરા રાજાઓની હોવી તો જોઈએ. પરંતુ આ સામાજિક કૂટ પ્રશ્ન હિંદને ઇતિહાસે હજી અણઉકેલાયો રહ્યો છે. વારુ: આ હવે તો ઉગૂં ઉગૂં થઈ રહ્યો છે તે ધસ્યો આવતો નવો યુગ કાં તો આ કોયડાનો સાચો ઉકેલ આણશે, કાં તો હિંદી રાજાઓ અને નવાબોના આખા વર્ગની કાયાપલટ જ કરી નાખશે!

કેળવણી અધિકારી લેખે નવ માસ ગાળ્યા તેની પણ એકબે સ્મૃતિઓ સાંભળો. પ્હેલા અને બીજા વર્ગનાં રાજ્યોને પોતપોતાનાં કેળવણીખાતાં સોંપાઈ જતાં એજન્સીને અધીન નિશાળોના જથા છુટા છુટા પડી ગયેલ. પૂર્વોત્તર જથા માટે એક અને દક્ષિણ તથા પશ્ચિમ જથા માટે બીજો એમ કેળવણી અધિકારી ને બે મદદનીશ હતા. વધારે પગારદાર

* એક બદનામી મરાઠા રાજવી તો કહ્યા જ કરતો, અમારી ગાદી છે અમારા પાટવી ઘોડાની પીઠ પર. એ કહેતીને આપણે ગુજરાતી મુક્તકનું રૂપ આપી શકિયે,—"રાંગ અચળ તો ગાદી અવિચળ!"

તેમના ઉપરી સાહેબ માત્ર આગગાડી માર્ગે પ્હોંચી શકાય તેટલી મોટી અને ઇંગ્રેજી શાળાઓ જ જોતા. ઘણાં વર્ષથી જુવાન માણસ અધિકારીની પદ્દીએ આવેલો નહીં એ પણ ખરૂં. કારકુનો વિના અધિકારી ડગલું ન ભરે એવી રૂઢિ પણ જામેલી. મેં આગગાડી ઉપરાંત ઘોડાગાડીએ, સિગ્રામે અને પગે ચાલીને પણ ફરવા માંડયું, અને છેક ન્હાનીથી માંડીને જેતપુર બગસરાના જેવી મોટામાં મોટી નિશાળોએ મ્હારી ઝડપી સવારીમાં જઈ ચડતો. આખા ખાતાંની દશા શી થઈ ગઈ છે તે તો જરા જાતે જોઈ લઉં, એ મ્હારું મુખ્ય ધ્યેય. એક સ્થલે જાણવામાં આવ્યું કે વીશ બાવીશ માઈલ આઘા એક કસબાની મોટી સાત ચોપડીઓ લગી ભણાવતી અને બાળપોથીના વર્ગોમાં તો લગભગ સો છોકરાંની નિશાળ તે જ સ્થલના વતની ત્યાં મોટા માસ્તર નીમાયા પછી એ ત્રણ વર્ષમાં જ એમના કુછંદથી પાયમાલીની અણી પર આવી ગઈ છે. હું સૂર્યોદય પ્હેલાંનો ઊંટે ચડી ત્યાં નવ સવાનવે પ્હોંચી ગયો. શનિવાર એટલે નિશાળ તો ચાલતી હતી પણ ન મળે મ્હેતાજી, ન મળે આસિસ્ટંટ. ગામલોકને ભેગા કરવા પાંચ છોકરાને અને પાણીવાળાને મોકલ્યા. મ્હારું નામ તો જાણે આખો કાઠિયાવાડ. પંદરવીશ વર્ષમાં કદાપિ નહીં ને અહીં આજે આમ ઊંટે ચડીને મોટા સાહેબ પંડે પધાર્યા એ તે શી ઉત્પાત, એમ સૌ ભેગું થઈ ગયું. મ્હેતાજી, આસિસ્ટંટ પણ દોડતા આવ્યા, ફેંફેં થઈ ગયા. ગામપટેલ, શાહુકાર શેઠ, બ્રાહ્મણ, સોની, મોદી, રાજપુત, ચારણ આદિ આગળ બેપાંચ આધેડ તેમ જુવાન ભાઈઓને પૃછપરછ કરતાં મ્હેતાજીનો કુછંદ જાહેર થઈ ગયો. સૌએ પોતાની પુત્રીઓ દશઅગિયારની થતામાં નિશાળે મોકલવી બંધ કરેલી. છોકરાઓને ય પોતપોતાને ધંધે વ્હેલા વ્હેલા લગાડતા થઈ ગયેલા. 'માસ્તર, ત્હારી સામે આ બધાં ખોતાનાં સાચાં?' એમ મેં જરા તતડાવતાં જ કેવળ અણધારેલી મોટી ભીડમાં સપડાયલો એ માણસ

ગભરાઈ ગયો, લગભગ માની પણ ગયો. એના ટેબલ પરની જ સોટી હું હાથમાં રમાડતો હતો તે જ મ્હેં બેત્રણ વાર ફટકારી દીધી, ગામલોક અને આખી નિશાળના દેખતાં જ, અને તીખે અવાજે ધમકાવ્યો–" અલ્યા સુધરવૂં છ કે બરતરફ ને બદનામ થઈ ભૂખે મરવૂં છ? યાદ રાખજે ઉન્હાળે ચોમાસે ગમે ત્યારે આમ બેબે મહિને આવીને ઉભો રહીશ, ત્હારો પીછો નહીં છોડું !" અર્ધાપોણા કલાકમાં બધું સમાપ્ત થઈ ગયું અને હું બીજા ઓરડામાં ગયો, હાથ તથા મ્હો ધોઈ નિરાંતે જરા નાસ્તો કરવા. આસિસ્ટંટ દૂધ, ચ્હા વગેરે આણતાં કહે, " સાહેબ, ડાબે હાથ ઓટલાને ખૂણે પંદરવીશ સ્ત્રીઓ સોડિયાંવાળી ગૂંછળું વળીને ઉભી હતી તેમાં વાંસે ઊંચી ને સૌથી દેખાવડી હતી ને તે જ એ બાઈ. ઘરડા વરે સસરાને બે કોથળી દઈ નવું ઘર કર્યું છે; વગેરે." આવા પ્રસંગમાં ફરીને હું આમ જ વર્તું એમ હું કહેતો નથી. બીજા કોઈપણ અધિકારીએ આમ વર્ત્તવું સારું એમ સૂચવવાનો મ્હારો આશય જ નથી. પુરાવાશાસ્ત્ર ('એવિડન્સ ઍક્ટ') અથવા તો શિષ્ટ સમાજનાં ઢીલામાં ઢીલા ધોરણે જોતાં ય શિરજોરીનું ગણાય એવું તે ક્ષણે મ્હારે હાથે બની ગયું. આ પછી હું અધિકારીપદે રહ્યો તે દરમિયાન તો એ મ્હેતાજી અને એ નિશાળ સુધારા પર હોવાના અહેવાલો જ આવેલા, એ જ મ્હારો જેવો ગણો એવો બચાવ છે.

બીજો પ્રસંગ વર્ણવું તદ્દન જુદી જાતનો; એ જ્યારે જ્યારે સાંભરે છે ત્યારે ત્યારે એની નાયિકા એ સશક્ત અને યુવતી માતાના દર્શને આનંદું છું. આ પ્રસંગ બન્યો એક મુસ્લિમ ગામડામાં. નિશાળ ન્હાની, તેમાં મુસ્લિમ છોકરા મોટા અને જરાજરામાં આંખ કહાડવે પાવરધા. બ્રાહ્મણ, વાણિયા, લુહાણાના છોકરા ભણે, વર્ષ વીતે ને ઉપલા વર્ગમાં જાય, પણ મૂછાળા અને લડધા જેવા મુસ્લિમ છોકરાઓનો ધાક ભારે. આવી ન્હાની શાળાઓમાં મ્હેતાજી એક જ,

અને કુટુંબમાં લગ્ન, માંદગી કે બીજી જરૂરતે મદદનીશ ઓફિસરને અને રાજકોટ ઓફિસે એક એક પત્તું નાખી દે અને ટુંકી રજા પર ચાલ્યો જાય, તે દરમિયાન શાળા સોંપાય વડા નિશાળિયાને. સૌથી ઉપલા વર્ગનો પ્હેલો નંબર તે આ વડો નિશાળિયો. આ ગામમાં આ મૂછાળા મુસ્લિમોથી એ ન્હાનો ને નબળો તે બીચારો એમને એમ કેવી રીતે દાબમાં રાખે. એક વર્ગમાં જાય ત્યાં બીજા વર્ગનો તોફાની કંઈ બીજું છમકલું કરે. અહીં માસ્તર ચાલી નીકળ્યા તેની સાથે આ વડો નિશાળિયો ય આવતો રહ્યો ઘેર અને રોવા બેઠો. 'એ કાસમ ને આમદ એક ગુસ્તો મારે ને હું તો બેવડ વળી જાઉં!'—એ જ વાતને એ તો વળગી રહ્યો. એટલે એની મા ત્રીશેક વર્ષની હતી, જુવાન અને હાથેપગે કસાયેલ તે કહે, "હાલ, ભાઈ હાલ, હું ત્હારી હારે આવું છું, તું ભણાવજે, ને હું જોઈ લઈશ કે ત્હને આંગળી અડાડે એવો કોણ મુવો છ!" હું પાછલે પ્હોરે એ નિશાળે જઈ ચડ્યો ને મ્હેં એ બાઈને મ્હેતાજીની ખુર્સીમાં દીઠી. મ્હેં પૂછ્યું, 'બાઈ, ત્હમે મ્હેતાજી છો? કેટલુંક ભણ્યાં છ?' મ્હારી સાથે પટાવાળો, એટલે બાઈ કળી ગઈ, ઊઠી દુઃખડાં લઈ એણે કાસમ, અલી વગેરેને મ્હારી આગળ બોલાવી તેમને સંભળાવ્યું, "આમ આવો, આ મોટા સાહેબને સલામ ભરો, ત્હમારાં લક્ખણ એમના લગી પ્હોંચ્યાં હશે તે એ જાતે ખાતરી કરવાને પધાર્યાં છ, શરમાવ શરમાવ જરા!"—અને મ્હને બધી હકીકત જણાવી. "આમ અહીં બેસતાં આ ત્રીજો દિવસ છે, મ્હેતાજી તો આવશે હજી સોમવારે, સૌને ભણાવે છે તો આ મ્હારો હોશિયાર હીરો." મ્હેં તુર્ત એ હીરાને જ પટાવાળા સાથે બજારમાં મોકલી આ બાઈને મ્હારાવતી ઇનામ લેખે સાડલો અને કાપડું અણાવી દીધાં અને એ બાઈ રાજી રાજી થઈ ગઈ. જીવતી હશે તો હજી મ્હને દુવા દેતી હશે કે અધિકારી નીમાય તે આવા દેખતા નીમાજો!

બસ, અહીં અટકી જઈશ. મ્હને તો વ્હેમ છે કે સ્મૃતિઓના આટલા મણકા ફેરવવામાં અતિ લંબાણ થઈ ગયું છે, વિવેક અને સુરુચિની દાંડી ભુઝર્ગીએ નમાવી દીધી છે. એટલે આ મ્હારી રાજકોટી સ્મૃતિમાલાને પાછી ગૌમુખીમાં ગયબ કરી દઉં છું, અને બીજું તો આજ મ્હારે એક જ કહેવાનું રહે છે.

એ રાજકુમારો અને રાજારાણીઓનો આખો વર્ગ એક જુદી ન્યાત જ બની ગયો છે. એમની પરિસ્થિતિ અને સંસ્થિતિ અને સંજોગો, એમની સત્તાઓ અને તેની પાછી મર્યાદાઓ, એમના મનોરથો, એમની તૃષ્ણાઓ, એમના વિજયો અને પરાજયો—એ સર્વ એમના ખાસ જીવનના સેંકડો વર્ષના દબાણે એ આખી ન્યાતનો માનસપલટો કરી નાખ્યો છે. જેમ આપણી મધ્યમવર્ગની ઉજળિયાત ન્યાતોમાં ય નાગર તે બ્રાહ્મણ નથી, બ્રાહ્મણ વાણિયા તે ક્ષત્રિય રાજપુત પાટીદાર નથી, તેમ એ રાજન્યન્યાત આપણી કોઈ પણ ઉજળિયાત ન્યાતને મુકાબલે જીવનમાં, માનસમાં, નીતિમાં ને પ્રકૃતિમાં સારી પેઠે જુદી પડી ગઈ છે. આપણા હિંદુસમાજની વિચિત્ર ઘટનાને લગતું આ વિશિષ્ટ સત્ય, એ ન્યાતની વ્યક્તિઓના હાથમાં સેંકડો વર્ષથી ચાલી આવી છે તે સત્તા જેટલી અને જ્યાંલગી ચાલ્યા કરશે ત્યાંલગી સૌએ સારી રીતે સમઝવાનું અને ધ્યાનમાં રાખવાનું છે. અને એમની સાથે નિકટ અને ગાઢ પરિચયમાં લાંબા વખત લગી આવેલા કોઈપણ મધ્યમવર્ગના ઉજળિયાત ન્યાતના ઠરેલ અનુભવીને પૂછો, ભાઈ, તું રાજા બની જા તો? ત્હારે રાજાપદની ઇચ્છા છે? ત્હારાં મિત્રસ્નેહી, ભાઈભાંડુ, છોકરાંછૈયાં રાજા બને તો કેવું? એ અનુભવી ઠરેલ માણસ ધસીને ના પાડશે, ના રે ભાઈ, આપણે ભલા, આપણી દુનિયા ભલી, આપણી નીતિરીતિ જ આપણને ફાવે, એ જલનાં માછલાં, એ હવાદળનાં પંખી આપણે બની જ નં શકિયે;

કોઈ વિચિત્ર સંજોગે આપણામાંનો કોઈ એ સ્થિતિમાં મુકાઈ જાય, તો બીચારો હેરાન હેરાન થઈ જાય, તેના તો ભોગ જ લાગે.

અને સામાન્ય દૃષ્ટિએ જોતાં તેમ અનેકાનેક ભિન્નવિભિન્ન ખૂણેથી કસતાં પણ મોટા રૉબિન્સન ક્રૂઝોએ એના રખડુ કિશોર પુત્રને બોધ કર્યો હતો કે "બેટા, આ સફરો કરવાનું ને દુનિયા જોવાનું ત્હને તો ઘેલું લાગ્યું છે. એને જીતી શકીશ તો જ કંઈક સુખી થઈશ. આમે આ દુનિયા એવી વસમી છે કે તેમાં માણસજાતને સુખ અને નીરાંત ઓછાં જ મળે છે. ભાઈ, જો સાંભળ અને સાચેસાચું માનજે કે આ મનુષ્યજીવન છે એક આડા ચોડા, લીંબા ઊંચા પ્હાડ જેવું, જ્યાં ઊંચી ઊંચી ટૂંકો ઉપર સુખ નથી, છે માત્ર બરફ અને અસહ્ય તાપ અને તોફાની ઝડીઓ; એની કરાડો, ખાઈઓ આદિ તો જેમ ઊંડી ને વાંકીચૂંકી તેમ છે બીહામણી અને અંધારી, અને ભેજ અને દુઃખ અને માથાં ફાટી જાય એવા ધુમાડા, બાષ્પ અને દુર્ગંધોથી ભરપૂર. આ ગિરિમાલાની ચડાણ અને ઢાળવાળી વચલી ભૂમિકાઓમાં જ જે કંઈ સુખ છે તે છે; અને એ મધ્યમ સ્થિતિમાં પણ સુખ થોડો કાળ અને ઓછું, દુઃખ જ ઝાઝું અને સાદ્યંત વેઠવાનું એવું જ આપણું આ જીવન ઘડનારે ઘડેલું છે. સુખાનુભવનો જે કંઈ સંભવ આપણે માટે છે તે વચલી ભૂમિકાઓમાં છે, મધ્યમ સ્થિતિમાં છે, આપણા મધ્યમ સ્થિતિના ભાઈઓ, સાથીઓ, સહકારીઓને વળગ્યા રહેવામાં જ છે." જગવિખ્યાત રૉબિન્સન ક્રૂઝોની નવલમાં પિતાનો એના બેસમઝ પુત્રને બોધ આ પ્રકારનો છે તેને મેં જરા વિસ્તારીને મ્હારી બોલીમાં ઉતાર્યો છે.

ભાઈઓ અને બ્હેનો, અતિ સર્વત્ર વર્જયેત્. છેક ઉપલી, છેક નીચલી કે છેવાડાની સ્થિતિઓ નહીં, મધ્યમ અને વચલી સ્થિતિઓ જ સોનેરી સમધારણ ('ગોલ્ડન મીન')ની સ્થિતિ છે. દૂર દૂરથી

ડુંગરા અને ગર્ત્તો ગયબી લાગે, મોહક લાગે, અનિર્વચનીય સુંદર લાગે, વળી જાદૂ જેવું ત્રાટકે કરે, તેથી ભૂલાવામાં ન પડવું: વગેરે સોક્રોક્તિઓ અને ફિલસૂફીનો નિચોડ પણ આ જ બોધ વિવિધ રૂપકે અને ચિત્રવિચિત્ર તુલનાલંકારો વડે આપણા દિલમાં ઠસાવવાને મથે છે. ભાઈઓ અને બ્હેનો, હું રાજકોટથી ગયો પૂણે, ત્યાંથી ફેંકાયો અજમેર, ત્યાંથી વળી મ્હારા ગુરુભાઈ* મહારાજા પ્રૌઢપ્રતાપ ભગવતસિંહજીએ મ્હને પાછો આણ્યો રાજકોટ; રાજકોટથી પાછો ગયો પૂણે; ત્યાં બારતેર વર્ષ વિદ્યાપરિપાક રળી, પાછો ગયો વડોદરે, અને ત્યાં દાયકો ગાળીને હાલ કેટલાક સમયથી મુંબાઈવાસી બન્યો છું અને મુંબાઈથી તો છેક કંટાળી પણ ગયો છું. આ અઠ્ઠાવનસાઠ વર્ષના ભ્રમણ દરમિયાન મ્હારો કેટલોક સમય – બીજા લગભગ સૌને તેમ—વ્યાધિઓ અને ભારે નિર્વેદ અને ગમગીનીમાં પણ ગયો છે. આવી એક શિઢા હાલત દરમિયાન બને તેટલું શાંત અને સ્વસ્થ ચિત્ત રાખીને મેં જે કંઈ તલસ્પર્શી વિચારો કર્યા અને સિદ્ધાંત બાંધ્યો તે મેં આ માનવજાતિને સુખદ અથવા તો ઓછામાં ઓછી અસુખકર મધ્યમ દશા વિશે એક સાદું અષ્ટક લખી તેમાં છેક સરલ રૂપે ટપકાવી રાખ્યાં છે. હું આપ સૌનો ઘણો ઘણો આભાર માનું છું. આપના ભાવ અને વૃત્તિઓ મ્હારા પ્રતિ આવાં ને આવાં ટકાવશો એવી આશા રાખું છું અને મ્હારી એ મધ્યમતાપ્રશસ્તિની કડીઓને અહીં પ્હેલીવાર પ્રકટ કરું છું. આપના જેવું શ્રોતામંડળ મળી જાય એ ખરેખર ન્હાનુંસૂનું સદ્‌ભાગ્ય નથી. ધ્યાનથી સાંભળશો.

---

* એઓ પણ ડેકન કોલેજના એફ. જી. સેલ્બીને પોતાના ગુરુ અને હિતેચ્છુ ગણતા.

## મધ્યમતાષ્ટક

(ભુજંગી છંદ)

ન આશા હતી આટલું જીવવાની,
ન સેવા કૃતે' નામના આટલીની;
વહ્યો માર્ગ જે જે બન્યો તે જ આપે
ન ધાર્યા વિકાસે સુખોલ્લાસકારી. ૧

થતાં એક કર્તવ્ય બીજાં સદા યે
દિઠાં, ડાળ ફૂટે યથા ડાળમાંથી;
કલા જ્ઞાન ભક્તી ય આવી મળ્યાં છે,
ભલે સ્વલ્પ, હું માટ એ છે ઘણેરાં. ૨

નથી ઘા પડ્યા સામટા કે અસહ્ય,
તવાયો, ઘુંટાયો, બન્યો બાપડો ના;
વધંતી જ દીઠી પ્રભા ભાવનાની,
ન સુશ્કેલિ ઝાંઝી પડી ચિત્તતાપે. ૩

મળ્યા મિત્ર ઝાઝા ન, ઝાઝી ન લક્ષ્મી,
ન મોટાં સુખો કે મળ્યું કાંઈ મોટું:
મળ્યાં તે ય કાળે હર્યાં—મોજ એની!
દિધી સાન સંસારની ક્ષુદ્રતાની. ૪

વધંતી જ દીઠી પ્રભા ભાવનાની,
દિઠાં છિદ્ર દેશે, પ્રજા-સંસ્કૃતીએ:
દિઠું ભાવિ ધેરૂં, સુચારિત્ર્યહ્રાસ:
લહ્યું એક એ દુઃખ, એ શલ્ય કારી. ૫

જુવાની વિશે યે ન સત્તા સમૃદ્ધી
ન કીર્તી તણે મોહ મોહ્યો ફસ્યો કે;
કુમાર્ગે સરંતાં ય ના ટેક ચૂક્યો,
થયો છો ટટાર જરા ખાઇ ઠેસો. ૬

દિઠું એક પૂજ્યઃ દિઠી એક દયા :
નમૂં સત્યને; ચાહું સૌન્દર્યશોભા.
શ્વસું ત્યાંલગી વંદના ચાહના એ
ટકો રે બહો! મોક્ષ દેખૂં ન બીજો. ૭

( લાંબી ગીતી )

મધ્યમ સુફલ જ વાંછયાં,
શુદ્ધ બુદ્ધિએ બન્યો ભગત વિધાનો;
અનલ્પ અલ્પ ગમે તે
રહો સમય તે વહો જ મધ્યમતામાં. ૮

## ૬ પૂણા, તા. ૨૩-૯-૧૯૪૪

સમારંભ યોજનાર:—પૂણા ગુજરાતી બંધુસમાજ

સ્થાન :—નાટકશાળા

પ્રમુખ :—શ્રીમતી લેડી પ્રેમલીલા ઠાકરસી

**પ્રમુખશ્રી પ્રેમલીલા બ્હેન, પૂણા ગુજરાતી બંધુસમાજના સ્વજનો, સાહિત્યશોખી ભાઈઓ અને બ્હેનો!**

આજ આપ સૌ અહીં ભેગા થયા છો તેમાંથી જે કોઇ લાયકીમાં સૌથી ઉતરતું હશે, તેમના કરતાં પણ હું કોઇ ને કોઇ વાતે ઉતરતો હોઇશ જ. અને ઘડપણ અને ઘડપણની અશક્તિઓ રૂપ મ્હારી નાલાયકી તો દેખીતી જ છે. મ્હારા જેવા પરમાણુને આવઆવડાં સન્માન ન ઘટે. પરંતુ આ ને આ વાત મ્હારે જુદે જુદે સ્થળે મળીને આજ છઠ્ઠી વાર કહેવી પડે છે, અને બે દિવસ પછી પાછી મુંબાઇમાં સાતમી વાર કહેવી પડશે. આપણા ઉષ્ણ દેશ અને અનેકાનેક રીતે પછાત સમાજમાં પંચોતેર લગીની ઉંમર ઘણા દેખતા નથી, એ ખરૂં. તથાપિ હું પંચોતેર વર્ષ જીવ્યો છું અને સંભવ છે કે હજી થોડું વધારે જીવીશ, તેમાં મેં પોતે શી ધાડ મારી વારુ, એ મ્હારાથી તો મુદ્દલ સમઝાતું નથી. એટલે આપ સૌ આવડું મોટું સન્માન કરો છો તે આપનો માયાભાવ જ છે અને આ ને આ ફરીફરીને કહેવામાં આવે તેથી એની મીઠાશ કે સચોટતા જરા બી વધે એમ નથી.

આ સ્થલે આમ સૌને મળતાં તથા આ માયાળુ ભાઈઓનાં આવાં ભાષણો સાંભળીને મ્હને આપણા બંધુસમાજના આગલા ઉજ્જવલ દિવસો સાંભરી આવે એ કુદરતી છે. સાથેસાથે બંધુ-સમાજના હૃદયમાં સુપ્રતિષ્ઠિત પ્રિય ભાઇ જયશંકર ત્રિવેદી પણ કેમ ન સાંભરે. એમના વડીલ શ્રી પીતાંબરદાસ વસ્તાને મેં પ્રથમ દીઠેલા વડોદરા રાજ્યના એકાઉન્ટંટ જનરલને હોદ્દે ઈ. સ. ૧૮૯૬માં. અહીંની સરકારી ડેક્કન કૉલેજમાં મ્હારા પછી થોડી મુદ્દતે દક્ષિણા ફેલો થયેલ મ્હારા મિત્ર ભાવનગરના શ્રી વિઠ્ઠલદાસ ત્રિવેદી * એ સાલમાં વડોદરે આવી મ્હારે ત્યાં ઊતર્યાં, ઘણું કરીને ઉન્હાળાની કૉલેજોમાં રજા પડે, ત્યારે પૂણેથી ભાવનગર જતાં જતાં. વિઠ્ઠલદાસ આવેલા પોતાના એ જ્ઞાતિબંધુ પણ ધોળકાધંધૂકાના પીતાંબરદાસ-ભાઈ સાથે કૌટુમ્બિક સંબંધ બાંધવા, જેમાં એ તુર્ત ફાવ્યા, કેમ

* પછી વીશેક વર્ષમાં એમના પુત્ર શ્રી રતિલાલ પણ ડેક્કન કૉલેજમાં જ દક્ષિણા ફેલો થયેલા, જ્યારે હું એ સંસ્થામાં ઇતિહાસ અને અર્થશાસ્ત્રનો કાયમી પ્રોફેસર હતો. મ્હારા પ્હેલાં ડેક્કન કૉલેજમાં ગુજરાતીઓમાંથી દક્ષિણા ફેલો થયેલ કાશીરામ સેવકરામ દવે, અને હરજીવન ભગવાનજી શુકલ. ભાઇ હરજીવનને એમ. એ. થવું ન્હોતું, એટલે એ ફેલોશિપ પરથી થોડા જ વખતમાં ગોકળદાસ તેજપાલ હાઇસ્કૂલના હેડમાસ્તર નીમાઈ મુંબાઇ ચાલ્યા ગયેલા. શ્રી વિઠ્ઠલદાસ અને એમના પુત્ર શ્રી રતિલાલની વચ્ચે ડેક્કન કૉલેજમાં દક્ષિણા ફેલો થયેલા બીજા ગુજરાતી, હરિલાલ માધવજી ભટ્ટ, જેઓ એમ. એ. થઇને જૂનાગઢ બહાઉદ્દીન કૉલેજમાં પ્રોફેસર થયા હતા. ગુજરાતી ગ્રેજ્યુએટો તો ડેક્કન કૉલેજમાંથી સંખ્યાબંધ થયેલા, જેમનામાંથી કદાચ સૌથી વધારે જાણીતા શ્રી ન્હાનાલાલ દલપતરામ કવિ ગણાય. શ્રી ન્હાનાલાલનું હાઇસ્કૂલનાં છેલ્લાં વર્ષોનું શિક્ષણ મોરબી હાઈ-સ્કૂલમાં કાશીરામ દવે હેડમાસ્તર હતા એ કારણથી ત્યાં થયેલું અને એઓ બી. એ. માટે પૂણા જેટલે આઘે આવેલા શ્રી કાશીરામની પ્રેરણાથી એમ ધારું છું.

કે પીતાંબરદાસ અત્યંત સરલ; વળી સુશિક્ષિત શ્રીમાળી કુટુંબોની શોધમાં જ હતા. પછી અઢાર વર્ષે હું ડેક્કન કૉલેજમાં કાયમી પ્રોફેસર નીમાઈ પૂણાવાસી થયો ત્યારે શ્રી જયશંકર પીતાંબરદાસ અને શ્રી હીરાંબ્હેન પણ પૂણાવાસી હતાં અને એમની રીતભાત એવી કે તેઓ સૌ ગુજરાતીઓને આત્મીય કરવા ચાહ્ય અને સૌને ઉપયોગી બની સૌની સેવા કરતાં કરતાં તેમાં કશી ઊણપ ના રાખે અને એમ ઘણાઘણાને મેળવી લ્યે. મ્હારા લાંબા અનુભવમાં મ્હને એવા ત્રણ ગુજરાતી મળી ગયાનો મહામોટો લાભ મળ્યો છે. આ ત્રણેના ચારિત્રગુણો એવા કે તેનું વર્ણન વાણી કરી જ ન શકે. એક તો મ્હારી ઓળખાણમાંના શ્રેષ્ઠ વણિક ન્યાયમૂર્ત્તિ લલ્લુભાઈ આશારામ શાહ. નિખાલસતા, વિનમ્રતા, સાદાઇ અને કર્ત્તવ્યબુદ્ધિ પ્રમાણે જ સદાચરણ એમાં એમનો જોટો શોધ્યો ન જડે. બીજા તે આપણા શ્રેષ્ઠ લુહાણા શ્રી અમૃતલાલ ઠક્કર જેઓનો સાત્ત્વિક જ્યોતિ આપણા સૌના સુભાગ્યે હજી આ ત્રિગુણાત્મક જગતમાં પ્રકાશે છે. એઓ અહીં એલ. સી. ઇ.ના અભ્યાસ માટે સાયન્સ કૉલેજમાં આવેલા અને હું બી.એ.ના અભ્યાસ માટે આવ્યો ઈ. સ. ૧૮૮૮ની આખરમાં, ત્યારથી અમારી ઓળખાણ આ પૂણા શહેરની રવિવાર પેઠમાં શરુ થયેલી. પછીના સાડાપાંચ દાયકા દરમિયાન પૂણા પુષ્કળ વધ્યું છે અને સુધર્યું છે, પરંતુ પૂણા અને પૂણેકરો સારી રીતે પ્રાચીન પૂજકો છે. એ રવિવાર પેઠ જેવી ૧૮૮૮-૯૦માં હતી લગભગ તેવી ને તેવી અત્યારે પણ છે. હું ધારું છું કે કસબા પેઠને મળતા એ રવિવાર પેઠના વાંકમાં અને જોડેની ભાજીઆળીમાં જ પૂણામાં તણાઈ આવેલા ગુજરાતીઓનું મૂલ થાણું. પ્રથમ આવેલા આપણા બાડુવા વણિકો પેશવાઈ સમયમાં વ્હેપારરોજગાર અર્થે. અને એમના વંશજો હજી પૂણાના એ ભાગને વળગી રહ્યા છે જો કે એમણે કાંપમાં અને બીજે પણ દુકાનો નાખી છે અને ન્હાનીમોટી મિલકતો

વસાવી છે. બ્રિટિશ સમયમાં અને સાઇકલ, મોટરના ઝમાના પ્હેલાં જે થોડા સુશિક્ષિત ગુજરાતીઓ પૂણે આવતા તે બૈરાંછોકરાંને કંઈ કે ગુજરાતી સોબત અને વાતાવરણ મળે એવા હેતુથી ઘણુંખરું તો આ રવિવાર ભાજીઆળી આગળ પ્રથમ પ્હેલા વસતા. ઈ. સ. ૧૮૯૯થી ૧૯૦૧ લગી હું અહીં કામચલાઉ પ્રોફેસર રહ્યો ત્યારે હું એ ભાજીઆળી અને રવિવાર પેઠને ખૂણે જ રહેતો હતો. ઈ. સ. ૧૯૧૪માં ફરીને આવી તેર ચૌદ વર્ષ લાગટ રહ્યો ત્યારે નારાયણ પેઠ પતર્યા મારુતિ આગળ કોકણસ્થ કુટુંબના વાડા પાસે રહેતો. ઈ. સ. ૧૮૮૮–૯૦માં પણ પૂણા ગુજરાતી બંધુસમાજ હતો ખરો, પરંતુ છેક બીજાવસ્થામાં કૉફર્ડ કેસથી લૉર્ડ રેના અમલ દરમ્યાન જાણીતા થયેલ ભીમભાઈ કીરપારામ સાહેબ પૂણા છોડી ગયા તે પછી અને પોતે નિવૃત્ત થયા ત્યાં લગી પૂણેકર ગુજરાતીઓના નોકરિયાત અને સુશિક્ષિત વર્ગના આગેવાન મૂળ સુરતના વતની અને પૂણાનિવાસે ગોપાળરાવ ગોખલેના મિત્ર અને ભક્ત બનેલા ઇચ્છારામ ભગવાનદાસ હતા. ઈ. સ. ૧૮૮૯–૯૦નો એ બીજદશાનો પૂણા ગુજરાતી બંધુસમાજ દર વર્ષે એક દિવસ જ તખતા પર આવતો. ઘણુંખરૂં શ્રાવણી અને ગણેશચતુર્થીની આસપાસના એક રવિવારે કે છુટ્ટીના દિવસે અમે સૌ ગુજરાતીઓ, મોટા અમલદારો અને કારકુનોની સાથે કૉલેજ વિદ્યાર્થીઓ પણ નદીકાંઠે કોઈ વાડીએ જતા ત્યાં ક્રિકેટ, ટેનિસ, પિંગપોંગાદિ રમતા પછી અગિયારેક વાગે એકાદ કલાક નદીમાં ન્હાતા, તરતા, રસોઈ મોડી મોડી તૈયાર થયે સારી પેઠે આરોગતા, પછી ગાનતાન અને ગંજીફાના પાનાંને ચોપાટની સોગઠીઓ ટીચતા ટીચતા વામકુક્ષી પણ કરી લેતા, અને ચ્હાપાણીની આવશ્યક પૂર્ણાહુતિ પછી છેક બત્તી વખતે પાછા પોતપોતાને ઘેર પ્હોંચવા વિખરાઈ જતા. દર વખતે સૌની ભેગી છબી પણ ઘણુંખરું વાડીના કોઈ રમણીય સ્થળમાં પડતી, તેમાંની કેટલીકની નકલો હજી પણ

રહીસહી કોઈ કોઈ ઘરડા પૂર્ણેકર ગુજરાતી કને જળવાયલી નીકળી પણ આવે અને જે મળે તે બધી હાલના બંધુસમાજે પોતાના પુસ્તકાલયમાં સંઘરી રાખવા જેવી ગણું છું.

આ બીજકમાંથી આપણા બંધુસમાજને હાલની વિકસિત દશામાં આણ્યો તેમાં મુખ્ય આગેવાન પ્રથમથી લગભગ દોઢ દાયકા લગી, ભાઇ જયશંકર ત્રિવેદી. એની વિગતોમાં નહીં ઉતરૂં. ન્હાના ન્હાના આબ્દિક અહેવાલોની હારમાળા જળવાઈ છે તેમાંથી એ સર્વ તારવી શકાય. જેમ જેમ વર્ષો જતાં જાય છે તેમ તેમ માત્ર એ અહેવાલો પરથી ગુજરાતી બંધુસમાજના આરંભનાં વર્ષોનો ખયાલ બાંધવા ઇચ્છનારને જે એક મુદ્દાની હકીકત નહીં જ સમઝાય, તે ભાઈ જયશંકરે આ સંસ્થા ઘડવામાં અને તેની ભાવનાને **વિકસાવવામાં લીધેલો ભાગ.** એઓ જ એ તમામ પ્રવૃત્તિ અને વિકાસ, એ બંધારણ, એ ફંડ, એ થાપણ, એ હોસ્ટેલ, એ પુસ્તકાલય સર્વના ઉત્પાદક અને આત્મા હતા, એઓના કૌશલ અને કુનેહમાં વિશ્વાસથી જ જે વખતે જે સામગ્રી જોઇએ, માણસો કે ઉપરકર કે દ્રવ્ય કે બીજા રૂપનો ટેકો, તે સર્વ મળી રહેતાં અને લગભગ દર વર્ષે સૌને થતું—ચાલો આપણે એક પગથિયું તો ઊંચે ચઢ્યા છિયે. ભાઈ જયશંકરની કાર્યપદ્ધતિ એવી કે કાર્યના જે વિભાગ માટે જે પ્રકારનું જે પ્રતિષ્ઠામોભ્ભાનું માણસ જોઇએ તેને તે વિભાગની દેખીતી આગેવાની દેતા, તેને જે જે સાધનસામગ્રી જરૂરી જણાય તે તમામ મેળવી આપતા, અને પોતે તો પડદા પાછળ રહેવાનું જ પસંદ કરતા. ક્યાં જયશંકર ત્રિવેદી અને ક્યાં આપણા આગળ આવવાની અને ખરૂંખોટું, મળ્યું ના મળ્યું—બધું ય માન સહી કરી લેવાની અહમહમિકાએ ઉભરાતા ને દુર્ગંધી બીજા આગેવાનો!

પછી મેં જ્યારે બૃહદ્ બ્રિટન, બૃહદ્ રોમ અને બૃહદ્ ગ્રીસના ઐતિહાસિક વિકાસમાંનાં જુદાં જુદાં લક્ષણો તારવી તે સાથે આપણી

પ્રજાના આખા હિંદમાં, આખા એશિયામાં, આખા પાસિફિકમાં, અને તેથી પણ બ્હાર આફ્રિકા, યુરોપ, અમેરિકા અને આસ્ટ્રેલિયામાં પથરાટને બૃહદ્ ગુજરાતનું નામ આપ્યું* અને આ વીશમી સદીની વૈજ્ઞાનિક પ્રગતિમાં ઝડપથી સુધરતાં અને વધતાં જતાં ટપાલ, તાર, મુસાફરી વગેરેનાં સાધનો અને ચોપડીઓ, છાપાં આદિના બ્હોળા વિનિમયના ઝમાનામાં‡ ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ એ મૂળ વતનની પ્રજા અને આ બૃહદ ગુજરાતમાં વસાહતોનાં છૂટાંછવાયાં અનેકાનેક ન્હાનાં-મોટાં થાણામાં વસતી પ્રજા, ઉભય વચ્ચેના અન્યોન્ય સંસ્કૃતિસંબંધ અને પોષ્યપોષક, વડીલબાળક વચ્ચે કુદરતી પ્રેમભાવ, કર્ત્તવ્યબુદ્ધિ વગેરે સૌમ્ય, નૈતિક ચૈતન્યમય બળો શી રીતે કેળવાય અને ઉત્તમોત્તમ રીતે ઉપયોગમાં લેવાય, એ મહાવિષય ઉપર પૂણા બંધુસમાજની પ્રવૃત્તિમાં મધ્યચક્રરૂપ અમારી ન્હાની મિત્રમંડળીનું ધ્યાન કેંદ્રિત

* ગુજરાતી પ્રજાની સંખ્યાનો સરવાળો કાઢતાં બ્રિટિશ જિલ્લા, કાઠિયાવાડ અને કચ્છ તથા એ બહાર પથરાયેલાં ન્હાનાંમોટાં તમામ બૃહદ્ ગુજરાતનાં થાણાંઓ ભેગાં કરીને આંકડો મુકવાનો છે. ઈ. સ. ૧૯૨૦ પછી હું ગુજરાતી પ્રજાને ૨॥ કોટિ ગણતો આવ્યો છું. ૧૯૫૦–૧ લગી જીવીશ તો આંકડો વધીને ત્રણ કોટિ લગી પ્હોંચેલો પણ જોઇશ. દુનિયામાં આથી ઓછી વસતીની કેટલી પ્રજાઓ સ્વતંત્ર રાષ્ટ્રો છે, અને વળી ઇતિહાસમાં નામાંકિત તેમ હાલનાં રાષ્ટ્રોમાં સુપ્રતિષ્ઠિત છે, જાણો છો ?

‡ આમાં હવે એ સૌથી વધારે પ્રબળ એયરોપ્લેન, રેડિયો, વાયરલેસ, ટેકનીકલર સિનેમા ફિલ્મ, ટેલીવિઝન, આદિ ઝડપથી વધતાં જાય છે. દેશ દેશ વચ્ચેની, ખંડ ખંડ વચ્ચેની સીમાઓને ઝડપથી ભૂસી નાખનાર સૈકાનો ઉદય થઈ ચુક્યો છે. હવે આપણા ધર્મગુરુઓમાં વિજ્ઞાન-પ્રગતિને પોતાનાં સાધન લેખે અપનાવી શકશે, તેઓ પોતપોતાનાં "કૉપીરાઇટ" રેડિયોક્ષેત્ર રાખશે, અને પોતપોતાની ભક્તમંડળી સાથે એ દ્વારા રોજેરોજ સાંનિધ્ય સાધશે એવું ભાવિ ભાખું છું. ઉમેરવાની જરૂર નથી કે આ તો માત્ર એક દાખલો આપું છું.

કર્યું, ત્યારે એ ઐતિહાસિક મહાવિચારજૂથમાંથી તાબડતોબ યોજવા યોગ્ય નવાં કર્ત્તવ્યો પણ ભાઈ જયશંકર ત્રિવેદીની વ્યવહારુ બુદ્ધિએ ઝડપી લીધાં અને બંધુસમાજનું સુકાન એ દિશા તર્ફ વાળ્યું. મોટી દિલગીરીની વાત છે કે આમાંનું પ્હેલું મોટું પગથિયું–પૂણાના આબોહવામાં અને આ દક્ષિણી સમાજની નીતિરીતિના વાતાવરણમાં એક ગુજરાતી શાળા એકડે એકથી માંડીને મેટ્રિક્યુલેશન અને કેમ્બ્રિજ સીનિયરનાં ધોરણ લગીના વર્ગોવાળી, તથા સાથે ઇંગ્રેજી ચોથા ધોરણથી માંડીને ત્રણચાર વર્ષના અભ્યાસ માટે ગુજરાતી વિદ્યાર્થીઓની એક હોસ્ટેલ, ગુજરાતી વિદ્યાર્થિનીઓની બીજી. એ બરોબર સિદ્ધ થઈ શકે તે પ્હેલાં જ ભાઈ જયશંકરનો દેહ પડી ગયો.

ભાઈઓ અને બ્હેનો, આપણા ધનિકો પાંચગની અને આબૂ, અને તેથી પણ આધે હાઇસ્કૂલો અને હૉસ્ટેલોના મનસૂબા કરે છે અને એવી યોજનાઓને લાખોનો ટેકો આપવા તૈયાર થઈ જાય છે, ત્યારે હું એ સૌને આ મુકાબલે થોડા ખર્ચની અને વધુ મોટા ફાયદાવાળી યોજનાનો પુખ્ત વિચાર કરવાની આજીજી કરૂં છું. મરાઠી પ્રજાના સામાજિક, નૈતિક વાતાવરણથી તે વચ્ચે ઉછરતાં ગુજરાતી ચારિત્રને ખાસ લાભ થાય એમ મ્હારું માનવું છે. આપણા માનસ અને આપણા ચારિત્રમાં પણ ખાસ ગુણો નથી એમ હું નથી જ કહેતો. દક્ષણી પ્રજાના માનસમાં અને ચારિત્રમાં ખાસ દોષો નથી એમ પણ હું નથી જ કહેતો. હું જે કંઇ કહું તેનો એવો અનર્થ ન કરશો. પાંચગની, આબૂ વગેરેમાં ગુજરાતીઓ માટે કેળવણીની સંસ્થાઓ ના જોઈએ અથવા એવી સંસ્થાઓથી લાભ કરતાં હાનિ વિશેષ એમ હું નથી જ કહેતો. ઐતિહાસિક પદ્ધતિએ વિચાર કરવાને ટેવાયેલ મગજની વિચારણા ઘણુંખરું સંકુચિતતાને વળગતી ખામીઓથી મુક્ત હોય, એટલું ધ્યાનમાં રાખશો અને મ્હને અન્યાય

ન કરશો. જુવો, મ્હારે આપ સૌનો ઝાઝો સમય લેવો નથી, તથાપિ આ બાબત ઉપર ચાર બોલ બોલું તે સહી જશો.

અમારી જ્ઞાતિમાંથી એક સાથે ચાર નવજુવાન* વધુ અભ્યાસ માટે વિલાયત જવા તૈયાર થયા,—ઈ. સ. ૧૮૯૫ પ્હેલાંની આ હકીકત છે—ત્યારે એમને સન્માનની સભામાં પ્રમુખ અંબાલાલભાઈએ બે વેણ સદ્બોધનાં કહેલાં—"જુવો ભાઈઓ, ત્હમે બાળક નથી; ત્હમે છસાત હજાર માઈલને છેટે પોતાનાં ઘરબાર, સગાંવ્હાલાં આદિથી વિખુટા પડીને ત્રણચાર વર્ષ એ પરાયા લોક અને જુદી જ જાતનાં હવાપાણીમાં ગાળવા જાવ છો, તે એમનું આંધળું અનુકરણ કરવાને નથી જતા; એમની એબો અને એમના દોષો વળગે તે વળગવા દેવાને નથી જતા; એમના જે ગુણો છે, એમનું જે અહીં આપણામાં નથી અને આપણને ઉપયોગી થઈ પડે એવું છે, તેનું તેવું મેળવવાને કાજે ત્હમે આ સાહસ ખેડો છો." હું અહીં પ્રોફેસર લેખે અને પછી નિવૃત્ત થઈને લાગટ તેરચૌદ વર્ષ રહ્યો× તે દરમિયાન અંબાલાલભાઈનું આ વચનામૃત મેં આ બંધુસમાજમાં અને છુટાછવાયા ગુજરાતી કૉલેજિયનોને અનેકવાર સંભળાવ્યું હશે.

---

* આ ચારમાં સૌથી લાંબું આયુષ્ય ભોગવનાર બંધુનો દેહ હજી હમણાં જ પડી ગયો છે. બેના મુકાબલે વ્હેલા ગત થયેલા. ચોથા આ ભાષણની તારીખે હયાત હતા પણ આ ચોપડીઆકારે છપાય તે પ્હેલાં એ પણ સિધાવી ગયા છે.

× પૂણામાં જુદે જુદે વખતે થઇને રહ્યો છું તેનો સરવાળો કરિયે તો ખાસાં વીશ વર્ષ થાય. રાજકોટનિવાસનો એવો સરવાળો કંઇક મોટો થાય. પછી આવે વડોદરા દશ વર્ષ. અજમેરનિવાસનાં (બે કટકે) છ વર્ષ, કરતાં મુંબાઇનિવાસ (૧૯૩૭ આખરથી)નાં વધી જશે એમ લાગે છે. મુંબાઇ મ્હારે તો પહેલી તકે છોડવું છે, પરંતુ એ પ્હેલી તક હજી તો સામે આવી લાગતી દેખાતી નથી !

દક્ષણી પ્રજા સિદ્ધાંતોને વળગી રહેવાની ચિક્કણતા ('ચિકાટી') માટે, વિદ્યાપ્રીતિ માટે, ખાનપાન, પ્હેરવાઓઢવાની, સામાજિક પ્રસંગો વખતે કરકસરની અને જૂની રૂઢિઓને વળગી રહેવાની સાદાઇ માટે, અને એમના શારીરિક સ્ફૂર્તિ ખેલો અને કસરતોના શોખ માટે જાણીતી છે. સામાજિક પ્રસંગો વખતે કરકસરની સાથે પોતાના કીમતી વસ્ત્રો વગેરેના શોખનો સુમેળ ગુજરાતી પ્રજાએ પોતાની રીતે સાધેલો હતો. માળાના મણકા એક વાર ફેરવી લઇયે એટલાં (એટલે એકસોને આઠેક) વર્ષ ઉપર મ્હારા દાદાજી અને દાદીમા પરણેલાં. એમને માટે જે રેશમી ઘાટડી મૂળ પાટણના પણ તે વખતે અમદાવાદમાં વસતા વણકરની* ખરીદવામાં આવેલી, તે પછી ધોઇને સાચવી મુકેલી, કોઇક વખતે પ્હેરવામાં આવે ત્યારે પાછી બરાબર ધોવડાવી નવી જેવી દેખાય એવી રીતે જ જાળવવામાં આવે. આને આ ઘાટડી મ્હારાં એક ફોઇના લગ્ન વખતે નવી તરીકે બીજી વાર વપરાયલી, અને એ ને એ ફોઇનાં એક પુત્રીનાં લગ્ન વખતે ત્રીજી વાર નવી તરીકે જ વપરાયલી. અને હાલની પ્રજાને તાજુબી લાગે ભલે, પરંતુ મૂળરાજ સોલંકી વનરાજ ચાવડા અને તેની ય પ્હેલાં વલભી ગુપ્તોના સમયથી ગુજરાતમાં હજારો, લાખો અને અસંખ્ય કુટુંબોમાં આ પ્રમાણે ચાલતું આવેલું હતું. એ સૈકાઓમાં માત્ર સોનારૂપાના દાગીના નહીં, કીમતી અને ટકાઉ વસ્ત્રો પણ "સ્ત્રીધન" ગણાતાં અને માતાનું સ્ત્રીધન પુત્રીને મળે તેમાં પુત્રવધૂ વાંધો ન લઈ શકે, કેમકે એને પોતાની માતાનું મળતું. છેલ્લાં

* એ વણકરને ત્યાં એ "નંગ" કેટલાં વર્ષ ઉપર વણાઇ તૈયાર થયેલું તે વણકર કે વણકરનો બાપ જ જાણે! ખરીદાય તે જ સાલમાં વણાયેલ તો બહુ જ થોડાં નંગ વેચાતાં. ભાવ પ્રમાણે રેશમ ખરીદાય અને તેમાંથી ધંધો સ્થાયી ચાલ્યા કરે એમ ધીરે ધીરે વણાટ વણાયા કરે, આગલી પેઢીને હાથે ઉછરતી કેળવાયા કરે એમ આ તંત્રો ચાલતાં.

સાઠેક વર્ષથી સાદાઇ અને કરકસર ગુજરાતી પ્રજામાંથી વધતા જતા વેગે અદૃશ્ય થતાં લાગે છે, એ સાઠ વર્ષનાં જ પરિચયી નવાં ગુજરાતીગુજરાતણોને હું ભાર દઇને સંભારી આપવા ઇચ્છું છું કે સાદાઈ અને કરકસરના ગુણ આપણે દક્ષણીઓ પાસેથી કે કોઈ પાસેથી નવા શીખવાના છે નહીં; એ ગુણો આપણામાં પણ સારી પેઠે વિકસેલા હતા. પરંતુ આ અવનવી કરામતો અને બનાવટો, દેશદેશની અવનવી પ્હેરવાઓઢવાની તરેહો અને ફેશનો આપણે જોઇએ છ તે ઉપર મોહી પડિયે છિયે, અને તેને વળગવા જઇયે છિયે, ધનિકોની પાછળ સામાન્ય સ્થિતિનાં કુટુંબો પણ દેખાદેખી તણાય છે, એ અપલક્ષણ આપણામાં છેલ્લાં સાઠશિત્તેર કે પોણોસો વર્ષથી જ વધવા લાગ્યું છે. દક્ષણીઓએ આ નવતરતાનો અને ખરચાળ ફેશનોનો ચેપ આપણા કરતાં બહુ થોડો વળગવા દીધો છે તો તેઓને ખર્ચખૂટણના અને કૌટુંબિક આવકજાવકનાં જમાઉધાર પાસાં સમતોલ રાખવામાં એટલી વધારે નીરાંત પણ છે. એમનું આજીવિકાધોરણ (સ્ટેન્ડર્ડ ઑફ લિવિંગ) એ ને એ ચાલે છે, જ્યારે આપણું ઉચ્ચતર વધારે સુસંસ્કૃત થતું આવે છે, માટે આપણે એમનાથી એટલા આગળ વધતા ગણાઇયે, એ તો ખોટી ભ્રમણા છે; એ સાચું કદાચ હોય, તો તેની સત્યતા ઠસાવવા માટે વધારે સંગીન દાખલાદલીલો જોઇએ. અહીં સ્પર્શ્યો છે તેવા દાખલા ના ચાલે.

દક્ષણી પ્રજામાં આગળ પડતા ગુણો તરીકે ગણાવી ગયો તેમાંના દરેક વિશે આટલો સમય લેવાની પણ મ્હારી ઇચ્છા નથી. એમની શરીરસ્ફૂર્તિ અને કસરતપ્રીતિ વિશે જ થોડી મિનિટ લઇશ. પરંતુ એ પ્રજાના એ ગુણ ઉપરથી ધડો લેવાને કોઈ ગુજરાતીને પૂણે લગી આવવાની જરૂર નથી. આજના વડોદરામાં શ્રી માણેકરાવના અને બીજા અખાડાઓમાં અને વડોદરામાં રાજ્યાશ્રયથી દર વર્ષે થતી

અનેક ખેલકસરતની હરીફાઈઓમાં એ પ્રજાનો આ મોટો ગુણ પૂરતો દીપી ઉઠે છે. અથવા મુંબાઈમાં ચોપાટીની રેતીના વિશાળ અને લાંબા પટ ઉપર જ શ્રાવણભાદરવા મહિનામાં કોઈપણ પાછલે પ્રહરે ગુજરાતી કે બીજી કોઈપણ પ્રજાનો પ્રતિનિધિ એ સારી રીતે નિહાળી શકશે. ટિળકની પ્રતિમાથી બાબુલનાથ મંદિર લગીના એ બીની રેતીનાં દડમાં આ મહિનાઓ દરમિયાન જ્યાં ને ત્યાં ત્હમે બારચૌદથી ત્રીશ કે વધારે ઉંમરના માપસર અવયવોવાળા દેહયષ્ટિએ ખૂબસૂરત પ્હેલવાનોને લંગોટભર પોષાકે મ્હાલતા પેંતરા ભરતા અને કુસ્તીઓ કરતા જોશો. દરેક બેત્રણ ન્હાનીમોટી ઉંમરનાં એ દ્વંદ્વોની આસપાસ પ્રેક્ષકોના ન્હાનાંમોટાં કુંડાળાં ત્હમે જોશો. એ કુંડાળાંની વચ્ચે વચ્ચે, જાણે મેળો હોય એમ "ઉસાચા રસ" માટેની પૈડાં પર ચડાવેલી સામગ્રી, લીલાં નાળિયેર અને કેળાંના ટોપલા, કુરમુરા મમરા, ચેવડાચકલી, શીંગદાણા, પૂરીપકોડી, વગેરેના ખુમચા ત્હમે જોશો. અને એ તો મુંબાઈનગરી છે એટલે જાપાની ફુક્કા અને જર્મન રમકડાંના ફેરિયા પણ ત્હમે જોશો. ગાનતાન, ભજનમંડળી અને એકતારા કે રાવણહત્થાના "ભરથરી" ભીખારી પણ જોવામાં આવશે, પરંતુ તે પ્રમાણમાં બહુ થોડા. શાંતિ જાળવવા ચોરીઓ વગેરે અટકાવવા પોલીસ પણ જોવામાં આવશે, પરંતુ તે એથી ય થોડા. કિશોર અને જુવાન ગુજરાતી ગુજરાતણો રોજ ને રોજ મુંબાઈમાં ચોપાટી પર ફરવા આવે છે, તેઓ આ દૃશ્ય જુવે છે જુવે છે અને જાણે તેમની આંખો ફાંકા ના હોય તેમ એનો મર્મ તો દેખતાં જ નથી. દક્ષણી પ્રજાના નીચલાં થરોએ આ ઋતુ અને આ સ્થાન આવા ઉપયોગ માટે પોતાની મેળે અને અનાયાસે પસંદ કર્યું છે, કોઈ આદેશ, ફરમાન કે "નિરોપ" એમને થયો નથી, કોઈ ધર્મગુરુ કે મહાત્માના મંત્રની ફૂંક એમણે મેળવી નથી, કોઈની પરવાનગી પણ માગવાની એમને જરૂર જણાઈ

નથી. મુંબાઈના ચોમાસાની ઋતુ પણ આવે સ્થલે આવી રીતે ગાળવામાં આવે, તો તે સુસ્તીપ્રેરક આળસવર્દ્ધક નથી, સ્ફૂર્ત્તિપોષક અને તાઝગીબક્ષ બને છે, એ શોધ આ પ્રજાએ પોતાની રુચિઓ અને પ્રેરણાઓ પ્રમાણેનું સમૂહવર્ત્તન આપોઆપ ઉપજાવીને પોતાની મેળે કરી છે. ગુજરાતી પ્રજા આ સર્વ ક્યારે જોતી થાય, એમનાં અનાયાસ આચરણમાં દેખાડી દે એવી ક્યારે થાય, એ શુભ દિવસની રાહ હું જોઉં છું. લાગે છે કે ફરીફરીને બેચાર વાર ગુજરાતી જન્મ્યા કરું અને આ ફેરાની જેમ લાંબું આયુષ્ય દરેક વખત ભોગવું તો પણ એવાં એવાં દૃશ્ય ગુજરાતીઓમાં જોવા ન યે પામું. શ્રી અંબાલાલ પુરાણી જેવી સમર્થ વ્યક્તિઓએ નવલોહિયા હતા ત્યારે ગુજરાતી પ્રજામાં અખાડાઓ દાખલ કરવા અને ફેલાવવાનો પ્રયત્ન કરેલો. એ પ્રવૃત્તિ થોડાં વર્ષ તો જોશમાં સારી પેઠે ખીલતી જણાઈ હતી. પરંતુ અત્યારે ? વારુ એક નહીં અનેકાનેક વાર આવી પ્રવૃત્તિઓ ફરીફરીને અને અનેક સ્થલોમાં સાથે લાગી પ્રવર્ત્તાવવી જોઈએ. આને માટે એટએટલા સ્વયંસેવકો ફરીફરીને ગુજરાતી પ્રજામાં ઉપજ્યા કરે ખરા ? પ્રજાની શિક્ષણસંસ્થાઓ સાથે જ આ અંગકેળવણીના અંગને અવિભાજ્ય રીતે જોડી દેવામાં આવે જ, તો જ સિદ્ધિ મળે એમ લાગે છે.

ભાઈ જયશંકરના અને અમારા વિચારો કે સ્વપ્નો, સ્વપ્નમિશ્રિત વિચારો કે વિચારપ્રાણિત સ્વપ્નો પૂણામાં ગુજરાતી શાળા અને હૉસ્ટેલો રચવી એટલેથી અટકેલા નહીં. પૂણાની સંસ્થાઓ ચાલે ત્યાં એવી સંસ્થાઓ હિંદમાંના બૃહદ્ ગુજરાતનાં કરાંચી જેવાં બીજાં એકએ સ્થાનમાં જમાવવી એ અમારી ભાવનાનું બીજું પગથિયું હતું. પછી દક્ષિણ આફ્રિકા, પૂર્વ આફ્રિકા, સિંગાપુર અને શાંગહાઈમાં પણ એવી સંસ્થાઓ, એ અમારી ભાવનાનું ત્રીજું પગથિયું હતું. અને આવી સંસ્થાઓ માટે લાયક શિક્ષકશિક્ષિકાઓ કેવળ પગારની

લાલચે એટલે બજારૂ વ્યવહારે પૂરતા પ્રમાણમાં ના જ મળે, સેવા-ભાવે ઉજ્જ્વલ ચારિત્ર્યવાળાં શિક્ષકશિક્ષિકાઓ મળે તેટલા જ પ્રમાણમાં આવી સંસ્થાઓ ટકે, વધે અને વિજયી નીવડે, માટે એવાં યુવકયુવતીઓને ચૂંટી કહાડવાં, તેમને પોતપોતાના શિક્ષણસંસ્કારકાર્ય ઉત્તમ રીતે બજાવી શકે, વળી તેમાં મચવામાં આનંદી રહે એ પ્રમાણે તૈયાર કરવાં, તથા તેમની જરૂરિયાતો માટે અથવ્ય વીશ વર્ષ નોકરી પછી તેમના નિભાવ માટે પૂરતો નિવડે એવો નિધિ—એવો ન્યાસ-દ્રવ્યભંડાર–ગુજરાત બૃહદ્ ગુજરાત સૌને જે સ્થળે સૌથી વધારે જરૂર તે ક્ષણે ત્યાં ખપમાં લઈ શકાય એવો, પણ સ્થાપવો અને લાયક ટ્રસ્ટીઓ (ન્યાસપ્રતિપાલો)ને તેનું તંત્ર સોંપવું,—એ પ્રકારનું અમારી ભાવનાનું સૌથી ઉપલું પગથિયું હતું. આ બધું અત્યારે આ વયે, આ વિશ્વયુદ્ધનો અને બીજા કોલાહલ ધ્યાનનો કબ્જો લઈ રહ્યા છે ત્યાં, સાંભરે છે, ત્યારે આ સિંહાવલોકન કે વિહંગાવલોકનથી ગ્લાનિ પણ થાય છે, સાથે સાથે એવી એવી વિચારસ્વપ્નમાલા કે સ્વપ્ન-વિચારમાલાની અમરતા સ્વયંપ્રકાશ અને સ્વતઃસિદ્ધ જેવી ય દેખાયા કરે છે.

માણસ, મોટામાં મોટી શક્તિઓવાળો માણસ પણ, જંતુડું માત્ર છે. લાંબામાં લાંબું આયુષ્ય સો વર્ષની આસપાસથી વધારે લાંબું હોતું નથી. સારામાં સારી રીતે આદરવામાં આવેલાં મોટાં મોટાં કામ અધૂરાં રહે છે, અને કર્તા પુરુષ પોતે એ પોતાના પ્રિયતમ-કાર્યની પૂર્ણાહુતિ ક્યારે કોણ કેવા સંજોગોમાં કયા રૂપની કરશે, એ સર્વ વિશે કેવળ અંધકારમાં રહી ચાલી નીકળે છે. ઝમાને ઝમાને મોટામાં મોટા પુરુષ જેમ ભાવના ઉચ્ચતર તેમ વધારે ગ્લાનિના ભોગ બને છે, તેનું ઇતિહાસબીજ માણસ માત્રની આ ક્ષુદ્રતા અને અલ્પજીવિતા છે.

સામી બાજુએ જુવો. દરિયો જુવો, આકાશ જુવો: મોજા પછી મોજાની, વાદળ પાછળ વાદળની અનંત અને અખૂટ આવ્યા જ કરતી હાર ઉપર હાર જુવો. માણસવ્યક્તિ જંતુડું માત્ર છે ભલે: પ્રજાની મહાવ્યક્તિ અમર અને અનંત છે, અનવરત ગતિમાન છે, પેઢી પછી પેઢીની હાર ઉપર હાર આવ્યા જ કરે છે. એક હાર કિશોરમાંથી જવાન, જવાનમાંથી ઘરડી થઈ કાળની અફાટ મોંફાડમાં બલિ બનવાને તૈયાર થાય છે, ત્યાં એની પાછળ બીજી ભરજુવાન હાર આવતી જ હોય છે, ચડતી જ હોય છે. પ્રજાની કારવાનની કૂચ અમર છે, અટકઅંતરાય નડી જ ના શકે એવી છે,* એવા ભાનનું ફિલસૂફીબીજ આ પ્રકારનું છે.

ઝમાને ઝમાને લાકખો મનુજજંતુડાં કિંકર્ત્તવ્યમૂઢ આમ દોડે છે, તેમ અફળાયે કૂટાય છે, ભટકમાં ભડકે છે, ભડકમાં પાછાં ભટકે છે, અટવાઇ જાય છે, ગરીબ બાપડાં.

ઝમાને ઝમાને લાકખો મનુજજંતુડાં મૃગજલ જેવા આભાસો પાછળ દોડે છે, દોડ્યા જ કરે છે. થાકી થાકી લોથ થઈ જાય છે. પાણી! પાણી! કરતાં શ્વાસ છોડે છે. એમનું જીવતર દોડવામાં તો ગયું, એટલું ય સાથે.

૨૮. ઝમાને ઝમાને લાકખો જંતુડાં લક્ષ્મી, માનમુરવ્વત, કે સત્તા જેવા સ્વાર્થોને પ્રેય વા શ્રેય ગણી બેસે છે; નીચ પંગુઓ આ કંઈ

---

* પ્રજાસ્મિતા (નેશનાલિઝમ)ના જોશને કાળી બાજુ પણ છે, તે સારી રીતે જાણું છું. સેવાભાવના સાથે સત્તાલોભ આદિ સ્વાર્થી આવેશો સેળભેળ થઈ જતાં રજોગુણપ્રધાન નાયકો પ્રજાકારવાનના આગવા બને એનો કંઇક ઇશારો આગળ આવે છે. પ્રજાસ્મિતા સાથે દ્વેષ, ક્રૂરતા, ઔદ્ધત્ય આદિ સેળભેળ થઈ જાય, ત્યારે તમોગુણપ્રધાન નાયકોને હાથ પ્રજાનું ભાવિ જઈ પડે છે. પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ.

મેળવેલા દેખાય તેવાઓની ખુશામત પણ ખૂબ કરતા જણાય છે, તેથી ઘણાઘણા ભૂલાવામાં પડે છે; આ સર્વની નિ:સારતા જોતા જ નથી અથવા તો જોવા માંડે છે ત્યારે તો અત્યંત મોડું થઈ ગયું હોય છે. આ આપણાં સામાન્ય માનવીઓ, પ્રજારૂપ મહાવ્યક્તિની જીવનપ્રગતિને આવાં સામાન્ય માણસોનાં કાર્યકાર્યોથી કંઈક લાભ પણ કદાપિ થઈ જાય; જો કે એવો બનાવ બહુધા અકસ્માત જ બનવા પામે છે. તેનો આપણે એવી કોઈ વ્યક્તિને જશ આપિયે તે ભલે; પરંતુ તે વ્યક્તિ તો પોતાના અંતરાત્મામાં સારી રીતે સમઝે છે કે એ કાકતાલીય હતું, એને પોતાને એવો કશો જશ ઘટતો નથી જ.

ઝમાને ઝમાને પ્રજાજીવનની પ્રગતિ અમુક અમુક દિશાઓમાં કાળબળોએ આખી દુનિયા અને આખી માનવજાતિને સ્પર્શતા મહાબનાવોના ધક્કાથી ઉઠતા મોજાએ સધાતી હોય છે. તે જ અરસામાં અમુક દેશ અને પ્રજામાં અમુક નાયકો અને તેમનાં અનુયાયી ઝુંડો પ્રજાના તે જ પ્રકારનાં હિત માટે અમે મથી રહ્યા છિયે એમ માનતામનાવતા હોય છે. હિત આવી મળે છે ત્યારે તે અમારા પેંતરાઓ વડે અમારા મહાભારત ભોગો અને પ્રયાસો વડે સિદ્ધ થયું છે, એવા એવા દાવા પણ થવા કુદરતી છે. નાયકો અને તેમના અનુયાયીમાંથી જેવી જેની નિષ્ઠા નિખાલસ અને નિ:સ્વાર્થ, તેને તેને હક્ક કરતાં વધારે જશ મળી જાય તે ભલે. બનાવ બને છે તેમાં કાળબળો કારણભૂત કેટલાં ગણાય, આવા નાયકાદિના પ્રયાસો કારણભૂત કેટલાં ગણાય, એવા એવા સવાલ હરહંમેશ ગુંચવણિયા અને અટપટા હોય જ. માનવી પ્રકૃતિમાં પણ પડ તળે પડનાં મિશ્રણ અદ્‌ભુત હોય છે. રજોગુણપ્રધાન આગેવાનોમાં સેવાનિષ્ઠા અને સત્તાલોભ કોઇ બી રાસાયનિક પૃથક્કરણે છૂટાં ન પડે એવાં સંમિશ્રિત હોય છે, લગભગ એકરસ થઈ ગયાં હોય છે.

પેઢી ઉપર પેઢી, નજાને કેટકેટલી, જૂની ઘરેડોને વળગી રહેવામાં શ્રેયસ્સર્વસ્વ માને મનાવે છે, જન્મે છે, નવી પેઢીને ઉછેરે છે, નથી ઉછેરતી ને પોતે મરી જાય છે, જન્મે છે ને મરે છે, જન્મે છે અને મરે છે. પરંતુ એમાં કોઈ કોઈ બુદ્ધિપ્રધાન જીવ પોતાની બંડખોર વિચારણામાં શ્રદ્ધાએ કુદી પરંપરાપૂત ઘરેડમાંથી નીકળી જાય છે, અવર્ણનીય દુઃખો અને કષ્ટો વેઠતો વેઠતો પણ નવી કેડી પાડે છે; અને તેની પાછળ આવતા જનોને પગલે પગલે એવી નવી કેડીની પણ પરંપરા બંધાય છે, અને મોટી ઘરેડ બની રહે છે. બુદ્ધિપ્રધાન બંડખોરો આવી અવનવી ઘરેડો ઉપજાવતા જાય છે, તેનું નામ જ માનવી કારવાનનો પ્રગતિપંથ.

બ્હેનો અને ભાઈઓ, હું ફિલસૂફીની શુષ્કતામાં દટાતો લાગું છું? કવિના કલ્પનાનાં ગૂંછળાં ને વમળોમાં ભરાઈ જતો લાગું છું? વિજ્ઞાન અને બુદ્ધિપ્રવૃત્તિ માટે અતિશય માનવિશ્વાસમાં તણાઈ જતો લાગું છું? એ જે હો તે હો; વિશેષ ચર્ચાથી કેટલાકને તો મ્હારી વિચારણા કંઈક સ્ફુટ થાય. પરંતુ તે માટે આજે સમય નથી. એટલે અહીં હવે મ્હારે એક જ કહેવું છે, અને તે આ મ્હારાં નવજુવાન યુવકયુવતીઓને, બેટાબેટીઓને ગુજરાતી પ્રજા અને દક્ષણી પ્રજામાં એક મહામોટો ભેદ છે. ગુજરાતી પ્રજા ઊર્મિલ છે; દક્ષણી પ્રજા મુકાબલે અનૂર્મિલ અને વાસ્તવલક્ષી છે. બંધુસમાજનાં ભાઈઓ અને બ્હેનો, ત્હમે આ દક્ષણી પ્રજાના આ પાટનગરમાં એક વર્ષ બે વર્ષ ત્રણ વર્ષ ચાર વર્ષથી આવ્યાં છો અને રહ્યાં છો. ત્હમે કંઈક વાસ્તવલક્ષી અને અનૂર્મિલ બનજો. અશક્ય આદર્શો પાછળ અને માત્ર ચાલતાં વહનોમાં તણાશો નહીં. જાતે વિચાર કરી સ્વતંત્રપણે પોતાનાં ધ્યેય અને તે માટેના ઉચિત માર્ગો નક્કી કરતાં શીખજો, અને તેને વળગી રહેવામાં જ જીવનસાર્થક્ય ગણજો. બૃહદ્ ગુજરાતને કેળવવાના, ગુજરાત બૃહદ્ ગુજરાતને સંસ્કૃતિપ્રવાહના વહને એકરસ

બનાવવાના, જે વિચારપ્રાણિત સ્વપ્ન કે સ્વપ્નાભિન્ન વિચાર મેં આજે ત્હમારી આગળ દર્શાવ્યા, તે કે તેને મળતા કોઈ બીજા પ્રજાહિતસાધક વિચારજૂથને ત્હમે વરજો. સ્વાર્થી જીવન લક્ષ્મીભક્તિ, સત્તાગુલામી માત્ર જંતુડાંનું જીવન છે; હીન અને વરાક છે. પ્રજાહિતનો કોઈ શક્ય આદર્શ, પ્રજાજીવનપ્રગતિની કોઈ અનૂર્મિલ ભાવના ત્હમે અપનાવજો, તેને વળગી જ રહેવા જેટલી ચારિત્રની દ્રઢતા વિકસાવજો, અને સુખી થજો. પ્રજાપ્રગતિ જ સર્વતોભદ્ર છે. સ્વાર્થી અને ક્ષુદ્ર વ્યક્તિઆત્મામાંથી હૃદય પોતાનાં વહનો વાળી લઈ પ્રજાવ્યક્તિના મહાન અમર આત્માને પોતાનો સાચો આત્મા ગણતું થઈ તમામ ઊર્મિ અને ભાવનો કળશ તેના ઉપર રેડતાં, ઢોળતાં શીખે, એનું નામ જ ઉચ્ચ કેળવણી. ચારિત્ર અને જીવનધ્યેયની એ ઉચ્ચતા ત્હમે પ્રાપ્ત કરો અને સુખી થાવ.

આપ સૌ મ્હને આટઆટલાં વાનાં કરો છો તે માટે સૌનો ફરીને આભાર માનું છું.

## ૭ મુંબાઈ, તા. ૩૦-૭-૧૯૪૪

સન્માનયોજક સંસ્થા :—મુંબાઈ પ્રો. ઠાકોર સન્માન સમિતિ.

સ્થાન :—યુનિવર્સિટી કૉન્વોકેશન હૉલ.

પ્રમુખ :—સર ચિમનલાલ સેતાલવાડ.

**સર ચિમનલાલ સેતાલવાડ, વાઇસચેન્સેલર સાહેબ, મુંબાઈ શારદામંદિરના નવા, જના, પ્રૌઢ અને અદ્યતન વિદ્યાભક્તો, અને મુંબાઈનગરીના સાહિત્યભોગી ભાઈ ઓ અને બ્હેનો :**

વાઇસચેન્સેલર દાક્તર મક્કિકનની સહીવાળો મ્હને મ્હારી પદવીનો દસ્તાવેજ મળ્યો તેને ચોપનમું વર્ષ જાય છે. મુંબાઈ શારદામંદિર (યુનિવર્સિટી)માં પરીક્ષક લેખે મેં પહેલી વાર સેવા બજાવી તેને ચુમ્માળીસમું વર્ષ જાય છે. ડેક્કન કૉલેજમાં મ્હને કાયમી આચાર્યપદ મળ્યું તેને ત્રીશમું જાય છે. પછી પંદર વર્ષ હું આ શારદામંદિરની સેનેટમાં હતો, નવ વર્ષ ઇંડિયન હિસ્ટોરિકલ રેકર્ડ્સ કમિશનમાં મુંબાઈ ઇલાકાનો સરકારનિયુક્ત પ્રતિનિધિ હતો, જુદે જુદે વખતે મળીને નવ વર્ષ યુનિવર્સિટી ઇન્સ્પેક્શન કમિટિનો સભ્ય હતો, ગુજરાતી બોર્ડ ઑફ સ્ટડીઝ ઓરિયેન્ટલ બોર્ડ ઑફ સ્ટડીઝથી જુદું પડતાં તેનો પ્રમુખ હતો, આપણા આ શારદામંદિરમાં હિંદના ઇતિહાસ

માટેના તેમ મધ્યકાલીન ગુજરાતી માટેના ઉચ્ચ અભ્યાસક્રમ હજી મેં આંકેલી રેખાઓ પ્રમાણે ચાલે છે, વગેરે વગેરે સ્મૃતિઓ આ મુખ્યત્વે શારદામંદિરના પદવીધરોના મોટા મેળાવડામાં આવતાં આજે પાછી તાજી થાય છે. આજના પ્રમુખ સાહેબે આપણા શારદામંદિરમાં લાંબા વખત લગી વાઇસચેન્સેલરના પદે અમૂલ્ય સેવાઓ બજાવી છે, કદાચ હિંદમાં બીજા કોઈ વાઇસચેન્સેલરે એટલાં બધાં વર્ષ એક યુનિવર્સિટીની એવી ઉચ્ચ સેવા બજાવ્યાનો દાખલો પણ જડે ભાગ્યે. એમનાં વાઇસચેન્સેલર લેખે પ્રવચનો અગિયારબારની માલા જાણે ગઈ કાલની બીના હોય એમ સાંભરી આવે છે. અને મ્હારા સામળદાસ કોલેજના પ્રોફેસર અને પછી યુનિવર્સિટી રજિસ્ટ્રાર લેખે પ્રૌઢો યશ ખાટી જનાર ખાનબહાદૂર ફરદુનજી મંચેરજી દસ્તૂરની સૌમ્ય સતતોદ્યોગી મૂર્તિ આજે પાછી આંખ આગળ તરી આવે છે. આપણા શારદામંદિરમાં ફિલસૂફીની મૂર્ત્તિ લેખે જેમ એફ. જી. સેલ્બી, રાજકારણમીમાંસાની પ્રતિમા લેખે જેમ એફ. ડબ્લ્યુ. બેઇન, તેમ સુસંસ્કૃત શારદામંદિરે પરિષ્કૃત ચારિત્રની સૌમ્યતા સાથે દૃઢતાના પ્રતીક લેખે શ્રી ફરદુનજીની મૂર્તિ મ્હારા ચિત્તંત્રમાં ઊંડી છપાઈ ગઈ છે. ઈ. ૧૮૮૫માં ભાવનગર સામળદાસ કોલેજ શરુ થઈ અને રાજકોટથી હું ત્યાં ગયો,* ત્યારથી ગણિતના પ્રોફેસર ફરદુનજી અને એમનાં પત્ની આવાંબાઈ, બંને ભરૂચનાં એ વિશેષ કારણે મ્હને ખાસ ઓળખતાં થઇ ગયેલ. હું એ કોલેજમાં ત્રણ વર્ષ રહ્યો તે દરમિયાન બંનેનો મ્હારા પર એવો વાત્સલ્યભાવ જામ્યો, કે તેઓ

---

* રાજકોટથી જેતલસર લગી ટાંગામાં, જેતલસરથી જ આગગાડીમાં કેમકે જેતલસરથી રાજકોટ લગીનો અંકોડો હજી બંધાતો હતો. આ ટાંગાની મુસાફરી રસોવાઈ હતી, હું હાંકનારની પાસેની બેઠકમાં બેઠો હતો, અને મ્હારી ઊંઘ એવી તો ગાઢ, ટાંગામાંથી હું કથલી સડક પર પડી ના જાઉં તેની સંભાળ હાંકનારને વારંવાર રાખવી પડી હતી.

જાણે મ્હારાં સગાં વડીલો હોય એમ તેઓ જીવ્યાં ત્યાં લગી તે ચાલ્યા કર્યો. હું લખતો થયો, લખાણનાં પ્રકાશનો કરતો થયો, ત્યારથી ઇંગ્રેજીગુજરાતી મ્હારું દરેક લખાણ નિયમિત રીતે વાંચે અને મ્હારી સાથે રૂબરૂ કે કાગળદ્વારા ચર્ચે, એક મ્હારા હેડમાસ્તર દોરાબજી ગીમી, એક મ્હારા પ્રોફેસર ફરદુનજી. બંનેનું ગુજરાતી ભાષા અને સાહિત્યનું જ્ઞાન પણ ગુજરાતી પંડિતો જ હોય એવું, જો કે જેમ ગોવર્દ્ધનરામના કેટલાક ઉચ્ચાર છેવટ લગી ચરોતરી તેમ આમના કંઈક વધારે પ્રમાણમાં પારસી. પરંતુ મ્હારા પ્રતિ આવા સ્નેહભાવ કરતાં પણ મ્હારા ચિત્તંત્ર ઉપર શ્રી ફરદુનજીના ચારિત્રબળની છાપ જ વધારે ઊંડી અને કદાપિ ઝાંખી ન પડે એવી પડેલી છે. કેટલીક બાબતો એમની આગળ બોલવાની કોઈ હિંમત સરખી ન કરે. કોઈ કોઈના ત્યાગ વિશે વાત નીકળે ત્યારે શ્રી ફરદુનજીનું સ્થાયી વલણ એક જ—"એ એની ફરજ હતી તે એણે બજાવી એમાં ત્યાગ ક્યાં આવ્યો. ફરજ તો સૌએ બજાવવાની હોય જ ને." ઇતિહાસમાં ઘણી જગા રોકતી નેપોલિયન જેવી વ્યક્તિઓ મહાપુરુષો ના ગણાય, મહાપુરુષ તે જ જે શુદ્ધ ચારિત્રે અસાધારણ, એ સમગ્ર ઇતિહાસની થોડી મોટી ચાવીઓમાંની એક હું મેળવી શક્યો શ્રી ફરદુનજીના શિક્ષણે, વાર્તાલાપે અને એમને પોતાને ઉજ્જ્વલ દાખલે. ક્યાં એમનાં અને એ રાનડે, અંબાલાલ, ગોકળદાસ પારેખ આદિના ઝમાનાનાં ચારિત્રબળ અને કર્ત્તવ્યનિષ્ઠા, અને ક્યાં આજનાં!

હાલના પરીક્ષકોને ઉમેદવારો અને તેમના લાગતાવળગતા હાથે-પગે લાગે છે, વગસગથી મુંઝવે છે, ઉમેદવારની જવાબપોથીમાં દોકડા વધરાવવામાં અને નાપાસ થવા જોઇએ તેમને પાસ કરાવવામાં ફાવી જાય છે; વગેરે વિશે અલ્પ સમય ઉપર જ આ શારદામંદિરની સેનેટમાં લાંબી ચર્ચા ચાલેલી કોઇપણ ભૂલ્યું નહીં હશે. એ ચર્ચામાં

બ્હાર આવેલી વીગતો કરતાં વધારે દૂષિત વીગતો તો હજી જાહેરમાં મુકાઈ નથી, એમ પણ ઘણા કહે છે તેમ માને છે. એ ચર્ચાની વીગતો વાંચતાં અને વિચારતાં મ્હને સૌથી વધારે દુઃખ એક વાતે થયું. હાલના પરીક્ષકોને સમગ્રે લેતાં તેમનામાં ચારિત્રબલ આટલી હદ લગી પડી ગયું હશે, એ હું તો આ ચર્ચા થઇ તે પ્હેલાં માની જ શકત નહીં. પરીક્ષકો તો શારદામંદિરના વિશ્વાસુ અને માનનીય ચોકીદારો છે. અને એમણે ભરવાના ચોકીપ્હેરા કંઇ લક્ષ્મી કે હીરામાણેક જેવાં તુચ્છ અને સ્થૂલ દ્રવ્યોની રક્ષા માટેના નથી તો. શારદામંદિરનો મુખ્ય ઉદ્દેશ ડગલે ડગલે બુદ્ધિનાં ચક્રો (સેલ્સ) સ્વચ્છ કરવાનો, બુદ્ધિબલને ખીલવવાનો, વધારવાનો છે, ચારિત્ર અને આદતો ઉપર બુદ્ધિપૂત દૃષ્ટિ નાખી નાખી, દોષોને ધોઈ ધોઈ, ચારિત્રને ય ખીલવવા અને સુદૃઢ બનાવવાનો છે. અને આ સૂક્ષ્મ દ્રવ્યો ડગલે ડગલે ક્રમે ક્રમે અનેક સંકુલ આયોજનો વડે જ પ્રાપ્ય છે, વધારીફેલાવી શકાય છે, પ્રજાનાં સામર્થ્ય અને સમૃદ્ધિ બનાવી શકાય છે. શારદામંદિરના ખંડો એક ઉપર એક ચડતી શ્રેણિએ ગોઠવાયલા જ હોય. નીચલામાંથી ઉપલે ખંડે પ્રવેશ માટે પરવાનગી નીચલા ખંડની યોગ્યતાઓ સારી રીતે સિદ્ધ કરેલી હોય તેવા ઉમેદવારને જ અપાય. તેવા વિદ્યાર્થીને જ એ ઉપલા ખંડના વિશેષ સ્વાધ્યાયનો પૂરો લાભ મળે. અનધિકારીઓ ઉપલા ઉપલા ખંડોમાં જેમ જેમ વધી જાય, તેમ તેમ શારદામંદિરનો સમાજોન્નતિસંસ્કૃતિનો ઉદ્દેશ માર્યો જાય. આ બધું સૌ જાણે છે, સ્વીકારે છે બલકે સ્વયંપ્રકાશ ગણે છે. અને એ સિદ્ધ કરવા માટેના સંકુલ આયોજનોમાં પરીક્ષકો શારદામંદિરનું એક અનિવાર્ય અંગ છે; માત્ર પરીક્ષકો નહીં, વિદ્યા અને ચારિત્રની દૃઢતાના સંયોગે પોતાની મંદિર તર્ફની ફર્જ બરોબર અદા કરવાને આગ્રહી પરીક્ષકો. આ કર્તવ્યમાં પોતે દીક્ષિત છે એવા મનોભાવે જે પૂરતું કડક વર્તન રાખે તે જ પરીક્ષકો વડે શારદા-

મંદિર ટકે; પરીક્ષકો શારદામંદિરો શરુ થયાં ત્યારથી હતા, પ્રત્યેક શારદામંદિરમાં હોવાના, અને શારદામંદિરો હશે ત્યાં લગી રહેશે પણ. તાજેતરમાં અહીં જે ચર્ચા થઈ તેમાં કોઈથી શ્લાધ્ય ન ગણાય એવી વીગતોના થોકડે થોકડા ખડકાયા, પણ તેમાં જૂના ઝમાનાના મ્હારા જેવાને એક અંશની સંપૂર્ણ ગેરહાજરી જોઈને સારી પેઠે નવાઈ લાગી અને ખેદ તો તેથી પણ વિશેષ થયો. મેં પણ આ અને બીજી યુનિવર્સિટીઓ મળીને પરીક્ષકનાં કર્ત્તવ્ય ઈ. ૧૯૦૦થી ત્રીશેક વર્ષ બજાવેલાં છે. અને અમારા ઝમાનાના પરીક્ષકોને ય ઉમેદવારો અને તેમના લાગતાવળગતા વગસગાદિ વડે અનુકૂલ કરી લેવાને તો ઇચ્છતા હશે. પરંતુ હું ખાતરીપૂર્વક કહું છું કે અમારા કોઈ આગળ એવી વાત સરખી ઉચરવાનું ભારે થઈ પડતું. હું જાતે ઓળખતો તેવા પરીક્ષકોમાંથી સંખ્યાબંધ એ પરીક્ષાનાં કામકાજની મોસમ દરમિયાન, ન કોઈને મળવા આવવા દેતા, ન પોતાની ટપાલ પણ પોતે વાંચતા; અંદરથી નંબર, નામ વગેરેની વીગત ગાળી નાખીને જ ભાઈ કે પત્ની કાગળોનો બીજો મજકૂર પરીક્ષકને જણાવતાં. વગેરે વગેરે અમારી જાણીતી કડકતાને પરિણામે વગસગ, વગેરે દબાણો પણ ઓછાં થઈ જતાં. નવા ઝમાનામાં આવા પરીક્ષકો વિરલ થયા લાગે છે, બલકે રહ્યા હશે જ ભાગ્યે, એમ અહીં થયેલી ચર્ચા ઉપરથી માનવા કારણ મળે છે અને એ જો સાચું તો કહેવું પ્રાપ્ત થાય છે, કે નવા ઝમાનામાં કર્તવ્યનિષ્ઠા અને ચારિત્રની દઢતા ઘટી ગયાં જણાય છે તેનો શારદામંદિરના ક્ષેત્રમાં આ પ્રત્યક્ષ પુરાવો નીચું જોવડાવે એવો છે. ફલાણાભાઈને ના કેમ જ પડાય, બે દોકડા વધારી દેવા એમાં શું, વગેરે વલણો વધવા માંડે તેમ તેમ વગસગાદિ તો સૌને માથે ચડી બેસે એવાં પ્રકૃતિથી છે જ. ટુંકામાં પરીક્ષકોની પસંદગીના હાલના તંત્ર તેમને વેતનો આદિની હાલની પ્રથા અને બીજી વ્યવસ્થા ભલે ગમે એમ ફેરવ ફેરવ કરો; એથી

સ્થાથી પરિણામ કે મનમાની સુધારણા મેળવી નહીં શકાય. જૂના ઝમાનાનાં કર્તવ્યનિષ્ઠા અને ચારિત્ર દઢતા પરીક્ષકોમાં અસલ જેવાં પાછાં પ્રવર્તે તો હાલ ચાલતાં તંત્ર, પ્રથા, વ્યવસ્થાદિ યે કંઈ ખોટાં નથી. સંચો પોતે નિર્જીવ હોઈ સુજ્ઞ ચારિત્રવાનને હાથે જ ઇષ્ટ ફલ આપી શકે.

ભાઈઓ ને બ્હેનો, મ્હારી ઉંમર પ્રમાણે અશક્તિ ધ્યાનમાં લેશો. અને મ્હારે લાંબું ભાષણ કરવું જ નથી. ક્યાં આ મોટી અનુભવી વિદ્વાનોની સભા અને ક્યાં હું! એટલે બીજો એક જ વિષય છેડીશ. આજકાલ ચોતર્ફ નવાં શારદામંદિરોની સ્થાપના બાબત ગંભીર અને છીછરા અવાજો ઉઠ્યા કરે છે. પૂણાએ પ્હેલ કરી, વડોદરે (સાહિત્ય પરિષદના પ્રમુખના આસન ઉપરથી) લેડી વિદ્યાગૌરી નીલકંઠે પડઘો પાડ્યો. પૂણામાં એક, અમદાવાદમાં બીજું, વડોદરે ત્રીજું, કરાંચીમાં ચોથું એમ શારદામંદિરો માટે સોત્સાહ આગ્રહી માગણીઓ થઈ રહી છે, પ્રત્યેકની કંઈક જુદી યોજના ઘડાવામાં છે, વગવાળી કમિટીઓ અને સુપ્રતિષ્ઠિત પીઢ વિદ્વાનો આવા મોટા શુભ કાર્યમાં પોતપોતાનું કર્તવ્ય વરવા, ઉપાડી લેવા અને બજાવવા તત્પર જણાય છે. આવા ઉત્સુક વાતાવરણમાં આપણી પ્રજાઓની સંસ્કૃતિ અને ચારિત્રદઢતામાં પ્રગતિ માટે આપણે ત્યાં સ્થપાતાં શારદામંદિરોમાં શું શું આવશ્યક ગણાવું જોઈએ એ વિશે હું પણ આજે બે શાંત અને ગંભીર અક્ષર બોલું તો તે સાંખી જવા કૃપા કરશો.

વર્ષો ઉપર ભાવનગરમાં ગુજરાતી સાહિત્ય પરિષદની બેઠકના દિવસોમાં શારદામંદિર ગુજરાતમાં સ્થાપવા વિશે એક જાહેર ભાષણ દરમિયાન મેં એ ચર્ચામાં ભાગ લીધેલો. મેં એક જ મુદ્દા ઉપર ભાર દીધેલો. માત્ર સાહિત્યને લગતા વિષયોની કોલેજો (આર્ટ્સ કોલેજો)વાળું શારદામંદિર હોય નહીં. એવી એકાક્ષ યુનિવર્સિટીથી

લાભ કરતાં ગેરલાભ જ થવાનો સંભવ વધારે છે. શારદામંદિર એટલે તમામ શાસ્ત્રો, કલાઓ અને બુદ્ધિકેળવણીના પાયા ઉપર ચાલતા વૈજ્ઞાનિક ધંધાઓ (લર્નેડ પ્રોફેશન્સ)ના સમન્વયવાળું વિશ્વ-વિદ્યાલય. ઓસડવેસડ સંબંધી વિજ્ઞાનોને કલાઓની કોલેજો કરો, એંજિનીયરિંગ અને કૃષિકર્મ અને પશુત્પાદન રક્ષણકર્મ, વ્યાપાર અને ખનિજદ્રવ્યોનાં શાસ્ત્રવિજ્ઞાનોને લગતી કોલેજો સ્થાપો અને ખીલવો, એવી એવી વિવિધ પ્રાથમિક અંગોની ખીલવટ પછી જ તેમના યથાયોગ્ય સમન્વયે શારદામંદિરને પગભર કરવાની વાત ઊચરો. પછી પણ એકથી વધારે વાર ઉતાવળિયાં ઉછાછળાં અને સપાટિયાં મગજોને તો આખી યોજનાને તોડી પાડવા ઇચ્છતું હોય એવું લાગે, તેની પરવા ના રાખીને મેં આ મુદ્દાને જ ટેકો આપેલો. પછી સ્વર્ગસ્થ પ્રૌઢપ્રતાપ શ્રી સયાજીરાવ ગાયકવાડે વડોદરે શારદામંદિર સ્થાપવા બાબત આખો વિષય પૂરતાં જ્ઞાન, અનુભવ અને જવાબદારીએ છણવા માટે એક ન્હાની હજી તો પ્રાથમિક સમિતિ નીમેલી, તે અરસામાં મેં મ્હારી પોતાની વિચારણામાં સ્પષ્ટતા, ઉંડાઈ અને ક્ષેત્રપર્યાપ્તિની ઇચ્છાએ આખા વિષય ઉપર સારી પેઠે વાંચ્યું, વિચાર્યું અને મનન કર્યું, અને પરિણામે જે ભાવના બંધાવા પામી તે મેં તે વખતના 'સાહિત્ય' માસિકના એક જ પાનામાં રજુ કરી છે. એ મ્હારૂં સંક્ષિપ્ત લખાણ આજે પણ જિજ્ઞાસુ વાંચી શકે છે. મ્હારા મિત્ર, સાહિત્યતંત્રી સ્વ. ભાઈ મટુ હરગોવિંદદાસ કાંટાવાળાના અતિવ્યવહારુ મગજને મ્હારી એ ભાવના એક કવિના કલ્પનાતરંગ કે અશક્ય આદર્શ જેવી લાગેલી. અહીં બેઠેલા પ્રૌઢ પંડિતો અને આ શારદામંદિરના સુકાનીઓ જેવામાંથી પણ કેટલાક એને ઉટાંગ ગણે એવો સંભવ છે. એ તો હોય. બલ્કે એમ જ હોય. એક દેશ કે એક પ્રજાનું માત્ર નહીં, આખી જનતાનું સર્વત્ર અને શાશ્વત હિત સાચા શારદામંદિરમાં સમાય છે. એવા ભવ્ય વિષય ઉપર ઉમરમાં

ઉગ્ર મતભેદો ના દેખાય, તો નિખાલસ અને પીઢ નિષ્ણાત અને સત્યનિષ્ઠ ચિંતકોમાં બીજા ક્યા વિષય ઉપર ઉગ્ર મતભેદ હોઈ શકે વારુ ?

શારદામંદિર માટે આપણા આગેવાનો આજે ક્યાં ક્યાં અંગ સૌથી વધારે આવશ્યક ગણે છે વારુ ? લક્ષાવધિ કોટચવધિ, લક્ષ્મીને ? એ અભિપ્રાય ઉપર એક મિનિટ ગાળવી પણ ન ઘટે. નેપોલિયને પ્રશિયાને તોડી પાડ્યું, એ રાજ્યનો મૂલ હતો તેથી અર્ધ વિસ્તારે રહેવા ન દીધો, ત્યારે તે પ્રદેશના દૂરઅંદેશ; ધીર અને સુજ્ઞ આગેવાનો-એ શું કર્યું ? બર્લિન યુનિવર્સિટીની સ્થાપનાનું હમ્બોલ્ટની અમર કલમે લખાયલું ખત જુવો. એ ખતના પ્રાણરૂપ સૂત્ર કોલેજમાં ભણતો હતો ત્યારે મેં પ્રથમપ્હેલું વાંચ્યું ત્યારથી આજલગી મ્હારા ચિત્તમાં રણક્યા કરે છે. We found this University at this crisis of our existence, "to make up for the loss of territory and power, by the cultivation of the intellect." બુદ્ધિની કેળવણીમાં આવી વિરાટ શ્રદ્ધા મેં તો બીજા કોઈ મહાત્માના વચનામૃતમાં દીઠીસાંભળી નથી. અને આવી સર્વંકશ શ્રદ્ધા કેટલે દરજ્જે સાબીત, ક્યાં સંદિગ્ધ, અને કેવી કેવી બાબતે વિઘાતક પણ ગણાય, તેનો વિશ્વસનીય સાક્ષી એ જર્મન પ્રજાનો જ તે ક્ષણથી માંડીને આજપર્યંતનો લગભગ દોઢ સદીનો ઇતિહાસપટ છે. એ ઇતિહાસપટ ખોલો, ફરીફરીને વાંચો અને એના મુખ્ય સારબોધ તારવો અને ગાંઠે બાંધો. ઐતિહાસિક વિચારણાશક્તિ ખીલવી હશે તે દરેક અધિકારી મગજ આ કાર્ય પોતાને માટે કરી શકશે. શારદામંદિરોનું એક મુખ્ય કર્તવ્ય આવા આવા સદાબોધક ઇતિહાસો પૂરતી વિગતે, શાસ્ત્રીય ચોકસાઇએ અને મનુષ્યને શક્ય તેટલી તટસ્થતાએ નવજુવાન અને હજી અનુભવે તેમ શક્તિએ કાચાં વળી વધુ પડતી ઊર્મિલતાએ ઉતાવળિયાં, ધુમાડિયાં

તથાપિ ખીલતાં મગજો અને ચારિત્રોમાં ચવાવી ચવાવી તેના ગંભીર અમૂલ્ય સદ્બોધ ( વિદ્યાર્થીઓની સ્વતંત્રતા અખંડિત રહે એ પ્રકારે ) ઠસાવવાનું છે. તમામ વિદ્યાર્થીઓ એક જ જાતના સારબોધ ખેંચે, અપનાવે એવાં પરિણામે તો ઉલટું એમ જ સાબિત થયું ગણવું પડે કે આ તો શારદામંદિરની આખી ભાવના એળે ઢોળાઈ જાય છે ! અને માત્ર ઇતિહાસક્ષેત્રે નહીં; વિદ્યાકલા અને વિજ્ઞાનના દરેક ક્ષેત્રમાં શારદામંદિરના ઉત્કૃષ્ટ કર્ત્તવ્ય આ એક ટુંકા પણ સુસ્પષ્ટ દાખલા ઉપરથી મૂર્ત્તરૂપે ધ્યાનમાં ઉતરી જાય એવાં છે.

અને આ બનવા પામે, આવી સિદ્ધિ વિદ્યાર્થીવર્ગમાં મળે, ક્યારે વારુ ? અધિકારી આચાર્યો ( પ્રોફેસરો ) અને પોતપોતાના વર્ગ અને વિષયને પુરતા અધિકારી શિષ્યશિષ્યાઓ વડે શારદામંદિર સજીવન બલ્કે તરવરતું હોય ત્યારે, ન અન્યથા. અર્થાત્ શારદામંદિર માટે અધિકારી આચાર્યો અને પોતપોતાના વર્ગ અને મર્યાદિત વિષય પુરતા અધિકારી શિષ્યશિષ્યાઓને શારદામંદિરનાં સૌથી વધારે આવશ્યક અંગ ગણું છું. વળી આ પણ ઉમેરીશ, કે જ્ઞાને અને ચારિત્રે સમર્થ આચાર્યોની પુરતી સંખ્યા હોય અને વિદ્યાર્થીઓની સંખ્યા ભારે હોય, ૧૨૦૦-૧૪૦૦ની હોય જેથી આચાર્યોની છાપ ઘણા વિદ્યાર્થીઓ ઉપર પડી ન શકે, તે કરતાં ત્રણસો-ચારસો જ હોય એવી મુકાબલે ન્હાની વિદ્યાર્થીની સંખ્યાવાળી ( મ્હારી ડેક્કન કૉલેજ હતી એવી ) કૉલેજો શારદામંદિરની ભાવનાને વધારે બંધબેસતી આવે એમ ખસૂસ માનું છું. અને કૉલેજે કૉલેજે મકાનો, પુસ્તકાલયો, પ્રયોગશાળાઓ, સંગ્રહસ્થાનો વગેરે સામગ્રી તો માતબર જોઇએ જ, એટલે જેમ વધારે સંખ્યા ઉચ્ચ કેળવણી માટે લાયક થતી જાય તેમ તેમ શારદામંદિર અને કૉલેજોનું ખર્ચ વધતું જ જાય. સદ્ વસ્તુઓ અને સાત્ત્વિક દ્રવ્યોનો બીજનિપાત સ્હેલો છે પણ તેનાં વિવર્દ્ધન, સંવર્દ્ધન વધતો જતો ત્યાગ માગે છે, માગ્યા જ કરે છે,

એવી એવી ઉક્તિ જેમ હેત, જેવા (કહો કે) હૈયાના ભાવને લાગુ પડે છે તેમ કેળવણી જેવા બુદ્ધિપ્રધાન ભાવને યૂ લાગુ પડે છે. અને વળી ઉચ્ચ કેળવણીમાં માત્ર જ્ઞાનવૃદ્ધિ થાય કે વિદ્વાન પદવીધરમાં જાતે જ્ઞાન વધારવાની વૃત્તિ જાગે, સંશોધનશક્તિ ખીલે એ પણ પૂરતું નથી. જ્ઞાનનો સેવાર્થે વિનિયોગ તો જ્ઞાનમાં સાહિત્યની સૌંદર્ય દૃષ્ટિ હોય, ફિલસૂફીની વ્યાપક દૃષ્ટિ હોય, ધર્મની વિનીત બંધુ દૃષ્ટિ હોય તો જ સંભવે છે. વળી પગાર વધારો વધારો એમ કંઈ જાતના આચાર્યો માગ્યા કરે છે? અમારી આ પદવીઓ મેળવતાં આટલાં વર્ષ લાગ્યાં, આટલો ખર્ચ અમે ખાઈ ગયા, એનો બદલો ક્યાં એની કદર ક્યાં? એવી ફરિયાદથી કંઈ જાતના આચાર્યો પ્રજાના કાન ફોડ્યા કરે છે? જે દેશમાં આચાર્યોના એક ન્હાના જથાને પુષ્કળ પગાર હોય, આચાર્યોના બીજા ઘણા મોટા જથાને એથી અષ્ટમાંશ દશાંશના જ પગાર હોય એવી અસાધારણ અને અપવાદરૂપ સ્થિતિને દૂર રાખીને આ બાબતનો વ્યવહારુ વિચાર કરવો ઇષ્ટ છે. પોતાના વિષયમાં મચ્યા રહેવાનાં સાધનો અને તેમાં જીવન ગાળી નાખવાની તક ઉપરાંત સુઘડ રીતે સાદાઇથી નિર્વાહ થાય એટલું ગોવર્દ્ધનરામ જેને અન્નપૂર્ણાનો પ્રસાદ કહેતા તેટલું મળે, તો કોઇ સાચો આચાર્ય લક્ષ્મીની રેલછેલ માગતો જ નથી. હા, જે દેશ આખો એવો ધનાઢ્ય હોય કે ત્યાં મજૂરને રોજના દશ રૂ. મળે, મિલમેનેજરને અને એવા ઉદ્યોગનાયકને રોજના ૧૨૦ રૂ. મળે, તેવી પ્રજામાં કુશળ કારીગરોને રોજના ત્રીશ અને આચાર્યોને રોજના ચાળીશ અપાય તે વધારે પડતા ના ગણાય.

અચય શોધકતા અને સર્જકતા જે ભાષા આખા ચિત્તંત્ર અને રુધિરચરખા સાથે મેળમાં હોય તેમાં એટલે માતૃભાષામાં જ સૌથી વધારે ઉપજે અને વિકસે. એટલે ઉચ્ચ કેળવણીમાં પણ પઠનપાઠનનું વાહન માતૃભાષા જોઈએ. આમ ફલિત થાય છે કે "અધિકારી

આચાર્યો" આવશ્યકે ગણિયે તેમાં સાથે સાથે આવી જ જાય છે કે વિદ્યાર્થીઓની જે માતૃભાષા તે માતૃભાષાવાળા તેમના આચાર્યો પણ હોવા જોઇએ. આ બાબતની અગત્ય આચાર્યોની નિમણૂંક કરવાની સત્તાવાળા આપણા સ્વદેશીવિદેશી અધિકારીઓ હજી પણ પૂરતી સમઝયા નથી એમ કહી શકાય. હિંદના પ્રાંતોની કોલેજોમાં આચાર્યોમાં પ્રાંતની માતૃભાષાથી અન્ય આચાર્યોનું પ્રમાણ સૌથી વધારે ક્યાં છે એમ તપાસવા જઇએ તો કોલેજો શરુ થવા માંડી ત્યારથી છેક આજની ઘડી સુધીમાં દાયકે દાયકે પ્હેલું નંબર ગુજરાતનું જ આવે એમ ધારું છું. બંગાળી, મદ્રાસી અને દક્ષણી આચાર્યોની મોટી સંખ્યા પોતાની માતૃભાષા નહીં એવા પ્રાંતોની કોલેજોમાં આચાર્યપદ ભોગવે છે. આ સ્થિતિ ચાલ્યા કરે ત્યાં લગી ઉચ્ચ કેળવણી તળેથી ટોચ લગી માતૃભાષાદ્વારા હોવી જોઇએ એ ભાવના-સિદ્ધિને પણ વાર લાગ્યા જ કરે. આ મ્હારી જિકર ઉપર પ્રાંતિય અદેખાઈ કે પ્રાંતિય સંકુચિતતાનો આરોપ મુકશે તે મ્હને અને મ્હારા દર્શનને અન્યાય કરશે. માતૃભાષાદ્વારા કેળવણી માતૃભાષા-ભિન્ન શિક્ષકો જ આપી શકે એ જ આમાં મુદ્દો છે.' ગુજરાતની કોલેજોમાં તો ગુજરાતી લાયકત પ્રતિ સૂગ જેવું પણ જોવામાં આવે છે. એક તાજો દાખલો જ ટાંકીશ. એક ખાનગી કોલેજમાં પ્રિન્સિ-પાલની જગા ખાલી પડી. આવી જગા માટે સારી યુરોપીય પદવી મેળવી હોય એવા ઉમેદવાર ખાસ યોગ્યતાવાળા ગણાય છે, એ ધોરણને આપણે દલીલમાં બીજો મુદ્દો ન પેસે એટલા ખાતર સ્વીકારી લઇશું. એવી યોગ્યતાવાળો એક ગુજરાતી તે જ કોલેજમાં આચાર્યના પદે હતો જ. તથાપિ તેને પ્રિન્સિપાલનું પદ ના જ મળ્યું અને તે વિદ્વાન કેળવણીનું ક્ષેત્ર છોડીને પોતાને અન્યાય ના થયા કરે એવા બીજા ક્ષેત્રમાં ચાલ્યો ગયો. આવા અમલદારોની ઊંધી મતિનો શો ઇલાજ?—એવા એવા કોયડા પણ શારદામંદિર સ્થાપતાં ગુજરાતી-ઓએ ઉકેલવા પડશે.

હવે આવું છું વિદ્યાર્થીઓ ઉપર, આપણા મેટ્રિક્યુલેટ્સની સર્વસંમત કચાશ ઉપર, પરિણામે આપણા પદવીધરોની વધતી જ જતી કચાશ ઉપર. લૉર્ડ રિપનનું ઇતિહાસજ્ઞ હંટરના પ્રમુખપણા નીચે કામ કરી ગયેલું કેળવણી કમિશન, અત્યારે પ્રાચીન યુગના બનાવો જેટલું પુરાણું થઈ ગયું ગણાય. એ સમયથી એટલે કે અંબાલાલભાઈ હજી હેડમાસ્તર હતા, હું હજી અંડરગ્રેજ્યુએટ હતો, સર ચિમનલાલ હજી એલએલ.બી. ઝભ્ભાના હક્કદાર ન્હોતા થયા, તે સમયથી ખાનગી હાઈસ્કૂલો વધતી ગઈ છે, અને ગુજરાતમાં માધ્યમિક કેળવણીની અવદશા ય ઉત્તરોત્તર વધી છે. આ વિષયના આપણા સૌથી વધારે સુપ્રતિષ્ઠિત કેળવણીનિષ્ણાત ભાઈ શ્રી કૃષ્ણલાલ સૂર્યરામ વકીલ તો એવા મતના થઈ ગયા છે કે આ હાઈસ્કૂલો છે એવી ચાલ્યા કરે ત્યાં લગી એવા નકામા પાયા ઉપર કોઈપણ જાતનું સારૂં શારદામંદિર ચણવા જવું તે નરી મૂર્ખતા છે. એ હાઈસ્કૂલોને સુધારવી પણ અશક્ય છે. ફૂટી ક્હાડો, ગાળી નાખો એ બધો ભંગાર, એમ શુદ્ધ જે ધાતુ હાથમાં આવે તેના જ નવા સિક્કા પાડો. મ્હારી પણ હાલની હાઈસ્કૂલોની અવદશા ઉપર ચીડ અને તેના ભોગ થતાં આપણાં બાલકો પર દયા વધતાં જ ગયાં છે, તથાપિ હું ભાઈશ્રી વકીલની માફક કદાપિ છેલ્લે પાટલે બેસવું પસંદ કરનારો ઉદ્દામ ઉચ્છેદક (એક્સ્ટ્રીમિસ્ટ) છું નહીં.

એ હાઈસ્કૂલો ખોટે પાટે ચડી ગઈ છે તેથી આટલી બધી અવદશાને પામી છે, એ મ્હારું અધીન મત છે. ખાનગી હાઈસ્કૂલોના એક પર એક માલેક–હેડમાસ્તરે મ્હને પોતાના દિલનો ગળ આપતાં કહ્યું છે: ચોકખું કબૂલ કર્યું છે:—"ભાઈ, અમે સરકારી કેળવણી ખાતામાં નોકરી સ્વીકારી હોત તો અમારી ડિગ્રી વગેરે યોગ્યતા એવી છે કે અમે અનાયાસે ક્રમેક્રમે રૂ. ૭૫૦)ના પગાર લગી ચડત. આ ખાનગી શાળામાં અમને કામકાજ અને મગજમારી ઘણાં વધારે

પડે છે, જોખમ પણ સારી પેઠે ખેડિયે છિયે. તો અમારી નિશાળ અમને એટલું વેતન તો આપે એવી દૂકાની સંસ્થા બનાવિયે તેમાં અમારો શો દોષ?"

પ્રજાઓના ઇતિહાસમાં દોષ કોનો એવા એવા અંગત સવાલો કોઈક જ વાર મહત્ત્વના હોય. પણ **શો દોષ?** એવા સવાલ હમેશાં મહત્ત્વના જ ગણાય. કેળવણીસંસ્થાનું તંત્ર સંસ્થાના માલેક કે કંપનીને (અથવા તો દેશી રાજ્યને) કમાણી થાય અને વધે એ પ્રકારે ગોઠવવા દેવામાં આવે, એ જ અહીં દોષ છે. સરકારી શાળાઓમાં પણ આમ તો ખર્ચ વધી પડે, આ સુધારો શી રીતે પોષાય, એમ સંકોચ રાખવો એ જ દોષનો દાદો છે. કેળવણી તો સુધરતી જાય તેમ તેમ, ખીલતી આવે તેમ તેમ, વધારે વિદ્યાર્થીઓને ભેટે તેમ તેમ, વધારે મૂલ્યનાં સાધનોના વધારે મોટા જથા, અને વધારે લાયકીવાળા શિક્ષકોની વધતી જતી સંખ્યા માગ્યા જ કરે. ઝડપી સુધારાના દાયકાઓમાં કેળવણીની પાછળના ખર્ચો તો ચક્રવૃદ્ધિ વ્યાજના વેગે વધ્યે જ જાય. કેળવણીની સંસ્થાને માલેક માટે કમાણીનું સાધન, વા પ્રાંત-હાકેમ માટે કરકસરનું ક્ષેત્ર બનાવવા જતાં કેળવણીની પોતાની ભાવના ખંડિત થાય જ. વિદ્યાદેવીને ભઠિયારણ બનાવવા જતાં દેવી ઉડી જશે, ફિંકરી મળશે જ નહીં.

હું નથી ધારતો કે હાઇસ્કૂલો સારી રીતે સુધરી જાય અથવા દરેક વિદ્યાકલાક્ષેત્ર (ફેકલ્ટી)ની કોલેજો સશક્ત બની જાય ત્યાં લગી આપણે શારદામંદિરની સ્થાપના પણ મુલ્તવવી. મકાનની આખી યોજના ઘડી રાખી તેને કટકે કટકે ચણતા જઇ આખું મકાન ચણી રહેતાં વર્ષો વહી જાય એ પદ્ધતિ પણ કંઇ ખોટી નથી. ડોળિયું જેમ મોટું, ખોળિયામાં વસવા ન્હોતરિયે તે જીવ જેમ ઉમદા, તેમ આ ક્રમશઃ સિદ્ધિ—દૃષ્ટિપૂતં ન્યસેત્પાદં—ની પદ્ધતિ ઉતાવળી પદ્ધતિ કરતાં વધારે સફળ નીવડે, એવો પણ સંભવ ખરો. શારદામંદિરનો જેટલો

અંશ પ્રથમ રચી શકાય તેટલો હાઈસ્કૂલ અને પ્રાથમિક કેળવણીની સંસ્થાઓને વધારે સારા શિક્ષકો આપવામાં અમૂલ્ય સેવા બજાવી પણ શકે.

ભાઈઓ, શારદામંદિર જેવા મહાવિષયમાં તો અનેકાનેક પેટાં ચર્ચવાં પડે. પરંતુ તેમાનાં કોઈ ઉપર મેં માત્ર સ્પર્શ્યાં છે તેથી વધારે આવશ્યક મ્હને નથી લાગતાં. અને એમ માનવામાં હું ખોટો કે મનસ્વી પણ ભલે ગણાઉં. હું તો અહીં જ અટકીશ. ત્હમારો કલાકોનો સમય લેવાનો મ્હને શો અધિકાર? એટલે આપણે આપણું પ્રજાકિય શારદામંદિર કયા નમૂના પ્રમાણે રચવું ઉત્તમ, લંડનના, કે ઑક્સફર્ડ કેમ્બ્રિજના, કે લિવર્પૂલ, માન્ચેસ્ટરાદિના, કે આપણી જ આ મુંબાઇ, કલકત્તા, મદ્રાસ યુનિવર્સિટીના નમૂના પ્રમાણે? એ અને એવા બીજા સવાલોને હું છેડીશ પણ નહીં. તથાપિ આજે આ વ્યાખ્યાનને છેડે એક મુદ્દો તો ઉમેરીશ. આપણા પુરાણા ન્યાય-દર્શનમાં એક કિસ્સો જાણીતો છે. ધૃતાધારે પાત્રં વા પાત્રાધારે ધૃતં એ કૂટ પ્રશ્નના ઉંડા ચિંતનમનન, નિદિધ્યાસનમાં એક મહા-પંડિત પરોવાયો ત્યાં પાત્ર હાથમાંથી પડી ગયું અને એ પુરાણાં પાત્રો તો આપણી સર્વગુણગણોપેત માટીનાંને, એટલે એ ભાઈ તો ઘી ને બટેરું બેઉ ખોઇ બેઠા. કંઇક ચીકણા આંગળાંવાળા બીજું બટેરું અને એક દ્રામ લઈ બજારમાં ફરી જવાને ઘેર આવ્યા ત્યાં હવે દ્રામ ક્યાંથી એમ બ્રાહ્મણીએ ઉધડા પણ લીધા! આપણે કાંઇ એ જડજરઠ નૈયાયિક જેવા મૂઢમતિ નથી. આપણે તો દૃઢ માનિયે છ કે કેળવણી સાધન છે, જીવનને સંસ્કૃતસમૃદ્ધોન્નતોદાર બનાવવા માટેનું ઉત્તમ સાધન, તથાપિ માત્ર સાધન. અને તો પણ આપણા-માંના ઘણા વર્ત્તી રહ્યા છે કેમ જાણે કેળવણી પોતે જ જીવનરૂપ સાધનવડે સેવવાકેળવવાનું પરમ સાધ્ય હોય એવી રીતે. ત્રીશ-બત્રીશ થઈ જાય છે, માથામાં રૂપું વધે છે, આંખ ચશ્માવિના નકામી

પડે છે, એ કમજાત કંતાનની આરામ ખુરસીનું આસન છોડે તો તે પલંગમાં પડવાને જ, વગેરે વગેરે ઉપાધિમંડિત આપણા વિદ્યાર્થી વિદ્વાન કે વિદ્વાન વિદ્યાર્થી માટે પદવીનીસરણીનાં પગથિયાં ખૂટતાં જ નથી! પરસાળમાં દાળ વીણતી ત્રણ બાલકનીમાં થયેલ વહુ બારણા આગળ વિદ્યાર્થીના આસરવાદ કરતો ભામણ‡ આવી ચડે છે તેની દાઢી ઉપરથી તેની ચાળીશેકની ઉંમર અટકળી તથા આંગળિયે અગિયારેક વર્ષનો જનોઈ દીધેલ છોકરો વળગાડેલો જોઇને વિચારમાં પડે છે, "ખરે આ જૂના ઝમાનાના વિદ્યાર્થીમાં અને પતિદેવ આપણા નવા ઝમાનાના વિદ્યાર્થીમાં શો ફેર? આ તો પોતાના વારસને આંગળિયે વળગાડી પોતાના ધંધાની તાલીમ આજથી આપે છે એટલો જ ને?" વળી પરંપરાપ્રાપ્ત ધર્મબુદ્ધિ એને વારે છે, "અરે પાપણી! પતિદેવ તે પતિદેવ! એમનાં છિદ્ર જોવાય! અને હું તો અભણ; અન્ન, પાણી, માવજત કે ચાકરીથી કે કોઈ વાર કઈક સુકનથી એમને પ્રસન્ન કરી શકું તો મ્હારાં સદ્‌ભાગ્ય!" વારુ, આમ ને આમ એક બે વર્ષમાં કંટાળી આપણો આધુનિક કોલેજિયન કોઈ હેડમાસ્તરની જાળમાં સપડાય છે. હેડમાસ્તર પગારનો આંક પાડે છે રૂા. ૮૦) તે જાણી પત્ની પ્રથમ તો રાજી થાય છે, પરંતુ બાર મહિને નવ મહિનાના જ મળે છે, વળી એમાંથી ફર્નિચરના ઘસારા ખાતે, ગરીબ વિદ્યાર્થીની ફીમાફી ખાતે, રોજ બપોરે એક પ્યાલા ચ્હાની, વગેરે રકમો કપાય છે, એટલે હેડમાસ્તરની 'સો કે સાઠ' કરવાની કળાનું તળિયું જોવા ન પામતા આપણા વિદ્વાન શિક્ષક એક બે સારાં ખાનગી ટ્યૂશન માટે હેડમાસ્તરની આજીજી કરે છે. વગેરે વગેરે. કેળવણીક્ષેત્રના સત્તાધરો પણ અભ્યાસક્રમનાં વર્ષો વધારતા જાય છે; અભ્યાસક્ષેત્રના વિભાગ પર વિભાગ કરી દરેક વિભાગે વધારે ઝીણવટભર્યાં પાંડિત્ય માગે છે. આ બંને વલણોની

‡ બ્રહ્મ ઉપાસતે સ બ્રાહ્મણઃ; શેરીએ શેરીએ ભ્રમતીતિ ભ્રામણઃ! કિંવા ભમતીતિ ભામણઃ!

સામે વ્યવહારુ દેશભક્તોનો પોકાર વધતો જાય છે, તેમાં મ્હારો ઘરડો કંઠ ભેળવવાની રજા લઉં છું. અથવા આ ને આ વાત બીજા શબ્દોમાં કહું. હજી એવી મનોદશા ચાલે છે કે ઘરની કમોદ હોય તે ય કુશકી ગણાય, બ્હારની–યુરોપીય–કુશકી હોય તે કમોદ જેવી વખણાય. તો ત્હમને અહીં દર્શાવ્યો છે તેને અનુકૂલ પ્રતિષ્ઠિત યુરોપીય અભિપ્રાયો પણ એટએટલા ટાંકી શકું કે ત્હમે ધરાઇ જાવ. અત્યારે વખત ન હોવાથી માત્ર એક ટાંકીશ. સ્ટીવન લીકોકનું નામ તો આપમાંના ઘણાએ સાંભળ્યું હશે. જ્યાં જ્યાં ઇંગ્લિશ ભાષા ફેલાઇ છે ત્યાં ત્યાં હાલના માર્મિક લેખકોની ચોપડીઓમાં, –માર્ક ટ્વેઇનની ચોપડીઓ કે પીજી વુડહાઉસની નવલિકાઓ કે જી. કે. ચેસ્ટર્ટનની વક્રોક્તિઓ જેટલી સ્ટીવન લીકોકની નિબંધિકાઓ પણ જાણીતી છે. એ લેખકની એક ચોપડીનું નામ છે "Too much College." એમાંનું એક વાક્ય છે—"Yet the main truth gets over:—Education is eating up Life."

ઉત્કૃષ્ટસ્યાપ્યતિશયો વર્જનીયઃ

ભાઈઓ અને બ્હેનો, ત્હમે સૌ મ્હારું આટઆટલું સન્માન કરો છો અને મ્હારી કૃતિઓ અને મ્હારાં સર્જનોનું વધારે સન્માન થાય એમ ઇચ્છતાં જણાવ છો, તો ત્હમારાથી બ્હીતે બ્હીતે એક વિનંતિ કરૂં? એ મ્હારાં ગદ્યપદ્ય, એ મ્હારાં મંથન અને મ્હારી લીલા, ત્હમારામાંથી જે ગુજરાતી વાંચનના શોખી હો તે જરા જરા વધારે વાંચશો? અને એ મ્હારા ગ્રંથો ભણેલા ગુજરાતીઓમાં કંઇક વધારે વંચાય, ફેલાય, વિચારાય અને ઉગી આવે, તે માટે કંઇક સક્રિય ડગલાં લઈ શકશો ખરા? કે ભલા, સાહિત્ય અને સાહિત્યકારની વાહવાહ એટલે કેવળ ભાષણોના ફુવારા અને શબ્દોની ઝડી! કંઇયે વધારે પડતું બોલી ગયો હોઉં તેની ક્ષમા આપશો. માયાભાવ છે એવાં ને એવાં રાખશો. શુભં ભૂયાત્.

# મિતાક્ષર નોંધ

કુટુંબીઓ, ઉછેર, કેળવણી, નોકરી, આદિ વિશે:
ત્રૂટક સ્થૂલ હકીકતો.

॥ સમંદર વટી નચિંત સરતી તરી બંદરે ॥

卐

આ આઠમું પ્રવચન નથી. વ્યવસ્થિત જીવનચરિતે નથી. મ્હારાં ગદ્યપદ્ય લખાણોમાં અત્રતત્ર, આવશ્યક નહીં તો ય તે તે સ્થલે પ્રસ્તુત થઇ પડેલ એવાં, મ્હારા જીવનનાં કેટલાંક સ્મરણો અનાયાસે આવી જઇ ગુંથાઈ જવા પામેલાં છે. અહીં સંગ્રહેલાં પ્રવચનોમાંથી ય એકએમાં એવાં સ્મરણો છે. ભૂતકાલને જાણે જાતે ફુટી નીકળવા અને ઉભરાવા દેવાની આવી કુદરતી અને ત્રુટક પદ્ધતિ (હું ભૂલતો ના હોઉં તો) એ સ્મરણોની સત્યતા, સંગીનતા, કુમાશ, પરિસ્થિતિ, સંવાદિતા વગેરેને રૂડી પેરે રક્ષે છે. આ લખાણ મ્હારે નથી કોઈ જાતના પ્રચારાર્થે કરવું, નથી પ્રતિષ્ઠા, સત્તા, મોટાઈ આદિની વિવૃદ્ધિજમાવટના સાધન લેખે યોજવું. છેલ્લાં બારપંદર વર્ષમાં જુદે જુદે સમયે અને પ્રસંગે સ્નેહીઓ અને બીજા દબાણ કરતા રહ્યા છે, છાપાવાળા અને પ્રકાશકો ઉઘરાણી કર્યે જ રહ્યા છે,— જીવનચરિત લખ, સંસ્મરણો સાહિત્યને ચરણે ધર, જીવનનાં ચઢાણઉતરાણ વર્ણવ, સ્મરણમુકુરમાંની છાપો સૌને જોવા દે; જેમ તેઓ અને તેમના જોડિયા આ સન્માનસભાઓ વગેરે માટે દબાણ કરતા'તા તેમ. અને એ સમારંભોની બાબતમાં જેમ, તેમ આ વિષયમાં ય બને છે. ઘડપણની નબળાઈ આમાં પણ મ્હારા સિદ્ધાંતને નબળા પાડે છે, અને આ હું લખું છું. તથાપિ મ્હારા જેવા જંતુએ તે જીવનચરિત શાં લખવાં, એ માન્યતા હઠતી નથી, મ્હારી ત્રુટક પદ્ધતિને જ વળગું છું, અને આ જે કંઇ મોટે ભાગે સ્થૂલ હકીકત ટપકાવું છું તેમાં ય અટકી જાઉં છું વ્હેલો. અન્ય કશાની આશા રાખેલી તેવા બંધુઓને સંતોષ નહીં જ થાય. એવા સૌની આગળ મ્હારો સ્થાયી બચાવ આટલો જ છે કે મ્હારી કલમ કહ્યાગરી નથી, સ્વૈરવિહારિણી છે; ઇષ્ટ માર્ગે ઇષ્ટ વેગે ઇષ્ટ ચાલે જ એ તો વિહરે. જેવી એની મોજ.

મુંબાઈ, ૨૩-૧૦-૪૫.

# ૧—આંબો.

૧ ઈંદ્રજી

૨ કરસનદાસ

૩ ભૂખણદાસ

- અચરતરાય
  લગ્ન દેસાઈજી આણંદરાયજીનાં પુત્રી કલાણકોર સાથે. મૃત્યુ ક્ષયરોગથી જુવાનીમાં જ
  - ૦
- ૪. આણંદરાય (ન્હાનો ભાઈ)
  - ૫ નવનિધરાય ઠાકોર
    - ૬ અનૂપરાય લશ્કરી
      લગ્ન હૃદ કે હૃદયબા સાથે, આમોદના દેસાઈ સાહેબ રામનાં બ્હેન. મૃત્યુ ક્ષયરોગથી જુવાનીમાં જ
      - ૭ ચતુર્ભુજદાસ (ચતુર્ભુજ મહાદેવ)
        - કલ્યાણરાય 'માસ્તર'
          - પ્રાણકોર
          - બા
        - માણેક
        - માધવલાલ
        - શિવલક્ષ્મી (મોંઘી) હયાત છે
      - ઉમેદ પરણ્યાં અજબરાયને
        - હરિનાથ
        - ચુનીલાલ
        - સુરજ પરણ્યાં સુરતના વકીલ કેવળરામ ઉમેદરામને

**ટીપ**:—મુ. દાદાજી (ચ.) એ પેઢીનામું શીખવેલું તેમાંથી ૫-નવનિધરાય ઉપરની પેઢી ભૂલાઈ ગઈ; મૂળ પુરુષનું નામ ઇંદ્રજી એટલું જ યાદ રહેલું. પછી મુ. બાપાજી (ક.) ઠાકોર બાવાજી રાજનાં રાણી (ધરમપુરવાળાં) સાથે રામેશ્વરની જાત્રાએ ગયેલા, તેઓ પાછા વળતાં નાસિક ગોદાવરી ન્હાવા અને ત્ર્યંબક જવા થોભ્યા; તે દરમિયાન એ યાત્રાધામના અમારા કુલગોરે બાપાજીને ચોપડો બતાવ્યો તેમાંથી પ્હેલી ચાર પેઢી ઉતારી લીધી. પછી વળી બાપાજીને અને ચાચા (મા.)ને ગુંચ પડી; અચરતરાયના સસરા ભરૂચના દેસાઈજી આણંદરાય અને ન્હાના ભાઈ પણ આણંદરાય, એટલે દેસાઈજીના પૂર્વજો, તે જ અમારા વડીલ આણંદરાયના પૂર્વજો, અમે દેસાઈજીના વંશજો એવો ભ્રમ ઉત્પન્ન થયો, અને તો કલાણકોર અને આણંદરાય વચ્ચે થયેલા દસ્તાવેજ (ફારસી)માં ઇંદ્રજી વગેરે ત્રણ નામ પણ હતાં તે કોનાં એ એક કોયડો બની ગયો. પણ અંતે સુઝ્યું કે અમે દેસાઈજીના વારસો નથી, ભાણેજાં છિયે; અરે તે પણ નથી, દેસાઈજીની એક પુત્રીના દિયેરના વંશજો છિયે. અને દસ્તાવેજમાંના નામ અને નાસિકગોરની વંશાવલિમાંના નામ (દાદાજીને અક્ષરે લખેલાં) એક જ છે, તો એ જ અમારા પૂર્વજ આણંદ-રાયના પૂર્વજો. આવી ભૂલ થઈ જાય એ તો મૂર્ખાઈ એમ વાચકને ભલે લાગે; એ ભૂલ થયેલી અને કેટલાંક વર્ષ ચાલેલી એ હકીકત છે.

દૂધપીતી કરવાના ઝમાનામાં દેસાઈજી આણંદરાયને ત્યાં ત્રણ પુત્રી (કલાણકોર અને બે બ્હેનો) ઉછરી, તે ઉપરથી અટકળ થાય છે કે એ દેસાઈજીના માતા બહુ વ્હેલાં ગત થયાં હશે, કુટુંબમાં કોઈ મ્હોટી ઉંમરની વિધવા બ્હેન કે ફોઈ પણ નહીં હશે.

ત્રણે બ્હેનને દેસાઈજીએ "સાડીચોળી" પેટે ભરૂચ ઝિલ્લામાં ચિંગસપરા કાસવા વડવા અને આળીમાં ખેતરો સહિયારાં આપેલાં. ૫-નવનિધરાયે અને ૬-અનૂપરાયે અમારો ભાગ ગિરો મુકી દીધેલ,

મુ. બાપાજીએ છોડ્યો. બીજી બ્હેનના વંશજ હરિલાલ દેસાઈ અને ન્હાનો (હ. નો ન્હાનો ભાઈ). એ હરિલાલ અને તેનો ભાઈ–બક્ષી જૂનાગઢના લશ્કરમાં મુનશી ખાતામાં નોકર. એ બે પરણ્યા જ નહીં. ત્રીજી બ્હેનના વારસ અત્યારે બારિસ્ટર ધીરજલાલ કેશવલાલ હીરાલાલ છે. એ ખેતર ગરાસાદિ માંનો છેલ્લામાં છેલ્લો કટકો આ બીજા વિશ્વવિગ્રહના સંજોગોમાં ઉંચા ભાવનો લાભ લઈ અમે બધા વારસોએ મળીને વેચી દીધો છે. હવે અમે દેસાઈ કે ઝમીનદાર કે (વતન) ઇનામદાર માત્ર કહેવાના.

દેસાઈજી આણુંદરાયે ત્રણ કન્યા ઉછેરી તો વર બ્હારથી લાવવાની ય જરૂર પડેલી. ભૂખણદાસ અને એમના પુત્રો દેસાઈજીના તેડેલા ભરૂચ આવી વસેલા. ક્યાંથી? મૂળ વતન કયું? તે વિશે એટલી જ કલ્પના શક્ય છે કે ઇંદ્રજી નામ અમારી જ્ઞાતિમાં તે સમયે પુણ જૂનાગઢ તર્ફ જ હતું.

## ૨. અનુપરાય લશ્કરી (આંબામાં ૨૬ા)

ભરૂચમાં તે કાળે સિંધિયા સરકારના લશ્કરની ટુકડી રહેતી, તેના રસાલા (સવારદળ)માં અફસર; ઊંચા અને એકવડી કાઠી. એમનાં ગુપ્તિ અને તરવાર (વડોદરાના હથિયારખાનામાં) ફરી ફરી સજાવીને હજી સાચવેલાં છે. અચરતરાયની માફક જુવાનીમાં જ ક્ષયના રોગે ગત થયા. વિધવા અને બે બાળક દેસાઈ સાહેબરામજીને આશરે. સા. ના મોટા પૌત્ર વકીલ જમિયતરામ જીવનરામ (વકીલાત સુરતમાં કરતા) મુ. બાપાજી (ક.)ના ખાસ મિત્ર. હું મેટ્રિક પાસ થયો (૧૮૮૩) ત્યારે એમણે મ્હને મ્હારાથી ઉપડે ભાગ્યે એવી વઝનદાર ચોપડી Countries of the World, નકશા ચિત્રો અને છબીઓથી ભરેલી ઇનામ આપેલી. આમાં દરેક દેશ વિશે ટુંકો ઇતિહાસ પણ હતો.

### ૩. મુ. દાદાજી ચતુર્ભુજદાસ

પોતાની અટક ઠાકોર નહીં, લશ્કરી નહીં, સેઠ્ઠી લખતા. સવાલ પૂછાતાં, ખુલાસો કરતા કે અનુપરાયજીનો હોદ્દો 'લશ્કરી' કરતાં સેઠ્ઠી (=સેનાની, સેનામાં અગ્રણી; દક્ષિણી રૂપો, સોહની, સોવની, વગેરે) શબ્દ વધારે સ્પષ્ટતાથી દર્શાવે છે. આખા ભરૂચમાં ચતુર્ભુજ 'મહાદેવ' નામે ઓળખાતા, જેમને હાથે ઉછર્યાં (સા.) તેમના જેવા કર્મઠ હતા. ઉત્તરાવસ્થામાં સૂર્યોદય પ્હેલાંથી અર્ધ દિવસ સંધ્યા પૂજાપાઠાદિમાં જ ગાળતા, દેવપ્રસાદની થાળી ઢાંકી રાખી હોય તે મધ્યાહ્ન પછી જમતા, એ એકજ ટંક જમતા. સાંઝે એચાર મંદિરે દર્શન કરી આવતા. રવિવારે પાછલે પ્હોરે ઓટલે બેસી માથા ઉપર કિરમજી મોટી પાઘડી (ભરૂચી ઘાટ) એક પર એક વીશ "છત્રી" ચીપી ચીપીને બેસાડીને બાંધવામાં સવાદોઢ કલાક ગાળતા, અને એ કલા એમની કનેથી શીખી લેવાને બેચાર જુવાન ઓટલે તેહનાતમાં બેઠા જ હોય. (બીજા કોઈની પાઘડીમાં મેં દશથી વધારે છત્રી જોઈ પણ નથી. આ તો કપાળથી માથા ઉપર આગળ ૨॥ થી ૩ ઈંચની ત્રિજ્યાના માપનો જેવો અર્ધગોળ, તેટલા જ માપનો પાછલો છત્રીઓનો અર્ધગોળ બોચી પાછળ નીકળી આવતો.) નોકરી કરેલી માત્ર તળાટીની, પણ ઉપરીઓ ય એમને માન આપતા. મ્હને જનોઈ દીધું ત્યારે ગુરુમંત્ર (ગાયત્રી) એમણે ગોખાવેલો, અને ઉમેર્યું, "જો શરત રાખ, તું તો સંસ્કૃત ભણે છે, જનોઈ પછી રોજને રોજ નિયમિત રીતે સંધ્યાપૂજા કરે તે સ-કર્મી, ન કરે તે અ-કર્મી, અ-કર્મી, અ-કર્મી, અક્કરમી નહીં; પણ જે અ-કર્મી રહે તે અક્કરમી થઈ જ જાય એવો આપણા ગોત્રના આદિપુરુષ કશ્યપથી માંડીને આપણા વિશ્વેપિતરઃનો સદ્બોધ છે તે પાળજે ને સુખી થજે." મિજાજ કડક. નિયમો પળાવવામાં માનનારા. આંખે બરાબર સુઝતું નહીં ત્યારે પણ કોઈ સૌભાગ્યવતી ખત્રાણી લુગડા ઉપર "ચાદર"

(આખું અંગ ઢાંકતું સફેદ વસ્ત્ર) પણ ઓઢવાની રહી ગઈ હોય, તો એમની આગળથી જવાની હિંમત કરે નહીં, બીજે લાંબે રસ્તે થઇને જ જાય. ફારસી લખતાવાંચતા. લક્ષ્મીપૂજન વખતે ચોપડાઓમાં કલમો* પણ લખતા જ.

જન્મ, ઈ. ૧૮૨૦-૨૧ (અનુપરાયજી ગત થયા ઈ. ૧૮૨૪ પ્હેલાં). લગ્ન, ઈ. ૧૮૩૭, આમોદમાં. (એ લગ્નના હિસાબનો ચોપડો ઘણું કરીને જળવાયો છે. મ્હારા કાગળોના ઉકરડામાંથી પાછો હાથ આવશે તો એ સાલના કેટલાક ભાવ પ્રકટ કરવા જેવા છે.) મૃત્યુ, ઈ. ૧૮૮૯ આખરે. (ત્રિદોષ.)

તે જ પ્રસંગે મુંબાઇની પરીક્ષાઓથી પાછા ફરતા મ્હારા બેત્રણ મિત્રો બે દિવસ મ્હારા મેમાન થયેલા. આ ઘરડા અને કૃતકર્તવ્ય વડીલનું મૃત્યુ તો એક ઓચ્છવ જેવું ગણીને અમે એમની પાછળ (મૃત્યુને જ દિવસે)—ગરુડપુરાણને બદલે!—પ્લેટોના 'ફીડો' સંવાદનો અંત ભાગ વાંચેલો. મુ. બાપાજી બીજે દિવસે પ્હોંચેલા. વડીલોપાર્જિત તમામ ગિરવી હતું તે છોડવેલું એમણે. ન્હાના ભાઈને ભણાવેલ પરણાવેલ (બે બ્હેનોને ય પરણાવેલ) એમણે. ભરૂચના ઘરનો બધો ખર્ચ ચલાવેલ એમણે. અમારું એ ન્હાનું ઘર છેક ખંડિયેર જેવું થઈ ગયેલ, તે સમરાવી લગભગ નવા જેવું ચણાવેલ એમણે. ચાચા (માધવલાલ) કમાતા થયા તે પછી પણ એમની કનેથી એકે પાઈ લીધેલી નહીં. તથાપિ દાદાજીના તેરમા પ્હેલાં જ મુ. બાપાજીએ તો મિલકતના ભાગની વહેંચણનો કાગળ લખી નાખ્યો, તેમાં મકાનની અમુક કીંમત આંકી તેની અર્ધી રકમ રોકડી ન્હાના ભાઈને આપી દીધી, એટલે ઘર પોતાનું "સ્વાંગ" થયું. વડીલોપાર્જિત ખેતરો વગેરેના ગણોતપટામાં તે દિવસથી જ બે ય ભાઇનાં નામ દાખલ કરાવ્યાં.

* આરબી મહામંત્ર,—લાઇલાહિ અલ્લાહ, મોહમ્મદે રસૂલ અલ્લાહ.

## ૪. દાદીમા લક્ષ્મી

આમોદના દેસાઈ કૃપારામની પુત્રી. ચ.ની સ્થિતિ છેક ગરીબ તથાપિ લ.ના બંને ભાઈના પુત્રો ઇંગ્રેજી ભણવાને આમોદથી ભરૂચ રહેવા લાગ્યા ત્યારે લ.ને ત્યાં જ સાંકડેમોકળે રહેતા. લ. સાથે આમોદના એ કુટુંબના તમામ સ્ત્રીપુરુષોનાં આયુષ્ય લાંબા. લક્ષ્મી પોતે ઠીંગણાં એટલે એમનાં સંતાનમાં એક પુત્ર, એક પુત્રી એકવડી કાઠીનાં ને ઊંચાં ( મુ. દાદાજી જેવાં ), એક પુત્ર એક પુત્રી બેવડી કાઠીનાં ને ઠીંગણાં. સ્વભાવે નરમ તેમાં ચ.ના કડક મિજાજથી દબાઈ જ ગયાં. ચ. ગયા પછી એકબે વર્ષે અંધ થયેલાં.

જન્મ, ઈ. ૧૮૨૫, મૃત્યુ. રાજકોટમાં, ૧૯૦૧ની આખરે મુ. બાપાજીને રાજકોટમાં પ્લેગ થયો છે જાણતાં મોટી પુત્રી અને અમારા કુટુંબી જેવા ગણપતીના પૂજારી ધનેશ્વરનાં પત્નીને જોડે લઇને રાજકોટ આવ્યાં, જન્મારામાં પ્હેલી જ વાર. અને ક.ને નહીં મટે એમ લાગતાં તેનાથી ચાર દિવસ વ્હેલાં ગત થયાં. ડોસાભાઇને વડે મેં આગ મુકી કેમકે મુ. ચાચા આગલે દિવસે જ પાછા જામનગર ગયેલ. દાક્તરે રોગ નોંધ્યો, ગાંઠ વગરનો પ્લેગ મેં દિન્કી ( ડાયરી )માં નોંધ્યું—“ મોતનું કારણ હૃદયભંગ. યુવતીને પ્રેમમાં નાસીપાસીથી જ હૃદયભંગ અને મોત થાય છે, એ માન્યતા અપૂરતી છે. ઘણી માતા વ્હાલા પુત્રની પાછળ તુર્ત કે તેના પ્હેલાં ય મરી જાય છે, તે ય હૃદયભંગ છે. પ્રેમ કહેવાય છે તેનો વાસ્તવિક હકીકતે ઉત્તમ આવિર્ભાવ વ્હાલાવ્હાલી પ્રેમ નથી, ભક્તનો ઇષ્ટદેવપ્રેમ છે, માતાનો પુત્રપ્રેમ છે.” પ્હેલો બધો જ સમય એકતર્ફી કેમકે ઈષ્ટદેવ માત્ર ભાવનામય પ્યર્થ ( idea ); બીજો પણ અન્યોન્ય હોય. એવા દાખલા થોડા.

## ૫. મુ. બાપાજી કલ્યાણરાય

પ્હેલેથી શાળામાં "વડો નિશાળિયો." વારંવાર 'મોનિટર' (શિષ્યશિક્ષક, માસિક પગાર રૂ. ૨ થી ૫) નીમાય. સવારે સાંઝે પારસી છોકરાઓના ખાનગી ટ્યૂશનો કરે. અતિવૃદ્ધ અને બા ગયા પછી છેક નખાઈ ગયેલા ત્યારે મેં એકબે વાર કહી જોયું, રાજકોટમાં એડિમનિસ્ટ્રેટર ભરૂચના એમના શિષ્ય ખા. બ. સોરાબશાહ નીમાયા ત્યારે એમની કને કહેવડાવ્યું જે નિવૃત્ત થઈ જાવ. એમના જવાબ બે. (૧) બાપાની માફક પાઠપૂજામાં બધો વખત ગાળવો મ્હને ફાવે નહીં, એ મ્હારું વલણ નથી, અને કામ તો જોઈએ. (૨) બાર વર્ષનો થયો ત્યારથી મેં માબાપની પણ પાઈ લીધી નથી, તે હવે થોડા સારુ છોકરાની કમાણી પેટમાં નાખીને આ ધોળા વાળને મેંશ લગાડું?

જન્મ ઈ. ૧૮૪૧; લગ્ન, ઈ. ૧૮૬૩; મૃત્યુ, ઈ. ૧૯૦૧ અકટોબર, રાજકોટ, પ્લેગ. છેક મોતના દિવસ લગીનો પગાર રળ્યા. કુટુંબપોષકતા વિશે ઉપર આવી ગયું. અત્યંત ગરીબીમાં ટેવાઈ ગયેલ એટલે લગી કે રગેરંગમાં કરકસર. વિલાસી અને મોજીલાં જીવનની વિરુદ્ધ કોઈ કંઈ ટીકા કરશે, કોઈ કંઈ દલીલ યોજશે; એવું જીવન કેટલું બધું ખર્ચાળ, એ તેનું એક જ દૂષણ બાપાજીને મન તેને દુષ્ટાતિદુષ્ટ મહાપાતક માટેના નર્કમાં ધક્કેલી દેવા માટે પૂરતું હતું. કોઈના બી કર્જે કહાડવા કરતાં તો આપઘાત સારો, એ એમનું સૂત્ર. પ્રકૃતિએ નરમ; મિલનસાર; ભોળા.

બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વે ચણાતી હતી તેમાં થોડા માસ એ એમની પ્હેલી નોકરી. ઈ. ૧૮૬૫ થી ૭૧-૨ જૂનાગઢ. નવાબ મહોબ્બતખાનજીના ઈંગ્રેજી ટ્યૂટર લેખે ગયેલા. પછી ભાયાતી કોર્ટના ન્યાયાધીશનો વિશ્વાસુ હોદ્દો ત્રણ સાડાત્રણ વર્ષ. બધો જ વખત ક્ષત્રિય નાગર લુવાણા યુવકોને બે વર્ગમાં ઘેર વિના ફીએ ઈંગ્રેજી

શીખવે. આ સૌ આખો જન્મારો એમને માસ્તર માસ્તર કહેતા ને ગુરુ જેટલું માન આપતા.

કાઠિયાવાડ એજન્સીનું મથક રાજકોટ કાંપ તે સમયે સાહસિકોને ભાગ્યદેવીના ઉઘાડા દ્વારની જેમ આકર્ષતું. ક. રાજકોટ આવી ગયા ઈ. સ. ૧૮૭૨થી. પ્રથમ કોર્ટોમાં દાવા, ખટલા વગેરેના જરૂરી કાગળોના તરજુમા ઉપર નિર્વાહ ચાલ્યો. ત્યાં તો એજન્સી માટે વકીલની પરીક્ષાઓ થઈ; તેમાંની પ્રથમ પ્હેલીમાં જ બેઠા ને બીજે નંબરે પાસ થયા.

એક પરીક્ષક સુરતના મધુવચરામ, જેમને હું છેક સુરત સાહિત્ય પરિષદ વખતે મળ્યો ત્યારે તેઓ ગાદી પરથી એકદમ ઉભા થઈ ગયા, અલ્યા તું રાજકોટના કલ્યાણરાય માસ્તરનો પુત્ર? રાજકોટમાં દીઠેલો તે ય સાંભરતું નથી, તે વખતે છેક બાળક, અને આટલો મોટો થઈ ગયો? ત્રિભુવનદાસ ગજ્જર મ્હને પોતાની સાથે લઈ ગયેલ, તે કહે, એ તો કોન્ગ્રેસ તુટી ત્યારે ય અહીં આવ્યો'તો. "ત્યારે કેમ ન મળ્યો?" ત્રિ. કહે. "પૂરો થયો છે હવે લવારો આ મ્હારો" એ ત્હમારા પરિષદસત્કારમંડળપ્રમુખ લેખે ત્હમારા ભાષણમાંના વાક્યે એને યાદ આવ્યું કે ત્હમે તો વડીલ! પગે લાગવું જોઇએ. અને હસાહસમાં સૌ બીજી વાતે ચડી ગયા.

પ્હેલી પરીક્ષામાં જ પાસ થઇ વકીલાત માંડી, જ્યુડીશિયલ સાહેબ અને રાજસ્થાનિક કોર્ટના સાહેબ, સૌની સુગમતા સારુ પ્રાંતે પ્રાંતે ફરે, જે મુકામે કેસની મુદત પડે ત્યાં અસીલો સાથે વકીલો હાજર થઈ જાય. વકીલોને કમાણીની છોળ.

ઠાકોર બાવાજીરાજ (પ્રવીનસાગરવાળા સાગર=મેહરામણજીના પૌત્ર)ને ગાદી સોંપાતાં, જ્યુડીશિયલની પસંદગીથી ક. ન્યાયાધીશ થયા. પણ એ કમાણી મુકાબલે ટુંકી એટલે ઠાકોર સાહેબ સાથે બગાડ્યા વગર અને પોતાની જગાએ ભગવાનલાલ સંપતરામને

નીમાવી, છૂટા થયા; કેટલાંક વર્ષ પાછી સ્વતંત્ર વકીલાત કરી. રાજકોટમાં ફરીને સરકારી દેખરેખ થયેલી, તે લાંબો સમય ચાલી. તે દરમિયાન પાછી સરન્યાયાધીશની નોકરી સ્વીકારી અને તેને આખર લગી વળગી રહ્યા. ગાદી લાખાજીરાજ ઠાકોરને તો સોંપાઈ, હું પૂણે પ્રોફેસર થઈને ગયેલો તે પછી.

બાપાજીને ઘર ચણવાનો શોખ; બચત ને ધીરધાર કે બીજી રીતે રોકવાના માર્ગોનું આકર્ષણ જ નહીં. ઠાકોર સાહેબે નામને મૂલ્યે પરામાં આપેલી જમીનમાં બંગલો અને કુવો કર્યાં, અને ફરતા ખુલ્લા વિશાળ પટમાં ઓરડાઓશરી ઘાટનાં મકાનો ચણ્યે જ ગયા. એ મિલકત રાજકુમાર કોલેજની નોકરી થયા પછી મેં વેચી અને કીંમત ઉપજી તે અમારા મોટા ઘરને સુધારવામાં નાખી. મ્હારી મોટી પુત્રીના લગ્નનો અર્ધ ખર્ચ પણ એ વેચાણમાંથી કહાડ્યો.

મુઘલોની પડતી (ઈ. ૧૭૦૭ પ્હેલાં)થી વોકર આદિએ કાઠિયાવાડ પ્રાંતને પાછો થાળે પાડ્યો, ત્યાં લગીના એ દશબાર દાયકાના કાઠિયાવાડના ઇતિહાસમાં, એ ગેરવ્યવસ્થા તથા હકુમતની ચડસાચડસી, સ્થલે સ્થલે ઝુંટાઝુંટ અને ઉથલપાથલના ઇતિહાસમાં આખો જન્મારો એમને અને એમની હેડીના ઘણાને અખૂટ રસ; અનુભવ, બોધ, ચેતવણી આદિ એ ન્હાનામોટા બનાવો પરથી એ લોક તારવી ય શકતા અજબ જેવી પદ્ધતિએ. એ સૌને કાઠિયાવાડ હતો, કર્નલ ટોડ જેવાને રાજપુતસ્થાન હતો તેવો જ, પોતાનો ખાસ country of ROMANTIC incidents and TOWERING personalities.

## ૬. સુ. બા, જમના

જન્મ, ઈ. ૧૮૫૨; મૃત્યુ, ઈ. ૧૮૯૭ (ભરૂચ; રક્તવિકાર): અકલેસરની કોર્ટના વકીલ ગણપતરામ ગોવિંદલાલાની પુત્રી.

બુદ્ધિ અને બાહોશી અસાધારણ. શાળાની કેળવણી નામની. સ્મૃતિ સતેજ, જે વાંચે, જે સાંભળે તે ન ભુલે. હાજરજવાબી વાક્છટા, વક્રોક્તિ, ટુંકાં વેણ સંભળાવી દેવાં, વગેરેમાં પોતાના સમાગમમાં આવતા કોઇથી જાય નહીં. બંને કુલમાં ચલણ. આ બધાની સાથે સામે પાસે મુકવા જેવું ય નોંધું છું, ભલે ને 'આ ટીકાખોર તો માતાને પણ છોડતો નથી,' એમ નિંદંતુ નીતિનિપુણાઃ.

છેક સામાન્ય ગુજરાતણના જેવી એ પુત્રની પાછળ ઘેલી; ખવડાવ્યા જ કરે, ભાવતી વાનીઓ પુત્ર સારુ રાંધ્યા જ કરે; તે જે કહે, જે માગે, જે ઇચ્છે, તેની ના જ નહીં; તેની રીસ, હઠ, તોફાનિયત, કશાને ન ટોકે, સહી જ લે. બાળક બગડે છે, કટેવો પડે છે, તબિયતે બગાડે છે, કશું જાણે ભાન જ નહીં. મ્હને સોનાની નક્કર કલ્લીઓ પ્હેરાવતી. ચીડાઉં ત્યારે તે એના માથામાં મારતો તેનાં એને ઢીમડાં થતાં, તો ય પ્હેરાવ્યા કરે. બીજા કોઇને મારી હશે કે કેમ, અથવા મારી હશે તો સામેથી પૂરતો મેથીપાક પામ્યો હઇશ કે કેમ, એ કશું જ સાંભરતું નથી.

વહુ ઘેર આવી (ઈ. ૧૮૮૯ની આખરથી) એટલે સાસુ લેખે પણ એ છેક સાધારણ નીવડી. આ પોતાની જે સ્વાંગ મતા હતી આજ લગી, તે મુઠીમાંથી ઝુંટવી લેનાર પેલા ભવની આ વેરણ આવી તો, એ પ્રકારની કુદરતી (instinctive) અદેખાઈ અને અનુદારતાથી મુક્ત થઈ જ શકી નહીં.

ઊજળિયાત નાગર બ્રાહ્મણ, અનાવિલ, પાટીદાર, મોઢ, શ્રીમાળી, લાડ, ખેડાવાળ, આદિ ગુજરાતણોમાં "કેળવાયલી" હશે તેમાંથી પણ માતા અને સાસુના અને અવિભક્ત કુટુંબતંત્રહીતની ધુરા વ્હેનારીનાં કર્ત્તવ્યો બજાવતાં, આમ કેવલ ઊર્મિપ્રેરણાએ પ્રવર્ત્તતી ગુજરાતણોનું પ્રમાણ હજી કેટકેટલું મોટું ચાલ્યા કરે છે, તેનો

આપણા સુધારાનાં સીતારામનો જાપ રટ્યા કરતા શુકદેવોને ખયાલ સરખો નહીં હશે. આ લાખો રૂઢિબદ્ધ, બુદ્ધિકુંઠિત યુવતીઓ મહાકાલના જઠરે પચતી જાય, શીઘ્રં સુશીઘ્રં અતિસુશીઘ્રં પચતી જાય, તેમ તેમ જ ગુજરાતી સમાજે કુટુંબઆચાર સુધરી શકે ન અન્યથા, ન અન્યથા.

## ૭. પત્ની

ચંદ્રમણી, અલીણા અને સુરતના ચંદુલાલ ગણપતરામ દેસાઇ અને ભરૂચ અને લીમડીના માણેકલાલ વેણીલાલની પુત્રી લલીતાની પુત્રી. થોડું ઇંગ્રેજી સાસરે આવ્યા પછી ભણી. સદા ય સ્મિતમુખી, સહનશીલ, મિતભાષી, જેને જેમ ફાવે તેમ વર્ત્તવા દેવામાં માનનારી, (laissez faire) લે ઝે ફેયર–ધર્મી; મ્હારા ઉગ્ર સુધારાગ્રહ અને સત્યાગ્રહ સામે કોઇક વાર બેઠો બળવો કરનારી, ઉપહાસે ભસ્મ કરનારી, ઠંડો કળશિયો રેડી ઠારી દેનારી; પણ ઘણું ખરૂં તો સહી જ લેનારી.

મ્હારા વિકાસમાં એણે શો ફાળો આપ્યો તે હું ધારું છું કે ‘વિરહ’ અને ‘રેવા’માં હું કહી શક્યો છું. એનાં સૌથી વધારે સુખનાં કે સૌથી ઓછાં દુઃખનાં વર્ષ મ્હારી રાજકોટ રાજકુમાર કોલેજમાં નોકરીનાં વર્ષ અજમેરમાં પણ એને કાયસ્થ અને પારસી ગૃહિણીઓનો સાથ સારો હતો; તેમાં સુરતના ધીરજરામ ઓચ્છવરામનાં વહુ અને વિધવા બ્હેન તો એને સહિયરો જેવાં હતાં. ધીરજરામની અજમેર બદલી થતા પ્હેલાં એ અમદાવાદ કેટલાંક વર્ષ હતા અને ત્યાં ખાડિયામાં રહેતા તથા નીલકંઠરાય દાક્તરના જેવા મ્હારી નાતનાં કેટલાંક કુટુંબો સાથે ઘરવટ જેવો સંબંધ બંધાયો હતો.

ચંદ્રમણી વ્હેલી ગઈ તેથી મોટો પરિવર્ત્ત થઈ ગયો અમારા પુત્રોના વિકાસ અને જીવનમાં; બીજા શબ્દોમાં એ બીજાં દશ જ

વર્ષ જીવી હોત તો એ પુત્રોનો વિકાસ અને એમનાં ભાવિ ઘણાં સુધરી જાત. આ નુકસાન એમને—અને તેથી મ્હને પણુ—કેટલું મોટું હતું તે હજી પણ હું જોઉં છું, પણ એનું માપ તો કોઇથી પણ નીકળે એમ નથી.

અમારું જીવનનાવ આરંભમાં જ છેક ખરાબે ચડી ભાગી જાત એવાં પણ એકબે વર્ષ અમે વેઠેલાં. પણ પ્રથમથી જ મ્હારા ચિત્તંત્રમાં એત્રણુ વાનાં દૃઢમૂલ અને સ્થિરવૃત્તિ.' મ્હારા જીવનની ભાગિયણ એ; અમારાં બાળકોનાં ચારિત્ર અને હૃદય ઘડવા અને વિકસાવવામાં એનો ફાળો વિશેષ અને નિર્ણાયક; એ, અને એનાં માતાપિતા પણ એટલાં તો નરમ અને હું વધુ પડતો કડક, એ સંજોગોમાં પણ એ દબાઈ ના જાય, એનું વ્યક્તિત્ત્વ ટકે એટલું જ નહીં પણ પોતાની રીતે ખીલે, કેટલાંક તરુવરની છાયા તેની તળેના નાજુક છોડને શોષી નાખનારી હોય છે તેમ એના વ્યક્તિત્વનું બનવા ના પામે, એ માટે હું હરહંમેશ જાગ્રત. આ ગહન બાબત વિશે વધારે લખવાથી એ કંઇ વધારે વિશદ થાય નહીં, એટલે અહીં જ અટકી જાઉં છું.

જન્મ ઈ. ૧૮૭૫, ભરૂચમાં; લગ્ન ઈ. ૧૮૯૭, ભરૂચમાં; મૃત્યુ ઈ. ૧૯૧૫ (મકરસંક્રાંતિએ) ભરૂચમાં, યકૃત (Liver)માં 'કેન્સર'થી. રોગ પરખાયો આગસ્ટથીઃ ત્યારથી જાન્યુઆરી લગી કાયા ટકી દા. રાવે દવા સાથે predigested પોષણ પણ પૂરતું આપવાનું રાખેલું તેથી.

૮. મ્હારો જન્મ ભરૂચમાં, ઈ. ૧૮૬૯ અકટોબર ૨૩, દિવસે આશરે અગિયારે, શનિવાર વિ. સં. ૧૯૨૫ આસો વદ ૩/૪ (કરવડા ચોથ); બાળક મોહન—એટલે પૂજ્ય ગાંધીજી—ને ૨૨મે વાસે. મ્હારું જીવન શરુ થાય છે મ્હારા જન્મ પ્હેલાંના એક અનુભવથી.

જ્યૂન બેસતાં તો વેરાવળ અને મુંબાઇ વચ્ચે વ્હાણોની આવજા ચાતુર્માસ અટકી જાય છે એટલે પ્રાણલાલ શંભુલાલ વકીલ અને

એમનાં વહુ ચંચળ ભરૂચ આવવા જૂનાગઢથી પગરસ્તે નીકળ્યાં; તેમની સોબતમાં બા, જમના, અને ન્હાની બાળકી પણ નીકળ્યાં. આગગાડીનું બંધાયલું છેલ્લું સ્ટેશન આવેલ્યાં લગીની મુસાફરી શિગ્રામોમાં. પ્રાણલાલ વકીલ સાહેબની સાથે રાજ્યના બે સવાર અને બંદુકધારવારિયા સિપાહ ચાઉસની ટુકડી, એટલે રસ્તે બીજા શિગ્રામો, ગાડાં વગેરે એ દિશાએ જતાં તેમનો સાથ વધતો ગયો. એક સવારે એ સંઘ એક રેતીના દડમાં અર્ધેક આવ્યો હશે, ત્યાં તો એચાર માઇલ ઉપર વરસાદ તુટી પડેલો, તેનાં પાણી પૂર વેગે જોતજોતામાં ચઢ્યાં, કોરૂં દડ હતું તે વ્હેતી ઘૂઘવતી નદી થઇ ગયું, અને પાણી એટલાં બધાં ચઢ્યાં કે શિગ્રામોને ગીરના એ ધોરી બળદોને પણ તરતાં તરતાં ખેંચવા પડ્યા. આખા શિગ્રામમાં પાણી પાણી. ત્તાણ પણ એટલી કે પૂરમાં ખેંચાય તેની લાશ પણ હાથ ન આવે. ચંચળ અને જમના યુવતીઓ રેવાજીના હોડાઓથી ટેવાયલી તે શિગ્રામની બારીઓના દાંડાને વળગી ડોકાં અને તેટલાં પાણીથી ઉંચે રાખી, બાળકીને છાતી પર વળગાડીને જેમ તેમ ટકી રહી. આવી સ્થિતિ પાંચ છ મિનિટ જ ચાલી હશે, કેમ કે એ નદીઓ પ્હોળી નહીં, સંકટ આવી લાગતાં તો પટનો મધ્યભાગ શિગ્રામો વટાવી ગયેલ, અને ધોરીની ખરીઓ જમીને અડતાં તો તેમણે ફાળ ભરીભરીને શિગ્રામો કાંઠે ચડાવી દીધા. આ તે શો ઉત્પાત, એનું પૂરૂં ભાન થતાં તો ભયની ક્ષણ વહી પણ ગઈ. આ બની ગયું જ્યૂનના ઉત્તરાર્ધમાં, એ માસની આખર પ્હેલાં; હું અવતર્યો અકટોબરમાં, એટલે ગર્ભમાં હતો ને આ બન્યું, અને બા જરા ય ગભરાયલી નહીં. ઇંગ્રેજીમાં કહે છે તેમ, she "took the danger in her stride."

૯. ભરૂચ હાઇસ્કૂલમાં બે વર્ષ જ, ૯મું: ઇંગ્રેજી બીજા ધોરણમાં, માસ્તર ફિરોજશાહ કાપડિયા.

એ હું બી. એ. થયો તે પછી જ્યારે જ્યારે ભરૂચ જાઉં અને

સાંઝે ફરવામાં મળી જાય ત્યારે ખાસ પાસે આવી થોડી વાતચીત કર્યા વિના ન રહે, હું એમના પુત્રો વિશે પૂછું: તેમાંના એક મુંબાઈ સમાચાર અને બૉમ્બે ક્રોનિકલમાં ઘણા વર્ષ. ફિરોઝશાહનું આયુષ્ય લાંબું. ૧૧મે વર્ષે ચોથા ધોરણમાં પણ હું ભરૂચ હાઇસ્કૂલમાં ભણેલો; માસ્તર અમુલખરાય (ભાર્ગવ બ્રા.) ડોળી અને તોરી. આ વર્ષે મ્હને જનોઇ દીધું. મોટા મામાએ મ્હને ખૂબ દોડવા દીધો. મ્હારી ભરાવાની જગા એ જાણે, ત્યાં એમણે પ્રથમથી માજુ મામાને સંતાડી રાખેલા. હું ત્યાં નથી જવાનો એમ ફેલ કરવાને આડાઅવળો દોડીને અંતે ગયો ત્યાં જ અને પકડાઈ ગયો.

જનોઇ પ્હેલાંનો એક બનાવ. ઠાકોર સાહેબ બાવાજીરાજના લગ્ન માટે ખાંડું ધરમપુર ગયું, તેમાં દીવાન સાહેબ ન આવી શક્યા. એટલે મુખ્ય અધિકારી બાપાજી. એમની જોડે હું પણ ગયેલો. સૂર્યોદય પ્હેલાંના કલાકમાં વલસાડ સ્ટેશનથી અમારી એ સુંદર રથોની હાર નીકળી. એ ડુંગરાળ પણ પોચી રસાળ ભોંયમાં ખીણ વટાવી ધાર ચડવી, ખીણ વટાવી ધાર ચડવી, લગભગ બધો પંથ એ શણગારેલા ઘુઘરાળા બળદોએ ઘોડાની રવાલ ચાલ જેવી દોડતી ચાલે કાપ્યો,—એ મુસાફરી હજી સાંભરે છે. તે વખતનું ધરમપુર છેક ગામડું; આમોદથી ય ઉતરતું. રાજકોટની મંડળીને એક વિગત બહુ વિચિત્ર લાગી; "આ તે રજવાડો? મલાજો નામે નહીં, પાંચપંદર આચાર્ય અને પુરોહિત અને ગોર અને ભાટ છેક અંદર લગી દાખલ!"

## ૧૦. બે જલઘાત

જનોઈ પછી ચોથે કે પાંચમે દિવસે નવચોકીને ઓવારે હું ડુબી જતો'તો. તરતાં હજી બરાબર ન આવડે અને એલારો માર્યો તેવું પાણી પીવાઈ ગયું અને ડુબતો'તો. ઘણા આમ જ ડુબી મરે છે. આ તો કાંઠા નજીક બન્યું, તે ત્રીજી ડુબકીએ નાનાજી (ગ.) ના રસોઇયા સોમેશ્વરે ઝડપી લીધો ને બ્હાર કાઢ્યો.

બીજી જલઘાત વિશે અહીં જ, જો કે વચ્ચે છે એકત્રીશ વર્ષનો ગાળો. ઈ. ૧૯૧૧ને ઉન્હાળે કાઠિયાવાડ દુકાળ સમિતિના મંત્રી લેખે જુદા જુદા ભાગોમાં સંકટની માત્રા કેવીક છે તેનો કંઈક વાસ્તવિક અંદાજ બાંધવાને હું ચારમાંથી ત્રણ પ્રાંત ફરેલો. હડાળે બે મિત્રો મળ્યા, એક બૅરિસ્ટરને એક વકીલ. સવારે અમે બેએક ગાઉ ઉપર વિશાળ પાતાળ કુવો નવો જ બંધાઈ રહેલો, કુવો ને વાવ સંયુક્ત, ત્યાં ન્હાવા ગયા. વાવની કમાન આગળથી આશરે પચાશ પગથિયાંનો ઘાટ ઉતરિયે ત્યારે પાણી આવે. એ પાણીની સપાટીથી માપતાં કુવાના ગોળ મંડાણના ઉપલા થાળાંની ટોચ ચાળીશ ફૂટથી વધારે ઊંચી. ગમે તેવો તારો હોય તથાપિ અનુભવી હોય એવો કોઇ માણસ પાણીમાં વીશ ફૂટ કરતાં વધારે ઉંચાઇથી પડે નહીં. શરીર ઝડપથી પાણીમાં વીશ કરતાં પણ વધારે ફૂટ ઊંડું ઉતરી જાય તેને પાછું સપાટી ઉપર અણાય ત્યાં લગીમાં ગુંગળાઇ જવાનું ભારે જોખમ. હું તો થાળાની ટોચ પરથી ધબ્બ પડ્યો અંદર. શરીર પાણીની સપાટીને અડે તે પ્હેલાં પલાંઠી બરાબર બાંધેલી (કાઠિયાવાડીઓ આને કહે છે—"પલોંઠિયો ધૂબકો"). એ જાતનો ભુસ્કો મારવામાં બે લાભ છે. પાણી ખૂબ ઊડે છે, સીધા ફુવારાની માફક, અને સુંદર ગોળાકારે પથરાતા વર્ષાદની જેમ નીચે આવે છે. પછી મિત્રોએ કહેલું કે મ્હારા ભુસ્કાથી પાણી થાળાની ટોચથી પણ ઉંચે વીશેક ફૂટ લગી ઊડેલું. (કુલ ૬૦ ફૂટ!) પલાંઠિયાનો, ભુસ્કો મારનારની દૃષ્ટિએ, વધારે મોટો લાભ આ છે, કે જો પલાંઠી પાણીમાં પેસતાં જ ખોલી નાખી શરીરને ઊભું કરી દેવામાં આવે, તો ઘણું નીચે ઉતરી જવાતું નથી, અને પલાંઠી ખુલે તે જ ક્ષણથી ઊભા (vertical ચક્કરમાં) હાથ મારી પાણી કાપતાં કાપતાં પાછા સપાટી પર થોડા જ સમયમાં આવી જવાય છે. હું બની તેટલી બધી ઝડપે—વીજળી ઝડપે—ઉપર આવી ગયો. તથાપિ સપાટીએ પ્હોંચતાં લગભગ ત્રણ મિનિટનો

સમય લાગી ગયેલો, બીજી અર્ધી કે પોણી મિનિટ વધારે વાર લાગી હોત તો ગુંગળાઈ જવાત એટલે સોએ વર્ષ પૂરાં થાત. હું વ્હાર નીકળ્યો ત્યારે સૌ કહે આવો "ધૂબકો" અમે તો આ પ્હેલો જ જોયો. બારિસ્ટર પૂછે તળે પગ અડેલો? કુવો કેટલોક ઊંડો છે? મેં કહ્યું તળિયે અડવા ગયો હોત તો તળિયું જ મ્હને ભરખી લેત. આવા મોટા અને નવા જ ચણેલા કુવાને એકાદ ભોગ પણ લેવો જોઈએ ને! હડાળાના કુમારશ્રી અમરાવાળા પણ ન્હાવામાં અમારી સાથે આવેલા. એટલે મ્હારું આ "પરાક્રમ" કોલેજ પાછી ઊઘડી ત્યાં તો સૌને જાણવામાં આવી ગયેલું.

## ૧૧. બીજી ત્રણ ઘાત

**રેલવે ઘાત.** મ્હારે બારમે કે તેરમે વર્ષે ઉતરતે ઉન્હાળે બાપાજી અને હું એકલા ભરૂચથી રાજકોટ જતા હતા. અમદાવાદ પછી સેકંડ કલાસના ડબામાં અમે જ હતા. વીરમગામ છોડયા પછી પવન તો હતો તથાપિ એ વેરાન પ્રદેશમાં તાપ પણ લાગતો'તો. લોર્ડ કર્ઝને હિંદની અનેક સેવા કરી છે તેમાંની એક ન્હાની આ છે કે આગગાડીના ડબ્બાઓમાં પંખા ગોઠવાવ્યા છે. પણ આ તો એ સમય પ્હેલાંની વાત છે. બેઠક પર બાપાજી હાથમાં છાપું ને ઝોકાં ખાતા'તા, હું બંધ બારણા આગળ ઊભો'તો બારણાની થાંભલીઓને જડી છાપરું ટેકવાને વાંકિયા ઊંચે પાછાં જડેલાં હતાં, તે મેં ઝાલેલાં; ડાબે હાથે થાંભલીને બગલમાં લઈ બ્હારથી એ વાંકિયું મેં ઝાલેલું; જમણો હાથ અંદરથી સીધો જ વાંકિયાં ઉપર હતો. ગાડી પૂરા વેગે જતી હતી અને તેના ખળભળાટથી બારણું બરાબર દેવાયલું નહીં હોય તે ફડાક ઊઘડી ગયું, સાથે મ્હારો જમણો હાથ છુટી ગયો, જમણો પગ પણ સરી ગયો. ડાબો હાથ ન છૂટયો, ડાબો પગ સ્થિર રહ્યો, એટલે હું ચક્કર ખાઈ જમણે હાથે થાંભલીને પકડી પાછો અંદર આવી ગયો અને

બારણું સંભાળીને બરાબર દઈ દીધું. પણ મ્હને ફાળ એવી પડેલી, જો! ડાબો પગ પણ સર્યો હોત તો શરીરના ફોદેફોદા ઊડી જાત, એ પ્રમાણે એ વેગે જતી ગાડીમાંથી નીચે પટકાત.

## સર્પઘાત

ભાણાને જનોઈ દેવા બા અને બ્હેન હાંસોટ ગયેલાં પાછાં આવ્યાં ન્હોતાં. ચંદ્રમણી કસુવાવડ પછી માંદી રહેતી, એટલે હું જ એને સુરત મુકી આવેલો હતો. ઈ. ૧૮૯૬ની હોળી વખતે રાજકોટમાં બાપાજી, હું અને રસોઇયો કાનજી એ ત્રણ જ હતા. મુંબાઇની ગાડી ત્યારે રાજકોટથી સૂર્યોદય પ્હેલાં ઉપડતી. મ્હારે વડોદરા કૉલેજમાં કામચલાઉ પ્રૉફેસરની જગા માટે ધૂળ પડવે હાજર થવાનું હતું એટલે હોળીને દિવસે જ રાજકોટથી નીકળવાનું હતું. કરાંચી કૉલેજમાં કામચલાઉ પ્રૉફેસરની નિમણુંક પૂરી થયે અકટોબરથી રાજકોટ આવી ગયેલો, અને બાપાજી વગેરે જીવ ખાયા કરે એલ.એલ. બી.નો અભ્યાસ કર પણ મુંબાઇ જઇને પાછો વર્ત્તમાનપત્રોમાં નોકરી લે અને તે બધો વખત ખાય એ તો કંઇ સારું નહીં; એટલે તો હું જવારો જાનમાં એમ રાજકોટ જ રહેલો; ત્યાં આ બીજી વાર કામચલાઉ પ્રૉફેસરની અને કરાંચીની તો સો જ દિવસની હતી, ત્યારે આ અનિશ્ચિત મુદ્દત માટે, એમાંથી ત્યાં કાયમ પણ થઈ જવાય એવા સંભવવાળી નોકરી મળી, તેથી હું રાજી હતો અને બાપાજી ય નારાજ ન્હોતા. એમ. એ. નથી થયો તથાપિ કાયમી પ્રૉફેસર થઈ પણ જાય, એમ એમને લાગવા માંડયું હતું. એમણે અંબાલાલ સાકરલાલ દેસાઈને અને જંબુસરના ભાઈલાલ વ્રજરાય જે તે વખતે વડોદરા શહેર સુધરાઈમાં મુખ્ય અધિકારી હતા તેમને કાગળો પણ નાખી દીધા હતા. હોળીની આગલી રાતે જમીને અમે સૂતા, મ્હને પથારીમાં ય કલાકેક વાંચવાની ટેવ હતી. બાપાજી તો તુર્ત ઊંઘી

જાય, જાગે પણ ઝટ, મ્હારી માફક ઊંઘે એટલે છસાત કલાકની એક ઊંઘ એવી એમને આદત મેં તો મ્હારા બચપણમાં ય જોયલી નહીં. હું વાંચવાનું પૂરૂં થતાં, ઝાડે જવા ગયો. સંડાસની બે ઓરડી ત્રણ પગથિયાં ઊંચી બંગલાની એક બાજુએ ખડકીબંધ ફળીમાં હતી, એટલે બંગલાને બારણેથી ત્રણ પગથિયાં ઉતરી ફળીમાં થઈને ત્રણ પગથિયાં ચડી સંડાસમાં જવાતું. પાણીની ડોલ સંડાસમાં ભરેલી રહેતી એટલે હું હાથમાં કાચના પોટાવાળી મીણબત્તીની સમેદાની લઈને ગયો. પાછો આવતાં ડાબા હાથમાં એ સમેદાની અને જમણો હાથ ઊંચો કરીને બંગલાના બારણાની સાંકળ દઉં છું ત્યાં એ બારણાના બે પડની વચ્ચે અને લગભગ સાંકળના બડવા લગી ઉપર આવેલો ત્યાં બારણું દેવાતાં આખો સીધો ભીંસાઈ ગયેલો સાપ મેં દીઠો. એનું મોઢું સજ્જડ બારણાની ભીંસમાં બરાબર પકડાઈ રહ્યું હતું. એ જીવ આમ આબાદ પકડાઈ ગયો શાને તે હું સમજ્યો. હું સંડાસમાંથી સમેદાની સાથે નીકળ્યો તેનું અજવાળું ઓરડામાં પડ્યું ત્યાં એ ભાઈ હતા. તે હું ચાર ડગલામાં તો બારણા આગળ આવી ગયો એમ વધતા જતા પ્રકાશથી ખરેખર ગભરાયા તે જીવ લઈને ભાગ્યા, સાંકળવાળો એટલે ઉપર વસાય તે બારણાની ધાર પર જ ચઢ્યા; ત્યાં તો બે પડ વચ્ચે દબાયા અને એ સજ્જડ બંધ થતાં બારણામાંથી નીકળી જ ન શક્યા. સેકંડનો દશમો કે વીશમો ભાગ એની કે મ્હારી ગતિમાં ફેર પડ્યો હોત તો કાં તો એ બારણે ચડતાં પ્હેલાં જ મ્હને પગે ડસત, અગર જરાક વધુ વ્હેલો ચડી ગયો હોત તો સાંકળ દેતા મ્હારા હાથે ડસત; અને પોતાનો જીવ બચાવવાની વ્યાકુલતામાં ઝેરી પ્રાણી ડસે તે પૂરા બળે જ ડસે, કશી મણા ન રહે, એમ મ્હારા તો બાર જ વાગી જાત. આ તો એનું મોત થઈ ગયું તેથી જ હું બચી ગયો. વારુ જે થયું તે સારાને એમ વિચારતો હું અંદર આવ્યો ત્યાં બાપાજી પૂછે, ક્યાં ગયો 'તો?

મેં જણાવ્યું અને પૂછી લીધું, ત્હમે નથી જવાના ને? એમણે ના કહી એટલે મ્હને નીરાંત થઈ. હું પણ એમને કશું જ ના કહ્યું ને સુઇ ગયો. કેમ કે એમની પ્રકૃતિ વહેમપાતી. કહ્યું હોત તો એ તો કાનજીને ઉઠાડત ને કોર્ટના સિપાઈને જગાડત અને કદાચ જોષીને તે જ વખતે બોલાવી મંગાવત અને તેમ નહીં તોપણ આખી રાત ના ઊંઘત પોતે, ના ઊંઘાત બીજા કોઇથી. પાછલી રાતે પણ એમના ઊઠતા પ્હેલાં મેં પાછા જઈને બારણું ઊઘાડયું ત્યાં એ ખોખું ચોંટી રહેલું તેને લાકડીએ ઉખેડી ફળીમાં એક બાજુ ઊસેટયું. એટલે સવારે ય એમણે કે કોઈએ જાણ્યું નહીં. એ મ્હને સ્ટેશને મુકવા આવ્યા. ગાડીમાં બેઠા પછી મેં એમને માંડીને વાત કહી. "બાપાજી, કાલ રાતે તો હું સાપના દંશમાંથી અકસ્માતે જ બચી ગયો, by the smallest fraction of a second." એ મુવેલો સાપ કયાં પડેલો છે તે કહ્યું, એ બારણું ધોળાવી કે રંગાવી નાખવા પણ કહ્યું. એ તો ચકિત થઈ ગયા. અરે પણ ત્હારા પેટમાં આખી રાત આવી ભયંકર વાત રહી જ કેમ, તું ઊંઘી જ કેમ શકયો? વગેરે, વગેરે. વડોદરે એમનો કાગળ આવ્યો, જોષી કહે છે, ત્હારો રાહુ ઉચ્ચનો છે એટલે આમ છેક મોત કે ભારે "રિષ્ટ"ની અણી ઉપરથી તું ઉગરી જાય, એવા બનાવ તો ત્હારા જીવનમાં બનવાના! મ્હને ય થયું કે કલ્પના ખેડવાની જરૂર માત્ર કવિ કલાકારને નથી, ખીલવેલી કલ્પના જોષીને પણ ખપ લાગે ખરી સ્તો!

**સાઇકલ ઘાત** અથવા અલ્પ ગફલત કે અજ્ઞાનના ભારે પરિણામ. નાનાજી અને નાનીમાતો થોડે થોડે અંતરે વ્હેલાં ગયેલાં અને ઈ. ૧૯૦૧ની આખરે દાદીમા અને બાપાજી ગયાં એટલે તેરમા પછી હું, ચંદ્રમણી અને છોકરાં પાછાં અજમેર આવ્યાં ત્યાં અમને થયાં કરતું કે છાયાછત્ર વિનાનાં થઈ ગયાં. ધીરજરામ વગેરે સૌને અજ-

મેરથી પોતાને વતન જવાનો સમય પાસે આવતાં ઉમંગ થાય અને તે સૌ જુવે એમ તેઓ ગાડીમાં બેસે ત્યાંલગી ઉભરાયા કરે. અમારે વતન કે માવતર કે એવું કોઈ સ્થાન રહ્યું નહીં. ચંદ્રમણીને મા ને બાપ, ભાઈ ને ભાભી, દાદીમા અને ભરૂચમાં માણેકલાલ વેણીલાલનું મોટું કુટુંબ હતાં ખરાં; તથાપિ એને યે હું અને છોકરાં સ્વકીય-શ્રેષ્ટ બનેલાં, બીજું બધું, બીજાં બધાં તે પછી. વળી એ બીજાંઓ પર એને સ્નેહ હતો, તેમને એના પર હતો, પરંતુ આવી બાબતમાં મ્હારી જુબાની શ્રદ્ધેય ગણો વા ના ગણો, તથાપિ હું તો કહીશ જ, કે એ સ્નેહમાં એને કુમાશ લાગતી નહીં. કદાચ ઉપમા આપી શકાય, કે રેશમી કાપડ અને ખદ્દર વચ્ચે જેટલો ફેર એટલો તે સ્નેહ અને અમારા સ્નેહમાં એને લાગતો. પણ ઉન્હાળાની લાંબી રજામાં અમે ભરૂચસુરત ગયાં અને સુરતથી હું એકલો અજમેર આવ્યો, એ બધાં સુરત રહ્યાં.

ઘેર હું, બ્રાહ્મણ અને કહાર ( ચાકર )જ, એટલે કલબમાં ને સાઈકલ પર ફરવામાં વધારે વખત જવા લાગ્યો. હું સાઈકલ ઉપર બેસતો થઈ ગયેલો, એ વાહન હિંદમાં પ્રથમ દાખલ થયું લગભગ ત્યારથી જ, ભાઈ ધનપ્રસાદ હીરાલાલ વકીલનાની સોબતે.

પૂણે બે વર્ષ કામચલાઉ પ્રૉફેસર થઈ આવ્યો ત્યારથી મુંબાઈ વિશ્વવિદ્યાલયમાં દર વર્ષે પરીક્ષક થવા લાગ્યો.

આ સેવા અને આ કમાણી કેટલાં વર્ષ લગી ચાલ્યા કરશે તેનો પ્હેલાં ત્રણચાર વર્ષ મ્હને ખયાલ સરખો નહીં. બનારસ યુ.માં છ વાર, અલ્લાબાદ યુ.માં બે વાર, નાગપુર યુ.માં એક વાર, કર્વે યુ.માં ચાર વાર પરીક્ષક થયો છું, તે ઉપરાંત મુંબાઈ યુ.માં તો ત્રીશથી વધારે વાર મેં પરીક્ષાઓ લીધી છે. મુંબાઈ યુ.ની મેટ્રિક્યુલેશન માટે બીજા પરીક્ષકો સાથે મ્હારા વિષયનો પ્રશ્નપત્ર નક્કી કરવાને હું મુંબાઈ આવવા નીકળ્યો, તેના બે દિવસ પ્હેલાં સાંઝે હું ને બે

મિત્રો સાઇકલ ઉપર ફોય સાગર સ્હેલ કરવા ગયા. અમારામાંના એકની સાઇકલ મરામત માટે આપેલી એટલે તેને મેં મ્હારી આપી, મેં દુકાનેથી એક ભાડે લીધી, અને અમે જઈ આવ્યા. ફોય સાગર જવાનો રસ્તો ચામુંડાની દહેરીના ડુંગરની કોરણે વાંકોચુંકો ડુંગરાઉ અને સદાય છૂટકા અને પથરાનો ભરેલો રહેતો. મેં લીધેલી ભાડુતી સાઇકલને ગાદી ન્હોતી. એની બેઠકનું ચામડું લાકડા જેવું સખ્ત થઈ ગયેલ હતું. જતાં અને આવતાં મ્હને બેચાર વાર એક જ ઠેકાણે એ વાગ્યા કર્યું હશે. ઘેર આવ્યો ત્યારે રાતે કઈક દુખતું હશે. બીજે દિવસે દુખાવો સ્પષ્ટ હતો અને વધતો હતો. પ્હેલી જ રાતે ગરમ તેલ ચોળ્યું હોત, આયોડેક્સ લગાડયું હોત પછી ગરમ પાણીની રબરની થેલી શેક માટે રાખી હોત તો એ વાગેલું ત્યાં બંધાઈ ગયેલ લોહી વિખેરાઈ જાત. મ્હને કશું ખમવું પડત નહીં. બીજે દિવસે તો દુખાવો થતો'તો જ, અને મ્હારે ઉપાયો કરવા જોઇતા જ હતા. દાક્તરને બતાવ્યું હોત તો વળી વધારે અસરકારક ઉપાયો થઈ શકત. મેં કેશું જ ન કર્યું, કશું જ ન ગણકાર્યું. મિક્સ્ડ ટ્રેઈનમાં સાંઝે અમદાવાદ પહોંચ્યો તે આખો દિવસ દુઃખાવો વધતો ગયેલો, તાવ પણ હતો, હું એ પડખું દબાવીને સૂઈ જ રહ્યો, ખાધુંપીધું પણ નહીં.

અમદાવાદ સ્ટેશને મેલટ્રેઇનના ડબ્બામાં આવીને નીચલા બાંકડા ઉપર પડખું જેમ તેમ દાબી ઓઢીપોઢીને પડયો રહ્યો. ગાડી ઉપડવાની વખતે આનંદશંકર ધ્રુવ મ્હારા ડબ્બામાં જ આવ્યા અને સામે બાંકડે ગોઠવાયા. એ મુંબાઈ એ જ પ્રયોજને આવતા હતા; માત્ર મ્હારો વિષય એક, એમનો બીજો. મ્હને તાવ ૧૦૧° લગી ચડયો હશે. હું માંદો છું, શું માંદો છું એ કશું એ જાણવા પામ્યા જ નહીં. એમની પ્રકૃતિમાં ય વક્ષોપાત ખરો, જો કે બાપાજી જેટલો નહીં કેમ કે એ તો મ્હારી ઉંમરના. રશિયાનું નૌકાદલ ઇંડો—ચાઇનાના

દરિયા લગી જઈ પ્હોંચેલું અને ધ્રુવને ચિંતા આ, કે હવે બાપડા જાપાનનું શું થશે? મહેમદાવાદ આવતાં પ્હેલાં એ ને એ ચિંતા એમણે કંઇ નહીં તો પાંચ વાર જણાવી. મ્હને દર્દ વધારે હતું, મ્હારે કોઇ પ્રકારે ઊંઘી જવું'તું, મ્હારે કોઇ પ્રકારે આ ટકટક બંધ પાડવી હતી. તકિયા પરથી માથું ઊંચકી મેં મ્હારી ભાર દઈને બોલવાની રીત (emphatic) પૂરેપૂરી વાપરીને કહ્યું, આનંદશંકર, છોડો ને આ વલોપાત! જાપાનના નૌકાબલ આગળ રશિયાનાં એ મોટાં પણ જૂનાં ખખ મનવારો કશા હિસાબમાં નથી. એમનાથી ન મનાયું. ફરી પૂછે, શું કહો છો, ખરેખર? મેં વળી વધારે ભાર દીધો, અલંકારિક ભાષા વાપરી. "અરે રામ રામ ભજો ને સુઇ જાવ ભાઇ, એ રશિયાનો કાફલો કની જાપાનના સમુદ્રમાં પ્હોંચશે એટલી જ વાર. પ્હોંચતાંની સાથે જાપાની કાફલો તેને ડુબાડી દેશે. કાં તો કાલ સવારે જ મુંબાઇ ઉતર્યા પ્હેલાં આ ગાડીમાં જ ટાઇમ્સમાં વાંચશો. ભલા થઈને અત્યારે સુઈ જાવ, વ્હેલું આવે સવાર." આનંદશંકરને કંઈક શાંતિ થઈ અને સૂતા. હું ય સુઈ ગયો. બનવા કાળ, તે મેં ભવિષ્ય ભાખેલું તે પ્રમાણે જ બનાવ બન્યો. હું આ વખતે કાલબાદેવી પર મહાજનવાડીએ ઊતર્યો. ત્યાં દવાખાનું દીવાનખાનામાં હતું ઉપરાંત બે ઓરડી રાખેલી, તેમાંની એક ખાલી હતી. જમ્યો ભાઇ પ્રભુલાલને ત્યાં, યુનિવર્સિટી જઇને પ્રશ્નપત્ર નક્કી કરી આવ્યો, અને પાછો આવીને સૂતો તે સૂતો. તાવ ૧૦૪° ઉપર ગયો. પ્રભુલાલ અને જુગતરામે દાક્તર પોપટને બોલાવ્યા. હું ઘેનમાંથી આંખ ઉઘાડી એમને જોતાં બોલ્યો: દાક્તર, બેભાનમાં કંઇ બક્યો હોઉં તે ધ્યાનમાં ન લેશો; જુવો આ, તાવ વગેરે તમામનું મૂલ આ કંઈક છે, જ્યાં અડાતું પણ નથી. એમણે જોયું. આખો ડાબો કૂલો સૂઝીને લાલચોળ તકતકતો હતો અને બમણાથી પણ વધારે સૂઝી ગયો હતો.

જળો લગાડી; લેફ્ટેનંટ ક્રિક કહે જેમ બને તેમ જલદી એ હળદરના ગાંઠિયા જેવી મોટી અને સખ્ત ગાંઠ કાઢી નાખવી જોઇએ, જો શરીરમાં ફૂટી તો એનું ઝેર એટલે મોત. ત્રીજે જ દિવસે કાપ્યું. સવા ફૂલો કાપી નાખવો પડ્યો. ચોવીશ પચીશમે દિવસે એવડા રૂ સાથે પાટો બરાબર બંધાવી ઇસ્પિતાલમાંથી નીકળીને સીધો અજમેર ગયો. સુરતથી ચંદ્રમણી ને છોકરાં સાથે થઇ ગયાં. ગાડીમાં જ એણે પૂરી હકીકત જાણી. જન્મારામાં પ્હેલી તેમ છેલ્લી વાર લાલપીળી થઈ ગઈ. મ્હને જણાવ્યું પણ નહીં ! કોઇને ય બોલાવ્યું નહીં ! આ તે ત્હમારી રીત! અને ગુસ્સો તો એ નાજુકતા સહી જ ના શકે એટલે રોઇ પડી. એ આંસુ અમદાવાદ સ્ટેશને મ્હારા એક મિત્ર આવેલા તેમની મદદથી અજમેરની ગાડીમાં જઇને સૂતો અને ખાવા માટે દૂધ અને પાઉંરોટી કે પૂરી કંઇક ખાઈ શક્યો હઇશ ત્યારે જ સુકાયાં

પૂરી રૂઝ આવેલી ન્હોતી. સર્જન જનરલે જોઇને સર્ટિફિકેટ લખી આપ્યું. પ્રિન્સિપાલે કારકુનને મોકલીને કહ્યું, "રજા માગવા કશી જરૂર નથી. હું ત્રણ ચાર બાંકડા મોકલાવું છું. ત્હારા ઉપલા વર્ગોમાં છોકરા છે બાર. કારકુન અને કોલેજના હમાલ આવીને ત્હારો ખાટલો પણ રહે એવી જગાએ બાંકડા ગોઠવી જશે, ત્યાં છોકરાઓ દિવસમાં એક વાર આવશે; બે કલાક બેસશે, ત્હારાથી શીખવાય એટલું શીખવજે, અહીં ત્હારી હાજરી પૂરાયા કરશે..."

આ પ્રમાણે ચલાવવાની મહિનો જરૂર પડી હશે, પણ આમ નભે એ નોન-રેગ્યુલેટેડ પ્રાંતમાં જ, કે દેશી રાજ્યમાં દિવાન સાહેબની મહેરબાની હોય ત્યાં લગી જ.

મહિનાથી વધારે જરૂર ના પડી તેનો જસ છે એક બુઝર્ગ પારસી ભાઇને: કુંવરજી કલ્યાણીવાળાના પિતાને જે ત્યારે જીવતા હતા.

એમણે વાત જાણી એટલે જાતે ઘેર આવ્યા. ચંદ્રમણીને બોલાવી. "બેટા, લ્યો. આ દેખાય છે પાણી જ, ટીપું મોંમાં નાખશો તો લાગશે શરબત; પણ એ પાણી નથી, એ શરબત નથી, એ છે આબે હયા, "the water of life!" તાળામાં રાખજો. રોજ સવારે એક પતાસા પર ચાર ટીંપાં જ નાખીને પ્રોફેસરના મોંમાં મુકી દેજો. પતાસા ઉપર ચારથી વધારે ટીપાં પડી જાય તો તે પતાસું ફેંકી દેજો, બીજું લેજો." મ્હને એટલી જલ્દી રૂઝ આવી ગઇ, નબળાઈ નામે ન રહી, અશક્તિ પણ જતી રહી, એ "આબે હયા" ને લીધે.

આ રૂઝ પૂરેપૂરી ન્હોતી. અંદર ઉંડાણમાં લાંબી વાંકીચુકી ઝીણી તડ રહી ગયેલી, તે વિશે હું કે કોઈ શું જાણિયે. ચારપાંચ મહિને એ 'સાઇનસ'માં પરુ થઈ આવતું હશે, અને કુદરત તાવ આણી ૧૦૪°થી પણ વધારે તેને તપવી એ પરૂને શોષી લઈ 'સાઇનસ'ને પાછી સાફ કરતી હશે. આમ વર્ષે વર્ષે મ્હને બે વાર ત્રણ વાર સખ્ત તાવ આવવા લાગ્યો, છેક બેભાન થાઉં ત્યાં લગી ચડે પછી ત્રીજે કે ચોથે દિવસે ઉતરી જાય, એમ ચાલ્યું. એક વાર હું સુરત ઉતર્યો હોઇશ, ને આ તાવ આવ્યો. મુ. ચંદુલાલ એમના મિત્ર બુઝર્ગ દાક્તર એદલ બહેરામને તેડી લાવ્યા. હું લગભગ બેભાન. ડોસાએ ચંદ્રમણીને તમામ હકીકત પૂછી. છેલ્લો મોટો મંદવાડ? એમ ઑપરેશન વગેરે વિગત પણ જાણી લીધી. બધાને ઓરડાની બ્હાર મોકલી દીધાં, એક ચંદુલાલને પાસે રહેવા દીધા. એણે ગુદામાં અંગૂઠો ખોસી દીધો અને બીજે હાથે ઉપરથી આમતેમ દબાવવા માંડ્યું. તુર્ત એકાદ છિદ્રમાંથી ટીપું દોઢ ટીપું પરૂ ઉપર નીકળી આવ્યું તે એણે ચં.ને દેખાડ્યું. "બસ, ભાઈ, પ્રોફેસર સાહેબના તાવનું કારણ આ સાઈનસ રહેલી છે તેમાં આ અવારનવાર થઈ આવે છે વગેરે." મ્હને પછી બેત્રણ કલાકમાં તાવ ઉતરી પણ ગયો. મેં ઉપાય વિશે પૂછ્યું. જાણ્યું કે સાચો કાયમી ઉપાય

તો બીજું ઓપરેશન. પણ તે ગોડ થઈ આવે ત્યારે જ, ત્યાં લગી રાહ જોવી પડે. અને વચગાળા માટે મ્હને એકબે છેક સાદા ઉપાય કહ્યા જેથી મ્હારી તબિયત સારી ચાલ્યા કરે, વગેરે. ઈ. ૧૯૧૦માં એ ગોડ થયું અને મેં મુંબાઈ જઈને ઓપરેશન કરાવ્યું અને એ તડ નીકળી ગઈ. [ આ બંને ઓપરેશન અને તે પછી ઇસ્પિતાલમાં લાંબો સમય રહેવું પડેલું તે દરમિયાન શ્રી જુગતરામ શંકરપ્રસાદ વૈદ્યે ન્હાના ભાઈ કે પુત્ર હોય એ પ્રમાણે મ્હારી માવજત કરેલી ].

## ૧૨. ઉજાગરાના બે અનુભવ

ઈ. ૧૮૮૫ અક્ટોબરમાં મુંબાઈ યુ. પ્રીવિયસ ( ફર્સ્ટ ઈયર ) પરીક્ષા આપવા જવા માટે જરા વ્હેલો નીકળ્યો, કેમ કે વચ્ચે હાંસોટ રોકાવાનું હતું; મ્હારી બા બ્હેન અને મામા ત્યાં હતાં. હાંસોટથી હું અને મામા શનિવારે સાંઝે નીકળ્યા વ્હેલા અને ઘોડાગાડીમાં, પણ વચ્ચે આવતા ગામમાં જાફત ઉડાવવાને એટલા રોકાઈ ગયા, કે અંકલેસર સ્ટેશનના ચોગાનમાં અમારી ઘોડાગાડી આવતાં મેલટ્રેન ઉપડી જતી હતી તેની પુંછડીનાં શ્રવણદર્શનપ્રકાશાદિનો જ લાભ અમારે ભાગે આવ્યો. મુંબાઈ સોમવારે પ્હોંચતાં જ ન્હાઇને ચ્હા પીધી ન પીધી ને પરીક્ષાસ્થાને ગયો અને ત્યાં બેઠક જોઈ લેતાં તો ઘેર પાછા આવવાને વખત ન રહ્યો એટલે રોકાઈ ગયો. કેટલુંક પુનર્વાચન ( revision ) બાકી રહી ગયેલું એટલે સોમ, મંગળ, બુધ, ગુરુ હું સુતો જ નહીં, આવા અખંડ ઉજાગરા જ્ઞાનતંતુજાલ ( nervous system ) ઉપર કેટલો મોટો બોજો થઇ પડે છે તેનું ભાન જ નહીં ? અને આ દાખલામાં તો બધો જ વખત મગજને પૂરેપૂરી એકાગ્રતા યોજવી પડેલી. છેલ્લો પ્રશ્નપત્ર પતવી, ચાલો પાસ તો થઈ જઈશ એવી નીરાંત સાથે હું શુક્રવારે પાછલે પ્રહરે બ્હાર જ ચ્હાની સાથે પેટ ભરીને ઉતારે ( સાકરલાલ દુર્ગારામ દેસાઈને ત્યાં,

કારસજી પટેલ ટેંક ) આવ્રીને ઊંઘી ગયો. એ મ્હારી ઊંઘ આખી રાત આખો દિવસ અને પાછી આખી રાત એમ ચાળીશેક કલાકે પૂરી થતાં હું રવિવારે સવારે જ ઉઠીને ચ્હા પીવા સાકરલાલ કને ગયો. એ ને એમનાં વહુ ( ધીરજલાલ મથુરાંદાસનાં પુત્રી ) બા તથા બાપાજીને સારી રીતે ઓળખે. એમણે મ્હને ઠપકો દીધો. મેં કહ્યું મ્હારે કેટલીક તૈયારી બાકી રહી ગયેલી તેની પાછળ ઉજાગરા થયા, પણ પાસ તો થઈ ગયો છું. હવે "વઢવું" હોય એટલું વઢો. મ્હારી કાઠિયાવાડી બોલીથી એ હસી પડ્યાં.

ઈ. સ. ૧૮૯૭. ઉન્હાળાની રજા શરુ થતાં જ હું રાજકોટ નહીં, ભરૂચ ગયો અને જોઉં છું તો બાની સ્થિતિ ગંભીર અને બાપાજીની ગભરામણ બેશુમાર. બાએ આંખ ખોલી મ્હને કહ્યું, ભાઈ, આવી ગયો ? ને ડોક ફેરવી લીધી. હું વાંસો બહુ જ હળવે પંપાળતો ( રસવિકારને લીધે બોચી પર ગુમડું નીકળેલું ) બેઠો તે બેઠો. એક રાત ત્રણ વાગે ઉઠીને સુઈ જાઉં, એક રાત ચાર વાગે, રોજ છ વાગે ને ચંદ્રમણી મ્હને ઉઠાડે, એટલે રેવાજી ન્હાઈ આવી પોણાસાતે પાછો પથારી આગળ બેસી જાઉં, એ જ મ્હારો ક્રમ બની ગયો. આમ એક રાતે ત્રણ કલાક, બીજી રાતે બે કલાક ઊંઘું. આવી શુશ્રૂષાનું ભાગ્ય મ્હને બત્રીશ દિવસ જ મળ્યું. એટલા દિવસમાં બીડી છુટી ગઈ, ચ્હાકાફીકોકો પર ભાવ ઉતરી ગયો, ખોરાક ઘટી ગયો, થોડી ખીચડી અથવા થૂલી ને છાશ અથવા ભાત ને દાળનું પાણી અથવા બાજરાના રોટલાની ભૂકી અને દૂધ, એ સિવાય કંઈ ભાવે જ નહીં. એ બત્રીશ દિવસમાં વઝન પણ ચાળીશ રતલ ઘટી ગયું. પછી વઝન ઘટાડવાને ફરીફરીને પ્રયત્ન કરેલા, સખ્ત પરહેજી પાળી છે, પણ ચાળીશ રતલની ઘટ કરી જ શક્યો નથી. બાનો શ્વાસ ઉડી ગયો પાછલી રાતે. એ નિર્જીવ બનેલ માળખાંને અગ્નિસંસ્કાર દઈ આવીને પાછલે પ્રહરે હું બાપાજીને કહી પાડો-

શીના મકાનને ત્રીજે માળ ઊંઘી ગયો, ત્યાં ચાળીશ શું વીશ કલાકની ઊંઘ પણ આવી નહીં. સવારે જ જાગી ગયો. બા પાછી સાજી થઇ હોત અને એની રજા લઇને ઊંઘી ગયો હોત તો કદાચ એ નીરાંતના બળે આગળની (પાસ તો થઈ ગયો છું એ) નીરાંતબળે પામેલો તેવી ચાળીશ કલાકની નિદ્રા પામત. કોણ જાણે. સત્તરમું એકેલું ને જે પમાય તે અઠ્ઠાવીશમે વર્ષે ના પણ પમાતું હોય. લાંબી ગાઢ નિદ્રામાં મ્હને એવી તો શ્રદ્ધા છે કે આજ મ્હને કોઈ બાર કલાકની પણ એક નિદ્રા આપી શકે તો તે મ્હારી આ બુઝર્ગી પણ પચીશ ટકા તો ઘટાડી શકે એમ માનું છું.

દાક્તરો અને વૈજ્ઞાનિકો વિટામિનો પેનિસિલિનો વગેરે શોધી રહ્યા છે, કેક કે કોઈ જાતના ઘારણ વિનાની કેવળ કુદરતી અને સળંગ ગાઢ નિદ્રા દર્દીને (જરૂર પ્રમાણે) ૧૨, ૨૨, ૪૨, ૧૦૦, કલાકની, દશ દિવસની, વીશ દિવસની એક સળંગ અને ગાઢ નિદ્રા આપવાની કલા સંશોધી સિદ્ધ કરી શકે, તો જનતાના અર્ધા રોગ નાબુદ થાય, જનતાનાં આયુષ્ય, સ્ફૂર્તિ, શારીરિકમાનસિક શક્તિઓ વધે, ખીલે અને વધારે સળંગ કામ આપે, આખી દુનિયાના રૂપરંગઉત્પાદનાદિ અત્યારની દૃષ્ટિએ અઢળક જ કહેવાં પડે એટલાં વધી જાય, આ અવની પોતે વસુંધરા અને સ્વર્ગ બની જાય: ટુંકામાં આપણાં સુખસાધનો, સંપત્તિ આદિમાં એટલી તો સમુત્ક્રાંતિ થવા પામે, કે તે અત્યારે આપણી કલ્પનામાં ય ના આવે. પરંતુ અત્યારે આપણે તો શોધખોળની આવી દિશા તર્ફ જોતા સુદ્ધાં નથી. વિનાશક શસ્ત્રાસ્ત્રો જમીન પર, હવામાં, પાણીમાં, ગેસ-જેટ-વીજળીએ ફેંકાતાં, મિનિટે હવામાં અવાજ અને પ્રકાશની જે ગતિ છે, તે કરતાં વિશેષ ઝડપી,—એવું એવું શોધી, યોજી સંપૂર્ણતાવાળું બનાવી લેવા પાછળ આપણી તમામ શક્તિ અને વિદ્યા અને સાધનસંપત્તિ ખર્ચી રહ્યા છિયે. અત્યારે તો આપણે

એટમિક બોમ્બો અને તેમના પ્રતીકાર પાછળ લાગી પડ્યા છિયે. પ્રાચીન યુનાનીઓનું એક કહેવત છે:—"દેવદેવતા જેનું સત્યાનાશ નિર્મે છે, તેને તેને પ્રથમ તેઓ આંધળાભીંત બનાવે છે!"

## ૧૩. કાઠિયાવાડ હાઈસ્કૂલ, રાજકોટ

એમાં શ્રી હોરમઝદયાર કુંવરજી કોયાજી, શ્રી દલપતરામ ભગવાનજી શુકલ, પ્રાણજીવન જગજીવન મ્હેતા, વગેરે મ્હારાથી આગળ હતા. કાલીદાસ કરમચંદ ગાંધી (ગાંધીજીના મોટા ભાઈ), ધીમતરામ નવલરામ, ઇંદુલાલ ચુનીલાલ સારાભાઇ, વગેરે સાથે હતા તે પાછળ પડી ગયા હતા; શ્રી પિરોજશાહ ડમરી, સાકરલાલ રતિલાલ મ્હેતા, મણિલાલ હરિલાલ મ્હેતા, નરસિંહ ત્રીકમજી દાક્તર, રણછોડ જીવરાજાણી, કાનજી નથુ ટાંક, જાદવરાય જેઠા બક્ષી, વગેરે સાથે હતા; હરિલાલ દેસાઇભાઇ દેસાઇ '૮૨માં નપાસ થઈ મેટ્રિક્યુલેશન ક્લાસ માટે ખાસ '૮૩નું વર્ષ રાજકોટ રહેલા; મણિશંકર રતનજી, હરજીવન ભગવાનજી, સર જહાંગીર કોયાજી, અનુપચંદ જગજીવન મોદી, પ્રભાશંકર પટ્ટણી, નારણદાસ ગાંધી, આણંદરાય દવે, નરભેરામ અનોપચંદ મ્હેતા, પ્રાણશંકર જોષી, મોહનદાસ ગાંધી (ગાંધીજી) જટાશંકર પ્રાણજીવન, વગેરે એક કે બે વર્ષ પાછળ હતા. હેડમાસ્તરોમાં ઉત્તમરામ નરભેરામ મ્હેતાજી ગ્રેજ્યુએટ ન્હોતા; દોરાબજી એદલજી ગીમી* બી.એ. ઇંગ્રેજી અને ભૂમિતિ ઘણાં જ સારાં શીખવતા, સ્વભાવે એટલા તપી જનારા કે એકબે છોકરાને તો દરેક ક્લાકમાં મારે જ; કૃષ્ણશંકર (જે પાછળથી વઢવાણ કાંપના હેડમાસ્તર લેખે નામાંકિત થયા તે) સંસ્કૃતના પંડિત હતા. મ્હારા મૅટ્રિક વર્ષમાં ભૂજના પોસ્ટ માસ્તર લજ્જારામ (ચાળીશેક વર્ષના) પણ આવ્યા હતા. એ મૅટ્રિક

* ગુજરાતી ભાષાના પંડિતોને અરે કોષકારોને પણ સવાલ પૂછવા જેવો છે,—'ગીમી' શબ્દનો શો અર્થ હશે, કશી કલ્પના થઇ શકે છે?

થાય તો એમને ઉપલું ગ્રેડ મળે એમ હતું, તેમાં પગાર વધીને કુલ રૂા. ૧૦૦નો વધારો મળી જાય એમ હતું (એ રકમ તે વખતે ઘણી મોટી હતી). એઓ રાતદિવસ ગોખગોખ કર્યા જ કરતા, અને એમની આંખો નબળી તથા તેમાં એવી ખોડ કે એ કાગળ છેક પાસે રાખીને વાંચતા અને ખૂબ ઝીણા અક્ષર લખતા. હેડમાસ્તર દોરાબજીએ આ લજ્જારામને ય મહિનામાં એકાદ વાર તો માર્યા હશે! એ અને હરિલાલ દેસાઈ મ્હારી સાથે જ પાસ થઈ ગયેલા. દોરાબજી એમના પ્હેલા આસિસ્ટંટ ખંડુભાઈ ઈંદજી અને સંસ્કૃત શિક્ષક હરગોવિંદ હરિનારાયણ વ્યાસ, ત્રણેએ લાંબાં આયુષ્ય ભોગવ્યાં. દોરાબજી ઉત્તરાવસ્થામાં આખું વર્ષ દેવલાલી અને માથેરાન વચ્ચે ગાળતા; છેક એકાકી અને અત્યંત નિયમિત રહેણી કરી નાખેલી; પણ મ્હારું તો સદ્‌ભાગ્ય કે મ્હારું ગુજરાતી, ઈંગ્રેજી દરેક લખાણ પ્રકટ થતાં જ ધ્યાનથી વાંચતા. એમનું ગુજરાતી જ્ઞાન (ફરદુનજી અને સંજાણાનું પણ) હાલના પારસીઓના માન્યામાં ન આવે એ પ્રકારનું વિશાળ હતું.

હાઈસ્કૂલમાં અમારી એક ટોળી હતી. અમે ચાંદની રાતે પણ ફૂટબૉલ રમતા. અનુકૂલ મોસમે વ્હેલા ઊઠી રખડવા નીકળી પડિયે તે આખો દિવસ રખડી છેક સાંઝે ઘેર આવિયે. આવા પર્યટણોમાં થોર ખરસાણીની વાડ કે એવી કોઈ આડ આવે ત્યારે ટોળીમાંથી ગોવિંદજી (લુવાણો) કે પ્રભાશંકર (પટ્ટણી) કે હરજી (રજપુત) કે એવો કોઈ ઊંચો સાથી મ્હને ઉપાડી લેતો. આડી ખાઈ કે નાળું હોય ત્યારે એક જણ ટેકી સામે ઊભો રહે, બીજો આ છેડેથી મ્હને ઉછાળે ને સામે કાંઠે તે ઝીલી લે, એમ પણ હું સૌની સાથે રહેતો. રાજકોટની આસપાસનો પ્રદેશ રળિયામણો નહીં, નહીં તો અમારાં આવાં પર્યટણો વધારે થાત. તથાપિ અમે શેરડી ખાવા વ્હાડે જતા, પોંખ ખાવા ખેતરે જતા, બોર ખાવા વગડો ખૂંદતા, પછી ગામડે

જઈ દૂધ પીતા, બ્રાહ્મણને ત્યાં રોટલા ને ખીચડી કરાવતા, શાક ના હોય તો ય ડુંગળી ઘણુંખરૂં હોય જ. અને — એ સર્વ આજના ડગલે ડગલે કાર, આગગાડી, હોટેલ, ઇરાનીની દુકાન, ફળોના રસ, એયરેટેડ પીણા, બરફ, રેફ્રિજરેટરમાંનું પાણી જ્યાં ને ત્યાં પંખા, વગેરેના યુગમાં સાંભરે છે ત્યારે એ અનુભવોમાં એવું તે શું હતું જેથી તે અમને એટલા બધા આનંદપ્રદ બનેલા ? — એ સવાલના સાચા જવાબ જડે છે જડે છે ને ભુલી જવાય છે. કિશોરવયનું ઉછળતું લોહી પોતે ઉલ્લાસી છે. અંગાંગની ખુલ્લી હવામાં અને વિશાળ પટ પર અતિભમતી હીલચાલ પોતે તાજગી-બક્ષ છે. તેવતેવડા સમાનધર્મીઓની સોબતમાં કિલબિલાટ, કલ્લોલ આદિ નાચે જ, અને એવી સોબત પોતે સુખકર અને સ્વાસ્થ્યપ્રદ છે. એક જ જળાશયનું માછલું, એક જ વનનું પંખી હોય તેને તુલના સુઝે જ નહીં. જે સગવડસાધન કે ઉપભોગવસ્તુ જાણવામાં જ નથી તેનો અભાવ ખૂંચે પણ ક્યાંથી. બેઠાડુ જીવન કે એકાંતવાસ અને સમભાવી સોબતીઓની ગેરહાજરી આનંદી પ્રકૃતિને પણ ધીરે ધીરે ઝાંખી બનાવે છે. અને આ જવાબ જ સાચો છે એવી પ્રતીતિ થાય થાય અને પાછી સરી જાય છે, તેનું કારણ તો ઘણાખરા માણસોને ફિલસૂફી કે માનસશાસ્ત્રમાં ગમ પડતી નથી એ જ છે. તે હિ નો દિવસા ગતાઃ એવા વિષાદમાં માણસ વધારે વધારે ડૂબતો જાય છે. એ દિવસોના સુખ, શાંતિ સ્વાસ્થ્ય આનંદાદિનાં કારણો આ હતાં એમ જેને રૂઢ પ્રતીતિ હોય તે જ તે કારણોને આશરે વધારે વધારે સમય ગાળીને પોતાનો સુખ, શાંતિ આદિનો ઉપભોગ લંબાવી શકે છે.

ઇંગ્રેજી ત્રીજા ધોરણમાં આવ્યો ત્યાં સુધી મ્હને ગણિતમાં ગમ જ પડતી નહીં. એ વર્ષની ઉન્હાળાની આખી રજા દરમિયાન સુ. બાપાજી અને મોરારજી મંગળજી માસ્તર (પાછળથી વકીલ અને

મોરબી દીવાન) એ બે મ્હારી પાછળ મંડ્યા; મ્હને ફરી ફરીને સેંકડો દાખલા, મૂર્ત્ત વસ્તુઓના, પ્રત્યક્ષ કરાવીને અને સમઝાવી સમઝાવીને એ વિષયનો માહિતગાર બનાવ્યો અને હું એમાં મ્હારી મેળે વિચાર કરી શકતો થયો. ચોથા ધોરણમાં ભૂમિતિના ગુરુ પણ મુ. બાપાજી થયા, જો કે માસ્તર હરિલાલ (અંકલેસરના વાણિયા; સરકાર જ્યાં બદલી કરે ત્યાં ગાંધીયાણાની દુકાન પણ કરે, સવારસાંઝ ત્યાં બેસે, અને એ એમ સારુ રળ્યા તે) પણ સારા શિક્ષક હતા. અને છઠ્ઠામાં આવ્યો ત્યારથી તો મ્હને ગણિતના વિષયો સાદી સમઝના કેવળ સ્થિર ધ્યાન દેતાં જ ઉકલી જાય એવા વિષયો બન્યા. કૉલેજમાં મ્હને ગણિત એવું સારું આવડતું કે ઈન્ટર્મીડિયેટ પાસ થઈને મેં બી. એ.માં ઐચ્છિક વિષય માટે ગણિત નાપસંદ કર્યું, તેનો પ્રો. દસ્તૂરને અસંતોષ રહી ગયો. એ ભરૂચના; છોકરાઓ એમને બંગલે જઈને અભ્યાસ કરે, એમની કનેથી ચોપડીઓ લે, મુશ્કેલીઓ એમને પૂછી પૂછીને એમને પજવે, વગેરે એમને ઘણું ગમતું. દસ્તૂરજીનું ઇંગ્રેજી અને ફારસી સાહિત્યનું જ્ઞાન તથા ઇતિહાસ, ફિલસૂફી વગેરે વાંચનનો એમને શોખ પણ પુષ્કળ. અને એ તથા એમનાં પત્ની આવાંબાઈ ખાનદાનની સાથે માયાળુ અને પરગજુ પારસી ચારિત્રના ઉત્તમ નમૂના હતાં. ફરદુનજી અને લલ્લુભાઈ સામળદાસ વચ્ચે સામળદાસ કૉલેજમાં શરુ થયેલો મૈત્રીસંબંધ આખો જન્મારો ગાઢતામાં વધતો જ ગયો.

૧૪. ઈ. ૧૮૮૭. ઈન્ટર્મીડિયેટ સંસ્કૃતની મુખપરીક્ષામાં, એક ઉમેદવારની પરીક્ષા શરુ થાય ને બીજાને દસ્તૂર મુજબ વાંચી તૈયાર કરી લેવાને (પાંચ છ મિનિટ વ્હેલો) unseen એટલે એણે વાંચેલો એને આવડતો સંભવે નહીં એવો શ્લોક કે ફકરો આપવામાં આવતો. મ્હને આમ મળેલો શ્લોક ત્યાં બેસાડતાં જ મ્હને યાદ રહી ગયેલો હજી યાદ છે. કાવ્યમાલા માસિક (નવાં સંસ્કૃત પ્રકાશનો)માં તે વખતે

જગન્નાથનો રસગંગાધર ટીકાઓ અને ટિપ્પણ સાથે છપાતો હતો. ટીકાઓ બે, એક કર્તાની પોતાની, બીજી કોઈ વિદ્વાનની, ટિપ્પણ સંપાદકે પોતે પાના તળે એ બંને ટીકાની ગૂંચો ઉકેલવા વળી તેમાં રહી જતા ખુલાસા વાચકને પુરા પાડવા ઉમેરેલું. આ સર્વ સામગ્રી જોવાની મના હતી જ નહીં, અને એની સાથે તો પેલો શ્લોક બેસાડી લેતાં મ્હને જરા મુશ્કેલી પડી નહીં. એ શ્લોક આ

नदंति मददंतिनः परिलसंति वाजिव्रजाः
पठंति विरुदावली महितमंदिरे बंदिनः ।
इदं तदवधि प्रभो यदवधि प्रवृद्धा न ते
युगांतदहनोपमा नयनकोणशोणद्युतिः ॥

વાચક જોશે કે સંગીતપ્રેમી પંડિતરાજે આમાં વિરામસ્થાનો બરાબર સાચવ્યાં છે. ભર્તૃહરિ આદિ આગલા કવિઓના પૃથ્વી શ્લોકો જોશો (लमेत सिकतासु......વગેરે) તો તે કવિઓ પૃથ્વી છંદની પંક્તિને સળંગ ગણતા અથવા વચ્ચે વિરામ આવે તો પંક્તિનો અંત પછીની પંક્તિના આરંભ સાથે સંધાવા દેતા, અંત્યવિરામ વિના ય ચલાવી લેતા, એમ દેખાશે. છંદોના વિશાળ પ્રદેશના એ ખંડમાં મ્હારી જિકર આ છે, આટલી જ છે; કોઈ છંદના ભિન્ન ભિન્ન બીબાં સંસ્કૃત સાહિત્યના સૈકાઓ લગી વહેતા રહેલ પ્રવાહમાં જડતાં હોય, ત્યારે ગમે તે એકને વળગી તે પ્રમાણે ગુજરાતી કવિ લખે તેને જ પંડિતો પરંપરાપાલન ગણે, એ બીબાંઓમાંથી જ બીજા કોઈને વળગી તે પ્રમાણે લખે તેને પરંપરાખંડન ગણે, એ તે પાંડિત્ય કે પક્ષપાતિની એકાક્ષતા?

૧૫. ઈ. ૧૮૮૮નો એલ્ફિન્સ્ટન કૉલેજનો બી.એ. વર્ગ બુદ્ધિમાન ગુજરાતી યુવકોના મોટા પ્રમાણે અસાધારણ હતો. જે કોઈ યાદી જોશે અને તેમાંથી પચીશથી વધારેની પાછલી કારકિર્દી જરા તપાસશે તેને

શંકા નહીં રહે. ઈ. ૧૮૮૭-૮૬ના પણ બી.એ. વર્ગો એટલા નહીં તો ઘણા સારા કહી શકાય. અને એ આગલાં બે વર્ષના બી.એ. હજી એલએલ.બી. માટે મુંબાઈમાં જ હતા અને સભા, ચર્ચા વગેરે પ્રસંગોપાત્ત કૉલેજમાં આવ્યા કરતા. તે વખતે મુંબાઈમાં 'ગુજરાત ક્લબ' ની સંસ્થા પણ સારી ચાલતી, આગેવાન હતા મોતીલાલ મુગટલાલ મુનશી; અને ત્રિભુવનદાસ માળવી, જમિયતરામ જીવનરામના મોટાભાઈ મંછારામ વકીલ, વગેરેની પ્રથમ પિછાન મ્હને ત્યાં થયેલી. એક વાર સંસારસુધારાના કોઈ વિષય ઉપરની ચર્ચામાં હું પણ દશ વાક્ય બોલ્યો હોઈશ, તે સાંઝે પછી સાકરલાલ દુર્ગારામ દેસાઈ મ્હને પોતાને ત્યાં (કાવસજી પટેલ ટૅન્ક) લઈ ગયેલા, અને મ્હને ચેતાવેલો કે આપણો ગુજરાતીઓનો સંસારવ્યવહાર અનુભવ થતો આવે તેમ તેમ જ કેટલો બધો જટિલ છે તે સમઝી શકાય, એ પ્રકારનો છે.

પરીક્ષામાં મેં સંસ્કૃત પ્રશ્નપત્રના જવાબોની મ્હારી ચોપડી આપી નહીં અને એમ હું હાથે કરીને નાપાસ થયો. વળી પ્રો. મેકિમલન તો રજા ઉપર વિલાયત જતા'તા, પરીક્ષા પ્હેલાં જ ચાલ્યા ગયા, એટલે પરીક્ષા પૂરી થતાં હું રાજકોટ ગયો તે પ્હેલાંથી મેં નિશ્ચય કરી લીધેલો કે ડેક્કન કૉલેજમાં જઈ પ્રો. સેલ્બીના વર્ગમાં ભણવું. પૂણે જવાનું મુ. બાપાજી કે બાને બહુ ઠીક ના લાગ્યું પણ મુંબાઈ કરતાં ખર્ચ થોડો એ હકીકત મ્હારા લાભની હતી.

## ૧૬. ડેક્કન કૉલેજ, પૂણા

**એફ. જી. સેલ્બી,** પ્રિન્સિપાલ અને ફિલસૂફીના આચાર્ય, બી. એ. વર્ગના ઈંગ્રેજીમાં બેકનનો વિષય, ઇન્ટરમીડિયેટમાં બર્કનો વિષય પણ શીખવતા, છુટ્ટીના કલાકમાંથી બે કે ત્રણ એમ.એ.ના શિષ્યોને આપતા, અને છુટ્ટીના બાકીના કલાકોમાં પ્રિન્સિપાલે કરવાનું વહીવટી અને પત્રવ્યવહારનું કામ ઉકેલી લેતા. પોતાનાં

“લેસન” રોજ ને રોજ પોતે તાજાં તૈયાર કરીને જ વર્ગમાં આવવાની એમને આદત. જે એમના હાથે તૈયાર થયેલ મ્હારા જેવા એમના શિષ્યોને ય જન્મારો વળગી તે વળગી. વર્ગ લે ઊભા ઊભા જ. સત્ર પૂરું થવા આવતાં સૌ જુવે કે આમણે તો ફરજો બજાવવાની પાછળ કાયા ઘસી નાખી છે અને એક રજા મહાબળેશ્વર તો બીજી ઉટાકમુંડનો હવાફેર નિયમિત રીતે કરતા. જે કરવું તેને પૂરેપૂરી શક્તિઓ સમર્પવી જ (“Whatever thy hand findeth to do, do it with thy might—BIBLE) એ એમના પ્રિય જીવનસૂત્રોમાંનું એક હતું. A rule's a rule, no use breaking it, નિયમ કર્યો જ છે, તો તે પાળવો જ—એ એમનું બીજું પ્રિય સૂત્ર, જેનો પ્રથમ પ્હેલો અમલ તે ખુદ પોતાના જીવન પર કરતા. ખેડુત કે ન્હાના ઝમીનદાર (farmer–yeoman) કુળમાં જન્મેલ; ઑક્સફર્ડ–કેમ્બ્રિજ વચ્ચે આબ્દિક (regatta) કીસ્તીહરીફાઈ એમાં ઑક્સફર્ડના “આઠ” (eight) પૈકી મુખ્ય (stroke) નું પદ એમણે વર્ષો લગી શોભાવેલું, પછી ઑક્સફર્ડમાંની તેમ પૂણે આવ્યા પછી કૉનૉટ ક્લબની ખલાસી ચમૂઓના ઉત્તમ શિક્ષક (coach); જેમ એ વિહારનૌના હલેસાં મારવામાં તેમ જીવનની ન્હાનીમોટી વિગતોમાં નિયમિત રીતે શાસ્ત્રીય વિધિએ અને નિશાન સર થતાં લગી જરા પણ ઢીલા પડ્યા વિના મંડ્યા જ રહેનારા એ આદર્શ પુરુષ હતા. શિસ્ત પાળો, મ્હારી સામે જુવો, એમ એમને કહેવું જ પડતું નહીં. દર રવિવારે સવારે મહાબળેશ્વરી દંડો લઈને નીકળી પડે. એકએ ગામડાંમાં કંઈ કંઈ જોઈ આવે, બાર ચૌદ માઈલ ખુંદી વળે, એક દોઢ વાગે ઘેર આવી બરાબર પોણો કલાક ડીલ ઘસી ઘસીને ન્હાય, અભ્યંગ સ્નાન કરે, અને પછી જમે તો રોજનો નિયમ બાંધ્યો હોય તે પ્રમાણે જ. ફિલસૂફી માત્ર થોથાંમાંનો વિષય નથી, માત્ર

વિદ્યા નથી, ફિલસૂફી જીવનને શ્રેષ્ઠ ભાવનાઓ પ્રમાણે જોગવવાની અનન્ય અને રામબાણ મહાકલા છે, ફિલસૂફ બનો–માણસાઈ કેળવો અને ખીલવો–માણસ બનો, માણસને છાજે એવું જીવન જીવો, એ આવા શિક્ષણનો અર્ક: તે એનો જે કોઈ શિષ્ય પામ્યો ન હોય, તે એનો શિષ્ય ગણાવાને પણ પાત્ર નહીં. પૂણામાં ફર્ગસન કોલેજમાં સંખ્યા વધતી જતાં સરકારે વારંવાર એને કહેલું કે ડેક્કન કોલેજ મોટી બનાવવાની ત્હમારી યોજના મોકલો, અમે નાણાંની વ્યવસ્થા કરી, બે ત્રણ વર્ષમાં આખી સિદ્ધ કરી આપિયે. એ નન્નો ભણ્યા કરે. ચારસો વિદ્યાર્થીની કે એથી વધારે મોટી સંખ્યાની કોલેજ એ કોલેજ નથી, ધાડું (mob) છે, એમાં યુવકો કેવા ઘડાય છે તેનો જુમ્મો પ્રિન્સિપાલ કે પ્રોફેસરો લઈ જ ના શકે, જે જુદા મતના તે સર્વે ખાંડ ખાય છે! મ્હારે ને મ્હારા પ્રોફેસરો માટે આ છે તેવડી કોલેજ જ પૂરતી છે. ઇચ્છા હોય તો આવી નવી કોલેજો રચો–પણ તેટલાં નાણાં ખર્ચવાં તો ત્હમને બહુ ભારે પડી જાય છે!

રાજકોટ સન્માનસભા આગળ કરેલાં પ્રવચનમાં મેં કહ્યું છે તેમ મ્હારા સેલ્બી પછીના ગુરુ સીતારામ નારાયણ પંડિત, એમણે ઉપલા પાષાણી મંડાણમાં સહાનુભૂતિ અને ઐતિહાસિક દૃષ્ટિ અને સંસ્થાઓ તો લાંબી ટકી તે અરસામાં અનેક પલટા ધારણ કરે, તે સર્વ વા તેમાંના ઘણાખરાને ન્યાય આપવા જેટલી સમુદારતાના વળી માનવીને કુદરતી નબળાઇ પ્રતિ દયાધર્મના જીવંત પ્રવાહી રેખ્યા: વળી ફ્રેન્ચ ફિલસૂફ આગસ્ત કૉમ્તનો હિંદુ સંસ્કૃતિનો નિષ્કર્ષ મ્હને બતાવ્યો. તેમાંની બેત્રણ મહામોટી ખામીઓ, આ મેં જ્હોન સ્ટુઅર્ટ મિલનાં લખાણો સાથે વાંચેલો ત્યારે મ્હારા મગજમાં સ્થિર પેસી ગયેલી, પણ તે કાળે હું કૉમ્તનું હાર્દ સમજેલો જ નહીં, તે શ્રી સીતારામપંત સાથે ચર્ચાઓથી જ સમઝવા પામ્યો.

રોજની છુટ્ટી પ્હેલાંનો કલાક બી.એ. માટે હતો. રોજ છેલ્લી છસાત મિનિટ તે દિવસના વિષય પરની નોટ ઝપાટાબંધ

વાંચી જાય અને એ કાગળો ટેબલ પર રહેવા દઈ ઘંટ થતાં ચાલ્યા જાય. છુટ્ટીના કલાકમાં એ અમે ઉતારી લઈયે પછી સ્હી આદિ માટે ઉપડિયે. પણ એ વાંચે કોણ ? બહુ ઝડપથી લખતાં એમના કાગળોમાં પણ કેટલીક ટુંકી "પારસી" આવી જતી. ing થઈ જાય g; tion, tn; because, therefore, ∴ ∵; વગેરે. વળી u અને n, m અને w વગેરેની ગડબડો ખરી જ. મેં એમના અક્ષર પ્હેલા અઠવાડિયામાં જ બેસાડી લીધા. હું વાંચું ને લખતો જાઉં અને આખો વર્ગ ઉતારે એ પ્રમાણે ચાલ્યું. અને પછી તો કારકુનને સેલ્બીનું લખાણ ન બેસે તેને સારુ એ પણ મ્હને બોલાવે ને હું આખા વાક્યના સંદર્ભ ઉપરથી બેસાડી આપું.

## ૧૭. ઈ. ૧૮૮૯ ઉન્હાળાની રજા

એ ઉન્હાળાની રજા મેં ડેક્કન કોલેજમાં જ ગાળી. પૂણાના હવાપાણી મ્હને ખૂબ ફાવી ગયાં. અમે ચાર જ કોલેજમાં રહેલા; એટલે કલબ ચલાવવું અશક્ય. દૂધ ઉત્તમ અને દૂધ ને પાઉંરોટી પુષ્કળ. દશેક વાગે અમે હોડી વાટે ત્રણ માઇલ દૂર પૂણે ચાલ્યા જતા; ત્યાં હું રવિવાર પેઠમાં સાયન્સ કોલેજના ગુજરાતી વિદ્યાર્થીઓનું કલબ હતું (શ્રી અમૃતલાલ ઠક્કર સાથે સારી પીછાન આ સમયથી) ત્યાં જમી બે કલાક શાસ્ત્રીજી ઝળકીકરને ત્યાં કાવ્યપ્રકાશ ભણતો (એમની તમામ ટીકાઓના સંગ્રહવાળી આવૃત્તિ છપાતી હતી તેનાં પ્રૂફ કોઈવાર જોવા મળતાં), પછી કલાકેક સુરતના કેટલાક ગૃહસ્થો ભાજીઆળી અને રવિવાર પેઠમાં જ (પૂણે પેશવાઈમાં આવી વસેલ લાડ વણિકોનાં વૈષ્ણવ મંદિરોના સાંનિધ્યમાં) રહેતા હતા, તેમાંના ભાઈ ઠાકોરદાસ કે બીજાને ત્યાં કલાક સુઈ બે કલાક બેકનનો અભ્યાસ કરતો. રાત થતા પ્હેલાં પાછો હોડી વાટે કોલેજ પ્હોંચી જતો. ખાટલાને બદલે લાંબા ટેબલ પર શેતરંજી ને

ચાદરને પાથરણે સૂતો, ઉશીકે વેબ્સ્ટરનો કોશ એક વાલ્યુમ, ઓઢવાને ચોફાળ; એ પ્રમાણે ચલાવી લેતો; એ વાર નળે નાહી સ્વચ્છ રહેતો. ઐચ્છિક વિષયોને કૉલેજમાં જ સવારે રાતે મળીને ચાર કલાક આપતો.

આ નિયમિત ક્રમ સો નહીં તો પંચાશી ટકા ફળ્યો. પરીક્ષામાં પ્હેલા નહીં તોય બીજા વર્ગમાં બહુ ઊંચે આવ્યો. ઇંગ્રેજીમાં પ્હેલો આવ્યો એટલે એલિસ સ્કૉલર્શિપ (એક વર્ષ, માસિક રૂ. ૨૫) મળી. મુ. બાપાજીને પણ છોકરો વિદ્વાન થશે ખરો એ સંતોષ થયો.

## ૧૮. ઈ. ૧૮૯૦-૯૧

કૉન્વોકેશન વખતે મુ. બાપાજીએ મ્હને સોનાનું ઘડિયાળ આપ્યું તે હજી મ્હારી કને છે. મણિશંકરે 'રતિને પ્રાર્થના' લખ્યું જે ગુજરાતી ભાષાનું એક અમર કાવ્ય છે. હું મુંબાઈ જ રહી ગયો; ડેક્કન કૉલેજમાં ફેલોશિપ માટે અર્જી સરખી કરી નહીં. એ ફેલોશિપ કાશીરામ સેવકરામ દવેને મળી, જો કે એ ઍલ્ફિન્સ્ટનના ૧૮૮૮ના ગ્રેજ્યુએટ. મ્હારે ઉચ્ચ ગણિત અને વિજ્ઞાન કરી લઇ, આઈ. સી. એસ. માટે જવું હતું. પણ વિજ્ઞાનના આચાર્યો તે વખતે નાયગમવાળા અને પછી મૂસ હતા; સારા સદ્‌ગૃહસ્થો, પણ એએ કોઇને કંઈ પણ શીખવ્યું હોય એમ નથી માનતો. અમે જે કંઈ શીખ્યાં તે સાયન્સના મુખ્ય હમાલ કનેથી, એ આચાર્યો કરતા તે અને બીજા પ્રયોગો તેમના કરતાં એ વધારે ચોકસાઇથી કરતો, જો કે ભાષણમાં માત્ર બોલી શકતો—"યે પાહિલા? હા પહા! તે તસા ચ: પુન: દાખલું? પાહિજે તર સ્વત: કરા, પણ એવઢં। સંભાળા, બરં કા!" ઉચ્ચ ગણિતમાં મ્હને કૅલ્કયુલસ માટે કોઇ ગુરુ પ્રવેશ કરાવે તેની જરૂર પડી, તે કોઇ મળ્યો નહીં. મોદી બે કાઠિયાવાડી કલબમાં અનુપચંદ મોદી, રણછોડદાસ પટવારી, નરભેરામ

અનોપચંદ મ્હેતા વગેરે અમે ચૌદપંદર રહેતા. રસોઇયો સારો, મહેનતુ ને ઝડપી. તે વખતે મુંબાઇમાં ઘણા સુરતી મિલો વગેરેમાં સવારે આઠ વાગે જમી લઇને જતા, તેમને જમાડી લઇને આ રસોઇયો નવને ટકોરે આવી અમને સવાદશે જમવા બેસાડતો. જમતો અમારે ત્યાં. પેલા મિલવાળાનું રાંધી ઢાંકી અમારે રસોડે સાંઝે આવી રાતે પણ અમને બધી રસોઈ જમાડે. ઢોકળાં, ભજિયાં, પાંતરાં, લાડુ, દૂધપાક, બાટ, શીરો, ઓસાવેલી સેવ, સેવનો બિરંજ, મગજ મોહનથાળ, વગેરે ઘણું એને આવડે. વિલાયત જતા પ્હેલાં એક ટર્મ ચુનીલાલ સેતલવાડ પણ આ ક્લબમાં આવીને રહેલ. એણે ઇન્ટર્મીડિયેટના ગણિત માટે બંને રજાઓ રાખેલી તેમાં સવારથી ચાર વાગ્યા લગી એક એક થિયોરેમ ને પ્રોબ્લેમ ગોખે, શબ્દેશબ્દ ગોખે, સ્લેટ પર નકલ કરે, આકૃતિ કહાડે ને ભૂંસે,–સમઝે કશું જ નહીં, સમઝાવવા જઇયે તોપણ ના કહે, મ્હારા મગજમાં નહીં જ ઉતરે, મ્હને ગોખવા જ દ્યો, એમ માત્ર શબ્દસ્મૃતિ (verbal memory) ઉપર આધાર રાખે. દિ. બ. કૃષ્ણલાલને પણ ગણિત વિશે આવો બારમે ચંદ્ર નહીં.

ઇંડિયન સ્પેક્ટેટરમાં મદદનીશ તંત્રીનું કામ આ વખતથી શરુ થયું. ટાઇમ્સ ઓફ ઇંડિયા વગેરે મુંબાઇના દૈનિકોમાં પણ ચલણી વિષયો પર અને નવી ચોપડીઓનાં અવલોકનો લખીને કમાતો. મુંબાઇનો મ્હારો ખર્ચ એલિસ સ્કોલર્શિપ ઉપરાંત આમ કમાઈને ઘણો ખરો મેં કહાડેલો. મણિશંકર જીવરાજ બાજુના કિશોર વયના શેઠ નારણદાસ દ્વારકાદાસ (મુંબાઇમાં દરિયામહેલ અને પૂણામાં માણેક લૉજ્જવાળા)ના ટ્યૂટર હતા તે એકદમ બે માસ દેશમાં ગયા ત્યારે અવેજીમાં એ કામ પણ મેં કરેલું. એ બધાથી પણ મુ.ને સંતોષ હતો કે છોકરો મહેનતુ ને આપકમાઉ છે. પરંતુ હું એલએલ. બી.માં ધ્યાન આપતો નહીં તે એમને કે મ્હારા કોઇ વડીલને

રુચેલું નહીં. મ્હારે તો આઇ. સી. એસ. માટે જલ્દી વિલાયત જવું હતું અને આમાં એમનો ટેકો મુદ્દલ ન્હોતો. બ્હેન વિધવા થયેલી ત્યારે મોં ઢાંકવા વગેરે અમારા રિવાજો સામે મ્હારું ઉગ્ર સ્વરૂપ સૌએ જોયેલું, મેં "વિધવાવિવાહ સશાસ્ત્ર કે અશાસ્ત્ર" એ વિશે રાજકોટમાં એ ચર્ચા જોશભેર ચાલતી'તી ત્યારે ચોપાનિયું છપાવેલું, વગેરે કારણોને લઇને સંસારસુધારાદિ પ્રશ્નોમાં એ મ્હને માથાફરેલ ગણતા, અને વિલાયત જવા પામશે તો છોકરો આપણો રહેશે જ નહીં, જંગલો થઇ જશે, કદાચ ત્યાં જ રહી પડે, એવો એમને ભય. જ્યારે આઇ. સી. એસ. થયા પછી શું કરીશ તેનો મ્હને રજ પણ ખયાલ નહીં, આઇ. સી. એસ. ની પરીક્ષાના દિવસ આગળ જ કાલ મહાકાલ લય પામી જતા હોય એવું મ્હારું તો વલણ. એક ઇંગ્રેજ કવિએ કહ્યું છે, A youth thinks long long thoughts. સાચું. આ પણ એટલું જ સાચું છે કે A youth thinks short short thoughts. વારુ, મ્હારા હારિયામાંથી કૃષ્ણલાલ ઝવેરી, મનુભાઈ નંદશંકર વગેરે સંખ્યાબંધ યુવકોને વિલાયત જવાની મહેચ્છા હતી, તે એક કે બીજા કારણે સિદ્ધ થઈ શકેલી નહીં. અજમેર ગયા પછી અને છેલ્લે ઈ. ૧૯૧૪માં પૂણે પાછો આવી ગયા પછી પણ મેં વધુ અભ્યાસ માટે વિલાયત જવા યોજના અને થોડી તૈયારી કરેલી, પણ મ્હને એ જોગ સાંપડ્યો જ નહીં. આ છેલ્લા અવસરે તો ડિરેક્ટર શાર્પે સલાહ આપી તું પ્રોવિન્શિયલ સર્વિસમાં ઉપરથી ઉતરી આવ્યો, કાઠિયાવાડ ત્હને રૂા. ૪૫૦) આપતું એટલે અહીં આણવા ત્હને રૂા. ૫૦૦) અપાયા, એમ તું ઇલાકાની એ આખી સર્વિસને માથે આવીને બેઠો. માત્ર ઇસ્પહાનીને ૭૦૦) હતા અને તે ય ગુજરતાં, હવે એ ૭૦૦) ઉપર ત્હારો હક્ક ગણાય? આખું ખાતું કુદરતી રીતે જ ત્હારી વિરૂદ્ધ છે. કેળવણી કાઉન્સિલર ક્લૉડ હિલ, રાજકોટમાં એજંટ હતા તે ત્હને મ્હારા જેટલું જ ઓળખે

છે, એ કહે છે હું કહું છું, તું ખસીને ઉત્તર વિભાગનો ઇન્સ્પેક્ટર થઈ જા. જમિયતરામ શાસ્ત્રીની મુદ્દત પૂરી થાય છે. અથવા તું એક વર્ષ ફેલો લઈને લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સનું કે એવું બીજું પ્રમાણપત્ર રળી આવ. પણ—પણ મ્હારાં છોકરાં ન્હાનાં તેમને સંભાળી શકે તેવું એક પણ કુટુંબી નહીં: આમ મ્હારાથી વિલાયત ના જ જવાયું અને ઇન્સ્પેક્ટર થવાની તો મેં ઘસીને ના પાડી.* મ્હને ૫૦૦)માં જ રાખી ડી. ડી. કાપડિયાને મ્હારા ઉપર ચડાવીને ૭૦૦) અપાયા. ત્યાં તો થોડા જ વખતમાં શંકરન નાયરની યોજના અમલમાં મુકાઈ, અને મુંબાઈની પ્રોવિન્શિયલ સર્વિસમાંથી ઇન્સ્પેક્ટરો અને પ્રોફેસરો ઇમ્પીરિયલમાં લેવાયા, તેમાં હું પણ લેવાયો, જો કે ૭૦૦)ના એક ઇન્સ્પેક્ટરને અને પ્રો. કાપડિયાને ઉપલા ગ્રેડનો લાભ મળી ગયો. ધારો કે તે સમયે મ્હને એ મોટો લાભ મળ્યો હોત, તો પણ મ્હારી ઉંમર વધારે એટલે નિવૃત્ત થતા લગીમાં હું ઇમ્પીરિયલના સર્વોચ્ચ ગ્રેડ કે પગાર લગી પ્હોંચત જ નહીં.

## ૧૯ ઈ. સ. ૧૮૯૧ ઉત્તરાર્ધથી ૧૮૯૩

ઇંડિયન સિવિલ સર્વિસ માટે તો જવાનું જ નથી, તો ઇતો ભ્રષ્ટ સ્તતો ભ્રષ્ટ:માંથી ઉગરવા હું મુંબાઈ છોડીને જૂનથી પાછો ડેક્કન કૉલેજના એમ.એ.માં દાખલ થયો. સેલ્બીએ કશું પૂછ્યું નહીં, મેં કશું કહ્યું નહીં. એ સત્રમાં સદાશિવ મણિનારાયણ દીક્ષિત સાથે 'ડેક્કન કૉલેજ ક્વાર્ટર્લી' ત્રિમાસિક શરુ કર્યું તેને સારુ Teaching of

* ભરૂચ જતાં અંકલેસર ઉતરી મેં જ શાસ્ત્રીને વધામણી આપી કે એમનું એક વર્ષ વધારે નક્કી. મ્હારા કહ્યાથી એમણે ન માન્યું પછી ડિરેક્ટરે જ કહ્યું કે ઠાકોર તો બેનને વફાદાર રહેવામાં માને છે, ઇન્સ્પેક્ટર થવાની ના પાડે છે; ત્યારે જ માન્યું. જો કે આ પણ બરાબર ન્હોતું. બેન મ્હારા હિતની આડે હતા જ નહીં. એમાં મ્હારું હિત છે એ વિશે મ્હને જ ખાતરી ન્હોતી.

Tennyson, Oxford Universityના એક ન્હાના ઇતિહાસના અવલોકન નિમિત્તે ઑક્સ્ફર્ડની એટલે દા. આર્નલ્ડ, મેથ્યુ આર્નલ્ડ, ટી. એચ. ગ્રીન, બેન્જામિન જોવેટ, જેવાની ભાવનાઓનું ટુંકું દિગ્દર્શન કર્યું, હિંદી સમાજસુધારણાના પ્રશ્નો પર એક ટુંકો નિબંધ લખ્યો, તેમાં હિંદી જ્ઞાતિઓ Caste માટે એક નવી વ્યાખ્યા–ઇંગ્રેજી ભાષામાં ગ્રીક ઉપરથી એક નવો શબ્દ endophagous—endophagy (endogamous–gamy ને મળતો) યોજીને કરી; અને A Sketch of the History of the Foundation of the Deccan College, ડિરેક્ટરોના જુના વાર્ષિક અહેવાલોના થોકડા ઉથામીને તેમાંથી આ સંસ્થાનાં પૂર્વ સ્વરૂપોને લગતાં જ દોહન રૂપે લખીને, કૉલેજમાં Foundation Dayની તારીખે દર વર્ષે ઊજવવાનો ઉત્સવ શરુ કર્યો. એત્રણ ભાષામાં લખાણોવાળાં મૅગેઝીન અને આ ઉત્સવ ડેક્કન કૉલેજમાં આમ શરુ થયાં તે આખી મુંબાઇ યુનિવર્સિટીમાં પ્રથમ પ્હેલાં હતાં; થોડા જ સમયમાં લગભગ દરેક કૉલેજે એની નકલ કરી.

'૯૨–'૯૩ માટે દક્ષિણા ફેલોમાં નીમાયો (જો કે પાસ થયેલો '૮૯માં), '૯૩માં હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ લેખે પણ કામ કર્યું. અને તેને લગતી એક વિગત પણ ઉમેરૂં, કે મ્હારી જ ભલામણ ઉપરથી સેલ્બીએ એ વર્ષ દરમિયાન જ ન્હાવાની ઓરડીઓની સંખ્યા અને "સુધરાઈ યોજનાઓ" (sanitary arrangements સંડાસો વગેરે)માં મોટા વધારોસુધારો કરાવ્યા. રટુડંટ્સ રીડિંગ રૂમ માટે મોટું ચાળીશેક જણ એક સાથે આસપાસ બેસી શકે એવું ટેબલ પણ બનાવડાવ્યું. '૯૩ 'આખરે જો કે કૉલેજ છોડી એમ. એ. થયા વગર જ, પરંતુ મહાદેવ ગોવિંદ રાનાડે મારફત મ્હને "થોરલે" (વડેરા) માધવરાવ પેશ્વાના સમયનો ઇતિહાસ લખવાને કોઇએ ન વાપરેલાં કીમતી અને

પુષ્કળ સાધનો—આમાં મુખ્ય માધવરાવના પોતાના, નાના ફડનવીસના ને રાજમાતા ગોપિકાબાઇના, એક બે રાઘોબાના પણ કાગળો–મળી ગયાં, અને તે કૉલેજના મિત્રોની મદદે ઉકેલી, બેસાડી, ગોઠવીને મેં એ વર્ષો પર નવો જ પ્રકાશ પાડતો ઐતિહાસિક નિબંધ લખ્યો, માણકજી લીમજી સોનાના પદક માટે યુનિવર્સિટીએ એ વિષય નીમેલો; —અને એ પદક મેળવ્યો. આ કામે મ્હારો રાતદિવસ એટલો વખત ખાધો કે એમ. એ.ના અભ્યાસ માટે પૂરતો વખત રહેલો જ નહીં. મ્હને કોઇ પણ ચીજ ન્હાની કે મોટી, તેને સારુ પૂરતો ભોગ આપ્યા વગર મળેલી નથી. આ હું નોકરીઓ વિશે નથી કહેતો. એ તો મ્હને શોધતી આવી છે અને મ્હને ફાવતી જ મેં લીધી છે. જે એમ આવી મળી નથી, જે મેળવવાને મેં જાતે પ્રયાસ કરેલા તે, મ્હને નથી મળી એમ પણ બન્યું છે.

આ વર્ષો દરમિયાન ડેક્કન કૉલેજના વિદ્યાર્થીઓએ ગોવિંદરાવ ગાડગીળ ( પાછળથી બારિસ્ટર ), સરદાર મહેંદળે, કાનડાના ગુંજીકર ( પછી પ્રોફેસર ), ગુત્રીકર ( પછી સબ જજ ), શિવરામ મહાદેવ પરાંજપે ( પછી 'કાળ' સ્થાપક અને તંત્રી, જેલમાં પણ ગયેલ ), ગદ્રે, કટ્ટી, વગેરેની આગેવાનીએ મૃચ્છકટિક નાટક (મૂળ સંસ્કૃતમાં જ) અને ગોલ્ડસ્મિથનું 'શી સ્ટૂપ્સ ટુ કૉન્કર' ઇંગ્રેજીમાં ભજવ્યાં, બંનેની પાછળ તાલીમમાં ત્રણચાર મહિના પુષ્કળ સમય ગાળીને. મૃચ્છકટિક પછી પૂણા શહેરની પણ એક નાટકશાળામાં અમે સંસ્કૃતમાં જ ભજવેલું. મૃચ્છકટિકના અંકોમાં દશ્યો માટે પડદા ગોઠવવા સહેલા નથી, અને છેલ્લા અંકમાં દશ્ય તો શહેરના એક પછી એક ચોકમાં એમ રંગભૂમિમાં ઊંડે ઊંડે ઉતરતાં જ જાય છે. એક ચોકમાંનું દશ્ય પૂરું થતાં ત્યાં જ ચક્કર મારીને બીજા ચોકનું દશ્ય એમ તેને ભજવવામાં આવે, તો આખું ફસ્કી જાય એવી એ છેલ્લા અંકની રચના છે. શહેરમાં દંગલ થાય છે એ અંકનાં દશ્યો ગોઠવવાં પણ સરલ નથી. મેં

આ પડદા બરાબર ગોઠવી આપ્યા તે માટેની ન્હાની નોંધ તૈયાર કરી અને આ એટલું તો જરૂરી હતું કે એ નાટકમાં મેં પડદા પાછળ રહી પડદાઓને ઉપાડવા અને પાડવાનું જ કામ મ્હારે માથે રાખ્યું. તખ્તા ઉપરનો કોઈ પાત્ર પોતાના ભાષણમાં કંઈ ભૂલી જાય તેને સંભારી આપવા એક માણસ છાપેલી નકલ સાથે પડદા પાછળ રહે છે, તે કામ પણ આની સાથે મ્હારે ભાગે જ આવ્યું.* She stoops to conquer માં પણ મેં મ્હારે માટે જે ભૂમિકા ભજવવાનું સ્વીકાર્યું તે છેક હલકા દરજ્જાની હતી. આમ કોલેજમાં થોડો વખત હું લોકપ્રિય પણ થયો હતો, પરંતુ થોડો જ વખત. ઘણુંખરું તો મ્હારી ફરજો અને તે બજાવવાની મ્હારી રીતભાત એવી કે લોકપ્રિયતાની સિદ્ધિ, જેને કેટલાક બહુમૂલ્ય વસ્તુ ગણે છે તથા મેળવવાને ગમે તે ભોગ આપવા તૈયાર હોય છે, તે મ્હારાથી દૂર ને દૂર રહેલી છે. આને લીધે કોઈ કોઈ વાર મ્હને થઈ પણ આવેલું કે આગલો ઝમાનો ફરજો અને તેની બજાવણી ઉપર વિશેષ ધ્યાન દેતો હતો. એ અંબાલાલ સાકરલાલ, ગોકળદાસ કહાનદાસ, ફિરોઝશાહ મ્હેતા આદિનો ચારિત્રવાન ઝમાનો હતો, તેમાં હું જન્મ્યો હોત તો ?—પરંતુ તો મ્હારી કર્ત્તવ્યબજાવણી માટે આ ઝમાને મ્હને મળી આવ્યાં છે તેટલાં સાધનો પણ મ્હને મળવા પામત નહીં એમાં શક નથી.

## ૨૦. મુસાફરીઓ વગેરે અતિ ટુંકામાં

૧૮૯૨નો ઉન્હાળો એક માસથી વધારે મેં મહાબલેશ્વરમાં ગાળ્યો. બીજી વાર હું મહાબલેશ્વર અને પાંચગનીમાં રહેલો રાજકુમાર

* મેં મૃચ્છકટિકનો સમશ્લોકી ગુજરાતી અનુવાદ કેમ નથી કર્યો, તે મ્હારાથી હવે સમઝાતું નથી !, એક પછી એક કામની રગસિયાં ગાડાં જેવી હારની હારમાં આ રહી ગયું તે રહી જ ગયું છે.

કૉલેજના એક કુંવર સાથે. માથેરાન હું રહેલો એ જ કૉલેજના કેટલાક કુંવરોની સાથે. શેત્રુંજો મેં જોયેલો ભાવનગર હતો તે દરમિયાન. આબુમાં બે વાર, અને પાલણપુરમાં બે વાર રાજકોટના કુલ્લભજી (ભાટિયા ગૃહસ્થ) પાલણપુરના દીવાનપદે હતા તે દરમિયાન અજમેરથી; ગિરનાર ઉપર હું રહેલો મહિનો મહિનો બે વાર, પ્હેલી વાર મણિશંકર સાથે, બીજી વાર એમના ભત્રીજા પ્રો. હરિલાલ માધવજી ભટ્ટ સાથે. સિમલા મેં પછી જોયું ઇંડિયન હિસ્ટોરિકલ રેકર્ડ્સ કમિશનનો મુંબાઈ સરકારનિયુક્ત સભ્ય નવ વર્ષ હતો તે દરમિયાન; કલકત્તા, અલ્લાહાબાદ, કાનપુર અને લખનૌ મેં જોયેલાં એ જ કમિશનના અને ઇંડિયન ઇકૉનૉમિક કૉન્ફરન્સના સભ્ય લેખે; કલકત્તે તો હું મહિના ઉપર રહ્યો હતો; કાનપુર, લખનૌમાં દશ દિવસ ઉપર રહ્યો હતો. તે વખતે ત્યાં કૉન્ગ્રેસની બેઠક હતી અને શ્રી પોપટલાલ શાહ ત્યાં આચાર્ય હતા, તથા શ્રી મનસુખલાલ માસ્તર, ચંદ્રશંકર મ્હેતા, અંબાલાલ જાની, અને નૃસિંહ વિભાકર પણ ત્યાં હતા. આ સમયે એક મળસ્કે સૂર્યોદય પ્હેલાં ત્હાડ પુષ્કળ, સૌ ઓઢીપોઢીને સુતેલા અને એક જણે બુટ્ટો કહાડ્યો ચાલો આપણે વારાફરતી એક એક કવિતા ગાઇયે. ગુજરાતીઓમાંથી કોઈને કોઈ સારી કવિતા કે ભજન સળંગ મોંએ આવડે જ નહીં. હું બોલ્યો ન. ભો. દિ.ના પાટણ પુરી પુરાણ અને સરસ્વતી ઉપરના રોળા છંદ. અમ્હારી સાથે એક ત્યાંનો બ્રાહ્મણ પણ હતો. બી.એ. હતો. તે બોલ્યો તુલસી રામાયણમાંથી હનૂમાને શ્રી રામચંદ્રની કરેલી સ્તુતિ, મરદાની અવાજે, અને અમે સૌ ઝંખવાણા પડ્યા. કલકત્તામાં હું લાંબું રહેલો તે દરમિયાન રામકૃષ્ણ અને વિવેકાનંદના ધામ પણ બોટમાં જઈ જોઈ આવેલો, આખો દિવસ એમાં ગાળેલો; અને નૃસિંહ વિભાકર તથા શ્રી નગીનદાસ માસ્તર સાથે શાંતિનિકેતનમાં પણ રાત ગાળી આવેલો. વિભાકર ટીકાખોર વ્યક્તિ. એ તો ટાગોર

અને એનાં લખાણો, એની સંસ્થા અને આગળ વધી બંગાળીઓની જાહેરાત કરવાની કલા અને મોડર્ન રિવ્યુ અને રામાનંદ ચટર્જીની બંગાળીઓને જ વખાણવા તથા આગળ પાડવાની નીતિ વિશે અર્ધો-પોણો કલાક લગી ખાપરાખોડિયું બોલ્યે જ ગયો. અમે શાંતિનિકેતન અને તેની પરિસ્થિતિ અને ત્યાંના ગુજરાતીઓ, ત્યાંનું પુસ્તકાલય વગેરે જોયાં તેની અમારી અર્ધી મઝા લુંટાઈ ગઈ. રામાનંદ ચટર્જીએ ત્યાં બનાવેલ ઝૂંપડાની એક દિવાલનો ભાગ, કેરોસીનના ડબ્બા આદિ એ ગમે તેવો ખડો કરી દીધેલો તે ઉપર પણ આ મુંબાઈની સડેલી રેઢિયાર ચાલીઓને સ્વર્ગ માનનાર ગુજરાતી બારિસ્ટર સાહેબ ઊતરી પડેલા. એટલું શાણપણ ખરું કે ઇંગ્રેજીમાં ન્હોતા બોલતા, ગુજરાતીમાં જ ચલાવ્યે રાખેલું. એ કાનપુર, લખનૌ આગળની ભવ્ય નદીને બંને કાંઠે હું સવારસાંઝ ફરતાં ધરાતો જ નહીં. અલ્લાહાબાદના સંગમનો દોરંગી પટ મેં શિયાળાના ધુમ્મસે આચ્છાદિત જ દીઠો. કલકત્તાની નદી તો સાગરમુખ જ છે. ગમે તે વખતે અને બ્હાને એ હોડીઓ અને લાંચોમાં બેસવાનું મન થયા જ કરે. કલકત્તાનો કોલેજ સ્કવૅયર, રૉયલ એશિયાટિક સોસાયટી, કર્ઝનનું વિકટોરિયા મ્યૂઝિયમ, કાળી-ઘાટ, ઈડન પાર્ક, વગેરે પણ ઝટ ભુલાય એવાં નથી. સિમલામાં તો રિક્ષામાં જ ફરવું પડતું, એટલે તે મ્હને બહુ રુચ્યું નહીં.

ઇંડિયન હિસ્ટોરિકલ રૅકર્ડ્સ કમિશનની એક સભા માટે મદ્રાસ ગયો ત્યારે ભાઈશ્રી ખબરદાર મ્હને પોતાને ત્યાં જ લઈ ગયેલા અને બહુ સારી રીતે રાખેલો, જો કે પોતે તો બીમાર જ હતા. ત્યાં કમિશન સભ્યોને ગવર્નર સાહેબે પાર્ટી આપેલી ત્યારે હું સૌથી વધારે વયનો એમ, કે હું મુંબાઈનો તેથી, કે મ્હારો ચ્હેરો મ્હોટો ( ઘણા કહે છે તેમ ) ફિલસૂફનો તે કારણથી, કે કોણ જાણે શાથી, લેડી વિલિંગ્ડન તો પધાર્યાં તેવાં અડધાં મ્હારી જોડેની જ ખુરસી ઉપર, મ્હારી કને મુંબાઈના માણસો વગેરેની જ વાતચિત કહાડ્યા કરી,

હું રાજકુમાર કોલેજમાં હતો એ પણ જાણે, એટલે કાઠિયાવાડ અને તેના રાજાઓ વગેરે પણ વાતમાં આવી ગયાં. મેં પૂછ્યું આપ રાણીઓમાંથી કેટલીને જાતે ઓળખો છો, એટલે માત્ર હસ્યાં—છેક પાર્ટી પૂરી થવા આવી ત્યારે જ ખુરસી પરથી ઊઠી બીજે સિધાવ્યાં. કમિશનના બીજા સભ્યો, મદ્રાસ કોલેજોના નિમંત્રિત પ્રોફેસરો આદિ ફરી ફરીને અમારા તરફ જોયા જ કરે: અમારી વાતચિત હાસ્યટકોર આદિની પૂરેપૂરી છૂટ અને સમાનતાથી તાજુબ થયા જ કરે! મદ્રાસના એક પ્રસિદ્ધ પંડિતે મ્હને પૂછ્યું પણ, મેં ટુંકે જ પતવ્યું: "હા જી, મ્હને મુંબાઈ હતાં ત્યાંથી ઓળખે." પછી મેં પ્રભાશંકર પટ્ટણીને વાત કરી. એઓ કહે, હા, લોર્ડ અને લેડી બંને મુંબાઈ અને મુંબાઈની છુટ્ટી બોલીચાલી, અને મુંબાઈના મુક્તપણે ખુલ્લા દિલનાં માણસોને બહુ ચાહે છે. મુંબાઈના માણસોને ઘણા ઈંગ્રેજો પ્રમાણ-પત્ર આપે છે કે તેઓ બીજા હિંદીઓ કરતાં (એઓ કહે છે) ઇંગ્રેજો સાથેના વ્યવહારમાં વધારે નિઃસ્પૃહી અને સ્વતંત્ર રહે છે, જે ઇંગ્રેજોને રુચિ જાય છે.

સામાન્ય સભ્ય સાહેબસલામની રીતભાત તો આપણા સૈકામાં મોટામાં મોટા પણ ન્હાનામાં ન્હાનાની સાથે રાખી જાણે છે; પરંતુ ગોંડલ મહારાજા સાહેબ ભગવતસિંહજી, ભાવનગર મહારાજા સાહેબ ભાવસિંહજી જામ સાહેબ રણજિતસિંહજી અને આ લેડી વિલિંગડ-નના જેવી નાગરિક અને સમાનભાવી સભ્યતાએ, એ ગઈ પેઢીની મોટી વિભૂતિઓમાંથી કોઈ પાંચમી મ્હારી સાથે વર્ત્તેલી હોય એમ યાદ આવતું નથી. ડેક્કન કોલેજમાં ફેલો હતો ત્યારે મહાદેવ ગોવિંદ રાનડે, એલન હ્યૂમ, અને લોર્ડ હેરિસ (ગવર્નર) સાથે સારા પ્રસંગો મળેલા; પરંતુ તે વખતે મ્હારી ઉંમર આદિને લઈને તેઓએ મ્હને વાજબી રીતે જ માત્ર યુવક ગણેલો.

## ૨૧. ઇ. ૧૮૯૪ થી ૧૮૯૫

પાછો મુંબાઈમાં, પાછો ઇંડિયન સ્પેક્ટેટરનો મદદનીશ તંત્રી, નિયમિત પગાર—સાતવારિયાંના એક મહિને ચાર, એક મહિને પાંચ અંક નીકળે, દર અંકે મ્હારા ૮ થી ૧૨ કોલમ હોય, મહિને સરેરાશ ચાળીશ કોલમ ખરા જ; તે પ્રમાણે પગાર; ઉપરાંત ટાઇમ્સ ઑફ ઇંડિયા વગેરેમાંથી દર મહિને રૂા. પચાશ તો મળે. વહુ અને બે ન્હાની પુત્રી સાથે વૈદ્ય વિશ્વનાથ પ્રભુરામના મકાન પાછળ 'અનંત ઋષિની વાડીમાં એક ભાટિયાનો માળો હતો. (મુંબાઈનો એ ભાગ ક્યારનો ય તદ્દન ફેરવાઈ ગયો છે.) તેમાં રહેતો અને અમારો સંસાર નભતો. ન્હાની પુત્રીનો એક પગ બચપણમાં છેક વળી ગયેલ તેનો પણ શક્ય તેટલો ઉપાય અહીં દાક્તરોએ લાકડાની પટીપાટા વગેરે વડે કર્યો અને એને ખોડ નામની જ રહી. આમાં મ્હને ભારે ખર્ચ ના પડ્યો, દા. પોપટ પ્રભુરામ વગેરે મ્હારા મિત્ર તેથી. યુનિવર્સિટી લાઈબ્રેરી ત્યારે ન્હોતી. પણ રોયલ એશિયાટિક સોસાયટીની અને ઍલ્ફિન્સ્ટન કોલેજની લાઈબ્રેરીઓમાં જ બેસીને મ્હને પ્રિય અનેક વિષયોમાં અને અનેક નવી ચોપડીઓમાં યથેચ્છ ચરતો. મલબારીએ મ્હને ફિરોજશાહ મ્હેતાની ઓળખાણ કરાવેલી. (બેહરામજી મલબારી ખરેખર તે ઝમાનાનું એક રતન; સુરતી સ્હેલાણી; ઠીંગણી કાયા પણ છાપ પડે એવી મુદ્રા; કોઈથી અંજાય નહીં સૌની ગૃહસ્થાઈ અને સૌની સમાનતા–all gentlemen, all equal–માં માનનારો.) '૯૫ના એપ્રિલમાં મ્હને કરાંચી કૉલેજમાં પ્રો. પાદશાહ (ઇંગ્લાંડ વધુ અભ્યાસ માટે એક સત્ર જતા'તા તે) ની જગા કામચલાઉ મળી. જો કે ત્યાં જવાનું રજા ખુલ્યે જૂનથી. આ મ્હને સેલ્બી અને મલબારીએ જ અપાવેલી. એ સત્ર સો જ દિવસનું. ત્યાં મ્હારા બી.એ વર્ગના વિદ્યાર્થીઓમાં સૌથી મોખરે આવી ગયા છે સર ગુલામહુસેન હિદાયતુલ્લા.

લોર્ડ લૉઇડે એમને મુંબાઈ સરકારમાં લીધા અને સર ચિમનલાલ સેતલવાડને ત્યાં કે લેજિસ્લેટિવ કાઉન્સિલની કોઈ બેઠકમાં મ્હને પ્રથમ જોયો ત્યારે જાતે પાસે આવી મ્હને પ્રો. સાહબ કહીને પોતાની ઓળખાણ આપી. ભરૂચના કેરવાડા ઠાકોર અને આમોદ ઠાકોરને તેમ સર ઇબ્રાહીમ રહીમતુલા જોવાને કહે, આપકે યે ઠાકોર સાહબ મેરે તો ઉસ્તાદ હય. એ જ મુજબ લીમડીના ઠાકોર દૌલતસિંહજી એક વાર મુંબાઈ પધારેલા, હું પણ મ્હારા કોઈ મિત્રને લેવા ગ્રાંટરોડ સ્ટેશને એ જ ગાડી પર ગયેલો, આખું સ્ટેશન પ્લેટફૉર્મ ચિકાર, એક છેડે એ; પણ એ પોતાને લેવા આવેલ આખા સાજનાને જોઈ શકે માટે એક ટેબલ મંગાવી તેના ઉપર ઊભા થયેલા, ને એમણે મ્હને જોયો, અને આઘેથી મોટેથી બૂમ મારી—કાઠિયાવાડી ઉચ્ચારે—"બલુભાઈ!"—અને એ આખી મેદનીની આંખ આપણા તર્ફ! આ સર્વ તાઝિમતવાઝા મુધલાઈ, ઉપર ઉપરના જ, તમાશો જોનાર લોક ભલે ભૂલાવામાં પડે, માણસ પોતે એની પાછળ સ્હેજ લાગણી ઉપરાંત કૈં પણ હશે એમ માની બેસે, તો તે મૂરખ. બાકી લીમડી ઠાકોર તો એમના ન્હાનપણમાં—ગરાસિયા લેખે જીવનમાં રાજકોટ આવે ત્યારે મ્હારાં બા કને માગી માગીને પાંતરાં વગેરે વાનીઓ કરાવી કરાવીને ખાતા. પછી ડેક્કન કૉલેજમાં ગુજરાતીઓની સંખ્યા ઓછી અને અમે દર રવિવારે જાફ્ત કરતા, ત્યારે દોલુભા ખડકીમાં લશ્કરી તાલીમ લેતા હતા તે ખાસ આવીને અમને એમના ખુશ મિજાજનો લાભ આપતા, ઠઠ્ઠામશ્કરી સમાન ભાવે કરતા, અને રસોઈ સારી રીતે જમતા. આ ગુજરાતી મંડળમાંથી હવે તો જૂનાગઢના શ્રી જયસુખપ્રસાદ વૈષ્ણવ હજી હયાત હોય તો હોય. જૂનાગઢમાં જ સબજજ થયેલા અને ઝમીનદાર એટલે આજ ૮૦–૮૧ની ઉમ્મરે હયાત હશે તો પોતાને ગામડે જ રહેતા હશે. બાંધો સશક્ત અને નીરોગી.

શિષ્યો શિષ્યોમાં ઘણો ફેર. ભાઈ અને પુત્ર કરતાં ય વધારે આત્મીય થઈ જાય એવા પણ શિષ્યો સદ્‌ભાગ્યે મ્હને મળ્યા છે, જો કે, બેશક, થોડા.

કરાંચીની એક વિચિત્ર ઓળખાણ—ઉપાધ્યાય બ્રહ્મ બાંધવ. એ અતિ-શિર્મિલ બંગાળી, તે વખતે હજી નવજુવાન, કરાંચી અને હૈદરાબાદમાં જ રોમન કૅથોલિક સાધુ હોય એ પ્રકારનું જીવન ત્યારે ગાળતો અને Sophia નામે ઇંગ્રેજી સામયિક-જરા અનિયમિત રીતે-કહાડતો, તેમાં ઘણુંખરું લખાણ mystics religious કે foggy metaphysical આવતું. કરાંચીની વિવાદમંડળીમાં મેં Problems of contemporary India એ વિષય ઉપર વાંચતાં આશરે કલાક થાય એવડું ભાષણ કરેલું, જે Calcutta Reviewમાં અને મુંબાઈના એક બે દૈનિકમાં કટકે કટકે પ્રકટ થયું હતું. ઇન્ડિયન સ્પેક્ટેટરમાં મ્હારા પછીના ઉપતંત્રી નટરાજને એનું અવલોકન પણ લખેલું—પરંતુ આ વિગત ખાતરીપૂર્વક યાદ નથી.

બળેવની રજા સાથે દશ દિવસની પરચુરણ રજા જોડીને હું ઠેઠ શિકારપુર, સક્કર-બક્કર અને ક્વેટા લગી જઈ આવેલો; શિકારપુરના એક મોટા જાગીરદાર મસુંદ=સીખ મહંત-એલ્ફિન્સ્ટન કૉલેજમાંના મ્હારા એક સહાધ્યાયી-બધે મ્હારી સાથે આવેલા. હૈદરાબાદ અને શિકારપુરમાં દિવાલના પડદા વડે મરદને ન્હાવાનો ઘાટ અને સ્ત્રીઓને ન્હાવાનો ઘાટ જુદા પાડેલા જોઈ મ્હને વિચિત્ર લાગેલું. નવચોકી ઉપર પણ મરદો ઘાટની જે બાજુ ઉપર ન્હાયધુવે છે તેથી જુદી બાજુ ઉપર સ્ત્રીઓ ન્હાયધુવે છે, પણ ત્યાં એવી દિવાલની જરૂર કોઈને લાગી જ નથી. કરાંચી અને ઉત્તર હિંદની શેરીઓ અને બજારોમાં ય સ્ત્રીઓની સંખ્યા છેક વિરલ-આ હું ઈ. ૧૮૯૫ની વાત કરૂં છું. આ પછી હું કરાંચી અને સિંધના બીજા સ્થળોમાં જુદે જુદે વખતે થઈને ચાર

વાર ગયો છું, મુંબાઈ યુનિવર્સિટી કૉલેજ ઇન્સ્પેક્શન કમિશનના એક સભ્ય લેખે.

૨૨. ઈ. ૧૮૯૬માં શ્રી મનુભાઈ નંદશંકરે વકીલાતને બધો સમય અપાય માટે મહારાજા સાહેબની પરવાનગી મેળવીને પ્રૉફેસરની નોકરી પરથી રજા લીધી, પછી લિફલડેલ ફર્સી પર ગયા એમ હું, ધૂળ પડવાથી, અજમેર ગવર્મેન્ટ કૉલેજમાં મ્હને કાયમી પ્રોફેસરપદ મળ્યું ત્યાં લગી એટલે દસેરા લગી વડોદરા કૉલેજનો કામચલાઉ આચાર્ય અને વડોદરાનિવાસી થયો. વહુ કસુવાવડ ગયેલી તે સારી પેઠે નબળી અને માંદી, તેને બ્હેરા વૈદ્ય (પ્રશ્નોરા) હરગોવિંદ (આર્યસમાજી)ની દવાથી સારો ફાયદો થયો. મ્હને મણિભાઈની અને ત્રિભુવનદાસ ગજ્જરની સોબતનો લાભ મળ્યો કલબમાં અને અંબાલાલભાઈ પાસે પણ હું જતો. મેં "અંબાલાલ-ભાઈ" લખ્યું છે તેમાં આ મહિનાઓ દરમિયાન એમની સાથે પૂરેપૂરી છૂટથી થયેલી કેટલીક ચર્ચાઓ વણી લીધી છે. એ વખતના મ્હારા શિષ્યોમાંથી ડાહ્યાભાઈ પુરોહિત આખો જન્મારો મ્હારા સ્વકીય સ્નેહીઓમાં રહેલા. બીજા બે પણ સારી માયા રાખતા તે બીચારા બહુ વ્હેલા ગત થઈ ગયા. મણિભાઈ સાથે તો એ વડોદરા કલાભવનમાં નીમાયા ત્યારથી આ પ્હેલાં પણ હું વખતોવખત રહેલો. ઉન્હાળાની બે ત્રણ રજાઓ એમના રામજી મંદિરની પોળના મકાનમાં જ ગાળેલી (રાવપુરાનો એ ભાગ એટલો બધો ફરી ગયેલો નથી.) 'રતિની પ્રાર્થના' એમણે લખી તે પછી આ સમય લગીમાંનાં એમનાં કાવ્યોમાં બીજાં ચાર મ્હારા ઉપર છે. મ્હારાં આશરે ૧૮૮૮થી શરુ થયેલ કાવ્યો પણ (પદ્યરચના વિશે અને બ્લૅન્ક વર્સની અગત્ય તથા મોટી ગુણવત્તા વિશે મ્હારા અભિપ્રાય વિવાદે વિવાદે દ્રઢતા જતા હતા અને સક્રિય બનતા હતા તેમ તેમ) આગળ ચાલેલાં; મણિભાઈના અબ્રહામ લિંકન (એ તરજુમા) માટે પ્રવેશક

લેખે યુનાઈટેડ સ્ટેટ્સનો સંક્ષિપ્ત ઇતિહાસ એ બોમ્બે રૉયલ એશિયાટિક પુસ્તકાલયમાં શરુ કરેલું લખાણ અહીં ઘણું આગળ વધારેલું, જો કે પૂઈ કરી નાખેલું તો અજમેર પ્હોંચ્યા પછી; 'ચક્રવાક મિથુન' અને 'ઉદ્‌ગાર' ઉપર એ બુદ્ધિ પ્રકાશમાં પ્રકટ થયાં તે સાથે જ મ્હારાં જોડેલાં વિવેચનો જાણીતાં છે; મણિભાઈની કેટલીક બીજી કૃતિ વિશે મેં એકબે બીજે સ્થલે જણાવેલું જ છે.

કૉલેજનું ન્હાનુંમોટું દરેક કામ હું રસથી કરતો. પ્રિલિમિનરી પરીક્ષા વખતે કામચલાઉ પ્રિન્સિપાલ ગણિતના આચાર્ય તાપીદાસ. તે વખતે એક આખો પ્રશ્નપત્ર બે ત્રણ વિષયમાંથી ગમે તે એક ઉપર નિબંધ લખી લાવો એ રૂપનો હતો. એક વિદ્યાર્થી (જે પાછળથી રાજકુમાર કૉલેજમાં મ્હારા સહકારી હતા તે)ના નિબંધને મેં દોકડા આપ્યા—શૂન્ય! પ્રો. તાપીદાસે મ્હને બોલાવ્યો ભાઈ આ શું? મેં જવાબ દીધો, ત્યારે શું બે મીડાં આપું? જુવો તો ખરા એ આ વિષય ઉપર લખે છે, અને દશ પાના ભર્યાં છે તેમાં એક વાક્ય પણ વિષયને લગતું નથી. એ એકબે પાના વાંચીને કહે, પણ ઇંગ્રેજી તો શુદ્ધ છે ને? મેં સામું પૂછ્યું, તેથી શું વળે? સંસ્કૃતના પ્રશ્નપત્રમાં જે શ્લોક પૂછ્યો હોય તેને બદલે બીજાનો જ ગોખેલો તરજુમો લખ્યો હોય, અરે ગણિતમાં જ પૂછ્યું હોય થિયોરૅમ ૧૧મું અને લખ્યું હોય ૧૮મું તો તે માટે માર્ક અપાય ખરા? એમણે વાત જતી કરી. મેં અંબાલાલભાઈને બધું કહ્યું. એઓ કહે હા, આપણા લોક બહુ નરમ છે, પરીક્ષામાં થોડી કરડાશ જરૂરી છે. આ પછી કેટલેક વર્ષે એમ.એ.ના એક ઉમેદવારનો મ્હને અપૂર્વ અનુભવ થયો. એ ભાઈએ પોતાથી લખાયા તેવા ખરાબ અક્ષરે (પરીક્ષક ઉકેલી ના શકે એ જ ધ્યાનતે) ચાર ચોપડી ભરેલી; લખેલું શું? છાપેલા પ્રશ્નપત્રની નકલો જ ઉતાર ઉતાર કરેલી! મેં એ રજિસ્ટ્રાર

સાહેબ ફરદુનજી દસ્તૂરને બતાવ્યું, અને તમામ વિષયના પરીક્ષકોની મોટી સભા મળે, તેમાં દરખાસ્ત મુકી કે આ ઉમેદવારને એક વર્ષ એમ.એ.માં બેસતાં અટકાવવાની સઝા થવી જોઈએ, કેમ કે એણે પરીક્ષકને છેતરીને માર્ક મેળવી લેવાની કોશેસ કરી છે. પરંતુ એ સભા આપણા જ ભાઈઓની; તેમનાથી તે એવી સઝા કે કોઈ પણ સઝા થઈ શકે ખરી ! મુંબાઈ યુનિવર્સિટીનું ચક્કર ગબડતું ગબડતું ક્યાં જઈ પડયું છે, તે વિશે મુંબાઈ સન્માન સભા આગળ પ્રવચનમાં જ મ્હારે થોડું વાનગી જેટલું તે સમયે ચર્ચાતા નાલાયક પરીક્ષકોના દાખલાઓને લીધે પ્રાસંગિક એટલે બોલવું પડયું છે. યુનિવર્સિટીની ઉચ્ચ ભાવનાને વળગવામાં અડગ આચાર્યો અને પરીક્ષકો સારી સંખ્યામાં હોય, ત્યાં લગી જ યુનિવર્સિટી યુનિવર્સિટી છે, જ્ઞાનપીઠ, ચારિત્ર ઘડનારી માતા ( alma mater ) સત્યસંશોધક મંડલ, દેશોદ્ધારક ગુરુ અને નાયક, બધું છે. ક્રિયામાં લૂલું જેમ દેખાદેખી વધતું જાય, તેમ બજેટ, ખર્ચ, માણસો, સાધનો, દેખાવ, સત્તા અને દમામ એ ને એ, પરંતુ તે સંસ્થા સજીવન સંસ્થા જ રહેતી નથી, તેનું પ્રેત માત્ર છે; જેટલો વખત વધારે એ આસને નભે તેટલો વખત વધારે વધારે હાનિકારક. ભાવનાસદૃશી સિદ્ધિઃ એ સૂત્રની અવળી બાજુ છે ભાવનાહીનતાએ અધોગતિ, ભાવનોચ્છેદે સડો. ચેપી અને ઝેરી.

વડોદરા કોલેજમાં હું ( નિવૃત્ત થયા પછી અને એકત્રીશ વર્ષે ) બીજી વાર કામચલાઉ પ્રોફેસર લેખે ગયો તેનો જસ શ્રી જ્યોતીંદ્ર મ્હેતાને છે. પ્રો. તો કોલેજમાં રહ્યો, એઓ ઑકસ્ફર્ડથી પાછા આવી ગયા ત્યાં લગી, પરંતુ પછી હું ત્યાં જ રહી ગયો, બધુ મળીને દશ વર્ષ આ વખતે મેં વડોદરે ગાળ્યાં, તે દરમિયાન ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સાથે સંબંધ વધારી શક્યો, પાટણ, ઉમરેઠ વગેરે સ્થલે પણ બે બે વાર જઈ આવ્યો. પાટણમાં એક વાર તો લાંબું રોકાયલો.

૧૯૦૯ની રાજકોટ પરિષદના સમયથી હું મધ્યકાલીન ગુજરાતીનાં કક્કો અને બારાખડી શીખેલો, તે મ્હારો અભ્યાસ વડોદરે ગયો પછી જ વધારી શક્યો. બીજી વાર પાટણ ગયેલો ત્યારે ત્યાંના ક્લબમાં વકીલ સાહેબ ઉમાશંકરની યોજનાથી એક નવજુવાન ભાટે એ કોમની જાણીતી છટાથી એક કથા કહી અને તે લગભગ કલાક લગી ચલાવી, તેમાં ડગલે ડગલે કવિતા અને કટાવો, દંડકો અને સવૈયા આવ્યા જ કરે; ઝડઝમક, વર્ણસગાઈ વગેરે જાણે નવો પ્રવીનસાગર! હું સમઝ્યો કે દખ્ખણના ધર્મિષ્ટ મધ્યમ વર્ગે હરદાસની કથાનું અને ગુજરાતના મધ્યમ વર્ગે જરા ઓછાં ધર્મિષ્ટ અને વધારે સંસારચિત્રાત્મક પ્રેમાનંદ આદિનાં આખ્યાનોનું સાહિત્ય ઉપજાવ્યું; તેમ ગરાસિયા મંડળ અને ઠાકોરઠાકરડાના ન્હાનામોટા દરબારોમાં ડિંગળબદ્ધ સુભાષિતોમાં આ અદ્ભુત વીર, શૃંગાર અને કરુણરસપ્રચુર હમ્મીર રાસથી માંડીને સદયવંત સાવલિંગા, ખુમાણ રાસથી માંડીને માધવાનલ લગીનું સાહિત્ય ઉપજ્યું છે: યુગપલટે બંનેની અત્યારે ગ્રહણદશા ચાલે છે, જો કે ન. ભો. દિ. જેવા આ ઝમાને પણ એક તર્ફથી હરદાસની કથા કહેતા, બીજી તર્ફથી સ્મરણસંહિતા, આખ્યાન લખતા, અને ત્રીજી તર્ફથી નવા યુગનાં ભાવગીતો (lyrics). રચતા, ચંદા જેવી ‘ ઓડ ’ (ode) રૂપે નાટકી એટલે નાયક કે નાયિકાના કુદરતી જીવન અને પ્રકૃતિ ( natural history and place in nature )નો તાદૃશ ચિતાર પણ કલામય રીતે આપવાને મથતા. એ પાટણનો નવજુવાન ભાટ તેમ ભાવનગર કાઠિયાવાડ તર્ફના પીંગળશી પાતાભાઈ વગેરેના શિષ્યો પોતપોતાના વ્યવસાયમાં “ દીપે રાખે ” ભલે ને, પણ મ્હને તો લાગે છે કે આ નવયુગે મધ્યકાલીન કલા અને સાહિત્યનાં એ રૂપો તો સૂકાં અને ખરતા પાન જેવાં જ ગણાય.

## ૨૩ ઈ. ૧૮૯૬ થી ૧૮૯૯

અજમેર ગયો અને ખરેખર મ્હારો નવી અને વધારે મોટી દુનિયામાં પ્રવેશ થયો. હિંદ માથાભારે દેશ છે, ગુજરાત, દક્ષિણ હૈદરાબાદ, મદ્રાસ, મ્હૈસૂર, ગોદાવરીકૃષ્ણાતટો મુકાબલે ઉતરતા દરજ્જાનાં સત્ત્વો છે, પામીર અને હિમવાનથી અરબ્બી સમુદ્ર વિંધ્યમાલ અને બંગાળના ઉપસાગર લગીનો પ્રદેશ, જેનું ખાસ નામ હિંદુસ્થાન છે, ઉત્તર હિંદ છે, તે જ આખા હિંદ કે ભરતખંડનું ભાવિ ઘડવા, યોજવા, સિદ્ધ કરવાને, કર્તું મકર્તું મન્યથા કર્તુંમ્ સમર્થ છે. સાભ્રમતી અને રેવાકાંઠે જ કે રેવાદક્ષિણે જ જન્મારો ગાળનાર કોઈને આ પ્રતીતિ થતી નથી. મુસ્લિમ જગતમાં મક્કે હજનો જે મહિમા છે, તે આ પ્રમાણે હિંદની તમામ વસતી માટે ઉત્તરાખંડ અને હિંદુસ્થાનની મહાયાત્રાનો છે. મેં જેપુર જોયું, ભરતપુર જોયું. પંજાબ, કાશ્મિર અને બંગાળાને હિંદના અવિભાજ્ય અવયવ બનાવનાર મુઘલ યુગ છે, ગાંધાર ને હિંદનું અવિભાજ્ય અવયવ બનાવવાના એકે પ્રયત્ન હજી લગી નથી કાવ્યા. ગાંધાર તેમ સિંહલદ્વીપ બૌદ્ધ હિંદનાં અવયવ બન્યાં હતાં, તેમાંથી સિંહલદ્વીપને ફરી હિંદનું અવયવ બનાવવાનો પ્રયત્ન કોઈએ કર્યો પણ નથી, વગેરે વગેરે દૃષ્ટિબિંદુ મ્હારી વિચારણામાં પ્રવેશ પામ્યાં અને તેમ તેમ પૂણાનિવાસને લઈને, હું ડેક્કન કોલેજમાં કેળવાયો તેથી કરીને, મ્હને સંશોધનકાર્ય અને સર્જન માટે સૌથી પ્હેલાં મળી ગયાં મરાઠાઓનાં ઇતિહાસનાં સાધનો તે અકસ્માતે, મ્હારા ચિત્તંત્રમાં મરાઠી પ્રજા અને મરાઠી ઇતિહાસ અને મરાઠી વિક્રમ માટે પક્ષપાત બંધાયેલો વા બંધાતો જતો હતો, તે મ્હારા અજમેરનિવાસ દરમિયાન બેમાલુમ રીતે સજીવનતા ખોઈ બેઠો, ખરી પણ ગયો. બેશક મ્હારા આદર્શ–ભાવના–મંતવ્યજાલમાં આ મોટો પરિવર્ત

બહુ ધીમે ધીમે અને કંઈક બેમાલુમ રીતે જ થવા પામ્યો. પણ થયો ત્યારે તે સંપૂર્ણપણે થઈ ગયો છે એમ હું જોઈ શક્યો.

સિંધ, પંજાબ, કાશ્મીર અને બંગાળાને પોતાના સામ્રાજ્યનાં (અને હિંદુસ્થાનનાં) અવયવ બનાવ્યાં તેથી મુઘલ સત્તાને તૃપ્તિ ન્હોતી. હેરાત કંદહારને અપનાવવા પણ એ સત્તાએ પોતાના જાહોજલાલીના યુગ દરમિયાન પ્રયત્નો કરેલા. અને તેમાં જો એ સત્તા ફાવી ગઈ હોત તો?—તો એ સત્તાની પડતીનો લાભ લઈ શીખો પંજાબમાં પગભર થઈ શક્યા, તેમ પંજાબગાંધાર એક હોત તો તેઓ થઈ જ ના શકત; વળી રાજપુતાના, માળવા સિવાયનો આખો હિંદુસ્થાન મુસ્લિમસ્થાન બની જાત–યુફ્રેટીસ, ટાઈગ્રીસ અને નીલ નદીઓની જેમ સિંધુ, ગંગા, જમના અને બ્રહ્મપુત્ર પણ મુસ્લિમ નદીઓ બની જાત. ઉલટપક્ષે, પોતાના અતિ કઠણ જીવનને લીધે (પંજાબના સિંહ) રણજિતસિંહજીની શક્તિઓનો હ્રાસ બહુ વ્હેલો થયો; તે બીજાં પાંચ વર્ષ જ ટકી હોત તો?—તો સિંધ અને પંજાબ એકાકાર થઈ આખા સિંધુપ્રદેશમાં સીખોની વસતીનો જથો સૌથી મોટો બનવા પામત. અને યુ. પી.માં પણ મુસ્લિમોને શહ પ્હોંચત. પરંતુ આમ બન્યું હોત તો બીજું શું શું બનવા પામત– નેપોલિયન વાટર્લૂનું યુદ્ધ જીત્યો હોત તો, હિટલર બાલ્યાવસ્થામાં જ મરી ગયો હોત તો, સોવિયેટ સંઘમાં સ્ટાલિનને બદલે ટ્રોટસ્કી સર્વોપરિ થઈ ગયો હોત તો? જેમ્સ ૧લા પછી ચાર્લ્સ ૧લાને બદલે એનો બાલ્યાવસ્થામાં ગત થયેલ મોટો ભાઈ ગાદીએ આવ્યો હોત તો?—તે તે ઇતિહાસના રૂપરંગ કેવા કેવા પલટાત?—એવી એવી might–have–been તર્કપરંપરા ઇતિહાસવિમર્ષક્ષેત્ર વિસ્તારવી, તે એક મહામોટી મૂર્ખતા છે. આપણે પાછા આપણા વિષયની વાસ્તવ ભોં પર જ–બ. ક. ઠા. નામે પરમાણુને સ્પર્શતી અને

ઇતિહાસમાં મોટામાં મોટાં સૂક્ષ્મદર્શકે ય નહીં દેખાય એવી અતિ-છોટી હકીકતોનાં ટાંચણુ પર આવી જઈએ.

## ૨૪ ઈ. ૧૮૯૯ ઉત્તરાર્ધથી ૧૯૦૧ પૂર્વાર્ધ

આ બે વર્ષ પાછાં મે ડેક્કન કૉલેજમાં ઍક્ટિંગ આચાર્ય તરીકે ગાળ્યાં, કેમકે એ બે વર્ષ પ્રો. બૅન પોતાની પ્હેલી ફર્લો રજા ભોગવવા સ્વદેશ ગયા. હું રવિવાર પેઠ અને પછી નારાયણ પેઠમાં જ રહ્યો. સુરતના ઇચ્છારામ ભગવાનદાસ અને દાંડીના નાગરજી સાથે વધારે પરિચયમાં આવ્યો; જો કે મ્હારો એકલવાયો સ્વભાવ અને વાંચવા-લખવાને જ ઘણોખરો વખત અર્પી, વધે તેમાં ય એકલા રખડવાની મ્હારી લત જરા ય ઘટ્યાં નહીં. મધ્યમ સ્થિતિના અને સારી સ્થિતિના ગુજરાતીઓની બેઠે બેઠે શાક સમારતા હોય તેમ ગપ્પાં છોલવાની કલાઓ વિશે મ્હારી અજાયબી વધતી જ જાય છે. અજમેરથી હું સાઇકલ પર બેસતો થઈ ગયો હતો, તે વડે પૂણાની આસપાસના પંદર, વીશ માઇલ લગીના પ્રદેશ આ વખતે જોયાં. શ્રીમંત ઔંધકર (ઉંમરે મ્હારા જેટલા કે કંઈક મોટા હશે) ઈ. ૧૮૯૧–૯૨માં ડેક્કન કૉલેજમાં અભ્યાસ કરતા હતા અને તે વખતે એમણે મ્હારા ચ્હેરાનો એક ઊડીને આંખે વળગે એવો "ક્રેયન સ્ટડી" કરેલો, તેમણે મ્હને ન્હોતરેલો, શ્રીમંત મોટા પટવર્દ્ધને અને બીજા એકબેએ એ વિવેક કરેલો કેમ જે મ્હારો મરાઠા ઇતિહાસનો શોખ એઓ જાણે. આ નિમંત્રણો હું સ્વીકારી શકેલો નહીં, પરંતુ એમના અને બીજાઓના સદ્‌ભાવનો લાભ લઈને મેં પ્હેલા બાજીરાવ પેશ્વાના સમયને લગતાં અપ્રકટ અને મૂલ (primary) સાધનો ભેગા કરવા માંડ્યાં, અને એ સમયને લગતું ઐતિહાસિક વાઙ્‌મય, ઇંગ્રેજી તેમ મરાઠી મળી શક્યું તે તમામ જોઈ વળ્યો. આ સાધનો, ઉતારા, કાગળિયા, ચોપડીઓ,

પુસ્તકો આદિની મેં એક પેટી ભરી. ત્યાં તો પાછો અજમેર ગયો અને એ મુસાફરીમાં કે એ પછીની એકમાં, આગગાડીએ એ પેટી જ ખોઈ નાખી, મ્હારો એ સંગ્રહ અદૃશ્ય થઈ ગયો, એટલે આપણે તો મરાઠા ઇતિહાસના આખા વિષય વિશે જ ન્હાઈ નાખ્યું.*

'આરોહણ' ઈ. ૧૯૦૦ના ઉન્હાળામાં પૂરું થયું એ હકીકત તો મેં આ પ્હેલાં કેટલીક વાર નોંધી છે જેમ 'ટીચિંગ ઑફ ટેનિસન'

* આગગાડીમાં જ મ્હારી બીજી એક મ્હેનત અટવાઈ ગઈ, માર્ક ટ્વેનના એક પુસ્તકમાં આશરે સો પાનાં હિંદમાં એના પ્રવાસનું વર્ણન છે, તેનો તરજુમો મેં લગભગ પૂરો કરેલો તે; (ઇ. ૧૯૦૧ પછી) એ ઝડપથી કરી નાખેલો અને એનો શરુવાતનો ભાગ, ઘણું કરીને, વસંત માસિકમાં છપાયો પણ છે. ત્યાં છપાયો છે એટલો જ ભાઈ આનંદશંકરને મોકલેલો કે વધારે, તેમાંથી એક અંકમાં જગા મળી તેટલો કારકુન (અને સભા) ઇચ્છાશંકરે છાપ્યો, બાકીનો ઇચ્છાશંકરે જ ખોઈ નાખ્યો કે કેમ તે કઈ યાદ નથી. અને મુત્સદ્દાનાં બીજાં પાના, વિષયના લગભગ અંત લગીના, પછી આગગાડીની એક મુસાફરીમાં ખોયાં.

ગો. મા. ત્રિ.એ સરસ્વતીચંદ્ર ભાગ ત્રીજામાં રત્નનગરીના ઇતિહાસમાં ઇસ્ટ ઇંડિયા કંપનીનો પગના બળવા આસપાસનો ઇતિહાસ વણી લીધેલો છે, જો કે વિગતો આખું રત્નનગરી છે તેવી એટલે કાલ્પનિક છે. મણિરાજના સ્વપ્નમાં Akbar's Dream એ ટેનિસનના કાવ્યનું અવતરણ આપ્યું છે ત્યાં લગી આ ભાગ વિસ્તરે છે. એનો પણ ઇંગ્રેજી તરજુમો મેં કર્યો હતો અને પછી યુનિવર્સિટી પરીક્ષા માટે મુંબાઈ આવેલો ત્યારે ટાઈમ્સ ઑફ ઇંડિયાના તંત્રીને જોવા આપ્યો હતો. આ પછી તંત્રી કનેથી પાછો મ્હારી કને આવી ગયેલો અને ખોવાયો કે પાછો આવેલો જ નહીં, તે કશું યાદ રહ્યું નથી. માણસની શક્તિઓ અમુક ઢાળે વળી જાય તે પ્હેલાં તે અનેક દિશાઓમાં—જાણે કે કઇ ખરેખર ફાવી જશે તેની સભાન શોધ કરતી હોય એમ લાંબો ટુંકો સમય વિહરે છે, અને જે ઢાળે વળે છે તે જાતપસંદગીનો હોય એમ પણ થોડા દાખલામાં જ બને છે.

એ વિવેચક નિબંધ કે ભાષણથી ઈ. ૧૮૯૧માં અને ' વડેરા માધવરાવ પેશ્વા ' એ ઐતિહાસિક નિબંધથી ઈ. ૧૮૯૩માં, તેમ ' આરોહણ ' પૂરું કરી શકાતાં ઈ. ૧૯૦૦માં મ્હારી સર્જકશોધક શક્તિઓમાં અને મ્હારી 'કલાશક્તિ' માં મ્હને શ્રદ્ધા બેઠી, કંઈક "શરાતને ચડયું" કે જીવનનું સાર્થક્ય આવા વિષયોના સમર્પણમાં છે, એમ કહું તો પણ ખોટું નથી.

કલકત્તા વિશ્વવિદ્યાલયે અર્થશાસ્ત્રના આચાર્યની 'ખુરસી (ચૅયર)' સ્થાપી તે માટે અર્જીઓ મંગાવી. મુંબાઈ વાઈસ ચૅન્સેલર અને મુંબાઈ ડિરેક્ટરના પ્રમાણપત્રો સાથે મેં અર્જી કરી. નીમણુક કરનારી સમિતિએ મ્હને મળવા બોલાવ્યો પણ નહીં. અને કેમ્બ્રિજજના વિખ્યાત અર્થશાસ્ત્રી માર્શલના શિષ્ય પંજાબના લાલા મનોહરલાલને એ ખુરસીએ અભિષિંચ્યા. શ્રી મનોહરલાલ ચડતા ચડતા આજ દાયકા કે વધારેથી પોતાના પ્રાંતના મંત્રીમંડળમાં નાણાદીવાનની ખુરસીએ બિરાજે છે. એમના ગુરુવર્યને, એમના સદ્ભાગ્યને અને એમની ખુરસીને ત્રણ ત્રણ સલામ! પણ અર્થશાસ્ત્રના મહાવિષયમાં એમણે પોતાના નામ પર કંઈ ગંભીર, અપૂર્વ અને આગળ પડતી શોધખોળ નોંધાવી છે ખરી? મ્હારી તો એ એક જ કસોટી છે—જે મગજ શાસ્ત્ર કે કલાની સીમાઓને કંઈક ઠેલી શાસ્ત્ર અને કલાનો પટ કંઈક વિસ્તારવાની સેવા બજાવી શકે, તેને જ હું નમું. બાકી ખુરસીઓ વિશે હું જાણું આટલું, કે તે જેમ ઊંચી તેમ તે ખાલી ના જ રહે.

આ વર્ષોમાં છોટા ભરૂચના "મોટા માણસ" અમારી નાતના ચુનીલાલજી વેણીલાલજી (ચંદ્રમણીના નાનાજીના મોટા ભાઈ) મુંબાઈ પ્રાંતની ધારાસભાના નિયુક્ત સભ્ય હતા. તેમણે ચાલી-ચલાવીને મ્હારે ઘેર ઉતરવાનું માન મ્હને આપ્યું. ડોસા શા મુદ્દાસર આમ વર્ત્તેલા તે તો તુર્ત જણાયું. મેં મ્હને આવડે એવા વિનયથી

એમને જવાબ દીધો—માફ કરશો, વડીલ છો, ભરૂચના મોટા પુરુષ છો, ભરૂચની આખી બ્રહ્મક્ષત્રિય ન્યાત આપનાથી પોતાને ઊજળી માને છે, વગેરે, વગેરે. પરંતુ ઝમાનો બદલાતો જાય છે એ તો ત્હમારાથી ય કંઈ અજાણ્યું હોય નહીં. મ્હારી સાથે સગાઈસંબંધ ચાહનાર જે ઉમેદવારને આગળ કરે, તેના વિશે એ તો મ્હારું બાલક, મોરનું ઇંડું, એટલી જ તેને સારૂ ભલામણ કરી શકે તે શી રીતે ચાલે? અહીં તો પ્હેલો સવાલ કુલીનતા કે લક્ષ્મીનો નથી, વિદ્યાનો છે: છોકરો ગ્રૅજ્યુએટ થશે ત્યારે આપને આવી તસ્દી નહીં લેવી પડશે; હું સામેથી માગું કરવા આવીશ. આપના એકથી વધારે પૌત્ર સારી વિદ્યા સંપાદન કરો એમ ઇચ્છું છું. ડોસા સાંભળી જ રહ્યા.

ડિરેક્ટર સાહેબના ઑફિસ સુપરિન્ટેંડંટને ઉત્તર વિભાગના ઇન્સ્પેક્ટરની જગાએ ચડાવ્યા, તે એમની ખાલી જગા માટે "નસીબ અજમાવી જોવા" પાછા મ્હને વડીલો ને હિતેચ્છુઓ વળગ્યા. ઇચ્છારામભાઈ ક્ને પણ ચિમનલાલ અરદેશર મારફત દાબીને કહેવડાવ્યું કે સેલ્બી સાહેબનો મ્હારા ઉપર સદ્‌ભાવ છે તેનો લાભ લઈ લેવાનો આ અવસર સોનાના મૂલ્યનો છે અને એને જવા દઈશને તો જન્મારામાં ય બીજો આવે ભાગ્યે. જ્યાં પ્રો. થવાનું મળે ત્યાં જવા હું રાજી હતો. કલકત્તે જવા તૈયાર હતો તો અજમેર મ્હને દેશવટા જેવું લાગતું ન્હોતું. ગુજરાતને જ વળગનારા ગુજરાતી ભાઈઓ તો પૂણાનાસિકને ય દેશનિકાલી ગણે. ડેક્કન કૉલેજમાં કાયમી જગા છે નહીં, અને આ નહીં મેળવી લે તો પાછા અજમેર જ ક્ની? આવી ઊર્મિલતા કે હિંદને અનેકાનેક વિદેશોનો ભરેલો ખંડ છે એવી માન્યતા મ્હને તો સમઝાતી ય ન્હોતી. ગુજરાતીઓમાં મોટો ભાગ તો એટલા બધા પ્રાંતિક કે સ્થાનિક કે ઘરકુકડી થઈ ગયા છે કે અમદાવાદી ને સૂરત ભરૂચ ગોઠતું નથી, "ગુજરાતી"ને લાંબા નિવાસ-સ્થાન લેખે કાઠિયાવાડ કચ્છ આકર્ષતું નથી. અરે આધે જવા જરૂર

જ નથી; ભરૂચમાં ને ભરૂચમાં અમારી ન્યાતના ને ચુનારવાડ અને તેની નજીકની એક બે શેરીમાં ભાડે ઘર મળી જાય, તો તે જરા આધે પણ વધારે સારૂં ખુલ્લી હવાનું અને સસ્તું ઘર રાખવાનો વિચાર સરખો ના કરે, એવી મનોદશામાંથી નીપજતી સલાહ મ્હારા જેવાને શા ખપની? ઉત્તર વિભાગના ઇન્સ્પેક્ટરનું પદ કેટલાંક વર્ષ પછી પગારમાં માસિક રૂા. ૨૦૦ની ખોટ ખાઈને ય મેં નકાર્યું, તે લખી ગયો છું. આ વખતે એ જગાનો સવાલ જ ન્હોતો, પણ ધારો કે ટુંક વખતમાં એ પગથિયું ચડાશે એવી સરકારી રીતે મ્હને હામી—બેશક કાચીપાકી આપવામાં આવી હોત, તો ય હું લલચાઈ જાત ભાગ્યે. સત્તા, પદવી, મોટા અમલદાર ગણાવું, સંખ્યાબંધ માણસો આપણને પોતાના ભાગ્યવિધાતા ગણે ને મન મૂકીને વાત સરખી ના કરે, રખે ને "સાહેબ"ને વાંકું પડે,—એ કશાનો મોહ મ્હને કદાપિ નહીં. હું તો એ બધાની "અવળી બાજુ" જોનાર ને વખોડનાર સ્વતંત્ર-મિજાજી "લિબરલ ડેમોક્રેટિક ઇકવાલિટેરિયન." આપણી ઇબારતમાં લખું, તો વિદ્યાર્થીજીવન, સર્જનમય બુદ્ધિપ્રવૃત્તિ, અને કોળિયો ધાન, એ જ મ્હારું "ગોકુળ" અને મ્હારા "નંદકુંવર." એ છોડીને જ "વૈકુંઠ" મળતું હોય, તો આપણા એ ગીતમાંની ગોપીની જેમ, વૈકુંઠ મ્હને વ્હાલું ના જ લાગે. હું પાછો અજમેર ગયો.

પૂણે આ બે વર્ષ દરમિયાન ઇંગ્રેજીના નવા પ્રોફેસર ફ્રેઝરની સાથે દોસ્તીનો મ્હને અણધાર્યો લાભ મળ્યો. જે પછી જન્મારો ચાલ્યો. રાજકુમાર કૉલેજમાંથી એક 'જૂનિયર' સાથીને સારૂં પદ મેળવી આપવામાં હું ફાવ્યો, ફ્રેઝરે મ્હારી ભલામણને વજન દીધું તેથી. *

---

*આ પ્રમાણે બીજા એક ગુજરાતી ગ્રૅજ્યુએટને પર્સિ હાઈડ સાથેની મ્હારી મૈત્રીબળે ઇંદોર કૉલેજમાં સારી જગાનો લાભ મળેલો; પરંતુ એ ભાઈનું આયુષ્ય મર્યાદિત, ઇંદોરમાં થોડા જ વખતમાં મેલેરિયા—ન્યૂમોનિયામાં એ ભરખાઈ ગયા. ઉપલા ભાઈ હજી છે અને પુત્રપરિવાર સાથે સારી સ્થિતિમાં છે.

સામાન્ય રીતે એક ખાતાના, એક જ સંસ્થામાં જોડે કામ કરતા ઇંગ્રેજ અને હિંદી વચ્ચે મૈત્રીસંબંધ શક્ય હોતો નથી, તથાપિ મ્હને તો એક નહીં ને ત્રણ વાર એ મોટો લાભ મળી ગયો છે. રાજકુમાર કૉલેજમાં એક પછી એક બે વાઇસ પ્રિન્સિપાલ મ્હારા મિત્ર થયા તેનો મ્હને બેસે છે તેવો ખુલાસો મેં અન્યત્ર કરેલો છે. ફ્રેઝરનાં મા ભોળાંભલાં ગામડિયણને પૂણાની અમલદારી તોરની મડમો સાથે ફાવ્યું નહીં; મિસિસ સેલ્બી પણ તદ્દન સરલ અને મીઠી, અને જાણે પોતે તો કશી વસ વ્યક્તિ છે જ નહીં એમ વર્તનારી, જો કે અમલદારણો સાથે ય ભળી શકે ખરી, ત્યારે ફ્રેઝરનાં માતાને એ અમલદારણો ફાવી જ નહીં. પ્રથમથી જ એ મ્હને કંઈ કંઈ પૂછે, બટલર, હમાલ, મ્હાર, અને માળી એટલા ખલાસીઓ-વાળી એ વિહારનૌકાની સુકાની આ ગામડિયણ અને ઘણુંખરું હાથે જ કરી લેવાને ટેવાયલી પુખ્ત ઉંમરની પણ સશક્ત બાઈને મરાઠી આવડે નહીં, એટલું જ નહીં, બટલરનું ભાંગ્યુંતુટ્યું અંગ્રેજી સમઝાયે નહીં, અને મિસિસ ફ્રેઝરે તો હું પ્હેલી કે બીજી વાર જ ગયો હોઈશને મ્હારી આગળ પોતાની કેટલીક મુશ્કેલીઓ રજુ કરવા માંડી, એમ મ્હારા ત્યાં આંટાફેરાએ લગભગ નિયમિત જેવું રૂપ પકડયું, ફ્રેઝર માને કહે પણ, તું પ્રૉફેસર ઠાકોરને બહુ તસ્દી આપે છ, એટલે મ્હારી સામે જુવે, Do I? હું સામે પૃછું, Do I look like it? Don't I enjoy the time with you? અને અમે ત્રણે હસી પડિયે.

•

એક વખત ફ્રેઝર ક્રોફર્ડ બજારમાંથી ચીડિયાંનુ પીંજરૂં ઉપાડી લાવ્યા. બીજે ત્રીજે દિવસે હું ગયો હોઈશ ત્યારે મિસિસ ફ્રેઝર એ પીંજરાં આગળ લઈ જઈને કહે, પેલી ન્હાની કટોરીમાં દાણા છે તે આ પંખી ખાય છે. પણ એ તો થઈ રહેવા આવ્યા છે; તો પછી? મેં ચાર દાણા લઈને મોંમાં નાખ્યા, એમણે મ્હારો હાથ ઝાલ્યો

"ત્હને ઝેર નહીં ચડે ?" મેં કહ્યું, આ શું છે, જાણો છો ? અરેબિયન નાઈટ્સમાં એક વાર્તા છે. એ કહે "I am no scholar like Fraser." મેં ચલાવ્યે રાખ્યું એ વાર્તામાં એક સ્થલે આવે છે "Open sesame" તે sesamum seed તે આ. બટલરને બોલાવ્યો; ખીસામાંથી બે દોઢિયાં કહાડીને બટલરને દીધાં, "જો, માનિ ન છેતરાય. તલનું પડીકું બરાબર લાવીને માય એટલા આ કટોરીમાં એમના દેખતાં નાખજે, વધે તેનું પડીકું ગોખલામાં મુકી રાખજે." મિસિસ ફ્રેઝર કહે "Only half an anna ?" મેં કહ્યું હા, એટલા દાણા તો મહિનો ચાલશે. ફળ ખાવ તેનાં બીજ ને છાલ, લીલું મરચું, દાડિમ, વગેરે મુકતાં રહેજો. કોઈક વાર જાર, બાજરી. ચીડિયાં જે ના ખાય, તે બીજી વાર ન મુકવું.

રાજકુમાર કૉલેજના હાઈડ અને ટર્નરમાંથી, હાઈડ અને મિસિસ હાઈડ તો મ્હારું બહુમાન પણ કરવા લાગ્યાં. એઓ ઇંદોર કૉલેજમાં પ્રિન્સિપાલ થઈને ઇંદોર જતા'તા ત્યારે મેં એમને એક નામ આપ્યું. જુવો, ત્યાંનું રાજદ્વારી વાતાવરણ કાઠિયાવાડથી તદ્દન નિરાળું. પણ આ માણસ, મ્હારા અજમેર કૉલેજના શિષ્ય અત્યંત કાબેલ છે, થોડાબોલા અને તદ્દન સીધા રસ્તાના છે, ખાનદાન પણ છે, વળી ઇંદોર રાજ્યમાં ખરો સત્તાધર એ જ છે કારણ કે એ નિઃસ્પૃહી, ન્યાયી વગેરે વગેરે વગેરે છે. હાઈડ હસે ને કહે, "Almost an ideal man?" મેં જરા દાબીને કહ્યું, "I do not exaggerate, you will soon be able to judge for yourself. If there be anything that looks puzzling or difficult to you or about to be spoiled, take your problem to him. He has been there for years." આ કોણ ! હજી બેઠા છે, સર સિરેમલ્લ બાપના; કહે છે કે મેવાડના ઇતિહાસમાંના ભામા શાહ એમના સીધા પૂર્વજ.

ફ્રેઝર તદ્દન નિખાલસ હૃદયનો માણસ; જાણે કાચની પારદર્શક મૂર્ત્તિ. એની બિલાડી જેવી આંખમાં તેમ એના હૃદયમાં તળિયાં લગી જોઈ શકાય. 'દુષ્કાળ' માં હું જેને "બ્રિટિશ નરકોરૂં" કહું છું તેનો મિલિમિટર પણ નહીં. અમારા એક ગુજરાતી વિદ્યાર્થીનું બી. એ.માં એવું પરિણામ આવેલું, કે એને ડેક્કન કોલેજની ફેલોશિપ મળવા થોડા ટકા સંભવ ખરો. અર્જીઓમાં એની જોઈને હું ફ્રેઝર પાસે ગયો. કબાટના ખુણામાં એના નિબંધો ફ્રેઝરે પૂઠાંની પેટીમાં જુદા સંઘરી રાખેલા, તે પેટી એણે તુર્ત કહાડી. "અર્જી આવ્યા પછી આ હું બે વાર ઉથલાવી ગયો. એ માનસ, એ બુદ્ધિપ્રવૃત્તિ મ્હને નથી સમઝાતી. ત્હમે જોઈ જાવ. Of firm concrete hold of facts, there is so little. Scattered glow, here and there, yes; but insight—penetration—the resulting light—? Where is it ?" નિબંધોની ચર્ચાદ્વારા ઑક્સ્ફર્ડ કેમ્બ્રિજ્જ ટ્યૂટરો અને પ્રોફેસરો (જેમની સંખ્યા પણ એ મધ્યમ કદની કોલેજોમાં દશ વિદ્યાર્થીએ એક જેટલી સ્થાયી રાખવામાં આવે છે, આપણે ત્યાં વિદ્યાર્થીવિદ્યાર્થિની હજાર અને પ્રોફેસર, લેક્ચરર બધા મળીને પચીશ પણ નહીં એવું ઑક્સ્ફર્ડ કેમ્બ્રિજ્જમાં છે જ નહીં.) યુવકોનાં ચારિત્ર સમઝવાઘડવા મથે છે, તેની શક્તિઓને ઉત્તેજી અમુક વલણ આપે છે—તેનો જ નમૂનો!

બધું જ કામ નિયમિત વ્યવસ્થાએ કરે, જાણે જર્મન વિદ્વાન. અમુક બારીકીનું દળણું આપે જ, જાણે સોનાના તારને ઉત્તરોત્તર વધારે ઝીણા બનાવતું જંતરડું, જાણે વાળ કાપવાનો સંચો નંબર ઝીરો, નંબર વન! બધો વખત બધી શક્તિ આ પ્રમાણે જ ખર્ચીને વાપરવામાં અનન્ય શ્રદ્ધા.

રાજકોટથી હું જ્યારે જ્યારે મુંબાઈ આવતો ત્યારે ત્યારે અમે મળિયે. એકાદ સાંઝના ત્રણચાર કલાક સાથે ગાળ્યા વિના ચેન પડે જ નહીં. એ કંઈ કંઈ કહી જાય. "ઇંડિયન ઍજ્યુકેશન" માસિક ચલાવતા

તેના અનુભવ, "સેકન્ડરી ટીચર્સ કોલેજ"ના પ્રિન્સિપાલ થયા તેના અનુભવ; અરે પોતે નથી જ પરણવું એ નિશ્ચય પર આવી ગયા તેની પાછળના અનુભવ,—એમ એમની વાત ખૂટે નહીં. હું પણ કાઠિયાવાડ રાજકુમાર કોલેજ, હિંદ અને મુંબાઈ ઇલાકાના આગેવાનો, ઇન્ટેલિજેંશિયા, કંઈ કંઈ વિષય એમની સાથે ખુલ્લે દિલે છેડું. એ અચાનક કોલેરામાં અહીં જ ગત થઈ ગયા ને મ્હારું માથું ધુમ્મ થઈ ગયું તે અઢીત્રણ દિવસે ઠેકાણે આવ્યું. સામાન્ય રીતે તાવને લઈને માથું દુઃખે એ જુદી બાબત, પરંતુ બીજે કોઈ પ્રસંગે મ્હને માથાનો દુઃખાવો કેવો થાય છે તે જાણું જ નહીં.

વારુ, આ લાંબી થયેલી કલમ હજી લંબાવવી પડે છે એમાં એક બીજી બાબત સમાવવાને. ભરૂચના ચુનીલાલજી જે ધારાસભાની બેઠકમાં નિયુક્ત સભાસદ લેખે હાજર રહેવા—અને ભાષણ કરવાને તથા મત નોંધાવવાને—પૂણે—આવેલા, તે યાદગાર બેઠકમાં મુખ્ય વિષય દુકાળ અને દુકાળપ્રતિ સરકારની નીતિનો હતો, અને એ બેઠક યાદગાર આમ બની કે સરકારની નીતિ સામે અત્યંત વિરોધ દર્શાવવાને સર ફિરોઝશાહ મ્હેતા અને એમના ઉદારમતવાદી અનુયાયીઓ બેઠકમાંથી પોતાના દુપટ્ટા ખંખેરીને ઉઠી ગયેલા.

પૂણાના "કેસરી"ના અંકો એક એકથી ગરમ નીકળતા. અને એને ય ટપી જાય એવું નવું અઠવાડિક "કાળ" મ્હારા આગલા સહાધ્યાયી શિવરામ મહાદેવ પરાંજપેએ તાજું કહાડેલું. ડેક્કન કોલેજમાં આ "ગુજરાથી" પ્રોફેસર શું શીખવી રહ્યો છે તે વિશે 'કાળ' અને 'કેસરી'માં ચર્ચાપત્રો આવ્યાં. ઇંગ્રેજી અઠવાડિક "મરાઠા"માં ય આવ્યું* ત્રીજે દિવસે સેલ્બીએ મ્હને બોલાવ્યો.

* એ 'મરાઠા' સ્થાપતાં બાળ ગંગાધર ટિળકે મ્હને પૂછેલું,' ઉપતંત્રી થઈશ? ત્હને મુંબાઈ જેટલું વેતન તો નહીં આપી શકિયે, પણ "દેશસેવા" થશે ને! મેં તુર્ત કહેલું "કઈ જાતની દેશસેવા? ત્હમારી મ્હોરછાપવાળી ને? હું તો હું ભાણ્ડારકર નૂલકરનો શિષ્ય એટલે સુધારક અને રાજકારણમાં

એમના હાથમાં ‘ મરાઠા ’ જોઈને મેં પૂછ્યું, ‘ કાળ ’ અને ‘ કેસરી ’ જોયાં ? એમણે “ ખાનગી ” પોલીસ ગૅઝેટમાંના ઇંગ્રેજી તરજુમા દેખાડ્યા. મ્હને પૂછ્યું, તું એમની સાથે–સામે–ચર્ચામાં ઉતરવાનો છ ? મેં કહ્યું, જીભાજોડીમાં એ બેજવાબદાર લેખકોને ના પ્હોંચાય અને જે લખિયે તેની નીચે એ પોતાની કલમ ચલાવે જ એટલે છેલ્લો બોલ એમનો જ, વળી આ ચર્ચાપત્રો નનામાં છે. કોઈ જવાબદાર માણસ પોતાની સહી સાથે લખે તે વાત ન્યારી. તું વર્ગમાં શું કહે છે, કેવી રીતે વિષય ચર્ચે છે, તે પૂછ્યું. મેં કહ્યું અને ઉમેર્યું “ ત્હમારી જ રીત રાખી છે, દરેક દિવસનું ટુંકું ટાંચણ લખેલું તૈયાર છે, આપને જોવું છે ? ” એ કહે બહુ સારુ, બહુ સારુ એ કાગળો સાચવી રાખજે કદાચ જરૂર પણ પડે. બીજે જ અઠવાડિયે પાછો બોલાવ્યો. સરકારે ડિરેક્ટર મારફત પ્રિન્સિપાલને સવાલ પૂછેલો, ત્હમારો પ્રોફેસર શું શું શીખવી રહ્યો છે ? મેં કહ્યું, શું શું કરવાનું છે ? “ ત્હારાં એ ટાંચણો જ જરા વ્યવસ્થિત રૂપે લાવ; કારકુન ચાર ટાઇપ્ડ નકલ કરશે તે જ મોકલી દઈશું.” હું તે વખતે પણ એવું ટાઇમટેબલ રાખતો કે શનિએ મ્હારે કોલેજમાં જવાનું નહીં. શનિરવિમાં મેં તૈયાર કરી નાખ્યું. ઉપર શેરો માર્યો.

My conception of a Professor's duty in deal-

---

‘ લિબરલ. ’ ” એટલે પછી એમણે ડેક્કન કોલેજમાં જ મ્હારી પછી ગ્રેજ્યુએટ થયેલ નરસિંહ કેળકરને લીધા. કેળકરને અને મ્હારે આખો જન્મારો બહુ સારો સંબંધ ચાલ્યા કરેલો છે. કોન્ગ્રેસની સુરતની બેઠક ટિળક ખાપર્ડે (તે દિવસથી ગુજરાતમાં તો ખાસડે ) અને બિપિન પાળના મંડળે ભાગી, અને ચાળીશ પચાશ મરાઠા વરાડી પ્રતિનિધિઓના વર્તુલે વીંટાઈ સુરક્ષિત ટિળક બેઠકના શમિયાણા બ્હાર એક ન્હાની રાવટીએ પ્હોંચી જાણે શ્વાસની ધમણ હમણાં ફૂટી જશે એમ હાંફતો હાંફતો એક આરામ ખુરસીમાં પડ્યો, અને હું તથા ભાઈ માવજી ગોવિંદજી શેઠ એની પાછળ પાછળ જ પ્હોંચેલા, એ પ્રસંગ માટે જુવો મ્હારો નિબંધ—“ અંબાલાલભાઈ.”

ing with a subject is that he is not to be a political partisan either pro-Government or anti-Government, or if it be a theological subject, either pro-Christian/pro-Hindu, or anti-Christian/anti-Hindu. The professor's function is to take a comprehensive view based on reliable data and deal with the matter as a whole historically scientifically and whatever other aspects are pertinent. For instance, in this particular discussion, (1) the vagaries of the monsoon, (2) the principle that Government intends its land revenue to be taken as an averaged contribution, they find it difficult to lower it in years of scarcity just because they refrain from raising it in years of plenty, (3) the effects of an expanding system of railways, irrigation and of trade, and rising prices and wages. And these have all to be dovetailed into the complex whole. The professor does not insist upon his own or any other conclusions; reliable data only are to be used, all the data, and the student is to be habituated to judge for himself and to realise that it requires training to judge fairly in so complex a matter.

સેલ્બીએ એ ટાઇપ્ડ નકલ સાથે પોતાના જવાબ લેખે માત્ર આટલું જ—I believe the enclosed to be a very fair sum-

mary of what Prof, Thakore has been trying to make his students grasp and realise—લખીને મોકલી દીધી. અને એ બાબતનો અંત એમ આવી ગયો.

મ્હને પોતાને જે ચાનક મળી તેણે આખો જન્મારો જવાબ દીધો. મ્હારી જાહેર વ્યાખ્યાન પ્રવૃત્તિ, જાહેર લખાણો વગેરે આ અરસાથી જ શરુ થઈ જન્મારો ચાલ્યાં છે. તે દરમિયાન અનેક વાર મ્હને શુભેચ્છકોએ ચેતાવ્યો છે, ભાઈ સરકારી નોકરે આટઆટલી છૂટ ના લેવાય. પરંતુ હું ભાષણ કરું તે ઘણુંખરું તે જ રાતે આખું લગભગ બોલેલા શબ્દોમાં જ લખી નાખું; વળી એકબે દિવસમાં તે કોઈ ને કોઈ માસિક કે દૈનિકને પ્રકાશન માટે મોકલી જ દઉં, મ્હારી સહી સાથે. એટલે મ્હારી પ્રવૃત્તિઓને હું રાજકુમાર કોલેજમાં હતો તે દરમિયાન પણ મ્હને મળતી ફુરસદના અને બીજી અનુકૂલતાઓના પ્રમાણમાં ખેડી શક્યો, અને મ્હને કશી આંચ આવવા પામેલી નથી; જો કે મ્હારી એવી અને એ જાતની બોલી-ચાલી ઉપરથી જ હુમલા તો મ્હારા ઉપર બે ચાર વાર થયેલા.—પરંતુ એ હુમલાઓ આ નોંધોમાં ઉમેરવા જેવા આજે આટઆટલે વર્ષે—અથવા અત્યારે તો—નથી લાગતા.

## ૨૫ ઇતિહાસ અને તેનાં સાધનો

અત્ર લોકલોકડિયાં શોરબકોર કરે છે 'ઇતિહાસ લખો' 'ઇતિહાસ આપો' વગેરે. સાધનોની જમાવટ, ભેગાં થયેલની વિશ્વસનીયતાની શાસ્ત્રીય પરખ, એમ અનેકાનેક વિદ્યોપવિદ્યાના જંતરડામાંથી નીકળીને જ શુદ્ધ ઇતિહાસ સર્જી શકાય તેનું આ ઉર્મિલ દેશના ગૌરવનું ડિંડિગ વગડે એટલું જ ઇચ્છતા ભાઈઓને ભાન પણ હોતું નથી. જૂના પ્રબંધો વગેરે જે કંઈ છે તેને તે ફરીને જુદી

ઇમારતમાં અને હાલના લોકને રુચતા મરીમસાલા સાથે ભાકવામાં આવે તે કંઈ "ઇતિહાસ" નથી.

ધીરજરામ નરભેરામ દેસાઈ, મગનલાલ ખખ્ખર, અને બીજા અનેકે પોતાના "ઐતિહાસિક" વૃત્તાંતો અને જીવનચરિતો માટે પ્રવેશક લખી દેવા મ્હને વિનંતિઓ કરેલી તે તમામને મેં નકારી છે, કેમ કે એમની ઇતિહાસની સમઝ જ ઉપરના જેવી છેક સામાન્ય વા ઉતરતી વા અજ્ઞ.

દંતકથાઓના ઉકરડામાં કશી જ બની ગયેલ હકીકત દટાયલી ના હોય એમ હું નથી માનતો. નથી કહેતો; પણ એ દટાયલું "રતન" પણ સંસર્ગદોષે અશ્રદ્ધેય બની જાય. એમ બનેલું એવો સ્વતંત્ર શ્રદ્ધેય પૂરાવો જડે ત્યારે જ એને સ્વીકારી શકાય.

સાધનો મેળવતાં, પારખતાં અને ઇતિહાસને ખરનાં તે બને તે પ્હેલાં તેમને સંશોધવા, સંસ્કારવા પાછળ કેટલી તો જેહમત ઉઠાવવી પડે છે તેનો કંઈક ખયાલ આવે માટે ફ્રેઝરનો અને એક બીજા ઇંગ્રેજ અમલદારનો દાખલો બનતા ટુંકાણથી આપીશ.

ઉત્તર હિંદ વિશે તો ઘણું પ્રકાશમાં આવી ગયેલું છે એમ ગણીને ફ્રેઝરે પોતાની પ્હેલી લાંબી રજાથી જ દક્ષિણ તર્ફ પર્યટણો શરુ કર્યાં. આગગાડીના રસ્તા છોડી એ ગાડામાં ગાડાવાટે ગામ પછી ગામ જાય, જુવે, થોભે અને આગળ ચાલે એમ આઠ વર્ષમાં એ કન્યાકુમારી લગી પ્હોંચ્યો. ત્રીજા જ વર્ષથી પોતે ખાસ તપાસવા, સંશોધવાની એક જ બાબત એણે પસંદ કરી; ત્રાંબા, પિત્તળ પંચધાતુની કારીગરીની વસ્તુઓ, દેવદેવી, મંદિરોના, મહેલોના, મકાનોના ઉપસ્કર, પૂજા સેવા, યજ્ઞયાગાદિમાં જોઈતાં વાસણો, વગેરે, વગેરે. આમાં શું જૂનું છે, શું વધારે જૂનું છે, શું મૂળ છે, શું

નકલ છે, ભાવ શું, આ ક્યાંની કારીગરી, વગેરેની ગમ પડવા લાગી, તે પછી એણે એ ચીજો ખરીદી પણ સારી સંખ્યામાં, કાલાનુક્રમે ગોઠવી શકાય, સ્થાનાનુક્રમે ગોઠવી શકાય, એ પ્રમાણે; અને એ એનો સંગ્રહ, એની વર્ણનપટ્ટીઓ સાથે એના મૃત્યુ પછી પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝીઅમમાં ખરીદાયો અને સચવાયો છે. એમાં વધારો પણ થતો જાય છે, ફ્રેઝરની કોઈ કોઈ ભૂલો પણ સુધરતી આવે છે.

બીજા અંગ્રેજ સુથારના પુત્ર જાતે સારા સુથાર હતા; અહીં સિવિલિયન થઈને આવ્યા અને પંદરવીશ વર્ષમાં ઇલાકાના તમામ ઝિલ્લા ફરી વળ્યા તે દરમિયાન એમણે પોતાની ફુરસદના સમયમાં સ્થલસ્થલના ગાડાંનો લઘુ ધાટ (miniature) પણ એના દરેક ભાગવિભાગ બરાબર પ્રમાણસર બતાવાય એ મુજબ ઉતાર્યો. એ નમૂના ગામ અને ઝિલ્લાના અનુક્રમમાં એક જૂના બિલિયર્ડ્સના ટેબલ પર એ ગોઠવી રાખે, અને તેમાં જરા નવી જાત કે વિગતનું ગાડું જુવે કે તેનું બરાબર માપ નોંધી લઈને ફુરસદે, એક નવો નમૂનો ઉમેરે. મ્હારા ઉપર એક વાર ખૂબ ખુશ થઈ ગયેલ ત્યારે મ્હને ચ્હા પીવા બોલાવ્યો અને પછી પોતાના બિલિયર્ડ્સના ટેબલ ઉપરના આ નમૂના આગળ લઈ ગયા. મેં એક નમૂના વિશે કહ્યું, આ ગાડું આમોદનું. એ કહે હા, અને જુવો આ પાસે ચરોતરના દક્ષિણ ભાગનાં ગાડામાં જ આટલો ફેર; લોકોએ જમીનની અને બીજી અનેક ખાસિયતો ધ્યાનમાં લઈને જરા જરા ફેર કરતાં કરતાં ગાડાંને પોતપોતાને વિશેષ અનુકૂલ બનાવી લેવાની ઇચ્છામાંથી ઇલાકાના ગાડાંઓમાં આ આટલા બધા ફેરફાર થયા છે. મેં ફ્રેઝરના સંગ્રહની વાત કરી. જયપુરના સંગ્રહસ્થાનમાંની કેટલીક વસ્તુઓ વિશે કહ્યું. અજમેરમાં જ શ્રી ગૌરીશંકર ઓઝાએ શિલાલેખોનો સંચય કરેલો છે તેની વાત નીકળી. એઓ કહે, હિંદમાં

ચોતર્ફ સંગ્રહ કરી અભ્યાસકરવા જેવી અને તેમાંથી કલાકારીગરી, વેપાર વગેરેના ઇતિહાસ બેસાડવાની અખૂટ સામગ્રી વેરણખેરણ પડેલી છે; એક વાર દિશા પસંદ થાય અને તેમાં ગમ પડવા માંડે પછી ખર્ચ કે સમય પણ એટલો બધો કંઈ ના લાગે અને ઘણું ઘણું હાથ આવે એમ છે, જેનો નાશ પણ અત્યંત ઝડપે થઈ રહ્યો છે....

ભાઈ હાજી મહંમદ અલારખિયા શિવજીને એમના 'વીસમી સદી' માસિકમાં 'ગુજરાતનો નાથ' છાપવો; ભાઈશ્રી રવિશંકર મ. રાવળને એમાં ચિત્ર મૂકવાં. ર. પૂછે, મુંજાલને માથે પાઘડી કેવી? મેં પ્રથમ એમને Rhys Davids કૃત Buddhism એમાં સાંચીના સ્તૂપ (ખંડેર)ની આસપાસ લાકડાના કઠેરામાં આકૃતિઓને મસ્તકે પાઘડીઓ કોતરેલી, તેની છબીઓ હતી તે બતાવી. એવી વિશેષ જોવા મળે તેવી ચોપડીઓ તર્ફ એમનું ધ્યાન ખેંચ્યું. પછી કહ્યું મુઘલ છબીઓ-માંની હાથીદાંત પરની લઘુ તખ્તીઓમાંની પાઘડીઓ જુવો. લાહોરથી ગોવા સુધીની આજની પાઘડીઓ જુવો. દીવનાં ખોખામાં ને સિંધી ખોખામાં સામ્ય છે. ભાવનગરી ઘંટીના પડમાં અને ખંભાતી છપ્પરિયામાં, અને ભાટિયાની પાઘડીઓમાં સામ્ય છે, પેશવાઈ સાથે ગાયકવાડી, શેણવી, પ્રભુ વગેરેની સરખાવતા દક્ષિણ તર્ફ જાવ, ઉત્તર તર્ફ આવો, પૂર્વે વરાડ હૈદરાબાદમાં પેસો:—અમદાવાદ ચડોત્તરનો ગોળવો, પેશવાઈ ચકરી, છપ્પરિયા, ભરૂચી, સુરતી, જૂનાગઢી બ્રાહ્મણી, હાલારી માણું–તમામ ગોઠવશો તો આપણો વેદાંતી મંત્ર–એકોડહં બહુ સ્યામ્ ત્હમને પ્રત્યક્ષ થશે. અને ચિત્રકાર કવિ પણ હોવો જોઈએ. આ બધું પ્રત્યક્ષ રાખીને ત્હમે ત્હમારી સર્જક કલ્પનાને પૂછો કે શ્રીમાળ, ભિન્નમાળ, તેમ પાટણના કીર્તિકાળમાં એના મોટા અધિકારીઓની પાઘડી કેવીક હશે, અને અમદાવાદી પાઘડીનું એ પૂર્વ સ્વરૂપ શોજો.

સ્ત્રીઓના અલંકારો વગેરે અનેકાનેક બાબતોમાં એમ જ છે. માત્ર સિક્કામાં કે શિલાલેખોમાં કે તામ્રપત્રોમાં કે જૂની પોથીઓ, વંશાવલિઓ ઓળિયાંમાં ઇતિહાસ છે બીજે નથી, એ ભ્રમણા છે, અજ્ઞતાનો જ પુરાવો છે.

આપણે ગુજરાતીઓ આપણા સમયનું પણ કશું જાળવતા નથી, આગલા સમયનું અનાયાસે જળવાઈ રહેલ કેટલાનો આપણે હાથે નાશ કરિયે છિયે વા બેપરવાઈમાં નાશ થવા દઈયે છિયે, તે સમઝતા પણ નથી; અને કેવળ બકવાદ કે શુક-રટન કર્યાં કરિયે– "ઇતિહાસ જોઈએ, ઇતિહાસ આપો, ઇતિહાસ લખો–લખાવો"— તેનો કશો ય અર્થ હોય ખરો !

કલાકારીગરી અને વેપારના, આર્થિક, કે રાજ્યપ્રકરણી ઇતિહાસ કરતાં સાહિત્યનો ઇતિહાસ મુકાબલે ઓછો સંકુલ અને મુશ્કેલ છે; તેમાં પણ કંઈક સ્વાર્થે અને કંઈક દેશનું ગૌરવ વધારિયે છ ક્યાં બીજું કંઈ કરિયે છ એ ફૂલણજીવેડાએ,–નાથાશંકર, છોટાલાલ નરભેરામ ભટ્ટ, અને–અને ઉમેરવું પડે છે કે કેશવ હ. ધ્રુવ જેવાએ પણ પેલાં પ્રેમાનંદનાં નાટકોને સાચાં લેખે આપણા મહાકવિને નામે ચડાવી દેવા માટે બનતું કર્યું. રંગ છે એક ન. ભો. દિ.ને કે તેમણે પોતાનો અવાજ શાસ્ત્રીય રીતે અને સવિનય ઉઠાવ્યો અને એ બનાવટી વસ્તુઓ આપણા સાહિત્યના ઇતિહાસમાં સાચી લેખે દાખલ થઈ જતી અટકી ગઈ.

વધારે જૂના સૈકાઓનું સાહિત્ય જોતાં નરસિંહ મ્હેતા વિશે હું પૂછું છું, કે એના અસ્તિત્વ માટે મોટી (અને જૂની) ભક્તમાલથી સ્વતંત્ર એકે પુરાવો છે ખરો? ન જડે ત્યાં લગી મ્હને તો આપણા સાહિત્યમાં નરસિંહ મ્હેતાને ઘુસાડી દેવામાં વૈષ્ણવ પંથના એ અતિકુશલ પ્રચારકો ફાવી ગયા છે એમ જ લાગવાનું; ભલેને આખી

પ્રજા એક સ્વીકારાયલી હકીકતની નવેસર તપાસણી માંગવામાં મ્હને અતિવ્હેમી અને અશ્રદ્ધેય ગણી ક્હાડે.

## ૨૬ ૧૯૦૧ ઉત્તરાર્ધથી ૧૯૦૪

પાછો અજમેર ગયો ત્યાં રાજકોટ રાજકુમાર કોલેજના વૉડિંગ્ટન અજમેર મેયો કોલેજના પ્રિન્સિપાલ થઈ ગયા હતા. એઓ અજમેર મ્યુનિસિપાલિટીના પ્રમુખ ( ચેયરમૅન ) પણ થયા હતા. મ્હને કહે; સરકારનિયુક્ત સભ્ય થા. મેં પૂછ્યું કોઈ ખાસ કામગિરી ? એ કહે, હા. અહીં શેરીએ શેરીએ લગભગ હવેલીએ હવેલીએ ઝરૂખા માટેની સેંકડો તકરારો થયા કરે છે. એકને કરવું હોય, પાડોશીને મલ્હાજો તુટે છે એમ વાંધો હોય. સ્થાનિક લોક સૌ આવી બાબતોમાં નાતજાત પ્રમાણે, અંગત સંબંધો પ્રમાણે જ મત આપે છે. સભ્યોને રાજી કરવાની અનેકાનેક સુરંગી રીતો પણ ચાલે છે. સુધરાઈએ આપવા જોઈએ અમુક સાદા સર્વને એક સરખા લાગુ પડતા નિયમો અનુસાર ન્યાયી અને તટસ્થ ચુકાદા. મેં કહ્યું, "કોયલાની દલાલી." તુર્ત એ કહે, "હારતો; રાજ્ય ચલાવવું, સંઘને વચ્ચે ખોટકી પડવા ના દેવો, નિઃસ્પૃહી રહેવું, ન્યાય કરવો. એ જ અહીં અમારૂં મોટામાં મોટું અગત્યનું અને છૂટા ન થવા દે એવું કાર્યક્ષેત્ર છે. શું અમે નથી જાણતા અમે લોકપ્રિય નથી ? કદાપિ થઈ શકિયે નહીં ! Still, we carry on. Why ? Our fathers did it and have left it to us along with their good name and their blessing. All history is like that. Why did the Spartan, why did the Roman go to alien lands and ruled them more justly than the Natives could have ruled themselves ? The whole history of civilization

is that in a nutshell. And now here too the last chapter of the story is beginning. You want Swarajya. The young people are tired of the Pax Britannica. Very good; nay more, it is but natural. But we tell you, these partialities and pettinesses, quarrels and jealousies are only local and provincial. The Gujarati here, the Panjabi in the Deccan, the Bengali in Sindh, etc. etc. are as much foreigners as the Englishman and can bring to the task of ruling and driving on, as much impartiality, aloofness, justice and integrity as any other foreigner. Unless Indians all over are prepared for this interchange of character and ability between province and province, Swarajya is not only far off, it won't be a blessing at all when it arrives. However, let us come to the point.

મિ. વૉડિંગ્ટનની દલીલ વિવાદાસ્પદ હતી અલકે તે મ્હને મોટે ભાગે માન્ય ન્હોતી. પણ એઓ મ્હને સુધરાઈમાં નીમવા ઇચ્છે છે તેમાં એમનો ઇરાદો પોતાની બહુમતિ રચવામાં એક મતદાર ઉમેરવાનો જ ન્હોતો, મ્હને કંઈક અગત્યનાં સેવાકાર્ય સોંપવાનો પણ હતો, એમ જોતાં, મેં હા પાડી. ત્યાં રહ્યો તે દરમિયાન મહિને એક ઝરખા-ઝઘડો પણ ભાગ્યે તપાસવો પડેલો. કદાચ, આખું શહેર અમુક વિભાગોમાં વ્હેંચી નાખી એક એક સબકમિટીને એક એક સોંપાયેલ હોય. યાદ રહ્યું નથી.

આ ત્રણ વર્ષ દરમિયાન રાજપુતાનાના બે રાજવીએ મ્હને દિવાનપદ આપવા તત્પરતા દેખાડેલી. મેં અતિનમનતાઈપૂર્વક કમિશ્નર મારફત અસ્વીકાર કરેલો.

જયપુરનું પ્રસિદ્ધ મ્યૂઝિયમ જોવા ગયેલ ત્યાં મિસરથી એક "મમી" પણ આણીને રાખેલું છે. એ પ્રથમ આવેલું ત્યારે સંગ્રહસ્થાનના ઉપરીએ મહારાજા સાહેબને ખાસ વિનંતિ કરેલી કે ફુરસદે જોવા પધારશો. એ મહારાજા સાહેબ જૂના ઝમાનાના; કર્મઠ. સવારે પધાર્યા. મમીનું મોં ખુલ્લું કરવામાં આવ્યું. ક્યુરેટર વર્ણન કરવા લાગ્યા, આ પ્રમાણે શબ જળવાઈ રહે તે માટે તેમાં મસાલા ભરીને તેને રાખવામાં—કબ્રમાં અમુક અમુક વિધિએ અમુક અમુક વસ્તુઓ સાથે રાખવામાં આવતું. એ મસાલો શો હતો તેનું જ્ઞાન-વિજ્ઞાન લુપ્ત થયું છે. વગેરે. મહારાજા ધ્યાનથી સાંભળતા હતા. બેચાર મિનિટે એમને કંઈક સમજ પડતાં ક્યુરેટરને એક જ સવાલ કર્યો, "શું આ લાશ છે?" અને જવાબ મળતાં તુર્ત પાછા મહેલે સિધાવી ગયા; બાકીનો દિવસ લાશ જોવાઈ ગઈ તે પાતકના પ્રાયશ્ચિત્ત સ્નાન, દાન, જપ આદિમાં ગાળ્યો.

કર્ઝન દરબાર વખતે આ મહારાજાના વંશજ એવા જ કર્મઠ—તેમણે દેહલી ખાતે પોતાની છાવણીમાં પ્રથમ શોભીતું ન્હાનું દેવળ ચણાવ્યું, જરૂરી મકાનો, તંબુઓ, બગીચા આદિની તેની આસપાસ બનતી ગોઠવણ કરાવેલી. આ (મ્હારા દાદાજીની બોલીમાં) 'સ—કર્મી' મહારાજાના દિવાન લેખે ઘણા વર્ષ એક કાલીપૂજક બંગાળી બ્રાહ્મણ હતા, તેઓ એમના ધર્મગુરુ પણ થઈ બેઠેલા.

આ જ મહારાજાની રાણીઓમાં એક "ધ્રાંગધ્રાવાળાં" હતાં, અને તેમને મહારાજાનાં દર્શન પણ થવા પામેલાં નહીં, એવી રાણીઓમાં એ કાઠિયાવાડનાં કુંવરી એકલાં પણ ન્હોતાં.

મ્હારૂં એક બાલક અજમેરમાં આ અરસામાં જન્મેલું. સાઇકલની ઘાત પછીની મ્હારી તબિયતની માવજતમાં ચંદ્રમણીને એટલું મોડું થઈ ગયેલું કે એ સુરત જઈ જ ના શકી. એ કયસર ગંજનું મૌજીલાલનું ઘર કેમ ભૂલાય? મૌજીલાલ આગગાડીની વર્કશૉપમાં કારીગર હતો. રોજ સવારસાંઝ—રવિવારો ને રજાઓનો આખો દિવસ—એ અને એના બેત્રણ મિત્ર કારીગરો આવે અને એમ તેઓએ મહિનાઓ લગી બે કલાક કે ત્રણ કલાક આવી આવીને આ ઘર પાયાથી અગાસી લગી પોતાને પરસેવે ચણેલું. માણસ પોતાના શોખથી પોતાનાં બાળકો સારૂ રમકડું ઘડે અને શણગારે તે મુજબ.

પણ ત્હમારા શહેરનવીકરણ ખાતાને અને સહકારી ખાતાને અને એ અજમેરીઓને શું કહું ?—ફોય સાગર જવાનો આખો માર્ગ અને એનો આખો પાડોશ અને તેથી એ ફોય સાગર પોતે આખું ફરી ગયું છે ત્યારે એ જુની કયસર ગંજ કે એ જુનીપુરાણી ગવર્મેંટ કૉલેજનાં સાદાં મકાનોનું અત્યારે નામનિશાન કશું જ ઉગરેલું નથી. ખરેખર, ખરેખર માણસજાત વાનર ઓલાદની જ છે! કહેશે અમે સુધરિયે છ, અને બગાડી મારશે; કહેશે અમે નવું કરિયે છ, અને જૂનું ને સારૂં અને ઉપયોગી હશે તેને પ્રથમપ્હેલું જમીનદોસ્ત કરશે જ, નવું રચવાનું તો જે થવાનું હોય તે થાય.

૨૭ અને આ ટાંચણો પૂરા કરતાં એક બે ટાંચણના ટાંચણ જેવી હકીકતો ઉમેરૂં છું.

મેં મ્હેસૂરનું હાથીખાનું જોયું નથી. વડોદરા કરતાં જયપુરનું તો મેં જોયેલું ત્યારે વ્યવસ્થાઓથી અને સુગમતાઓમાં અનેક રીતે ચડિયાતું લાગેલું × × × × કોઈ કોઈ રાજા, નવાબ કેટલો તો ક્રૂર, લગભગ ગાંડા જેવોય નીવડે છે તેની લગભગ મનાય નહીં એવી દંતકથાઓ સાંભળી છે. એક ઘોડાર જોવા ગયેલો

જ્યાં હજાર ઘોડાં રાખવાની ઉત્તમ સોઈ, તેમાં ફરતાં ફરતાં એક સ્થળ બે દશ દશ ફુટ ઊંચી દિવાલો વચ્ચે સાંકડી પટીનું આવ્યું, એ દિવાલોમાં બારણું નહીં, અંદરની બાજુ એવી છોબંધ અને લીસી કે ચડી જ ના શકાય, મથાળે ભાલોડાં, એ ગલીને એક છેડે જ લોખંડી સળિયાવાળો ધીંગો દરવાજો. એનો ઉપયોગ પૂછતાં "સિસરોની" (ભોમિયો) કહે, અત્યારે કશો ઉપયોગ થતો નથી, કેમ કે ઘોડાંમાં ઘેલછા કે અતિમદના રોગ, આપણી વધારે શાસ્ત્રીય પદ્ધતિઓને લઈને લગભગ નાબુદ થયા ધારવામાં આવે છે. પરંતુ આગલા સમયમાં એવા કોઈ ઘોડા કે ઘોડીને એકલવાઈ કેદ (solitary confinement) માટે અહીં રાખવામાં આવતા હશે. એ વાત મ્હારે ગળે ઉતરી નહીં. મેં એ લાંબી પટીનું ભોંયતળિયું બતાવ્યું, જે માત્ર માટીનું હતું અને ઘણી વાર ખોદાઈ ખોદાઈને ભરભર ભૂકા જેવી એ માટી થઈ ગયેલ હતી. તે વખતે એ ભોમિયો કંઈ બોલ્યો નહીં. પણ પાછો હું ઉતારે આવ્યો ત્યારે સાથે આવેલો (વધારે બક્ષીસ દેવા મેં બોલાવેલો) તે વખતે એકાંતમાં કહે— હાલના હજૂરના દાદા, ગાદીએ હતા ત્યારની વાત છે. જે કોઈના ઉપર એમની કતરાજી થતી તેને એ ત્રીજે દિવસે ઘોડારમાં એક બે નવા ઘોડાવછેરા જોવાને ન્હોતરતા. પોતાની એ માણસ ઉપર ઘણી જ મહેરબાની તેથી તેને ન્હોતરે છે એમ મનાતું. પણ તે દિવસ પછી એ માણસ ક્યાં ય દેખાતો જ નહીં. થોડો વખત એનાં સગાં–વ્હાલાંને કહેવામાં આવતું કે હજૂરે એમને પોતે બતાવ્યા તેવા બીજાં જાનવર ખરીદવાને મોકલ્યા છે, વગેરે. પરંતુ પછી તેનો પત્તો લાગતો જ નહીં. કહે છે કે અહીં જ તેને મારી નાખી અથવા થોડા દિવસ પૂરી રાખી પાણી ને અન્ન વિના રીબાઈ રીબાઈને મરી જાય એટલે દાટી દેવામાં આવતો. દાદા વીશેક વર્ષ ગાદીએ રહ્યા હશે તે દરમિયાન કહે છે કે એમણે બરાબર એક હજાર બત્રીશલક્ષણા

ભરજુવાન પુરુષોનો ભોગ લીધેલો. × × × × બીજે એક સ્થલે રયાસત ન્હાની તથાપિ રાણીવાસ મોટો જોવામાં આવતાં, મેં પૂછવા માંડ્યું. એ હદની બ્હાર પણ પાડોશની હદમાં મ્હને એનો વિચિત્ર ખુલાસો મળ્યો. માનવો કે નહીં તે હું આજ સુધી કહી શકું નહીં. એ રાજાસાહેબ તો જુવાન છે તથાપિ અવતર્યાં છે જ હીજડા, તે લોકો જાણી ના જાય એટલા સારુ એ રાણીવાસમાં યુવતીઓને અને ગણિકાઓને ખોસી ઘાલે છે. કોઈ દિવસ પોતે અંદર પાંચ મિનિટ પધારે, એ વાત જ નહીં. × × × × સારા "આધુનિક" આચારવિચારના લાગતા રાજા–નવાબ–દરબારમાંથી કોઈને પોલીસ, ન્યાય, મહેસૂલ ખાતાં જુદાં જુદાં પાડવા, અને કંઈ નહીં તો તે દરેક ખાતાના વડા અમલદારને પૂરતો પગાર આપવાનું સૂચન કરવામાં આવે, ત્યારે એત્રણમાંથી કોઈ ને કોઈ જવાબ મળતો. (૧) એનાં સગાંવ્હાલાં આદિની નઝર રાખિયે છ ને; એને ત્યાં વરેઅવસરે એને મોકળે હાથે મદદ કરિયે છ ને. (૨) ટાણેટૂણે ખાનગી અને અનિયમિત કિંમતની ભેટો આપિયે છ ને. (૩) વિશેષ નિખાલસ હોય તે કબૂલ કરી દેતા, કે લોકો પાસેથી જેઓનું કામ થાય તેઓ અમલદારને રાજી કરે એમ એમને આવક છે ને. અને આ માટે કહેવામાં આવતું, કે એવી લાંચરુશવતખોરી અટકાવવાને જ પગારનાં ધોરણ ઊંચા કરવાં ઘટે, તો તેનો જવાબ વાળતા. ગમે તેવો મોટો પગાર આપો, રૈયત કનેથી એમને મળ્યા જ કરવાનું છે; એઓ હરકોઈ બ્હાને પડાવ્યા કે પચાવી પાડવામાં ખાસ હોશિયાર બની જાય છે. પછી વધારે પગાર શાને આપવો? જુવોને. ત્હમારા બ્રિટિશમાં તો રૈયત ઉપર જુદા જુદા કર અને વેરા અને વરાડ છે જે રૈયત બીચારી માસિક, વાર્ષિક આપ્યા જ કરે છે. અમારે ત્યાં એવા કશા કરબર ન મળે. ગરીબગુરબાં, મજૂર વર્ગ અને ગામડિયાંને વેઠ ભરવી પડે ખરી. પણ તેવા કનેથી તો અમલદાર

વેઠ ઉપરાંત કશું મેળવી જ ના શકે. શહેરી અને મધ્યમ વર્ગના બ્રાહ્મણ, વાણિયા, રાજપૂતાદિને કશા જ કરભારનો બોજો નથી. બધું જ રયાસત એમને માટે તો આયતું જોગવી આપે છે. તો એમને માથે અમારો કર આ, કે અમારા અધિકારીઓ કનેથી પોતાની મુરાદ હાંસલ કરવી હોય તો તેમને રાજી કરતાં આવડવું જોઈએ. × × × × બસ રાજાઓ વિશે, રાજાઓની સંસ્થાની વિરુદ્ધ આટલું ઓછું છે? એ વિષય પૂરો કરતાં સુજ્ઞ વાંચનારને યાદ રાખવા વિનંતિ છે કે દાયકે દાયકે રાજાઓ સુધરતા આવ્યા છે, બ્રિટિશ યુગના દશબાર દાયકામાં આપણામાં તેમ એમનામાં હિંદને ખૂણે ખૂણે તેમ એ રાજવાડાઓમાં પણ મહાન પરિવર્ત્ત થઈ ગયા છે અને હજી ચાલુ જ છે. અહીં નોંધ્યું છે એ તો આગલા ઝમાનાના અનુભવો અને તેથી પણ જૂના ઝમાનાની દંતકથાઓ. હાલના જુવાન રાજાઓ અને નવજુવાન રાજકુમારો આપણો આ યુગનો સુશિક્ષિત વર્ગ એ રાજાઓ અને રાજકુમારોને જેવા દેશભક્ત અને નીતિમાન, ગુણવાનાદિ જોવા ઉત્સુક છે તેવા પણ એ વર્ગમાંથી ઘણા નીકળી આવે એ સંભવિત તો છે, એમ ઉમેરી લઈને જ આગળ ચાલું છું. હવે બીજી એકબે વાત.

દૂધ ઉપર જ રહેવાનો પ્રયોગ ભરજુવાનીમાં મેં (ચંદ્રમણી કેટલાક મહિના છોકરાંઓ સાથે સુરત હોય અને હું અજમેરમાં એકલો તે દરમિયાન, મિત્રોને માઠું લગાડીને પણ) કરેલો છે. તે સમયે અજમેરમાં દૂધ પુષ્કળ અને નિર્મળ અને સસ્તું. મ્હને રોજ પાકા ત્રણ શેર (૨૪૫ રૂ. ભાર) પૂરતું થઈ રહેતું. પરંતુ (૧) દર બે કલાકે લેવું પડે (૨) ભૂખ્યો છું ભૂખ્યો છું એમ લાગ્યા કરે (૩) બેચાર દિવસમાં જ ઊંઘ અને દસ્ત અનિયમિત થઈ જાય આનો મેં ઉપાય એ કરેલો કે રોજ એક શીશો સોડાવૉટર પીતો; અને દર રવિવારે રાતે કોઈ મિત્રને ત્યાં આપણી ગુજરાતી રસોઈ

જમતો. એ પ્રમાણે પણ આ પ્રયોગ કરવા જેવો નથી એવો મ્હારો તો અનુભવસિદ્ધ મત બંધાયો છે. તે સમયે હાલ થઈ છે અને વધતી જશે એવી રસભરેલાં ફળો પર રહેવાની સુગમતા હતી નહીં. મ્હારા એક મિત્ર રેલવેની નોકરીમાં—કન્ટ્રાક્ટરોની મહેરબાનીએ—એટલા ધનાઢ્ય થઈ ગયા કે તેમણે કાશ્મીરમાં ફળબાગ (orchard) ખરીદ્યો, અને રેલવે નોકરી પૂરી થતાં મોટે ભાગે ત્યાં રહેવા લાગ્યા તથા સાઠ બાસઠના થયા હશે ત્યારથી ફળો ઉપર જ શરીર ટકાવે છે. તે પ્હેલાં ય ઘણાં વર્ષ જર્મન દાક્તર (?) કુન્હેની પદ્ધતિએ થૂલી અને લીલોતરી શાક એકઠાં રાંધીને તે ઉપર જ નિર્વાહ કરતા. ચ્હા, કૉફી પીતા, હજી પણ પિયે છે. અત્યારે એમની ઉંમર ૯૦ ક હશે. પણ બિચારાને છોકરા, છોકરી, પુત્રવધૂ, જમાઈ, બ્હેન, ભાઈ કોઈ કરતાં કોઈ રહ્યું નથી! તદ્દન એકલે પંડે જીવે છે. હજી બે વાર માઈલ ફરે છે. બાકી તો આરામખુરસીમાં તડકે ઝોકાં ખાય છે અને ઘડિયાળને ટકોરે ત્રણ વાર ફલાહાર અને બે વાર ચ્હા લે છે. મધ્યાહ્ન પછી કૉફી પીતા નથી, પિયે તો ઊંઘમાં ગરબડ થઈ જાય. **શતં જીવ શંત જીવ**ના આશીર્વાદ બધા જ આપણે પોપટિયા લઢણે રહ્યા કરિયે તે ભલે, કેમ કે માણસજંતુને અક્કલ હોય જ આટલી અમથી; પરંતુ જરા ઠંડે ચિત્તે વિચાર કરી જુવો તો, કે આવું દીર્ઘાયુષ્ય શાને વારુ? . . .

**જ્ઞાતિસંસ્થા,** ગુજરાત જ્ઞાતિસંસ્થાને નામે જે સમાજ-વ્યવસ્થાને ઓળખતું હતું તેના ઉપર ફટકા પર ફટકા પડે છે, વધતા જ જાય છે. શરુવાત થઈ આગગાડીની મુસાફરીઓ વધતાં; પછી વીશીઓ, ખાણાવળો, ઇરાની દુકાનો અને દેશી મુસાફરખાનાં અને હોટલો વધતાં સુધરતાં. (હું પૂર્ણેથી ભરુચ જતો ત્યારે કોઈ સગાં કે મિત્રને તસ્દી આપવાને બદલે, વહુછોકરાં સાથે પણ બોરીબંદર પાસે સરદારગૃહમાં ગરમાગરમ તાજી ભાતભાતની રસોઈ જમી લેતો અને સીધો મરીન લાઈન્સ સ્ટેશને ગાડીમાં બેસી જતો.)

પછી કિશોરકિશોરીઓ, યુવકયુવતીઓની સહકેળવણી, " દેશસેવાનાં કાર્યો " (?)માં સહચાર, વગેરે ઝડપથી વધતાં ગયાં છે તેમ તેમ જ્ઞાતિસંકરી લગ્નો વધતાં ગયાં છે તે હજી ઘણાં અને ઝડપથી વધશે એમાં શક નથી. ગુજરાતમાં હજી પણ દરજી, સુથાર, લુહાર જ નહીં નાગર, રાજપૂત, વાણિયા, બ્રાહ્મણ રસ્તે ચાલતા હોય ને ઓળખાઈ આવે છે કે આની ન્યાત આ, આગળ જાય છે તેની આ, વગેરે. હું ધારું છું કે બીજા પાંચસાત દાયકામાં ગુજરાતની ઊજળિયાત ન્યાતો એકાકાર થઈ જશે. મહાપરિવર્ત મંડાય છે પછી ઝાઝી વાર નથી લાગતી. . . .

આમાં એક ન્હાનું પેટાકારણ રસોઈયા વગેરેની બ્રાહ્મણ ન્યાતોની છેક જ ઘટી ગયેલી પાત્રતા છે. આપણને અત્યારે જે રસોઈયા મળે છે, જેને આપણે સારી રીતે રાખિયે છિયે ઉપરાંત માસિક રૂ. ૨૦ કે વધારેના પગાર આપિયે છિયે, તેમાં ખસ, દાદર અને બીજી અસુઘડતાઓ વળી ખાં ખાં અને બીજા ન્હાનામોટા રોગ વિનાના કેટલા તો થોડા મળી શકે છે, તેનો જરા ક્યાસ કહાડી જોજો. એ લોકો એવા અજ્ઞાન અને આળસુ થઈ ગયા હોય છે કે કહેવાની વાત નહીં. હું એક રસોઈયાને અમદાવાદથી અજમેર લઈ ગયેલો. ચોથે જ દિવસે કહે સાહેબ, મ્હને નથી ફાવતું. શું નથી ફાવતું, જે હોય તે કહે, ઉપાય કરીશું. એ કહે, સાહેબ, આ તારાગઢનો ડુંગર છે ને, તે જાણે રાતમાં આવીને મ્હારા પર પડે તો, એ બ્હીકે ધ્રુજી ધ્રુજીને જાગી જવાય છે. મ્હને જવા દો. ઘેર જવાનું ભાડું મ્હારે નથી જોઈતું, પણ મ્હારે તો પાછા ઘેર જવું છે. એક બીજો રસોઈયો ખાસ એક મિત્રે મ્હને વડોદરેથી મોકલેલો. રાજકોટમાં હું તે વખતે રહેતો પંચનાથ મહાદેવની સોડે, અને આ મા'રાજ ઉછરેલો જ વૈષ્ણવ મંદિરમાં. વળી એ આવ્યો ત્યારે શ્રાવણ મહિનાની શરુવાત. સવારે રોજ પંચનાથ ઘંટા વગાડવા જાય, ઘડી ઓટલે બેસે અને તાલ જુવે. નાહીને પાછો જાય, અમને જમાડી ને પાછો

જાય. બેત્રણ દિવસમાં જ કહે, સાહેબ, રજા આપો તો દ્વારકાની જાત્રા કરી આવું, મફત થાય એવો જોગ છે. છેક શ્રાવણ પૂરો થતાં પાછો રાજકોટ આવ્યો ત્યારે માત્ર સલામ કરવા આવ્યો. "સાહેબ, અહીં લોક પૂજા કરાવવા, રુદ્રી કરાવવા વગેરે માટે એટલું આવે છે કે એ ચૂલા ફૂંકવાની મજૂરી શાને કરવી? પંચનાથમાં બેસીશ; કોઈ ને કોઈ ભાવિક શ્રદ્ધાળુ મળી જશે, મ્હને ય પુણ્ય; વળી સાંજ પડે રૂ. બે રૂપિયા મળી રહેશે, વગેરે. દેશમાં ઉછરેલાં જે માણસોએ બ્રાહ્મણના હાથનું કે પોતાના ન્યાતીલાના હાથનું જ ખાધેલું, તે પણ બ્હારગામ આવતાં થોડા જ વખતમાં બ્રાહ્મણ રસોઈયાથી કંટાળીને- પટેલિયા, ઘાટી, ભોઈ, કહાર, માળી કે એવી કોઈ પણ નોકર ન્યાતના રસોઇયા વડે ચલાવી લેતા થઈ જાય છે. ઈ. ૧૮૯૦–૯૧ના મુંબાઈના એક બ્રાહ્મણની હકીકત ઉપર નોંધાઈ છે. પચાસ જ વર્ષમાં એવા બ્રાહ્મણ રસોઈયાની આખી જાતિ ( species ) જ જાણે નાબુદ થઈ ગઈ હોય એમ લાગે છે. . . .

છેલ્લે એક હકીકત મ્હારા વિશેની ઉમેરૂં છું. શ્રી રઘુનાથ પરાંજપે કેમ્બ્રિજથી સીનિયર રેંગ્લર થઈને પાછા આવ્યા અને ગોખલેએ એમને થોડા જ વખતમાં પ્રિન્સિપાલ બનાવી દીધા, તે પછી એઓ મ્હને દાબીને કહે–સાલ યાદ આવતી નથી: ઠાકોર, અમારી સંસ્થામાં ત્હમારા જેવા પ્રોફેસરોની જરૂર છે. ત્હમે આવી જાવ ને? દેશહિતની ખાતર એટલો ભોગ ન આપો? મેં એમને સમજ પાડવા પ્રયત્ન કર્યો. મ્હારાં હિતેચ્છુઓ અને વડીલો તો માને છે કે વિદ્યાની અને પ્રોફેસર થવાની ધૂનમાં ને ધૂનમાં મેં મ્હને ભાન પણ નહીં એટલો મોટો ભોગ આપી જ દીધો છે. અને મ્હારી હારના ગ્રેજ્યુએટો એલએલ. બી. થઈને અત્યારે પણ શી સ્થિતિએ પ્હોંચી ગયા છે તે જુવો; જેઓ ઠેઠ મોખરે છે તેમને ભલે બાદ રાખો; જેમની સફળતા બીજા દરજ્જાની ગણાય તેવાની જ સ્થિતિ સુરત ને નડિયાદ, અમદાવાદ અને ભરુચ અને

કાઠિયાવાડમાં જુવો. ત્હમને ખાત્રી થશે કે એટલું હું આ પ્રોફેસરની નોકરીમાં કદાપિ રળી શકીશ નહીં. એટલે એટલા ભોગે પણ મેં નિર્વાહ :માટે આ પ્રવૃત્તિ પસંદ કરી એ જ મ્હારો ભોગ. વળી બીજી બાજુથી જુવો. વરાઅવસરે અમારા ગુજરાતીઓના ખર્ચ. અમારી સ્ત્રીઓનાં અવનવાં વસ્ત્રાભૂષણ, ફેશનો આદિ પાછળ ખર્ચ, બીજી રીતે પણ અમારા મધ્યમ વર્ગનું જીવન કોકણસ્થ બ્રાહ્મણોના મધ્યમ વર્ગના કુટુંબોના જીવન સાથે સરખાવો. . . . . એઓ કંઈક સમઝયા અને કહે, ત્હમે નહીં જોડાવ એટલું જ નહીં, અમને કોઈ જ ગુજરાતી અમારી સંસ્થા માટે નહીં મળે એ પણ હું કંઈક સમઝયો. Thank you. મેં કહ્યું એટલું જ નહીં. ત્હમારા પગારો વગેરેના નિયમો પ્રમાણેની એક પણ સંસ્થા ગુજરાતી પ્રોફેસરો, માસ્તરોને હાથે કદાપિ ચાલી નહીં શકે. સમાજના રીતરીવાજ અને જીવનરૂઢિઓ આગળ વ્યક્તિનું ગજું નથી કે ગમે તેટલો માથાફરેલ થઈને પણ તે ટકી શકે. હા, પરણે જ નહીં, લંગોટી વાળે તેની વાત જુદી ખરી.

## ૨૮ હિંદની આઝાદી

હવે ઉપલી બાબત જેટલી છોટી, લગભગ અંગત, તેટલી મોટી એક જ બાબતને આ નોંધોમાં છેડીશ. ઇતિહાસ એટલે શું, હિંદના ઇતિહાસમાં મરાઠા ઇતિહાસ, સીખ ઇતિહાસ, મુઘલ ઇતિહાસ, હિંદુસ્થાનનો ઇતિહાસ અને વિંધ્યાચળથી દક્ષિણે દરિયામાં ધુસતા દ્વીપકલ્પનો ઇતિહાસ, એ સર્વનો અન્યોન્ય સંબંધ, એમનાં પરસ્પર બલાબલ મ્હારા વિચારમાં વર્ષોના અભ્યાસ, સંશોધન, વાંચન, અવલોકન અને મનને ક્યા પ્રકારનાં ગોઠવાયાં છે, તે મેં કંઈક દર્શાવ્યું છે. એમાં મ્હારા મંતવ્યમાં ધીરે ધીરે જે પલટો થઈ ગયો તે મેં જણાવી દીધું છે. અહીં એ પ્રકારના એથી પણ મોટા પલટા વિશે લખવું પ્રાપ્ત થાય છે; અગર જો કે વિષય એવો બહુતંતુ છે, ચોગણી

જગા રોકું તોપણ તેને ન્યાય ન જ થઈ શકે.

મેં ઈ. ૧૯૧૪માં પૂણા ડેક્કન કૉલેજના પ્રોફેસર થઈને Indian Administration to the Dawn of Responsible Government પુસ્તક લખ્યું. એક આવૃત્તિ ખલાસ થતાં મેં તેની બીજી આવૃત્તિ પણ વિષયમાં ફેરફાર, સુધારાદિ કરીને પ્રગટ કરી. એ ચોપડી એ વિષય ઉપરની એક વજનદાર ચોપડી લેખે પંકાઈ, હિંદ ઉપરાંત ઇંગ્લાંડ, સામ્રાજ્ય, અમેરિકા, જર્મની અને જાપાનમાં જ્યાં જ્યાં બ્રિટિશ હિંદના ઇતિહાસ અને રાજ્યવહીવટ અને રાજ્યબંધારણ તથા ઇંગ્લાંડ અને હિંદના સંબંધોનો ગંભીર ઐતિહાસિક અભ્યાસ થતો, ત્યાં ત્યાં એ ચોપડી ઠીક ઠીક ફેલાઈ. હિંદને ઇંગ્લાંડ સાથે સંસર્ગ અને સંબંધથી શા શા લાભ થયા છે, શા શા વિશેષ લાભ થવા સંભવ છે, એ બાબત ઉપર જ મુખ્યત્વે ભાર દેવાનો મ્હારો આશય હતો. હિંદના દેશભક્ત સેવક લેખે પણ આમ ભાર દેવાની જ મ્હને મ્હારી ફરજ લાગેલી. અને એ કાર્યમાં મેં ઇંગ્લાંડનાં માત્ર વખાણ, ખુશામદ આદિ કર્યાં નથી. દરેક અગત્યના અભિપ્રાય માટે મેં પ્રમાણભૂત ગણાય એવા આધારો ટાંક્યા છે, વળી ઇંગ્લાંડના દોષો પણ દેખાડ્યા છે. હું આખરે સરકારનો પગારદાર નોકર, સરકારનો કિંકર, સરકારના અન્ને પુષ્ટ, એ હકીકતે હું બિલકુલ દબાયેલો નહીં; બ્રિટિશ માનસ એવું છે, ઇંગ્રેજોને નિખાલસ સ્વતંત્ર વિચારણાનું પ્રકાશન એટલું પ્રિય લાગે છે અને પોતાના રાજ્યતંત્રને ટેકવવામાં ય એટલું આવશ્યક તેઓ ગણે છે, કે ઇંગ્રેજ લેખક એ બધા વિશે છૂટથી લખે તેને જેટલે દરજ્જે તેઓ એમ કરવા દિયે અને આવકાર આપે, તે જ પ્રમાણે એવું લખનાર હિંદી લેખક હોય તો તેના પ્રતિ પણ તેઓ પોતાનું વર્ત્તન રાખે, એવો ઇંગ્રેજ રાજ્યપદ્ધતિનો વિશ્વાસ રાખીને મેં એ ચોપડી લખેલી. હિંદની બાબતમાં ઇંગ્રેજ રાજ્યનીતિ વારંવાર મોટી

પડી છે; ઇ. સ. ૧૮૩૩માં જે કરવું પર્યાપ્ત તે એમને હાથે ૧૮૫૭ લગી પણ થયેલું નહીં; કાયદો ઠીક ઘડે તો ય તેના વહીવટમાં કચાશ રહે; ઇંગ્લિશ સિવિલ સર્વિસનો આખો વર્ગ પોતે જેમ જેમ વરાળ, વીજળી આદિ વડે આ બે દેશ વચ્ચેનું અંતર કપાતું ગયું, જેમ જેમ એક પગ હિંદમાં અને એક બ્રિટનમાં રાખવાની સુગમતા વધતી ગઈ, જેમ જેમ ઇંગ્રેજોની સંખ્યા ખાસ કરીને "મડમો"ની સંખ્યા હિંદમાં વધતી ગઈ, અને તેઓ હિંદમાં પણ છોટું અને કૃત્રિમ તથાપિ લગભગ ઇંગ્લાંડ જેવું ઇંગ્લાંડ જ્યાં ત્યાં રચી લઈને પોતાનું જીવન હિંદીઓથી અલગ જીવવાને સમર્થ બનતાં ગયાં,— તેમ તેમ તેમનો એ સિવિલ સર્વિસનો આખો વર્ગ અને એ હિંદમાંનો ઇંગ્લિશ સમાજ, હિંદમાંની અસંખ્ય ન્યાતો પૈકી જ એક નવી ન્યાત બનતો ગયો, એ એંગ્લો ઇંડિયન સમાજ પોતાની જમાવટ કરતો ગયો. હિંદીઓ સિવિલિયન હોય તથાપિ પોતાના આ ખાસ વર્તુલથી બ્હાર જ રહે, અમુક ઊંચા હોદ્દાઓથી લગભગ દરેક ખાતામાં તેમનો બહિષ્કાર જ થાય, એવી એવી રચનાને વધારે વધારે મજબૂત બનાવતો ગયો: એ સર્વ મેં મ્હારી ચોપડીમાં છૂટથી અને આધાર ટાંકી ટાંકીને દર્શાવેલું છે. અને તો પણ મ્હારી શ્રદ્ધા ઉદારમત વાદી—લિબરલ પક્ષની શ્રદ્ધા હતી તે જ, કે બ્રિટિશ સામ્રાજ્યમાં કૅનેડા આસ્ટ્રેલિયાના જેવું "ડુમીનિયન સ્ટેટસ" એટલે કે સામ્રાજ્ય બિરાદરનું પદ હિંદને મળે તો તેમાં પૂરેપૂરી આઝાદી સમાઈ જાય છે, સામ્રાજ્યથી મુક્ત વિભક્ત થયેલ રાષ્ટ્રની સ્વતંત્રતા લેશ પણ વધારે છે નહીં, અને તે મેળવવા હિંદે મથવાની જરૂર પણ નથી; ઇંગ્લાંડ પોતે એટલો ઉદાર છે કે જેમ કૅનેડાને, જેમ આસ્ટ્રેલિયાને તેમ હિંદને પણ એ ડુમિનિયન સ્ટેટસના પદ ઉપર તે સ્વયમેવ અભિષિક્ત કરશે જ કરશે. અને એ મ્હારી શ્રદ્ધા ઘણાં વર્ષ ટકી રહી.

ત્યાં તો ગાંધીપ્રવૃત્તિ આવી ગાંધીવાદ પગભર થયો, હિંદી કૉન્ગ્રેસ

ઉદારમતવાદી હતી તેમાંથી ટિળક મતવાદી લગભગ થઈ ગઈ હતી, તેને પણ આ ગાંધીવાદે જાણે કાયાપલટ કરી નાખીને પોતાના વાદિત્રમાં ફેરવી લીધી.

ગાંધીજીએ રાજપ્રકરણમાં શરુવાત કરેલી ગોખલેના શિષ્ય તરીકે, દાદાભાઈપૂજક તરીકે એટલે કે ઉદારમતવાદી લેખે; પરંતુ ગોખલેના મૃત્યુ પછી તેઓ ઇંગ્લાંદના વિરોધમાં આગળ ને આગળ વધતા ગયા. ટિળકમતની ઉદ્દામતાને પણ ગાંધીજી વટાવી ગયા; માત્ર ફેર એટલો કે એઓ **અહિંસા પરમો ધર્મ:** એ જૈન સૂત્રને વળગ્યા, અને પોતાનો વિરોધ ઇંગ્લાંદ કે ઇંગ્રેજો કે ઇંગ્રેજી પ્રજાની સામે નથી પણ માત્ર એમના તંત્ર સામે છે, તથા તે વિરોધ પોતે અહિંસક અસહકારે કરશે, પ્રસંગો મળશે વા ઉત્પન્ન થઈ શકશે તેમ તેમ આખી પ્રજામાં આઝાદી માટે આગ્રહ ફેલાવીને અહિંસક અસહકારમાં તેને તાલીમ આપશે; વળી એ પ્રમાણે પ્રજા પોતે પોતાના પ્રયાસે અને આત્મસમર્પણે અને ભોગો આપી આપી, દુ:ખો વેઠી વેઠીને આઝાદી રળશે, નિ:સંશય રળશે, એ પ્રમાણે એમનો બોધ પોતે આખા હિંદમાં ફેલાવતા જ રહ્યા.

વિરોધ માત્ર તંત્ર સામે છે, વિરોધ કે દ્વેષ નથી ઇંગ્લાંદ કે ઇંગ્રેજો સામે—એ ઉપર ગાંધીજીએ પોતે બને તેટલો ભાર દીધા કર્યો છે. પરંતુ તંત્ર અશ્રદ્ધેય છે, મેલું છે, દંભી, છળકપટવાળું છે, વગેરે મત ભાર દઈ દઈને આગળ કરવામાં ગાંધીજીએ કે તેમના અનુયાયીઓએ કશી મણા રાખી નથી. હિંદને ઇંગ્લાંદથી શા શા લાભ થયા છે તે એઓ જોતા નથી, જોઈ શકતા નથી, એ વિશે the better they (English) appear on the surface the worse they are in reality એમ જ તેઓ માને મનાવે છે. ઘણીખરી બાબત હિંદ અને ઇંગ્લાંદ બેયને લાભની એમણે કરી હોય, તો તે એમણે તો પોતાના લાભ માટે જ કરી એટલું જોઈને જ તેઓ અટકી જાય છે, અથવા તેથી હિંદને લાભ થયો એ તો તેમનાથી અટકાવી શકાય એમ હતું નહીં તેટલો જ થયો એ

પ્રમાણે આડા વળગે છે. એમને લાભ થાય તે જાણે, આપણને આટલો જ થયો એમણે પોતાનો લાભ કાઢી લીધો એટલી ખોટ તો આપણને ગઈ જ કની તેનું આપણાથી દુર્લક્ષ કેમ થાય, એ પ્રકારનું ટિળકવાદી કે ગાંધીવાદી પક્ષનું વલણ રહ્યું છે, અથવા તો યેન કેન પ્રકારે જેમાં ને તેમાં ઇંગ્લાંદને આથી પણ વધારે દોષ એ પક્ષો દે છે.

દરમિયાન દુનિયા પણ થંભી રહેલી નથી; બલકે કેટલાંક બળો વધારે વધારે ઝડપથી પુંજીભૂત થતાં ગયાં છે અને તેમનાં પરિણામ દૃષ્ટિ-મર્યાદા ઉપર વધારે વધારે સ્પષ્ટતાથી દેખાવા માંડ્યાં છે. પ્હેલા વિશ્વ-વિગ્રહમાં ફ્રાન્સનું એટલું તો લોહી રેડાયું કે તે મિત્રોની મદદે જીત્યું તો ગણાયું, તેની સ્વતંત્રતા ટકાવી તો શક્યું, પરંતુ તે એટલું તો નબળું પડી ગયું કે ફરીને આગલી સ્થિતિએ આવતું નથી, આવશે નહીં, એમ સૌએ જોઈ લીધું અને જોઈ રહ્યા છે.

બીજો વિશ્વવિગ્રહ પ્હેલાથી ઘણો વધારે ખૂનખ્વાર થયો. ફ્રાન્સપર જે વીતી તેથી ઇંગ્લાંદ ચેતેલું હતું. તેણે પોતાના લોહીનું જેમ બને તેમ જતન કરવાની નીતિને જ વળગવું ઉચિત ધાર્યું. જર્મન બ્લિટઝ દરમિયાન તે બચાવ પર જ રહ્યું: શહેરોનાં પતન થવા દીધાં પરંતુ જર્મન વ્યોમયાનદલનો પોતે ઓછામાં ઓછા ભોગે વધારેમાં વધારે ખોડો કહાડ્યો. કૅનેડાના, આસ્ટ્રેલિયાના યુ.એસ.એ.ના જુવાનોને અને છેવટે હિંદના પણ જુવાનોને આગળ કરીને તેણે લડાઈ ખેડી છે અને વિજય મેળવ્યો છે. વિજય મળ્યો છે. રશિયા લખલૂટ ભોગે પણ ટકી રહ્યું અને યુ.એસ.એ.ની ઉત્પાદન શક્તિ જર્મની, સ્વીડન અને ઇટલીની ઉત્પાદનશક્તિના કરતાં ઘણી વધારે ઝડપી અને સમર્થ નીવડી તેથી.

ઇંગ્લાંદે હિંદમાં લશ્કરભરતી વિશે ઇ. ૧૮૫૭થી જે અતિ વ્હેમી અને સંકુચિત નીતિ–કેવળ પોતાની સત્તાને ઓછામાં ઓછા ખર્ચે અને જોખમે ટકાવી રાખવાના હેતુથી સ્થાપી હતી, તે તેને

હિંદમાં આ વિગ્રહ વખતે ત્યજી જ દેવી પડી છે. આ વિગ્રહના વર્ષો દરમિયાન હિંદના જુવાનોનું લાખોનું લશ્કર તેને ઊભું કરવું પડયું છે, એટલું જ નહીં પરંતુ અર્વાચીન લશ્કરના દરેક અંગોપાંગમાં પર્યાપ્ત નીવડે એવું સમર્થ તેને બનાવવું પણ પડયું છે. વ્યોમસેના, નૌકાસેના, ભૂસેનામાં ટેંક્સ, તોપખાનું, પાયદળ, ઇંજનેરી દલ, તમામ મોટાં છે, પૂરતાં કેળવાયલાં છે, તેમાં અફસરો પણ હિંદી મુસ્લિમો, સીખો, ગુર્ખા, હિંદુ સંખ્યાબંધ છે, જો કે ઇંગ્રેજ અફસરોનું પ્રમાણે ન્હાનું નથી.

બધું છતાં, વિજય મળ્યો છે છતાં, હિટલરજર્મની સારી પેઠે ઘવાયું છે, ઇટાલિની, રૂમાનિયાની, ગ્રીસની, પોલાંદની સ્થિતિ પ્હેલા વિગ્રહને અંતે ફ્રાન્સની થઈ ગયેલી તેવી કે તેથી પણ નબળી પડેલી છે, તથાપિ, ઇંગ્લાંદ સારી પેઠે નબળું પડી ગયું છે. યુ.એસ.એ.ને આંચ આવી નથી બલ્કે આ ચારપાંચ વર્ષની જેહમતે વધારે સશક્ત બન્યું છે; કૅનેડા, આસ્ટ્રેલિયા વધારે સશક્ત બન્યાં છે; રશિયા તો સૌથી વધારે વેઠીને સશક્ત પણ સૌથી વધારે બન્યું છે. અને ચીન ઘવાયું છે ખૂબ જ; તથાપિ એની સહનશક્તિ કે એના બલનો તાગ લાગે જ નહીં, એવી એ તો એક મહાપ્રજા છે, એ પણ પુરવાર થયું છે. જાપાન હિટલરી જર્મની જેટલું ઘવાયું નહીં હશે તથાપિ યુ. એસ.એ અને રશિયા અત્યારે ત્યાં જે નીતિ યોજી રહ્યાં છે, તેનો ઉદ્દેશ એને છેક જ જમીનદોસ્ત કરવા સિવાય બીજો છે નહીં. વગેરે વગેરે આખી દુનિયામાં થયેલો અને થતો આવતો મહાપરિવર્ત્ત જોતાં, હિંદના દેશભક્તે હવે આજે કઈ નીતિને દેશના ભાવિ માટે સૌથી વધારે હિતકર ગણવી જોઈએ? બ્રિટિશ સામ્રાજ્યમાં રહીને "સામ્રાજ્ય બિરાદર"નું પદ મેળવવાની, કે બ્રિટિશ સામ્રાજ્યની પરવા ન રાખી પોતાના જ પગ ઉપર આઝાદ રાષ્ટ્ર તરીકે ઊભા થઈ જવાની? જૂના લિબરલોની નીતિ અને માન્યતાઓ **આજે** આપણે માટે વધારે હિતકર, કે પૂજ્ય ગાંધીજી અને શ્રી જવાહર ન્હેરૂની?

રાજ્યપ્રકરણક્ષેત્રમાં હું પૂજ્ય ગાંધીજીનો અનુયાયી નથી: ઇંગ્લાંડથી હિંદને મોટા મોટા લાભ થયા છે એ ઐતિહાસિક હકીકત છે અને તેનો ઇન્કાર કરવામાં નથી ન્યાય, નથી સત્ય, નથી ખાનદાની, નથી કશો જ સીધો કે આડકતરો લાભ, એ હજી પણ મ્હારું મત છે. તથાપિ આ મહાપરિવર્ત્તની પળે, જ્યાં બ્રહ્મદેશથી ઇંદોચીન સુધીની મુકાબલે પછાત પ્રજાઓ પણ આઝાદી માટે બનતા પ્રયત્નો કરી રહી છે અને ભોગો આપી રહી છે, ત્યાં મ્હને પણ શ્રી જવાહરલાલ ન્હેરુ અને શ્રી વલ્લભભાઈ પટેલની નીતિ જ સાચી લાગે છે: આ હજાર તકની એક તક દરમિયાન હિંદે સંપૂર્ણ આઝાદીને જ પોતાનું નિશાન બનાવવું ઘટે એમ મ્હારા જેવા માત્ર armchair politician એટલે પાણિયારાના મુનશી અને ઉંમરે અતિ વૃદ્ધને પણ લાગે છે.

## ૨૯ ઇતિ

અધૂરું તો અધૂરું, આટલું લખતાં કંટાળ્યો ગણો, થાક્યો ગણો, અતિ લંબાણ થયું ગણો, અહીં જ અટકી જાઉં છું.

માત્ર ઇ. ૧૯૦૪ સપ્ટેમ્બર ૧લીએ રાજકોટની નોકરી શરૂ થઈ, ત્યાંથી કુદી ઇ. ૧૯૪૩ એટલે મ્હારા પંચોતેરમા વર્ષ વિશે ચાર લીટી ઉમેરું છું.

આ સમારંભો થયા; આ યુનિવર્સિટીમાં સમુચિત સ્મારક માટે પૂરતો ફાળો થઈ ગયો; આ માનપત્રો અને મંજૂષાઓ (caskets) અર્પણ થયાં; એ વાંચનાર અને સાંભળનારને કદાચ લાગે કે મ્હારું એ વર્ષ આનંદોલ્લાસમાં ગયું હોવું જોઈએ. સામાન્ય દેખાવ ઉપરથી કે આસપાસની સમગ્ર પરિસ્થિતિ (circumstantial evidence) ઉપરથી તારવેલું અનુમાન કેટલીક વાર છેક ભ્રામક નીવડે છે. ખરી હકીકત એથી ઘણી જુદી બની ગઈ. ૧લી ઑક્ટોબર ૪૩થી લગભગ

ઑગસ્ટ '૪૪ની આખર લગીના મહિના હું સારી પેઠે માંદો અને અશક્ત હતો. કેટલોક વખત તો શરીરની જરા પણ હીલચાલ ના ખમાય એવો ગયેલો. સુરતમાં મ્હારાથી ઊભા પણ થવાતું નહીં. અમદાવાદ માટે જે તારીખ પ્રથમ ઠરાવેલી તે ફેરવવી પડેલી કેમ કે તે સમયે તો મ્હારી તબિયત ઘણી જ ખરાબ હતી. વડોદરાના સમારંભ પછી મ્હારે છેક જાનેવારી લગી વડોદરે જ રહેવું પડ્યું, દા. ભટ્ટાચાર્યની દવાનો લાભ મળે માટે. અને મ્હારો વિચાર એ શિયાળો પણ કાઠિયાવાડનાં હવાપાણીના લાભ માટે ત્યાં બે ત્રણ સ્થળે જવાનો હતો તેને બદલે મુંબાઈ આવી જવું પડ્યું નબળાઈને લીધે. રાજકોટમાં પણ ચ્હાપાણીના મેળાવડામાં હું કોઈને મળીહળી શકેલો નહીં, અશક્તિને લીધે. વગેરે મ્હારી નાદુરસ્ત તબિયતનો કંઈક ખ્યાલ આપે એટલું આ ચોપડીમાં કોઈક ઠેકાણે તો આવવું જોઈએ તો તે અહીં જ લખી નાખીને તેની સમાપ્તિ સાથે આ ત્રુટક મિતાક્ષર નોંધો પણ સમાપ્ત કરૂં છું.

સમાપ્તિમાં એ સમારંભો આદિ વિશે એકબે બોલ ઉમેરી લઉં છું. એ સૌ ભાઈઓબ્હેનોનો મેં મુંબાઈ સમાચારમાં પ્રકટ કરેલા મ્હારા ચર્ચાપત્રમાં આભાર માનેલો છે તેમાં હું આશા રાખું છું કે હું કોઈ કરતાં કોઈને ય ભુલ્યો નહીં હોઉં; ભુલ્યો હોઉં તો તેમનો અહીં આભાર માની લઉં છું. એ પ્રસંગો નિમિત્તે મ્હને કવિતાવિષય બનાવનાર ઊર્મિલ કવિબિરાદરોની યાદી ભાઈશ્રી કિશનસિંહજીએ અહીં સંગ્રહી છે તેમાં એઓ કોઈને ભુલી ગયા હોય તો તેમની અમે બે ય ક્ષમા માગિયે છિયે. ભાષણ કર્તાઓની યાદી સ્થાનિક છાપાંઓએ તે તે તારીખે પોતાની નોંધોમાં આપેલી છે, વક્તાઓમાંથી આટલા બધાનાં હૃદય મ્હારે માટે આટઆટલાં ભાવભીનાં છે એ હકીકત મ્હારા જેવા એકલવાયા એકલસૂરા જણને મધ જેવી મીઠી લાગ્યા વગર કેમ રહે. એ લગભગ પચાશ વક્તા-

એમાંથી કેટલાકના બોલ મ્હને લાંબા કાળ લગી સાંભર્યાં જ કરશે. માનપત્ર આદિના વિધિ ઉપરાંત આરંભે વચ્ચે વચ્ચે અને અંતે જે બીજા સુરુચિગુંફિત ક્રમ રાખવામાં આવેલા તેમાં—સુરતની સભામાં એક બટુકે 'બંદાની લવરી'નું મ્હારું ચાપલ્ય સાભિનય લલકાર્યું, ત્યારે મ્હને લાગેલું કે આ એક દાખલામાં તો મ્હારી નાચીઝ કલમે નિશાન આબાદ વીંધ્યું છે ખરું. અને છેવટ એ ત્રણ મંજૂષાઓ: ત્રણે એકબીજાથી કલાકારીગરીની લગભગ દરેક વિગતમાં ભિન્ન ભિન્ન છે. રાજકોટની, જે સૌથી કીમતી છે, તે સમારંભના દિવસ લગી પૂરી થયેલી ન્હોતી; આગલી સાંઝે મ્હને પાંચસાત મિનિટ જોવા મળેલી ત્યારે વર્षાદવાદળને લઈને મ્હારી નબળી આંખને જોઈતો પ્રકાશ પણ નહીં; અમે એ દિવાનખાનાની તમામ વીજળીની બત્તીઓ પ્રકટાવેલી તથાપિ એ અપૂર્ણ મંજૂષા મેં ઝાંખી ઝાંખી જ જોયેલી. હું સારી પેઠે સમઝું છું કે એ મંજૂષાઓ અર્પાઈ તેમાં હું બ. ક. ઠા. માત્ર નિમિત્ત, ગુજરાતીઓના હૃદયમાં આજે પોતાની ભાષા, પોતાના સાહિત્ય આદિના ગૌરવ માટે જે પૂજ્યભાવ, જે અભિલાષા, ભાવના આદિ તરવરે છે, અને વેગીલી વૃદ્ધિ અનુભવી રહ્યાં છે, તેના એક પ્રસંગોપાત્ત આવિર્ભાવ રૂપે જ એ મંજૂષાઓ; એટલે મેં તો જે ભાવથી મ્હને એ સમર્પવામાં આવી તે જ ભાવ ઝીલીને, આંગળી અડકાડીને જ તુર્ત જાહેર કરેલું કે ગુજરાતી પ્રજાની પોતાના સાહિત્ય માટે બહુમાનની આ નિશાનીઓ મ્હારાં રંક ઘરમાં સચવાવાનો સંભવ તે કરતાં કંઈક વધારે સમય લગી પ્રજા સમક્ષ એવી ને એવી રહે, એટલા સારુ હું તો એને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ, અમદાવાદમાં એક સંગ્રહસ્થાન રચવાની નવી સંસ્થા ઊભી કરવાનું બીડું ઝડપ્યું છે, તે સંસ્થાને જ ભેટ આપી દઉં છું. અને આ પ્રમાણે બે મંજૂષાઓ તો ત્યાં ક્યારની પ્હોંચી ગયેલી છે, ત્રીજી (રાજકોટની) વિશે શ્રી માવલંકરે ગુજ. વ. સોસાઈટી અને તેની આ સંસ્થા

વતી બધી જવાબદારી પોતાને માથે લઈ લીધેલી છે, એમ હું તેને પણ પ્હોંચી ગયેલી જ ગણું છું. કલાકૃતિઓ લેખે આ મંજૂષાઓ કેવી છે? મ્હારો મત શો?—તેનો મ્હારો જવાબ આ, કે જે બાબતમાં હું જાતે આ પ્રકારે સન્માનનિમિત્ત બનેલો, તે બાબતમાં મ્હારો મત હોય જ નહીં. અથવા રસો વૈ સઃ એ બ્રહ્મે રસો વૈ સઃ એ બ્રહ્મને રસો વૈ સઃ એ અગ્નિમાં રસો વૈ સઃ એ હુત દ્રવ્ય સમર્પાયું, તેના વિશે શ્રીમદ્ ભગવદ્ ગીતાની વાણી જ પર્યાપ્ત છે—

બ્રહ્માર્પણં બ્રહ્મહવિ ર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણાહુતં ।
બ્રહ્મૈવ તેન ગંતવ્યં બ્રહ્મકર્મસમાધિના ॥

॥ ઇતિ ॥

# પરિશિષ્ટ ૧લું.

[ મુંબાઈ યુનિવર્સિટી સેનેટે પ્રૉફેસર ઠાકોરસ્મારક માટેની દરખાસ્ત તેને લગતા ટ્રસ્ટફંડ સાથે સ્વીકારી તે તારીખે સવારે 'મુંબાઈ સમાચાર' દૈનિકમાં પ્રો. ઠાકોરે પ્રકટ કરેલું આભારદર્શન ].

મુંબઈ સમાચારના તંત્રીશ્રીની સેવામાં,

વિ. વિ. જે આપના તા. ૪થી જુન ૧૯૪૫ની તારીખના અંકમાં આવેલા ભાવભરેલા અગ્રલેખ ઉપરથી આપણી યુનિવર્સિટીમાં એક સ્મારક મ્હારા નામ ઉપર નોંધાય છે તે અંગે હું અનેકાનેક ભાઈ-બ્હેનોનો જાહેરમાં અંતઃકરણપૂર્વક ઉપકાર માનવાની આ તક લઉં છું તો આ કાગળને આપની કટારોમાં સ્થાન આપશો.

આવા જાહેર સન્માન સમારંભ આદિ માટે વર્ષોથી મિત્રો અને સહકારીઓ મ્હને દબાણ કરતા હતા, હું ના જ પાડ્યા કરતો હતો કેમકે મ્હને એવું કશું મોટમ આપવામાં આવે તેવું મ્હારે હાથે કશું થયું નથી. જીવનના વ્યવસાયને માટે મેં શિક્ષક પ્રૉફેસરનો ધંધો પસંદ કર્યો, કેમકે તે જ મ્હને સઉથી પ્રિય હતો. ફુરસદના વખતમાં મેં ગુજરાતી કવિતા ને સાહિત્યની બની તે સેવા કરી છે અને હજી કર્યાં કરીશ, કેમકે એ જ મ્હને માનવીની બુદ્ધિપ્રવૃત્તિ માટે એક સઉથી અગત્યનું અને સાત્ત્વિક ક્ષેત્ર લાગે છે. જાહેર જીવનથી અને તે જીવનમાં થતી સેવાઓ તેમ મળતી સત્તા, મોટાઈ આદિનો મ્હને પ્રથમથી જ મોહ નહીં એટલે હું એવા કશામાં પડ્યો જ નથી. મતલબ કે શિક્ષક વા લેખક લેખે મેં જે કંઈ કર્યું છે તે મ્હારા શોખથી કરેલું છે. વળી એમાં મેં ફરજ બજાવવા ઉપરાંત કશું જ કર્યું નથી એ જ મ્હારું સ્થાયી વલણ મ્હારી પાસે ફરીફરીને ના કહેવડાવતું હતું. પરંતુ મ્હારા ૭૪મા વર્ષની આખરમાં એ એવા

સ્નેહીઓ મ્હને વળગ્યા કે ત્હેમને હું ના પાડી શક્યો નહીં. વળી એ બન્ને મિત્રોની પદ્દી, કાર્યદક્ષતા, અને વગસગ એવાં હતાં કે એઓ જે કંઈ હાથમાં લે તેની પાછળ સિદ્ધિ મળતા સુધી મંડ્યા રહેવાના એમ મ્હારી ખાત્રી હતી અને સ્મારક માટે એમણે એવી યોજના રજુ કરી કે તેની શ્રેષ્ઠતા પણ મ્હારે સ્વીકારવી પડી. પ્રથમ ઉપકાર માનું છું આ બે સ્નેહી મિત્રોનો: જેમાંના એક શિષ્ય અને મિત્ર બંને; અને બીજા પૂણા બંધુસમાજના કાર્યો, મસ્લહતો આદિમાં હરહંમેશ શ્રી જયશંકર ત્રિવેદીના અને મ્હારા સહકારી.

બીજો ઉપકાર માનું છું આ વિશેની જાહેર વિજ્ઞપ્તિ તળે ગુજરાતના જે સુપ્રતિષ્ઠિત અને અગ્રણી અઢાર સ્ત્રીપુરુષોએ સહી કરી આ હીલચાલને ગૌરવ આપ્યું તે મ્હેરબાનોનો.

પછી તો વાત ચાલી, એક જુના અને માનવંતા સ્નેહીએ જુદા જ કારણસર મ્હને પોતાને નગર ન્હોતરી મ્હને લેશમાત્ર કહ્યા કે કહાવ્યા વગર જાહેર સન્માનસભા ભરી દીધી. અને મ્હારે તે સ્વીકારવી પડી. તે મોટી પદ્દીના બંધુનો અને એમના સહાયકોનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનું છું.

અને દીવે દીવો પ્રકટે તેમ આ એક સભામાંથી રાજકોટથી પુણા લગી મળીને સાત થઈ. એ સભાઓના પ્રમુખોનો, તે માટે સ્થાનિક કામકાજ વગેરે કરનારાઓનો તેમ જ સભાઓમાં હાજરી આપનાર સેંકડો સ્ત્રીપુરુષોનો તે તે વખ્તે જ મેં આભાર માની લીધેલો અને અહીં ફરીને માનવા રજા લઉં છું. આ સભાઓમાં ભાષણો કરનારાઓને, નવી જોડેલી વગેરે કવિતા વાંચનારાઓને અને ગુજરાતી સાહિત્ય પરનો પોતાનો સ્નેહ મ્હારા જેવા કિંકર પર ઢોળનારાને પણ કેમ ભુલાય ? એ સર્વનો ઉપકાર માનું છું.

આ ફાળો ભરાવવા અનેકાનેક પ્રોફેસરો, શિક્ષકો અને બીજા સ્વયંસેવકોએ સારી પેઠે તસ્દી લીધી છે એ સૌના નામ હું જાણુતો નથી. થોડાના જ જાણું છું તો પણ ઉપકાર તો એ સૌ બિરાદરોએ મ્હારા ઉપર કાંઈ ઓછો કર્યો નથી.

દાર્જીલીંગથી દ્વારકા સુધી અને લાહોર, જેસલમેર, કરાંચીથી પોન્ડીચરી, મદ્રાસ લગીના સ્ત્રીપુરુષોએ પોતપોતાના ગજા પ્રમાણે અને ઉમળકાથી રકમો ભરીને ફાળો પુરો કરી આપ્યો છે, એમની યાદી પણ મ્હેં જોઈ નથી તોપણ એમાંથી એકેને હું અહીં કેમ જ વિસ્મરૂં ?

છેવટ આપ લખો છો રૂા. ૬૭,૦૦૦)ને બદલે રૂા. ૭૫,૦૦૦)નો ફાળો કરવો જોઈતો હતો. મ્હારા જેવા કિંકરને નામે આટલો મોટો ફાળો થયો તેની જ મ્હને તો તાજુબી લાગે છે. રાજકુમાર કોલેજના મ્હારા રાજામહારાજા, યુવરાજાદિ શિષ્યો આજલગી સુભાગ્યે હયાત છે તેમાંના કેટલાકે વળી તેમાંના કોઇ કોઇના ગાદીવારસે પણ આ પ્રસંગ પોતાના “ઠાકોર માસ્તર”ને સંભારવા અને પોતાની પદ્દી અનુસાર નવાજવાલાયક ગણ્યો, એ આપણી સંસ્કૃતિની સુવાસ તો મ્હારી ત્રણચાર પેઢી સંભાર્યા કરશે. કાર્ય કરનારા સ્વયંસેવકોને અને ગુજરાતી ભાઈબ્હેનોની જાણીતી ઉદારતાને જ બધો જશ ઘટે છે. વર્તમાનપત્રોએ પણ અવારનવાર આ બાબતને પોતાના વાંચકો આગળ તાજી રાખીને સારી મદદ કરી. ઊંચી પદ્દીનો માણસ હોય, જાહેર જીવનમાં વર્ષોથી જાણીતો હોય એવાના સ્મારક માટે મોટા ફાળા થવા કુદરતી છે. દાખલા તરીકે દિવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના સ્મારક તરીકે એક પુસ્તકાલય સ્થાપવાની સુંદર યોજના છે અને તે યોજનાને શ્રી. કનુભાઈ માણેકલાલ મુન્શી જેવા તેજસ્વી આગેવાનનો ટેકો છે તો એ ફાળો રૂા. ૭૫,૦૦૦) કરતાં પણ વધારે મોટો થાય એ સંભવિત છે અને

એમ બની આવશે તો મ્હને ઘણો આનંદ થશે. આ બાબતને ત્હમે તમારો વઝનદાર ટેકો આપો છો તે તમારી ઉદાર નીતિને અનુરૂપ છે.

ફરીને કહી લઈશ, હું અને દિવાન બહાદુર જેવા તો નિમિત્ત માત્ર છિયે, અમે તો હવે ઘરડા, ભલે વિવેકી લોક અમને કાકા કહે, દાદા કહે, પિતામહ કહે કે ભિષ્મમાર્કંડેયની ઉપમા આપે. તથાપિ દીવા જેવું સ્પષ્ટ છે કે જેટલું વધારે જીવીશું તેટલા અમે વધારે ઇચ્ચર અને આ સન્માનો, સમારંભો, ફાળા અને સ્મારકો વધ્યે જ જવાનાં. ઉદારચિત્ત ગુજરાતી સ્ત્રીપુરુષોના પોતાની ભાષા, સંસ્કૃતિ, કવિતા, કલા માટેના વધતા ઉભરાઈ જતા સદ્‌ભાવની એ સંસ્કારલીપી છે, તેના આવિર્ભાવ દાયકે દાયકે વધ્યા જશે એમ માનું છું.

૩૪, ચોપાટી રૅાડ,
મુંબાઈ, નં. ૭.

લિ. સેવક,
**બલવંતરાય કલ્યાણરાય ઠાકોરના**
જયજય.

# પરિશિષ્ટ ૨જું.

---

## શ્રી બળવંતરાય ઠાકોર અને એમની કવિતા વિશે ગુજરાતી કવિઓએ લખેલી કવિતાઓની નોંધ.

૧ કાંત ( મણિશંકર રત્નજી ભટ્ટ )—જુવો પૂર્વાલાપ, અનુક્રમે પૃ. ૨૩–૫૫–૧–૨–૩૪–૨૨.

રાજહંસને સંબોધન ( બહુ દિવસથી... )—ફેબ્રુવારી ૧૮૯૦, કોન્વોકેશનડે, મુંબાઈ.

રતિને પ્રાર્થના ( રસમય બની... )—વડોદરેથી તા. ૨૨–૧૦–૧૮૯૦ના પત્ર સાથે.

ઉપહાર ( ફર્યો ત્હારી સાથે... )—એપ્રિલ–મે ૧૮૯૧ પુણા ડેક્કન કોલેજ જોવાને આવેલ ત્યારે સુંદર નોટપેપર ઉપર સોનેરી શાહીએ લખી લાવેલ.

ઉપાલંભ ( જોયું મેં ન... )
સ્નેહશંકા ( વનોનાં વૃક્ષોને... ) } ઇ. ૧૮૯૫ની આખર પહેલાં.

ઉપરાંત અજ્ઞાન સખા પ્રતિ, મિત્રને નિવેદન, ચંદાને સંબોધન ( જોયું બે વાર ) અને બીજાં એકબે બેત્રણ મિત્રને એક જ વખતે મોકલેલાં, એટલે એકને જ લખેલી કવિતાઓની યાદીમાં મુકી શકાય નહીં.

૨ શ્રી મનહરરામ મ્હેતા—"ભણકાર, સખી,...!" ૧૯૨૦.

શ્રી પૂજાલાલ ર. દલવાડી—જુવો પારિજાત, અનુક્રમે પૃ. ૫૭–૫૪.

પૃથ્વી છંદ ( ગભીર ગગનો... ) : ઈ. ૧૯૩૫.
બલવંત કંથનો ( દિસે આવા... ) : ઈ. ૧૯૩૬.

આ પછી પણ કોઈ-કોઈ વાર બેસતા વર્ષને કે શ્રી બલવંતરાયની વર્ષગાંઠને નિમિત્તે શ્રી પૂજાલાલ ટુંકી મંગલ કવિતાઓ મોકલતા રહ્યા છે, જે હજી એમના કોઈ સંગ્રહમાં પ્રકટ થઈ નથી, પરંતુ તેમાંની એક ઉપરથી શ્રી બલવંતરાયે લખેલો જવાબ ભણકાર ( '૪૨ )માં પૃ. ૩૧૨મે "કવિ માતાની દગ" ( બાલક વ્હાલું... ) પ્રકટ થયો છે; બીજો એક હજી અપ્રકટ છે.

શ્રી ઉમાશંકર જે. જોષી.

'પ્રાચીનાનું' અર્પણ ( ૧૯૪૪ )
તે પહેલાં એક સૉનેટ જેનો શ્રી બ.નો જવાબ જુવો ભણકાર ( '૪૨ ) પૃ. ૩૧૩ : 'વછેરા' ને 'પુરાણા હય'નું ઉત્તર ( કૃતાર્થ ક્યમ... )

શ્રી ત્રિભુવનદાસ પુ. લુહાર ( સુંદરમ્ ).

(૧) એક કવિતા પ્રવાસમાંથી શ્રી બ. વિશેની પંક્તિઓ.
(૨) શ્વેતકેશી પિતરૂને.

શ્રી 'પતીલ'—પ્રો. ઠાકોરની ૭૬મી સાલગરેહે એક ફારસી કવિતા અને તેનો તરજુમો ગુજરાતી કવિતામાં એમ બે લખી માસિકોમાં પ્રકટ કરી છે.

૩ 'પંચોતેરમે' થયેલી સન્માનસભાઓ વખતે જુદે જુદે સ્થલે લખાયેલી કવિતા તે તે સ્થલે વર્તમાનપત્રોમાં અને હસ્તપત્રો વગેરેમાં પ્રકટ થયેલી તથા કેટલીક તે તે સભાઓમાં વંચાયેલી;

આમાં એક ઇંગ્રેજીમાં લખેલી સૉનેટ પણ હતી, તે વડોદરા કૉલેજના પ્રો. ચંદ્રકાંત મ. શુકલની રચના હતી. આ કવિતાઓનો સંપૂર્ણ સંગ્રહ જળવાયો નથી એટલે જે થોડીઘણી જળવાઈ છે તેમાં પ્રો. ચતુરભાઈ પટેલ, હસિત બૂચ, ઉશનસ્, ચંપકલાલ વ્યાસ, મહેન્દ્રકુમાર દેસાઈ અને જયન્ત પાઠકનાં નામો ઉલ્લેખનીય છે.

૪ મુંબાઈની સભા વખતે માનપત્ર છાપવાને રેશમ કે પાર્ચમેંટ કાગળના દુકાળને લીધે એ માનપત્ર ચૌદ પંક્તિની એક સૉનેટ રૂપે જ લખાયું હતું અને તે રૂપાના પતરામાં કોતરાવી સુંદર ચોકઠામાં મઢીને ભેટ આપવામાં આવ્યું હતું. મુંબાઈના સમારંભ અંગે બીજી એક કવિતાકૃતિ નોંધવા જેવી તે શ્રી કરસનદાસ માણેકની રચના હતી, અને તેને પ્રો. ઠાકોરે જવાબ પણ સૉનેટ કવિતા રૂપે "જન્મભૂમિ"માં જ પ્રકટ કર્યો હતો.

છેવટ, પ્રો. રામનારાયણ વિ. પાઠકનો પિંગળશાસ્ત્ર ઉપરનો ગ્રંથ, મુદ્રણની ચાલતી મુશ્કેલીઓને લીધે હજી બ્હાર પડ્યો નથી પણ તેનું અર્પણ કર્તાએ શ્રી ઠાકોરને કર્યું છે, અને એ અનુષ્ટુપ કડી કર્તાએ અમદાવાદની સભામાં વાંચી સંભળાવી હતી.

કિ.

# મૃત્યુને

ઝુલણંકી ]

મૃત્યુ રે ઉપાડિ લે મ્હને !
સર્વ પુસ્તકો અપૂર્ણ, કાવ્યસ્વપ્ન અર્ધદૃષ્ટ,
છે ન જે ઘણાં, ન મોટ એક જેહમાં,
તે કરી પુરાં હું હોઉં હીંચતો, ચડંત ધૂમ-
ચક્ર શૂન્યનેત્ર ને નિહાળતો સુષુપ્તચિત્ત,
મારિ ઝાપ ત્યાં જ તું ઉપાડજે મ્હને,
પડંત કાયખોખું ધબ્બ હેઠ,—
હાક તાહરી ભલે બને ! ૮

મૃત્યુ રે ઉપાડિ લે મ્હને !
પુત્રપૌત્ર કોઈ મોઢ મારિ મોથ હર્ષ ભેર
હર્ષ એ મ્હને ય હોય દૈ શકયો, અને પ્રસંગ
ભૂત કોઈ હર્ષનો સુણાવતો હું એહને,
સ્મર્ણ એહ હોઉં હું રસંત ભૂતને જિવંત ચાહિને,
મારિ ઝડપ ત્યાં જ તું ઉપાડજે મ્હને,
સુણંત વત્સ ખોખું બાથ ઘાલતો જ,—
બાથ તાહરી ભલે બને ! ૧૬

મૃત્યુ રે ઉપાડિ લે મ્હને !
મુહૂર્ત્ત શેષ રાત્રિ ત્યાં સ્ફુરંત સોણું મીઠડું,
જાણું સોણું, તો ય મુગ્ધ એહને ફુંકી જરા
ફુલાવતો ખિલાવતો યથેચ્છ એમ માણવા
ઉઠું તિહાં જ ખાટ હેઠ કાયખોખું વિસ્તારે, અને
કોઈ વ્હેલું જાગનાર મૃત્યુસોડમાં મ્હને
નીંદર્યો નિહાળિ આર્ત્ત સાદ્કરે બધાં ય,—
મૃત્યુ, ત્હારિ હાક એ ભલે બને ! ૨૪

મૃત્યુ રે હશે જ કાન સાન ભાન રક્તિ યે ત્હને ?
વિનંતિ સાંભળે તું શૂં, કદી તું શૂં કહ્યૂં કરે ?
પાશ નાખતાં તું શૂં જુવે શિકારની ભણી ?
તું જાણતો શું બાળયુવાવૃદ્ધ ભેદને ?
તું પ્રીછતો શું કવિ–અકવિ, મોહમુગ્ધ–મુક્તને ?
ક્રૂર–સૌમ્ય મિષ્ટ–કડુ, ત્વરિત—મંદ આવશે તું તાહરી ધુને !
છૂં હું સજ્જ, કાપું, ધર્મ, ધર્મ્ય તુજજ
બોલ આબઘડી જ મૂકવું અશેષ મોકળે મને ! ૩૨

જાનેવારી, ૧૯૪૬.

ઈતિ શુભં ભૂયાત્

# પ્રો. ઠાકોરનાં પુસ્તકો
(યાદી કરી ૩૧-૧-૧૯૪૬)

# ગુ જ રા તી

## કવિતા

[ ક. ૧ ] **ભણકાર :** ( ૧લી ધારા–૧૯૧૮; ૨જી ધારા–૧૯૨૮; ૧લી, ૨જી, ૩જી, ૪થી ધારા–૧૯૪૨ ).

[ ક. ૨ ] **મ્હારાં સૉનેટ :** વિવરણ સાથે ( ૧૯૩૫ ).

[ ક. ૩ ] **ગોપીહૃદય :** મુક્ત પૃથ્વી છંદમાં આખ્યાનક ( ૧૯૪૩ )

[ ક. ૪ ] **દુષ્કાળ :** મુક્ત અનુષ્ટુપમાં નવલિકાકાવ્ય. ૧લી સર ભણકાર ('૪૨)માં છાપી છે; બીજી લખાઈ ગઈ છે; ત્રીજી ને છેલ્લી લખાવામાં.

[ ક. ૫ ] **પગલી :** બુદ્ધ અને બુદ્ધના સમયને લગતાં કાવ્યોનો સંગ્રહ : પાંચ યોજ્યાં છે; ભમતારામ અને બુદ્ધ ભણકાર ('૪૨)માં પ્રકટ થઈ ગયાં છે. ત્રીજું મુક્ત આર્યાજાતિ છંદમાં લખાય છે. ચોથું અને પાંચમું હવે પછી રચાશે.

[ ક. ૬ ] **સ્ત્રીસ્વાતંત્ર્ય :** મિશ્રોપજાતિ છંદમાં લગભગ ગોપીહૃદય જેટલું કાવ્ય. અર્ધું રચાઇ ગયું છે.

[ ક. ૭ ] **ગુરુજી :** લાંબુ આખ્યાનકાવ્ય. અર્ધ ઉપર રચાઈ ગયું છે. બે ફકરા પ્રબંધુના છેલ્લા બે દીવાળી અંકમાં પ્રકટ થઇ ગયા છે.

[ ક. ૮ ] **વિગ્રહકાવ્યો :** પ્હેલા અને બીજા વિશ્વવિગ્રહને લગતાં કાવ્યો ભણકાર ('૪૨)માં છપાયાં છે અને બીજાં તમામ એકત્ર : વિવરણ સાથે. આ વાલ્યુમ અનુકૂળતાએ બ્હાર પડતાં એ કાવ્યો ભણકારમાં ફરીને છાપવાની જરૂર નહીં રહે. [ ક. ૪ ] અને [ ક. ૫ ] પણ જુદી ચોપડીઓ રૂપે સિદ્ધ થતાં જેટલો ભાગ ભણકાર ('૪૨)માં છે તે ભણકારની નવી આવૃત્તિમાંથી કુદરતી રીતે કમી થશે.

## નાટક, નાટિકા, નવલિકા, નિબંધિકા.

### સ્વતંત્ર અને તરજુમા.

[ન. ૧] **દર્શનિયું** : નવલિકાસંગ્રહ (૧°–૧૯૨૪; ૨°–૧૯૪૦) બીજી આવૃત્તિ પછી લખાયલી નવલિકાઓ ત્રીજી આવૃત્તિમાં લઇ લેવાશે. તે વખતે કદાચ બે વાલ્યુમ કરવાં પડે.

[ન. ૨] **ઉગતી જુવાની** : સામાજિક નાટક. (૧૯૨૩) બહુ જ થોડી નકલ હવે રહી છે. કદાચ ૧૯૪૭માં જ નવી આવૃત્તિ થાય તો આ પછીની ચોપડી પણ એની સાથે છપાઇ જશે.

[ન. ૩] **લગ્નમાં બ્રહ્મચર્ય** : મધ્યકાલીન નાટિકા (૧૯૨૮).

[ન. ૪] **ટીપે ટીપે** : નિબંધિકાઓનો સંગ્રહ. ઘણાં વર્ષ લગી આને "મિતાક્ષરી" નામ આપેલું. તે જ ટુંકી અને મધ્યમ કદની નિબંધિકાઓ પ્હેલી તકે સંગ્રહ રૂપે પ્રકટ કરવા ધારું છું સંખ્યાબંધ ભેગી થઇ ગઇ છે અને વધતી જાય છે.

### તરજુમા

[ન. ત. ૧–૨–૩] મહાકવિ કાલિદાસ કૃત **અભિજ્ઞાન શાકુંતલ** (૧°–૧૯૦૬; ૨°–૧૯૩૧).

ઘણા વર્ષથી સિલકમાં નથી. મનનિકા વ્યાખ્યા લખવાનો વખત મળતાં ત્રીજી આવૃત્તિ તે સાથે બ્હાર પાડીશ.

**માલવિકાગ્નિમિત્ર** : મનનિકા વ્યાખ્યા સાથે (૧૯૩૩).

**વિક્રમોર્વશી** : મનનિકા વ્યાખ્યા સાથે લગભગ તૈયાર છે, પ્હેલી તકે બ્હાર પાડવા ધારું છું.

[ન. ત. ૪] **સોવિયેટ નવજુવાની** : સામાજિક હાસ્યરસિક. મૂળ રશિયનના ઇંગ્રેજી ઉપરથી (૧૯૩૫).

[ન. ત. ૫] **પર્લ બક : દેશભક્તિનો વ્યોમકળશ** : ચીનની અનુપમ દેશભક્તિનું ઉદ્ભાવિત ચિત્ર. સિનેમાનાટિકા = સિનેટિકા.

[ ન. ત. ૬ ] **રાબ્બીનો ગૃહત્યાગ** : બનેલા ઇતિહાસ પરથી નાટિકા.

ઇંગ્રેજી ઉપરથી અનુવાદ. રશિયા, પોલાંદ, ઝેકોસ્લોવેકિયા આદિ પ્રદેશોમાં સૈકાઓ લગી ફરીફરીને ચાલ્યા કરેલી યાહુદીઓની ખ્રિસ્તીઓને હાથે કત્લેઆમ (' પોગ્રોમ ')નું ભીષણ ચિત્ર. આ બન્ને પ્હેલી તકે પ્રકટ કરવા ધારું છું.

## સંપાદિત સાહિત્ય

[ સં. ૧ ] **અંબડ વિદ્યાધર રાસ** : મધ્યકાલીન; લગભગ ૨૫૦૦ કડી. છપાય છે. ત્રણ સારી પ્રત ઉપરથી સંશોધિત.

[ સં. ૨ ] **વિક્રમચરિત્ર રાસ** : મધ્યકાલીન; લગભગ ૫૦૦ કડી વિક્રમાદિત્યને લગતાં રાસસાહિત્યમાંથી અંબડ પ્હેલો મુકાય કેમકે વિક્રમાદિત્યના સિંહાસનની ૩૨ પૂતળીઓ લેખે અમર થઇ છે તે સુંદરીઓ મૂળ અંબડની રાણીઓ અને અંબડ તેમને પરણ્યો તેની રોમાંચક કથા આ રાસનો વિષય છે. [ સં. ૨ ] વિક્રમાદિત્યને લગતાં રાસસાહિત્યમાં છેક છેડે મુકાય એવો છે. આ બંને શામળ ભટ્ટે અતિજૈન ધારીને છોડી દીધા હશે, તે ઉચિત ટિપ્પણ પ્રવેશક આદિ સાથે ગુજરાતી સાહિત્યમાં પ્રથમ પ્હેલી વાર સ્થાન પામશે.

[ સં. ૩–૪ ] **પ્રાચીન ગુર્જર રાસાવલિ** : શ્રી મધુસૂદન ચિ. મોદી અને સ્વ. મોહનલાલ દ. દેસાઇ સાથે સંપાદિત (Gaekwad Oriental Series) ૧લો ગ્રંથ બીજો વિશ્વવિગ્રહ શરુ થયો અને સરકારી મુદ્રણાલયે છાપવા લીધો. હજી પૂરો છપાઈ રહ્યો નથી ! બીજો ગ્રંથ ૧લો બ્હાર પડશે તે પછી મંડાશે.

[ સં. ૫ ] **મુગ્ધાવબોધમ્ ઔક્તિકમ્** : એ પ્રત ઉપરથી પ્રવેશક અને વિવરણ સાથેની શાસ્ત્રીય આવૃત્તિ. અર્ધે આવ્યો છું.

[ સં. ૬ ] ગો. મા. ત્રિ. : **સાક્ષરજીવન**, અપૂર્ણ ( ૧૯૧૯ ).

[ સં. ૭ ] ,, : **અધ્યાત્મજીવન**, અપૂર્ણ. લગભગ તૈયાર છે.

## વિવેચના, અવલોકનો વગેરે

[વિ. ૧] **ગુજરાતી સા. પરિષદ વિશે ત્રણ વ્યાખ્યાનો (૧૯૦૯)**†
†સિલકમાં નથી. ફરી છાપવા વિચાર નથી.

[વિ. ૨-૩] **પરિષદપ્રવૃત્તિ વિભાગ ૨જો અને ૩જો (૧૯૨૮)**

[વિ. ૪] **કવિતાશિક્ષણ (૧°–૧૯૨૪; ૨°–૧૯૪૬)** મ્હારો આ ટુંકો જૂનો નિબંધ મુંબાઇ વિશ્વવિદ્યાલયના બોર્ડ ઓફ સ્ટડીઝને રહી રહીને સાંભરતાં નવી આવૃત્તિ છપાય છે, તે જૂન કે જુલાઇ લગીમાં પ્રકટ થશે.

[વિ. ૫] **લિરિક (૧૯૨૮).** થોડી જ નકલો રહી છે.

[વિ. ૬] **આપણી કવિતાસમૃદ્ધિ, વિવરણ સાથે (૧°–૧૯૩૧, ૨°–૧૯૩૯, ૧૯૪૪; ૧૯૪૬).**

[વિ. ૭] **નવીન કવિતા વિશે વ્યાખ્યાનો (૧૯૪૩).**

[વિ. ૮ અને ૯] **વિવિધ વ્યાખ્યાનો ગ્રંથ ૧લો :** ગો. મા. ત્રિ. અને એમની કૃતિઓ. આ વાલ્યુમ તૈયાર થઇ ગયું છે. થોડા વખતમાં જ બ્હાર પડવું જોઇએ.

**વિવિધ વ્યાખ્યાનો ગ્રંથ ૨જો :** સાહિત્યવિષયક છપાય છે. આ સાલના અંતમાં બ્હાર પડશે.

[વિ. ૧૧ અને ૧૨] **પ્રવેશકો :** વ્યાખ્યાનોનાં બે વાલ્યુમ બ્હાર પડી જતાં આ બે વાલ્યુમો છપાવાશે.

[વિ. ૧૩ અને ૧૪] **અવલોકનો :** આ પણ બે વાલ્યુમ કે વધારે થાય; એ જત્થાની હજી કશી ગોઠવણ કરી નથી.

[વિ. ૧૫] **પિંગળપાઠ :** લખાઇ ગયેલ છે, પ્હેલી તકે છપાશે.

[વિ. ૧૬] **અલંકારપાઠ :** લખાય છે.

[વિ. ૧૭] ભરતમુનિથી પંડિતરાજ જગન્નાથ લગીની આપણી કાવ્યમીમાંસા—પ્રાથમિક દિગ્દર્શન. પ્રથમ મુત્સદ્દો લખાઇ ગયેલ છે. મૂળ ગ્રંથો સાથે મેળવાઇ જતાં પ્રકટ થશે.

[વિ. ૧૮] પ્લેટોથી એબર્ક્રોમ્બી વિ. ૧૭ના જોડાનો પાશ્ચાત્ય કાવ્ય-મીમાંસા પર; પ્રાથમિક દિગ્દર્શન હવે પછી.

## સંપાદિત ગ્રંથો

[વિ. સં. ૧] ત્રીજી ગુજરાતી સા. પરિષદ (રાજકોટ) અહેવાલ અને નિબંધસંગ્રહ (૧૯૧૧)†

†સિલકમાં નથી. ફરી છપાશે નહીં.

[વિ. સં. ૨] કાન્તમાળા: કવિવર કાંત (મ. ર. ભ.)ની સંવત્સરીએ પ્રકટ થયેલો એમના માનમાં ગૌરવગ્રંથ (૧૯૨૪). બહુ જ થોડી નકલો સિલકમાં છે. ફરી છપાશે નહીં.

## ઇતિહાસ, જીવનચરિત વગેરે

[ઇ. ૧] ઇતિહાસ દિગ્દર્શન: વ્યાખ્યાન (૧૯૨૮). બહુ જ થોડી નકલો રહી છે. ૧૯૪૭માં આની સાથે બીજાં ચાર વ્યાખ્યાનો મેળવી "ઐતિહાસિક વ્યાખ્યાનો"નામે પ્રકટ કરવા ધારું છું.

[ઇ. ૨] યુનાઇટેડ સ્ટેટ્સનો ઇતિહાસ: સંક્ષિપ્ત (૧૯૨૮).

[ઇ. ૩] અંબાલાલભાઇ (૧૯૨૮). બહુ જ થોડી નકલો રહી છે. ૧૯૪૭માં તો નવી આવૃત્તિ કરવી જ પડશે.

## તરજુમા

[ઇ. ત. ૧] પ્લૂટાર્ક: આઠ ગ્રીક મહાપુરુષોનાં જીવનચરિત† (૧૯૦૬). †ઘણાં વર્ષથી સિલકમાં નથી. સાથે આઠ રોમન મહાપુરુષોનાં ચરિત્ર પણ પ્રકટ કરવાનો જોગ આવી મળે તો નવી આવૃત્તિ, બે વૉલ્યુમ, [ઇ. ત. ૧ અને ૨] તુર્ત થાય.

## સંપાદિત

[ઇ. સં. ૧] આશારામભાઇ: એ શ્રી મૂલચંદ આ. શાહે લખેલ ચરિત્રની સંપાદના એમના નિમંત્રણે કરી આપેલી.

રાજકોટ ગુજરાતી સાહિત્ય પરિષદ વખતે સ્થપાયેલી ગુજ. સા. પ. ભંડોળ કમિટિ ઇ. ૧૯૦૯ની આખરથી આશરે ઇ. ૧૯૨૫ લગી ચાલી, પછી તે પરિષદ્મંડળમાં ફેરવાઈ ગઈ. એ ભંડોળ કમિટિની વતી નીચેની વિષયે વિવિધ ૧૧ ચોપડીઓ પ્રકટ થયેલી તે દરેકની સંપાદનાએ વધુ ઓછી તસ્દી આપેલી અને સમય ખાધેલો :—

નવલરામકૃત ઇંગ્રેજ લોકનો સંક્ષિપ્ત ઇતિહાસ ( અપૂર્ણ ).

ફિરિસ્તા ગુજરાતના સુલતાનોનો તરજુમો ( દીવાનજી ).

ફીડ્રસ, પ્લેટોના સંવાદનો તરજુમો ( મ. ર. ભટ્ટ ).

રજની, બંકિમચંદ્રની નવલનો તરજુમો ( ભટ્ટ અને મ્હેતા )

મોલિયેર : બે નાટકોનો તરજુમો ( શ્રી ધનસુખલાલ મ્હેતા )

સંદેશિકા : ઊર્મિગીતો આદિનો સંગ્રહ ( શ્રી ખબરદાર )

મેકડોનલનું સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ( તરજુમો : પ્રો. મો. પા. દવે ).

સાહેબરામ વગેરે ર. વા. મ્હેતાની કેટલીક કૃતિઓ. ( શ્રી લાભશંકર ભટ્ટ ).

કાઠિયાવાડી કંઠસ્થ સાહિત્ય ( શ્રી હરગોવિંદ પ્રે. ત્રિવેદી ).

સૃષ્ટિની ઉત્પત્તિ ( શ્રી કલ્યાણરાય જોષી ).

વિજ્ઞાનવિનોદ ( શ્રી પોપટલાલ ગોવિંદલાલ શાહ ).

## સામાજિક, વિવિધ

[સા. ૧] **વિધવાવિવાહ** : સશાસ્ત્ર કે અશાસ્ત્ર ( ૧૮૮૬ )†

†સિલકમાં નથી. આ મ્હારું પ્રથમ પ્હેલું પ્રકાશન ફરી છાપવા જેવું નથી.

[સા. ૨] **વિવિધ વ્યાખ્યાનો, ગ્રંથ ૩જો** : સામાજિક, વિવિધ. ગ્રંથ ૨જો [વિ. ૬] બહાર પડશે એટલે છાપવા માંડાશે.

## ઇતિહાસ, સાહિત્ય, વિવેચના, ગણુ સંયુક્ત

[ઇ. વિ. ૧] ઉપમે અને મિતાક્ષર નોંધ. (૧૯૪૬).

[ઇ. વિ. ૨] મહાકવિ કાલિદાસ, જીવન અને કવન. પ્હેલી તક.

[ઇ. વિ. ૩] ઊર્મિમૂર્તિ કલાપી.* પ્હેલી તક.

તા. ક.:—પ્રો. ઠાકોરની તમામ ચોપડીઓ ખરીદવા માટે એક જ સ્થાન:

એન. એમ. ત્રિપાઠી, લિમિટેડ.

[illegible] ત્રિપાઠી, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ ૨.

---

* આ યાદીમાં ન્હાનીમોટી ૬૪–૬૫ ચોપડીઓ નોંધી છે; અને પ્રો. ઠાકોરની ઇંગ્રેજી ચોપડીઓનો સમાવેશ એમાં થતો નથી.